VIDYA VIJAYA

NATAK.

BY

MUNSHI CHOTALAL BALDEV.

Ahmedabad:

Printed and published by Meheta Pitamberdas Tri-bhovandas at the "Hitechchhu" Press.

1877.

Price Rs. 1-8-0

Registered under Government of India's
Act XX of 1847.

विद्या विजय नाटक.

રચનાર

મુનશી છોટાલાલ બળદેવજી.

अमदावाद:

ખાડીઆમાં અંમરતલાલના મહાદેવમાં
હિતેચ્છુ પ્રેસમાં મહેતાજી પીતાંબરદાસ
ત્રિભૂવનદાસે છાપી પ્રસિદ્ધ કર્યું.

સને ૧૮૭૭—સંવત ૧૯૩૩

કીમત ૧-૮-૦

DEDICATED

TO

MR. MAGANLAL BHAISHANKAR

In token of high esteem for his benevolence and zeal in promoting Vernacular Literature by his friend

THE AUTHOR.

મને દુરસ્ત લાગે છે. કેટલાક નિયમ રહિત પુરૂષો એવા જ ખાણને લૂખું ગણે છે અને તેમને રસિક લાગતું નથી તેથી તેમને આ નાટક કદાપિ અપ્રિય લાગશે તોપણ તેમની હું દરકાર રાખતો નથી. તેવાઓને માટે આ નાટક નથી. વિશેષે કરીને આ નાટક સ્ત્રીઓના વાંચવામાં આવે તેટલા માટે એવા અમર્યાદ લખાણનો ખસુસ કરીને ત્યાગ કર્યો છે તે છતાં વિનય પૂર્વક વિનતિ કરૂં છું કે સર્વ વિદ્વજ્જનોએ અજાણમાં રહી ગયેલા દોષોનો ત્યાગ કરી ગુણોનો વિચાર કરવો, કારણ કે આ મારો પ્રથમજ પ્રયત્ન છતાં કોઇ વિદ્વાનની સંગતિ ન હોવાથી વિશેષ આશ્રય મેળવાયો નથી માટે આશા છે કે વિદ્વજ્જનો એમાંના દોષ સુધારવાની સૂચના કરશે તો હું તેમનો પૂર્ણ આભારી થઇ બીજી આવૃત્તિમાં સુધારો કરીશ.

વડોદરા તા૦ ૧૦ મી
મે સને ૧૮૭૭.

મુ. છો. બ.

विद्या विजय नाटक.

अंक १ लो.

સ્થળ—અમદાવાદ શહેર.

પાત્ર.

સૂત્રધાર......	નાટક કરનાર.
વિદૂષક	તેનો સોબતી (મશ્કરો)
મોતીચંદ	અમદાવાદનો એક શાહુકાર.
મણીકોર.......	તેની સ્ત્રી.
હીરાલક્ષ્મી	તેની છોકરી.
કેવળીઓ	શેઠનો ચાકર.
સ્વાર્થરામ.......	ગોર.
રૂપી, વીજળી...	હીરાલક્ષ્મીની બેનપણીઓ.

विद्या विजय नाटक.

---0*0---

पद राग आशावरी.

હે પરમ કૃપાળા, જય જય દીનદયાળા. પરમ કૃપાળા ટેક.

દુષ્ટ વિદારણ ભવ દુઃખ તારણ, વિશ્વ સકળનો તું છે ધારણ. પરમ—૧

શિક્ષા કરતા પોષણ ભરતા, ચૈતન ધારણ શકતી ધરતા. પરમ—૨

અંત સમે સહુ સૃષ્ટિ હરતા, કારણ રહિત સ્વતંત્ર વિચરતા. પરમ—૩

કર્મ કાળ માયા પતી સ્વામિ, સર્વ શિરાજય અંતરયામી. પરમ—૪

મેહેર નજરથી મુજપર ભાળો, આપી સુબુદ્ધિ કુબુદ્ધિ ટાળો. પરમ—૫

મન જે કાચું મારૂં કહુંછું સાચું, માટે દીન થઈને હું જાચું. પરમ—૬

કપટ કુટિલતા તે સહુ ફેડો, કરી કરૂણાને કૃપાજલ રેડો. પરમ—૭

જો શર્ણાંગત વત્સલ સ્વામી, ચરણ કમળ પર રહું શિર નામી. પરમ—૮

ધ્યાન ધરી ધરણી ધર તારૂં, કામ કઠણ પણ કરવા હું ધારૂં. પરમ—૯

દીન દયાળ દયા દિલ ધરજો, આશા જે મનમાં તે પૂરણ કરજો. પરમ—૧૦

સૂત્રધાર—(મંગળાચરણ કરી રહ્યા પછી સભા વચ્ચે આ-
વીને) અહોહોહો! સુજ્ઞ સભાસદો! આજનો
આ વખત કેવો રળિયામણો દેખાય છે! આપણા
લોકોમાં ઉપયોગી થઈ પડે એવાં નાટકો જોવાને
એકઠા થવાને બદલે મનને તથા કાનને ત્રાસ
ઊપજાવે એવા ભવાઈ વગેરે તમાશા જોવાનો વ-
ધારે રિવાજ પડી ગયો છે. હાલ હું જે કામ
કરી બતાવવા ધારૂં છું તે ભવાઈ સરખો તમાસો
ન છતાં અભણ માણસોના મનને સહજ અસર
કરે એવું નાટક છે, તેથી આશા નહતી કે આ-
ટલા બધા સભાસદો ભરાશે; પણ આ હાહા! સુ-
ધારાએ શું માણસોના દિલપર દિવસે દિવસે પો-
તાની અસર કરવા માંડી છે! જે ઠેકાણે પાંચ
પચીસ આદમિયો આવવાની આશા નહતી તે
ઠેકાણે બધો મંડપ સભાસદોથી ભરાઇ ગયો છે.

વિદૂષક—(ભરાઇ ગયો છે એમ સાંભળીને હાથમાં ડાંગ
લેઇને દોડતો દોડતો આવીને) હુડે! હુડે! હુડે!
હુડે! (વાંકો વળી ચારે તરફ જોઇને) અહયા
આતો નહોય. મેં તો જાણ્યું કે ખેતરમાં ઢોરાં
પેશી ગયાં, પણ આતો બીજુંજ નીકળ્યું. હારૂં
થયું તે અજવાળું છે, બાકી હવણાં ડાંગને ઝ-
પાટે કીયાકને રંગ્યો હોત; પણ અધધધ!! કેટલાં
બધાં માણસો ભરાઇ ગયાં છે! મારા વહાલા આ-
ટલા બધા શું કરવા એકઠા થયા હશે? પણ ખરે
કાંઇ પતરાળીનો બેત હોય એમ લાગે છે.
(મોટેથી) કેમરે ભાઇઓ! હજુ પીરહરણ આ-
વવાને કેટલી વાર છે? એક બાજુ પર ગારો પણ
કામ નાખજો.

અર્પણ પત્રિકા*

પરમપ્રિય મિત્ર મગનલાલ ભાઇશંકર.

મુ. મહુધા.

ગુણજ્ઞતા, પરોપકાર બુદ્ધિ તથા ગ્રંથનો વધારો થએલો જોવાની ઉત્સુકતા ઇત્યાદિ આપના વિશિષ્ટ ગુણોથી પ્રસન્ન થઇને, તથા આપની સાથે મારી નવિન થએલી મિત્રતાની નિરંતર યાદગિરીમાં આ ગ્રંથ મેં આપને અર્પણ કર્યો છે તે સ્વીકારશો.

તા• ૧૦ મી મે સને ૧૮૭૭ }
મુ. વડોદરા. }

આપનો સ્નેહી
ગ્રંથ કર્તા

પ્રસ્તાવના.

---o---

આ આપણી જન્મભૂમિ જેને સંસ્કૃતમાં આર્યાવૃત્ત ભરતખંડ કહેછે તથા હાલ પ્રાકૃતમાં જે હિંદુસ્તાન એ નામે ઓળખાય છે. તેની પ્રાચીન તથા અર્વાચીન સ્થિતિ વિષે વિચાર કરતાં જમીન અસ્માન જેટલું અંતર માલુમ પડેછે. આપણા પૂર્વજો ઘણા વિદ્વાન, શ્રીમાન, સતક્રિય અને નીતિવાન હતા એ વાત સાચી છે એવું પ્રાચીન ઇતિહાસ અવલોકન કર્યાથી માલૂમ પડશે, પરંતુ જ્યારથી આ દેશ ઉપર પરદેશી લોક રાજ્ય કરવા લાગ્યા અને રૈયત ઉપર જુલમ કરવા લાગ્યા ત્યારથી દિવસે દિવસે વિદ્યાવૃદ્ધિ કમતી થવા લાગી તે અંતે ઇંગ્રેજી રાજ્યના પ્રારંભમાં ઘણીજ ગ્લાની થયેલી હતી; પણ ત્યારથી જે દિવસ જઇ સૂર્યોદય થાય છે તે વિદ્યોદયજ થતો જાય છે એવું ખુલ્લું માલૂમ પડશે. હાલના વખતમાં મોટા મોટા વિદ્વાનોએ કેટલાક ગ્રંથો રચેલા છે તે જોઇ મને પણ એ-કાદ ગ્રંથ રચી વિદ્વાનોની સેવામાં મુકવાની ઉત્કંઠા થઇ હતી, પણ અલ્પ વિદ્યા,અલ્પ બુદ્ધિ, અલ્પ ધૈર્ય,અને અલ્પ સંગ્રહ વગેરે શત્રુઓએ ઘેરો ઘાલ્યાથી મનના વિ-ચાર બંધ પડી ગયા હતા, પરંતુ સરકાર નોકરીના પ્રસંગે મારે વડોદરામાં રહેવું થયાથી એ શહેરમાં જે જે જ-ગોએ હું રહ્યો ત્યાં દરેક જગોએ વિદ્યાની અછતને લીધે કેવળ અજ્ઞાને પોતાનો ચારે તરફ ફેલાવો કરી નાખેલો તેથી જ્યાં ત્યાં કુસંપ, નાના પ્રકારના વહેમો અને તેવાં ઘરના છોકરાનો કુછંદ અને દુરાચરણ એ વગેરે ઘણીક બાબતો મારા જોવામાં આવી તેથી તે તમામ બાબતો વિષેનો એ-

કંદર હેવાલ બહાર પાડવાની એકદમ મારા મનને ઇચ્છા થઇ તેથી " શુભસ્યશીઘ્રં " એ વચન પ્રમાણે હવે જલદીથી ઉદ્યોગ તથા શ્રમ કરી ગ્રંથ તૈયાર કરવો એવો નિશ્ચય કરી આ ગ્રંથ રચવાનો પ્રારંભ કર્યો.

આજ સૂધીમાં ઘણાંક નાટકો રચાઇને બહાર પડેલાં છે તેના કર્ત્તા તો વિદ્વાન અથવા તે કરવાને મહાવરાવાળા હશે, કેમકે પૂર્ણ વિદ્વત્તાવાળાને અથવા મહાવરાવાળાને નવો ગ્રંથ રચવો એ કાંઇ અશક્ય નથી: પરંતુ જોઇએ તેવી રીતની ગોઠવણ સાથે નવો ગ્રંથ રચવાને હું યોગ્યતા ધરી શકતો નથી. આ પુસ્તક નાટક રૂપે બનાવવાનું એટલુંજ કારણ છે કે જે જે બાબત વિષે મારા મનમાં એકદમ વિચાર એકઠા થયેલા તેનું વર્ણન ફક્ત એક હકીકતની મિસાલે લખી બતાવું તેના કરતાં નાટકના રૂપમાં ગોઠવણ કરીને મનના વિચાર બહાર પાડ્યા હોય તો તેથી લોકોના મનને કંઇક વધારે અસર થાય એવા હેતુથી આ પુસ્તક મેં રચેલું છે તે વિનય પૂર્વક વિદ્વાનોની સેવામાં અર્પણ કરૂંછું તેનો અંગીકાર થશે એવી આશા રાખું છું.

કેળવણી ખાતા તરફથી જે જોડણીના નિયમો બહાર પડ્યાછે તે મારા ધારવા પ્રમાણે યથાસ્થિત સંપૂર્ણ નથી. એ રીતે શબ્દોની જોડણી કરવામાં મતભેદ પડે એમ છે તો પણ બનતાં સૂધી એ નિયમો પ્રમાણે શબ્દોની જોડણી કરી છે તે છતાં કેટલેક ઠેકાણે ભૂલો રહી ગઇ છે તે બીજી આવૃત્તિમાં બરાબર સુધારવામાં આવશે. જે જે ઠેકાણે મતભેદ પડે તેતે ઠેકાણે વિદ્વાનો તરફથી યોગ્ય સૂચના કરવામાં આવેથી સુધારો કરવામાં આવશે.

સ્ત્રી પુરૂષોની નીતિ કેટલેક દરજ્જે સુધરે તેટલા માટે હરેક પુસ્તકમાં અમર્યાદ શબ્દો કે લખાણ ન આવે એમ કરવું

સૂત્ર—(આગળ આવીને) અલ્યા ભાઇ, અહિંયાં જમ-વાનું કરવાનું તો કાંઇ નથી. આતો નાટકની જગા છે; અને અહિં આજ નાટક થવાનું છે તે જોવાને સર્વ સભાસદો પધાર્યા છે. તારે પણ જોવાની મરજી હોય તો એક ખૂણે બેશ. પણ તું કયાંથી આવ્યો? એતર એતર બોલતો આવ્યો માટે હું જાણું છું જે તું પણ અહિયાંનોજ રહેનાર છું.

વિદૂ—(સૂત્રધારના નજીક આવીને) શું? તુંએ અહિંયાંનોજ રહેવાશી છું? કિયા વાહમાં રહું છું જે? શીગ શેડે કોઈ દહાડો દીઠામાં તો આવ્યો નથી.

સૂત્ર—અરે ભાઇ, ખેતીવાડી કરવાનું કામ હું નથી કરતો. હું તો નાટક ભજવી બતાવનાર છું.

વિદૂ—તારે એગામાં કાંઇ સીધાં પાણીનો બેત ખરો કે નહિ? તે પહેલું કહેની.

સૂત્ર—અરે ભલા આદમી આમ શું બકે છે? નાટકમાં તો સીધાં પાણી હોય? અહિં તો સુધારાની વાતો તથા જ્ઞાન ચર્ચા થવાની.

વિદૂ—છી! છી! લૂખું, લૂખું, લૂખું, બાઇ લૂખું.; જ્યાં સીધાં પાણી નહિ ત્યાં બધુંએ લૂખું. વારુ અહિં ચર્ચા કરવાની છે તો ચાલ, ગારે કપાળે ખાસી બેશ ચર્ચા કર; પછે હું ચાલ્યો જાઉં. (ગાથું અગાડી ધરે છે.)

સૂત્ર—શું વિચિત્ર આદમી છે આ! અલ્યા એ, શાની ચર્ચા કરાવે છે? હું કાંઇ બ્રાહ્મણ થઇને લોકોને ટીલાં કરવા નીકળ્યો નથી. મારૂં કામ તો જ્ઞાનચર્ચા કરવાનું છે.

વિદૂ—(વિચાર કરીને) પણ એતે શું! વારૂ એમાં તું શુંશું કરીશ? એક બે ભજન પણ ગાઇશ ખરોકની!

બાવ, એક તારો હોયતો તાર બાર એચાં ઠીક કરી આપું.

સૂત્ર—એમાં ભજન પણ થવાનું નથી. અહિંતો નરઘાં સારંગી વગેરે સાજ સાથે મળીને સુંદર ગાયનથી નાટક કરી બતાવવામાં આવશે. (નરઘાં સારંગી બતાવે છે.)

વિદૂ—મેર, મેર, તું મેર; ક્યારનો શીદને માથું અફળાવે છે? કહેની કે ભવાઇઓ છું. અમારા વાહમાં હમણાં ભવાઇ થઈ હતી તેમાં પણ એવુંજ હતું. હમજ્યો હમજ્યો, હવે હગજણ પડી. ચાલવાદે, હાથે લાગી એક બે વેહ જોતા જશું. પહેલેથીજ ચહચહાવીને આઇઢાશીનો વેહ મૂક. ઠીક ગમ્મત પડશે.

સૂત્ર—અરે રામ રામ! આ મૂર્ખો જોડે ક્યાં સૂઝી માથું ફોડું. (વિદૂષકને) અરે ઓ મૂર્ખ માણસ, આતો ભવાઇ નહોય, નાટક.

વિદૂ—ચાટક? મારી પાસેથીતો કાંઇ ચાટી ખાય તેવું નથી; હુંતો તારા જેવોજ ભૂખ્યો બંગાળી છું. તારે એ ઠીલું ચાટી ખાઉં એવો છું.

સૂત્ર—અરે ચાટક નહિ નાટક.

વિદૂ—નાચક? નાચક ખરૂં કની? ખરીવાત; ભવાઇમાં નાચ કરવો પડે તો. નાચક એટલે નાચનારો. ચાલ તારે નાચવા માંડ. (સૂત્રધારના પગ સામું જોઇને) પણ તારે પગે ઘૂઘરા ક્યાં બાંધ્યા છે?

સૂત્ર—ભાઇ તારાથીતો હું હવે થાક્યો. તુંતો કોઇ નવરો આદમી દેખાય છે; પણ મારેતો હજુ ઘણું કામ છે. તું મારા નાટકમાં ઉપયોગી થઇ પડે એવો માણસ છું માટે આટલી વારથી તારી જોડે માથું અફાળ્યું. કેમ આવીશ રહીશ?

વિદૂ—રહેવાય એવુંતો નથી; પણ કાંઇ કરી આપેલો વળી આજની રાત ટકી જઇશ કેમ. જીવ ચાલે છે? હોયતો બોલીજા.

સૂત્ર—પણ તે શું તે તો કહે.

વિદૂ—જો હાંભલ. લાવ પહેલું ટકા બાર અફીણ, ને જો એંને આમસાં બાજરીના રોટલા તથા તેને હવાસેર બાખડિયું દૂધ, માંહે મૂકી ખાંડ નાખે તોતો ઠીક છે, નહીંતો તાજી રાબને યાદ કરજે; પણ નવટાંક ગડાકુતો આલવીજ પડશે. હુકા વિનાતો પરાણ જાય. મારા બાહના વાણંદ પાસે રોજ રાતરે પગ ચંપાવવાની ટેવ છે; પણ તું ઉજળીઆટ આદમી છે એટલે પગતો નહિ દબાવરાવું, પણ જરા આગ તેમ શરીર મસળીને ચાર કડાકાતો ફોડજે હો. કેમ છે મરજી? હોયતો બંદા તૈયાર છે.

સૂત્ર—(સભાસદો તરફ જોઇને)આતો કોઇ ખરે ખરો છેલડો દેખાય છે હો.(વિદૂષકને)જો ભાઇ, કડાકા બડાકાનીતો ભાંજગડ જવાદે; પણ જા, તું જો સારી રીતે સભાસદોનાં મન રંજન કરીશતો દૂધ, રોટલા, તમાકુ આપું છું.

વિદૂ—અરે ગમાર,અફીણનો પહેલું જોઇએ. ઊગ્યા વનાતો કોઇ કુજ ના પડે. લાવ પહેલું ચઢાવીને એક હુકો ગડગડાવું ને પછીયા જવાબ આપું.

સૂત્ર—આ લે. (અફીણ, તમાકુ આપે છે)

વિદૂ—(અફીણ ખાઇ તથા હુકો પી ખુંખારો કરીને) અલ્યા ઓ, (આકું અવળું જોઇને)હુંતો નામ ભૂલ્યોતો. માહારૂં બેઠું એવું અટપટું તે કેમ આવડે! કોણ જાણે આવું નામ પાડતાં એની ફઇને અકકલ ભામણે કેમ ન આવી? (સૂત્રધારનો હાથ ઝાલી વ-

રચે એંચી લાવીને)બોલ ભાઈ આજના તમાશામાં તું શું શું બતાવનારછે? બોલ ઝટ કે મારા હથિયારાં બથિયારાં જે લાવવાનાં હોય તે લેઇ આવું.

સૂત્ર—ના ભાઇ ના, એમાં હથિયારાંનું કાંઇ કામ પડે તેવું નથી, પણ એક વાર તારૂં ખરૂં નામ બતાવ કે તને બોલાવવો ફાવે.

વિદૂ—શું મારૂં નામ મારૂં?નામ તને ખબર નથી? ઘણું અંધેર,ઘણું અંધેર! હું જાણુંછું જે તું કોઇ ખૂણામાં પડી રહેલો આજ પેદા થયોછું.

સૂત્ર—એતો તું તારી મરજી ગમે તેમ કહે, તારી જીભ ઝલાતી નથી, બાકી હુંતો એટલુંજ જાણુંછું કે તને વિદૂષક કહેવો જોઇએ.

વિદૂ—એતો મારૂં ટોપણ નામ છેજતો એમાં તેં શું વધારે કહ્યું? પણ બીજાં નામ ખબર છે કે કહું? હુંશિયારતો છેકની?બોલ, બોલ, હમણાં તેં શું કહ્યું? ફરી બોલ.

સૂત્ર—વિદૂષક.

વિદૂ—અને બેલાશક નહિકે? વળી જાસક, રંગલા બાશક હાસક. જોયાં મારાં નામ? એટલાંતો જોડે ગુંજામાંજ રાખ્યાં તે કહ્યાં; બાકી જો બીજાંનો ખપ હોયતો ઘેરથી લેઇ આવું.આપડી પાસે નામની તો ખોટ છેજ નહિ. મારી ફઇ નામ પાડવામાં તો બડી બાહાદૂર હતીતો.

સૂત્ર—અહયા ભાઇ. એ નામ તેં કહ્યાં તો ખરાં પણ એમાં મને કાંઇ સમજણ પડી નહી; બાકી વિદૂષક તો ખરો, કેમકે સભાસદોનાં મન રંજન કરી નાટકનાં દૂષણ દૂર કરે માટે વિદૂષક, પણ બેલાશક, ઝાસક, રંગલા બાશક, હાસક; એ શું?

વિદૂ—ના હમજાયું કે? તું ખરેખરો ગાંડો છે કે, જો હાંભળ: ગમે તેવી વાત હોય પણ બેધડક બોલું ગાંડે બેલાશક; તારી પાસે તો બોલવાનું કે કરવાનું તું જેટલું શીખ્યો હોઉ તેટલુંજ; પણ મારી પાસે તો તેની અછતજ નહિં માટે જાસક રંગલાબાશકતો વાત કરતાંમાંજ રંગ મચાવી દેઊ માટે; ને સહજ બોલતામાં ગમે તેવાને પણ હસાવી દેઊં તેથી હાસક છે. હમજ્યો હવે? જોજે ભૂલતો રે.

સૂત્ર—અરે વાગ, તુંતો તારા માબાપને પેટ એક રત્ન પેદા થયો છું હો

વિદૂ—હુંતો માને પેટ પેદા થયો છું, બાપને પેટતો તું જન્મો હોય તારે; અને બાપને દીઠોછેજ કોણે? મારો બાપ મુવા પછી આઠમે માસેતો મારો જન્મ થયો છે.

સૂત્ર—(ખૂબ હસીને) નહિ નહિ યાર, તુંતો હવે અહિયાં મારી પાસે જરૂર રહે; તારા વિના મારૂં નાટક શોભશે નહિ. કેમ રહીશ કે નહિ?

વિદૂ—રહીશ ભાઈ રહીશ, તેંતો જીવ ખાધો; પણ બોલ તું શું શું રમનાર છે? અને હમજણ પાડ.

સૂત્ર—રમવાનું તો કાંઈ નથી પણ સાંભળ આ ઠેકાણે હું વિદ્યા વિજય નાટક ભજવી બતાવનાર છું, તે પાંચ ભાગમાં કરી બતાવવામાં આવશે. દરેક ભાગમાં એટલે અંકમાં કેટલી કેટલી બાબતો આવશે તે હું તને ખુલાસેથી વિગતવાર કરી બતાવત પણ તેં અત્યાર સૂધી ના હક માથું ચઢાવીને વખત બહુ ગાળી નાંખ્યો તેથી હવે સવિસ્તર કહેવા માંડુતો ઘણો વિલંબ થઈ જવાથી સભાસદોનાં મનને કંટાળો આવી જાય માટે પાંચે ભાગમાં જે જે કરી

બતાવવામાં આવશે તેની એકંદર હકીકત ટુંકી સંભળાવુ છું. તે સાંભળી માબાપ જો સારાં ભણેલાં ને સુવિચારનાં હોય તો તે પોતાનાં છોકરાંને સુધારવા ઉપર કેવી મેહેનત કરે છે ને તથા તે છોકરાં કેવાં સુધરેલાં ને ડાહ્યાં થાય છે, તેનો દાખલો કરી બતાવવામાં આવશે. આપણા લોકોમાં વિદ્વાન અને સારા ગુણ વાળો વર પસંદ કરવાને બદલે ફકત કુળ ઉપરજ નજર રાખી ગમે તેવાને પોતાની પ્રિય પુત્રી આપવાનો જે ગાંડો ચાલ પડી ગયો છે, તથા જ્યાં સુધી એ રસ્તો બંધ પાડવાને ઘણા જણા એક વિચારથી આગળ પડી આવેલા નથી ત્યાં સુધી ડાહ્યા માણસને પણ એ આંધળી જાળમાં ફસાવવું પડે છે અને તથા કેવા કેવા માઠા પરિણામ થાય છે તે પણ બતાવવામાં આવશે. લોભિયા અને સ્વાર્થી બ્રાહ્મણો પોતાના સ્વાર્થને માટે ખરી વાત છુપાવીને કેવો અન્યાય કરે છે તે, તથા જે ઠેકાણે બિલકુલ વિદ્યાનો પ્રકાશ નથી તે ઠેકાણે કેવું અજ્ઞાનપણું તથા વહેમ હોયછે, ને તથા ઘરમાં કેવો કુસંપ તથા તે ઘરનાં છોકરાં કેવાં અજ્ઞાની ને દુરાચરણી હોયછે, ને તથા આખરે તેમની કેવી અવસ્થા થાય છે તે પણ કરી બતાવવામાં આવશે. વળી ગમે તેવો કુછંદી માણસ હોય પણ તેને વિદ્વાન ને સદાચરણી માણસની સંગત થવાથી તેનામાં કેવા સદ્ગુણ આવી જાય છે, ને તે પોતાનાથી પ્રથમ થયેલા અપરાધના બદલામાં કેવો પશ્ચાત્તાપ કરે છે તે દેખાડવામાં આવશે. તેની સાથે એ પણ બતાવવામાં આવશે કે ભણેલી સ્ત્રી હોય છે તો તે દુઃખના વખતમાં પણ કેવું ધૈર્ય રાખી પોતાનું શીળવ્રત સા-

ચવે છે, ને તેથી આખરે પરમ કૃપાળુ પરમેશ્વર તેની મન કામના કેવી રીતે પૂર્ણ કરે છે, એ વગેરે પરચૂરણ બાબતો ઉપર નકલ કરીને આ નાટક બ-જવી બતાવવામાં આવશે.

વિદૂ—વાહ ભાઇ, કામતો ઠીક બાંધી બેઠાછું હો. મને પ-ણ ગમ્યું. હું અહિંયાં રહીને જે જે બાબતમાં તને મારો ખપ પડશે તેમાં સારી રીતે મદદ આપીશ. માટે હવે ચાલવા દે, રાત જાય છે. મને પણ ધ-ડાકા દેતું અરૂણ આવી રહ્યું છે.

સૂત્ર—ઠીક ત્યારે (શરૂ કરે છે.)

પ્રવેશ ૧ લો.

મોતીચંદ-મણીકોર-કેવળીઓ ચાકર અને પાછળથી સ્વ-ર્થરામ ગોર.

સ્થળ-મોતીચંદના ઘરનો મેડો.

મોતી—(પોતાની સ્ત્રીને) સાંભળ્યું કે? ક્યાં ગયાં?

મણી—એ હાં; આ જરા કેવળીઆને શાકને માટે પૈ-સા આપીને આવું છું.

કેવ—બા શું શાક લાવું?

મણી—હવે ગમે તે લાવજે ને; સવારે દુધી લાવ્યો હતો પણ એતો હીરા લક્ષ્મીને નથી ભાવતી માટે દુધી વિના ગમે તે લાવજે જા. હું તો મોલાને છેડે તે ઉપર જાઉં છું. (મેડે જઇ મોતીચંદને) કેમ શું કહો છો?

મોતી—શું કહો છો શું? કહેવાનું તો એજ તો કે હવે જે ફિકરમાં છીએ તેનો કાંઇ નિશ્ચય કરવો કે નહિ?

મણી—હાજ તો, કહો

માતી—આપણી છોરીના વિવાહ સાર હવે કેમ કરવું. મને તો કાંઇ સુજ પડતી નથી.

મણી—એમ શા માટે જી! પરમ દહાડે તમે મને ત્રણ ચાર ઘર ગણાવ્યાંતાં ને.

માતી—હા, અને તે ઘર છે પણ ખરાં, પરંતુ ચાલતા રિવાજ પ્રમાણે આ એક મોટા ભોગ છે કની કે કુળ જોવું પડેછે; તેમાં વળી છોકડી આપવાને માટે તો ઘણીજ હરકતો આવી પડે છે. આ રિવાજ ખરાબ તથા વહેમ ભરેલો છે એ હું સારી રીતે સમજુછું, પણ મારો કાંઇ ઉપાય ચાલતો નથી. હાથમાં દીવો લેઇ કૂવામાં પડવું પડે છે. અહિંની નાતમાં આપણી છોરી લાયક બીજે ઠેકાણે તો પસંદ કરવા જેવો વર છેજ નહિ, પણ કેશવલાલ તથા મોતીલાલ એ બે જણના છોકરા જોઇને મારૂં મન બહુજ પ્રસન્ન થાય છે, કેમકે એ છોકરા છે તો હજુ બાળક પણ આજથીજ તેમણે વિદ્યા સંપાદન કરી છે. આહાહાહા! તેમાં એટલું ભણ્યા છે એમ પણ નથી; વિદ્યા સાથે તેમના ગુણ તથા ચાલ ચલગત પણ ઘણી વખાણવા યોગ્ય છે.

મણી—ત્યારેજ ખરં તો, એકલું ભણ્યા તેમાં શું રંધાયું; ભણેલા હોય ને આચરણ સારાં ન હોય ત્યારે તે શા કામનો. જુઓ ને એક ઠેકાણે કહ્યું છે કની કે

દોહા.

શાંતી જેવી સર્વની, વિધવા યૌવન રૂપ
શુભ આચરણજ જાણવું અંત્યજ[1] સદન[2] અનુપ. ૧
દયા ભજન દાંભિક[3] તણું, તસ્કર[4] ડાપણ જેમ

---

૧ ૨ ઘર—૩ ઢોંગી—૪ ચોર

ભણતર વિના મનુષનું, સદાચરણ વિણ એમ.૨

મોતી—ખરૂં છે. ચારે તરફથી વિચાર કરી જોઉં છું તો એમના વિના બીજા છોકરા મારી નજરમાં આવતા નથી. ખચીત કહું છું કે એ બે માંથી એક છોકરા સાથે આપણી હીરીનો સંબંધ થાય તો તેઓ જીવતા સુધી આ દુનિયામાં સુખીજ રહે; પણ શું કરૂં લાચાર છું.

ગણી કેમ વારૂ એમનું કુળ આપણાથી જરા નીચું ગણાય છે તેમાં કે? પણ તેની તો કાંઇ ફિકર નહિ. ચાર દહાડા લોકો વાતો કરીને રહેશે પણ છોકરાં સુખી થશે. આપણો ધર્મ તો હરેક વાતમાં તેમનું શુભ કરી આપવા નોછે.

મોતી—તે ખરૂં, પણ સંસારમાં રહ્યા એટલે નાત જાતથી ડરવું પડે છે કની. કાલે હું વાડીએ ગયો હતો ત્યાં આપણી નાતના તમામ ભાયડા ભરાયા હતા, ત્યાં વાતે વાતના પ્રસંગમાં વિવાહની વાત નીકળી તેમાં મેં સહજ આ વાત કરી એટલામાં તો ચારે તરફથી મારા કાન ઉપર ન સહેવાય એવા શબ્દો આવવા માંડયા. મોઢેતો કોઇએ નથી કહ્યું પણ પાછળ ચર્ચા ચાલી કે કાંઇકે આશાવિના એ ઠેકાણે દીકરી આપતા હશે. અરે આટલુંજ બોલતા હોય તો બસ છે પણ એસિવાય બીજી ઘણીક નજીવી બાબતો ઉપર ભીટંગ બાંધવા લાગ્યા. આવું છતાં પણ જો મારા વિચારને મળતા ફક્ત બે ત્રણજ માણસો બહાર પડી આવી મારી સોબતમાં રહે તો પછી હું બીજાઓની કાંઇજ દરકાર ન રાખતાં મારા ધારેલા વિચારો પાર પાડું; પણ શું કરૂં હું એકલોજ નથી ધારો કહાડવામાં

આગળ પડી શકતો નથી ને તેથી હવે શું કરવું તેની કાંઇ સૂજ પડતી નથી. છોડી હવે મોટી થઇ તેથી લગ્ન કર્યા વગર પણ ચાલે નહિ. વારૂ વડો-દરે બુલાભાઇ શેઠને ત્યાં કર્યું હોયતો કેવું? જ્યારે કુળજ જોવાનું છે ત્યારે એ ઘર તો કુળમાં આ-ખી નાત મધ્યે એકજ છે, પણ એ ભાગ્યે કબૂ-લ કરશે કેમકે કુળસાથે શ્રીમંતાઇ પણ તેવીજ છે એટલે એ વિષેનું અભિમાન હશેજ.

મણી—હા; એતો બધુંએ ખરૂં પણ એમનો છોકરો કે-વો છે એ કાંઇ ખબર છે? તપાસ કર્યાસિવાય કરવું એ તો ઠીક નહિ.

મોતી—કુળવાન અને ગૃહસ્થનું ઘર છે એટલે છોકરો ઘણું કરીને ખોટો તો નહિ હોય, પણ એતો જ્યારે અખાડા કરીએ ત્યારેજ તો. વારૂ બુલાભાઇ શેઠ ઉપર એક કાગળ લખી જોઇશું! પણ એતો પહેરામણીનો વર છે, મોંનું માગ્યું આપવું પડશે.

મણી—ધૂળ નાંખી, છોકરો સારો હશે તો એ વાતનીતો કાંઇ ફિકર નથી. હું જાણુંછું કે એકલો કાગળ મોકલો તેના કરતાં કાગળ લેઇને આપણા સ્વાર્થ-રામ ગોરને મોકલ્યો હોય તો ઘણું સારૂં. સારી રીતે તપાસ પણ કરે અને આપણા ધાર્યા પ્રમાણે બધી વાતે ઠીકઠીક હોય તો સાથે લાગું જડજ ડાવ કરીનેજ આવે, પછી વળી કેમ કે કેમ નહિ. માટે નિશ્ચય થયું હોય તો નિરાંત.

મોતી—હા, એ પણ ખરી વાત; ચાલ: ત્યારે સ્વાર્થરામને બોલાવીને કહું. બોલાવ કેવળીઆને.

મણી—એતો શાક લેવા ગયો છે.

મોતી—વારૂ પણ આવે એટલે મારી પાસે મોકલજો. હું

કાગલ લખી મૂકું છું.

મણી—ઠીક.(હેઠળ જાય છે ને કેવળીઓ શાક લેઇ આવે છે.)

કેવ—બા, હુંતો ભીંડા લાવ્યો.

મણી—ઠીક કર્યું, મૂક. જા તને ઉપર બોલાવેછે.

કેવ—કુણ બાપા બોલાવેસે?

મણી—હા.

કેવ—(ઉપર જઇ મોતીચંદને)બાપા હું કહોસો?

મોતી—અહ્યા જાને જરા સ્વાર્થરામગોરને બોલાવી લાવ. ઘેર ન હોય તો જરા વાર બેસજે.

કેવ—હારૂં શાબ. (જાય છે ને થોડીવારે ગોરને તેડીને આવેછે.)

સ્વાર્થ—(આવતાં આવતાં)ભાઇ મહારાજ.

મોતી—આવો મહારાજ બેસો; આ તો સલાહ કરવાનું કામ છે.

સ્વાર્થ—સલાહ તો ખરીજ તો.

મોતી—કહો, અહીંયાં તો આપણી હીરીના વિવાહનો કંઇ જોગ બનતો નથી. એક બે ઠેકાણે કરવા વિષે અમારા મનમાં હતું ત્યાં તો તમે ના કહોછો.

સ્વાર્થ—કેશવા અથવા મોતીઆને ઘેર કરવાનું ધારતા'તા એ કે બીજું? અરરર! ત્યાં તે આપણાથી થાયજ કેમ! પછી તો નાક કપાઇજ ગયું તો.

મોતી—તારે હવે તો વડોદરે તપાશ કરવો. વડોદરે પણ ફકત ભૂલાભાઇશેઠનું ઘર વખાણાય છે; પણ વળી તમેજ કહેતા હતા કે એ તો મોટા એટલે કબુલ નહિ કરે. પણ બેર વારૂ જુઓ તો ખરા; આ મેં કાગળ તો લખ્યો છે, પણ હું જાણુંછું જે એકલો કાગળ જાય તે કરતાં તમેજ જઇ આવો તો ઠીક: હવે તો આગ ગાડી થઇછે એટલે હર-

ફત નથી. વડોદરે તો તમે કોઇ દહાડો નથી ગયા, ખરૂં વારૂ?

સ્વાર્થ—વડોદરે નથી ગયો માટે કાંઇ ભૂલાભાઇ શેઠનું ઘર ઢાંક્યું રહે એવું છે? અને આગગાડી તો હાલમાં છેને છે, પણ કદાપિ ન હોય તોએ શું થઇ ગયું? અમારૂં કામ તો અમેજ કરીશું તો; વળી અમે જઇશું તેમાં અમને તો સામો ફાયદો છે, કેમકે કાંકે લઇને આવીશું. અમારી ચોટ કાંઇ ખાલી જવાની છે?

મોતી—હા એતો ખરૂં; ત્યારે લો આ કાગળ. હવે સાંભળો કહું. તે કાગળમાં તો મેં સંક્ષેપે લખ્યું છે પણ તમારે મોઢે કહેવાનું એટલુંજ જે શેઠને સારી રીતે બે વાતો સમજાવીને કહેજો જે તમારા ઘર ઉપર અમારી ચાહના બહુ છે; કેમકે તમ સરખા ખાનદાન ગૃહસ્થ સાથે સંબંધ થવામાં અમે એક મોટો લાભ માનીએ છીએ. વળી રીતભાત વિષે કહેવું કે રૂપિઆ તેરસેં ખાસી રીત આપશે ને તે સિવાય કાંઇ સવાઇ થશે તે તો જૂદી; એવી રીતે કહેવું. એમ છતાં કદાપિ એમનું મન માનતું ન હોય તો વળી કાંઇ વધારે બતાવી છેવટ રૂપિઆ પંદરસેં સૂધી કહેવું. સારાંશ કે જો એમનો છોકરો સારો ગુણવાન આપણી છોડી લાયક હોય તો બનતા સૂધી ત્યાં કરીનેજ આવજો. તમને તસ્દી નહિ આપતાં બીજા કોઇને મોકલું, પણ આ કામમાં તમારા વગર ઠીક પડે નહિ, માટે તમને મોકલુંછું. પણ છોકરા વિષેનો સઘળો તપાસ બારીકીથી કરી લેજો. કદાપિ છોકરો તમારી નજરમાં ન આવે તો સુખેથી પાછા આવજો; પછી હું મારી

મળે લોકોની કાંઈજ દરકાર ન રાખતાં મારા મનનું ધાર્યું કરીશ.

સ્વાર્થ—અરે મહારાજ, એમાં શું? આપ બધી વાતે બે ફિકર રહેજો.

મોતી—ઠીક ત્યારે કાલે સવારની ગાડીમાં નીકળજો. હવે આપણે મળવાની કાંઈ જરૂર નથી. રહો સાથેલાગા હું તમને ગાડી ભાડાના પૈસા પણ અપાવું. (બારી- એ ટકોરું કરીને) અરે ક્યાં ગયાં?

મણી—એ આ રહી. (બારી તરફ જોઈને) કેમ શું કહો છો?

મોતી—આતો સ્વાર્થરામને કાલે પરદેશ મોકલું છું માટે એમને ભાડા ખરચ સારૂ રૂપિઆ ત્રણ આપવા જોઈએ તે લાવો.

મણી—હા લાવું છું. (રૂપિઆ લેઈ મેડા ઉપર જઈને) લ્યો આ રૂપિઆ.

મોતી—(ગોરને રૂપિઆ આપીને) પણ શું કહું છું મહા- રાજ, વહેલા આવજો હો.

સ્વાર્થ—અરે મહારાજ હુંતો પરમ દહાડે કે પેલે દહાડે પાછો આવીશ. જલદી, અવાય તો પછી આપણને સૂજતો પડે. (જાય છે.)

પ્રવેશ ૨ જો.

મોતીચંદ તથા મણીકોર અને પછીથી હીરાલક્ષ્મી.

સ્થળ—મોતીચંદના ઘરનો મેડો.

મોતી—(મણીકોરને) જો, મેં તો રૂપિઆ તેરસેં પ્રથમ ગોરમે મોઢે કહ્યા છે, અને વળી સવાઈ; તેમ છ- તાં કદાપિ ન માને તો છેવટ રૂપિઆ પંદરસેં સૂ-

માં પણ કહ્યા છે. કેમ કરીએ? હવે આપણે નછૂ-
કનું આવ્યું અને પછી એંચા એંચ કરીએ એ-
મા માલ નહિ.

મણી—હોવેજ તો. જ્યારે કરવા બેઠાં ત્યારે ધૂળ નાખી બ-
સેં રૂપિઆ આમ કે આમ. ને હવે એંચવામાં મા-
લ નહિ તો; કેમકે ગમે તેમ હોય પણ હોણ કાંઇ
ચાલે એવું છે? જુઓને પહોરઆપણે નકી ધાર્યું હતું
પણ જરા એંચી પકડવા ગયાં એટલામાં બધો ખેલ
બગડી ગયો. પહોરતો ચાલ્યું પણ હોણ કાંઇ નભે
એવું છે? હીરા લક્ષ્મીને દશમું વર્ષ બેઠું એટલે આ
યોગ બનશે તોતો ઠીકજ છે, નહિ તો પછી આંધ-
ળિયાં નહિ કરવાં પડે?

મોતી—હાજ તો. હવે કાંઇ ચાલે એવું છે? (હેઠળ અવા-
જ થાય છે.) બા, બા.

મણી—કોણ એ? (બારીએ જોઇને) ઓહો! ચાર વાગ્યા.
હીરાલક્ષ્મી તો નિશાળેથી પણ આવી અને મેં તો
હજુ દાળ ઓરીછે. ચાલો જાઉંને રસોઇ કરી લ-
ઉં. મારે તો છોકડા સવારની ભૂખી છે.

મોતી—કેમ વારૂ આજે સવારમાં ખાધા વગર ગઇછે કે શું?

મણી—હા, આજતો સોમવાર છે ને.

મોતી—હાહા, એ તો સોમવાર કરેછે તો વળી. (હીરા
લક્ષ્મીને) બહેન આવ ઉપર, તારી બા પણ ઉપરછે.
આવો મારા દીકરા, આજે શું ભણ્યા?

હીરા—આજે અમારા વર્ગની પરીક્ષા થઇ, અને વર્ગ ચ-
ઢાવ્યા.

મોતી—હા! ત્યારે તારી પણ પરીક્ષા લીધી હશે તો?

હીરા—હા, મારી પરીક્ષા લીધી તેમાં હું પાસ ઊતરી; અ-
ને મારૂં નામ પણ પહેલે નંબરે હતું તેથી આજે

મને પહેલા વર્ગમાં બેસાડી. હવે અમારે સાતમી ચોપડી ચાલશે, અને હિસાબમાં એક વર્ણ સમીકરણ ચાલશે.

માતા—વાહ! દીકરા વાહ!

મણી—ત્યારે હીરી, હવે તો તને ગમે તે આપ્યું હોય તોએ તું વાંચેજ તો. તે દહાડે આપણા સ્વાર્થરામગોર રવિવારનો પાઠ કરવા આવ્યા હતા તે જરા મેડા ઉપર ગયા એટલે એમનો પાઠ પડેલો હતો તે તું વાંચતી હતી, ત્યારે હવે તો તું એથી વધારે કઠણ હોય તોપણ વાંચેજ તો.

હીરા—હાને, હવે તો ગૂજરાતી કે બાળબોધી ગમે તે હોય તે પણ વાંચું. ત્યાર પછી તો હું બે વર્ગ ચઢી.

માતા—શાબાશ, બેટા શાબાશ! જેમ તેમ કરીને ભણો અને ડાહ્યાં થાઓ ને. અમારે તો એટલુંજ જોઈએ છે.

મણી—આ મારી હીરી લાયક વર હશે કે નહિ? પરમેશ્વર એનું જોડું મેળવે તો કેવું સારૂં! બળયું તમે વડોદરે કર્યું; કદાપિ વિવાહ કરશે તોપણ એ વર હમણાં કાંઈ આપણા દીઠામાં આવે એવો છે? જ્યારે પરણવા આવશે તારે દેખીશું. પણ પછી કાંઈ થાય એવું છે?

માતા—હા, એતો ખરૂંજ તો; પણ ઉપાય નહિ એટલે શું કરીએ? એકે વાતે નજર ન પહોંચી ત્યારે વડોદરા તરફ જોયું છે. જો છોકરો સારો હશે તો તો સર્વ વાતે સારૂં છે, અને પ્રથમ છોકરા વિષેની તજવીજ કરવા મેં ગોરને કહેલું પણ છે. પ્રભુ દયાળુ છે અને સર્વ વાતની એને ફિકર છે તેથી તે સારૂંજ કરશે.

મણી—ભલે મહારાજ! એમ હોય અને યોગ બને તો એમને પરમેશ્વર જીવતાં રાખે. આપણે તો જોઇને ડરવાનું છે. લ્યો હુંતો હવે જાઉં છું, રસોઇ કરી લેઉં. છોકરી ભૂખીછે. ભીડ રાગ. (જાયછે)

પ્રવેશ ૩ જો.

મણીકોર અને કેવળીઓ ચાકર.

સ્થળ હેઠળનો ચોક.

મણી-(ચાકરને) અલ્યા કેવળીઆ, નહાવાનું પાણી નાંખ.

કેવ—હા શાબ નાંખું શું. (પાણી નાંખતાં નાંખતાં) બા, આજ તો કહાર કરજો.

મણી-હોવે અલ્યા, શું છે જે આજ?

કેવ—એમ સ્યમ બા, આજ હીરા ભુનનો વિવા કરવા ગોરને વડોદરે મોકલ્યા તેથી શકનનો કહાર તો કરવોજ પડે તો વરી લ્યો હેંડો, ઠીક થ્યું. આજ તો મને પણ ગરચું ગરચું ખાધાનું મન થ્યુંતું પણ મારાથી સ્યમ કહેવાય જે; આતો ઠીક થ્યું કે મારે માથેજ નહિ. ભુનનો વીવા થ્યો તેમાં મને પણ ભાવતું મરશે.

મણી—રોયા! હજુ વિવાહ થાય તો ખરો; આતો ફક્ત કાગળ લેઇને ગોર ગયાછે. વિવાહ તો જ્યારે થાય ત્યારે ખરો; હમણાથી શું કૂદે છે.

કેવ—હોવે વરી, ગોર જ્યા એટલે તો કરીનેજ આવશે તો; કાંઇ પાસા આવનાર સે?

મણી—તેનું કાંઇ નક્કી કહેવાય નહિ. રોયા ગળ્યું ખાધાનું મન થયુંછે તેમાં સમજ્યા વનું ગાંડું શું બોલેછે? આજ તો સોમવાર છે એટલે બ્હેને પણ સવારનું

ખાધું નથી, તેથી આજતો લાડુ કરવાનો છે; માટે તેને સારૂ પેલા જાડો લોટ કહાડજે.

દેવ—ભલાં ભલાં બા! વળી કાહાર કરતાં લાડુ ગરે તાં-ણ તો શું જોઇએ બા! એ બા ખાંડનો કરશો કે ગોરનો?

મણી—જા જા હવે ડાહ્યલા, જે કહીએ તે કર (ચાકર સીધું સામાન આપેછે ને મણીકોર રસોઇ કરવાના કામમાં લાગેછે.

પ્રવેશ ૪થો.

મોતીચંદ અને હીરાલક્ષ્મી.

સ્થળ—મેડો.

મોતી—(હીરાલક્ષ્મીને) બેટા આજ સવારે તું ચોપડી લેવાને પૈસા લેઇ ગઇ હતી તે શાની ચોપડી લે-વાને? અને તે લાવી કે નહિ?

હીરા—હા લાવી. હાલમાં એક "કુમારિકા બોધ" ના-મની ચોપડી નવીન થઇ છે. તે લેવાને માસ્તર સાહેબે કહ્યું હતું, તે મેં આજે લીધી. જોવી છે બાપા લાવું?

મોતી—હા લાવની.

હીરા—(દફતરમાંથી કહાડી લાવીને) બાપા જુઓ; આ રહી.

મોતી—(હાથમાં લેઇ પાનાં પાનાં ફેરવતાં) બહેન, આ શાની છબી છે? અને એના તળે શું લખ્યું છે? એ કશાકની વાત છે કે શું?

હીરા—ન હોય; એ તો મહેતાજી કુમારિકાને બોધ કરે-છે તેની છબી છે. અને એના તળે પણ એક

લખ્યું છે.

માતા— લે વાંચ જોઇએ. શું લખ્યું છે?

હીરા—લાવો. (વાંચેછે)

નાહાનપણથીજ બાળકીઓએ ભણવું તે એટલાજ માટે કે હરેક રીતનું જ્ઞાન સંપાદન થાય, જેથી મોટપણે પોતાનું સંસાર સુખ સફળ થતાં છેવટ દેહનું પણ સાર્થક થાય.

૧—જ્ઞાન સંપાદન એ રીત થાય છે કે ભણતાં ભણતાં નાના પ્રકારનાં પુસ્તકો વાંચવામાં આવેછે, તેમાં કેટલાંક પુસ્તકો સ્ત્રીઓને સંસાર વ્યવહારોપયોગી બાબતમાં જ્ઞાન મેળવવાનાં છે; કેટલાંક સ્ત્રીઓને નીતિ માર્ગે ચાલવાનાં છે; અર્થાત્ કે ભણતાં ઘણી ઘણી તરેહના વિષયો વાંચવામાં આવેછે, એટલે સર્વે બાબત નાનપણથીજ જાણવામાં આવે છે તેથી ઘણું કરીને પોતાનો સ્વાર્થ સુધારવામાં ચૂક ખાતી નથી; તેમ મોટપણે સંસાર વ્યવહારમાં પહોંચી પણ ઘણીજ વિવેકથી અને પોતાના પતિની મરજી ખુશ થાય એવી રીતે વર્તે છે.

૨—સંસાર સુખ સફળ એ રીતે થાય છે કે પુસ્તકોમાં લખેલાં વચનો અને વળી હમેશાં પોતાના શિક્ષકોની શીખામણ નાનપણથીજ તેના મનમાં ઠશી ગયાથી તે પોતાનો વખત આવે જાતેજ તપાસ કરી સર્વ વાતે પોતાને પ્રિય લાગે એવો સ્વામી જોઇ તેની સાથે લગ્ન કરશે; અને લગ્ન ક્રિયા વખતે થયેલા કરાર પ્રમાણે ચાલશે. એ પ્રમાણે થયેથી તે સ્ત્રી પોતાના સ્વામીની સાથે હમેશાં આનંદથી રમણ કરતાં સંસાર સુખ ભોગવવાનો જે સ્ત્રીઓનો લહાવો તે પોતે પરિપૂર્ણ સફળ કરશે.

૩—દેહ સાર્થક થવાનો રસ્તો એ પ્રમાણે છે કે નીતિના ગ્રંથો વાંચવામાં આવે તથા સ્ત્રીઓએ પોતાના સ્વામીની સેવા ચાકરી કરતાં ઇષ્ટ ધર્મ ઉપર કેવી આસ્થા રાખવી, અને પોતાનું પતિવ્રત કેવું ચલાવવું, એ સર્વ વાંચવામાં આવેથી, તથા તે ઉપર જ્ઞાની પુરૂષોએ કરેલા સુબોધનું જ્ઞાન થતાં પ્રમાણે સદાચરણથી વર્તણુંક કરેછે તથા ઇશ્વર તેના ઉપર સંતુષ્ટ થઈને આખરે તેનો મોક્ષ કરેછે.

ગરબો.

બાળપણામાં બહુ ભાવથીરે વીબીએ ભણજો;
બ્હેની હૈડામાં રાખી રૂડી પ્રીત સુણો સહુ બાળકીરે
વીબીએ ભણજો—ટેક.

બાઇ છોકરવાદી સહુ છોડીનેરે વીબીએ ભણજો;
થાજો ચતુર શીરોમણી આપસુણો બહુ બાળકીરે વીબીએ
ભણજો.

ભણતાં ભણતાં ભવનાં દુ:ખ ભાગશેરે વીબીએ ભણજો;
વધે લોકડીયામાં ઘણું માન સુણો બહુ બાળકીરે વીબી
એ ભણજો.—૧

બાધે ક્રર્તા જગતમાંહી યશ ભલીરે વીબીએ ભણજો;
બીલ બુધ્ધિને ભાગે સહુ ભ્રાન્ત સુણો સહુ બાળકીરે વી-
બીએ ભણજો.

જૂઠી વાત જરા તે નવ જાણશોરે વીબીએ ભણજો;
કહેતા કહિ સંભળાવુંરે દ્રષ્ટાંત સુણો સહુ બાળકીરે વી-
બીએ ભણજો.—૨

મીરાં બાઇ ભણીતીરે મેવાડમાંરે વીબીએ ભણજો;
જેની ક્રિતી ચાલે છે ચારે દીશ સુણો સહુ બાળકીરે વી-

વીધીએ ભણજો.

તજી સ્વામિએ મોએ શીળ સાચવ્યુંરે વીધીએ ભણજો;
રાખી લાજ તેની શ્રી જુગદીશ સુણો સહુ બાળકીરે વી-
ધીએ ભણજો.—૩

જુવો પૂર કુંદન રક્ષગણી ભણીરે વીધીએ ભણજો,
તેને આફતે આવ્યું કેવું કામ સુણો સહુ બાળકીરે વીધી-
એ ભણજો.

મન માન્યાને પત્ર લખી બાહ્યવ્યુંરે વીધીએ ભણજો;
ધાર્યું મનનું કરીને ઠરી ઠામ સુણો સહુ બાળકીરે વીધીએ
ભણજો.—૪

કર્યું એજ પ્રમાણે દમયંતિ સતીરે વીધીએ ભણજો;
થઇ પ્રગટ જે વેદ્રભાદેશ સુણો સહુ બાળકીરે વીધીએ ભ-
ણજો.

પોતે ભણી હતીતો પતિ તડિચારે વીધીએ ભણજો;
નાથ નૈષધ નળ જે નરેશ સુણો સહુ બાળકીરે વીધીએ
ભણજો. —૫

છે બીજા અનેક એવા દાખલારે વીધીએ ભણજો;
એવો વિદ્યાનો મોટો મહીમાય સુણો સહુ બાળકીરે વીધી-
એ ભણજો.

થાય નિર્મળ મન વિદ્યાભ્યાસથારે વીધીએ ભણજો;
વહેમ રૂપી તિમિર ટળી જાય સુણો સહુ બાળકીરે વીધી-
એ ભણજો. —૬

વળી વાત બતાવું બીજી એકતોરે વીધીએ ભણજો;
લખે પત્ર કદાપિ સ્વામી નાથ સુણો સહુ બાળકીરે વીધી-
એ ભણજો.

થાય ઉઘાડ છાની હોય વાતડીરે વીધીએ ભણીજો;
પડે આપવો બીજા કેરે હાથ સુણો સહુ બાળકીરે વીધી-
એ ભણજો.

વળી લખાવા પડે કદાપિ તેય તારે વીશીએ ભણજો;
પડે રાખવી બીજા કેરી આશ સુણો સહુ બાળકીરે વીશી-
એ ભણજો.—૭

એવા ઘાટે શા માટે કરવું પડેરે વીશીએ ભણજો;
હોય વિદ્યા જો પોતા કેરી પાસ સુણો સહુ બાળકીરે વીશી-
એ ભણજો. —૮

જેની વિદ્યા ભણેલી હોય માવડીરે વીશીએ ભણજો;
તેની સંતતી સુધરે નિદાન સુણો સહુ બાળકીરે વીશીએ
ભણજો,

તેતો બાળપણેથી બાળ એખતીરે વીશીએ ભણજો;
થાય મોટે પણે તે ગુણવાન સુણો સહુ બાળકીરે વીશીએ
ભણજો. —૯

ખટ રાગ વશેથી એ થશે નકીરે વીશીએ ભણજો;
માટે બાળપણેથી સમો સાધ સુણો સહુ બાળકીરે વીશી-
એ ભણજો.

સાચી શીખ માનીને મનમાં ધરોરે વીશીએ ભણજો,
સુદો જેટલું તેટલી છે બાધ સુણો સહુ બાળકીરે વીશી
એ ભણજો. --૧૦

મોતી—શાબાશ બેટા, રમો હવે. સારો અભ્યાસ કર્યો છે; ભણજો બેટાહો. જો ઘણું રમવું નહિ; કદાપિ રમવું હોય તોપણ ઘરમાંને ઘરમાં. રૂખી વીજળી વગેરે તારી બેહેનપણિયો આવે તેમની સાથે રમવું પણ બહાર પોળમાં રઝળવા જવું નહિ.

હીરા—બાપા એ તો ખરૂં; પણ તમે મારો વિવાહ કરવો ધાર્યો છે તે મને વર દેખાડ્યા વિના કરશો નહિ. આજે પણ મને મારા મેહેતાજી કેહેતા હતા કે બાળકીઓએ પોતાની જાતે જોઇને સારા ભણેલા અને ગુણવાન પુરૂષને મન ગોઠતો ઇચ્છાવર

કરવો; ને વળી જુઓ, આ પાઠમાં પણ એવુંજ વાંચવામાં આવ્યું માટે મને દેખાડજો અને પછી વિવાહ કરજો; હું જોઉં તો ખરી કે એટલું ભણ્યો છે. એ ભણેલો હશે તો અમારે બંને ઠીક ફાવશે.

મોતી—વારૂ એમ તેમ કરીશું. તારો વિવાહ તો સારે ઘેર કરવો ધાર્યો છે એટલે સારા ઘરનાં છોકરાંતો સારાં ભણ્યાં ગણ્યાં હુશિયારજ હોય. માટે એ વાતની તારે ફિકર કરવી નહિ (બારણે અવાજ થાયછે) હીરી, હીરી.

હીરા—કોણ એ? (બારીએ જોઇને) બાપા હું રમવા જાઉં? રૂખી, વીજળી આવીછે.

મોતી—જા પણ ઓટલા ઉપરજ રમજો હો, ખબરદાર જો પોળમાં ગયાં તો. અને હમણાં વળી જમવાનો વખત થશે માટે કંઇ જઇશ નહિ.

હીરા—સારૂ બાપા. (રમવા જાયછે)

પ્રવેશ ૫ મો.

રૂખી—વીજળી—હીરાલક્ષ્મી—મોતીચંદ—મણુકોર—કેવળીઓ—અને પાછળથી વિદૂષક.

સ્થળ—મોતીચંદનું ઘર

રૂખી—(હીરા લક્ષ્મીને) અલી ચાલને, ક્યારની ઘરમાં શું કરતી હતી? હીંડને રમીએ.

હીરા—ના બાઇ હું પોળમાં નહિ આવું, બાપાએ ના કહીછે. આવો આપણે ઓટલે રમીએ.

વીજ—ચાલો ત્યારે એમ કરીએ. ઓટલા ઉપર રમેછે.

રૂખી—અલી ઓ, આજ તો હમણાં મારી મા વાતો કરતી હતી કે તારો વિવાહ કરવા તારાબાપે ગોરને વ-

ડોકરે મોકલ્યો તે મારી વાત કે?

હીરા— હા, આજે મોકલ્યો.

વીજ—ત્યારે તું તો ડાહી ડાહી વાતો કરતી હતી કે હું તો મારો ભણ્યો ગણ્યો વર મારી જાતે જોઇને પરણીશ, તો કેમ હવે કાંઇ કર્યું નહિ? લે હવે તો જ્યાં વિવાહ કરશે ત્યાં ગમે તેવો વર હશે તોએ પરણવું પડશે.

હીરા—નાના એમ નથી. મારો વિવાહ તો વડોદરાના જૂલાભાઇ શેઠના છોકરા સાથે કરવાનોછે. અને જૂલાભાઇ શેઠ તો મોટા શ્રીમંત અને કુળવાન ગણાયછે, એટલે એવાનાં છોકરાં તો ભણેલાંજ હોય. હમણાં મેં મારા બાપને પૂછ્યું ત્યારે એમણે પણ એમજ કહ્યું. પછી આપણે તપાસ કરીને શું કામ હતું?

રૂખી } શેશ શેશ; તાલેવંતનાં છોકરાં તો મૂર્ખાં જેવાં
વીજળી } હોય એમને શી ફિકર છે જે ભણે; માટે એ છોકરો તો ભણેલો હશેજ નહિ.

હીરા—હોવે હોવે ડાહી! જા અહિંથી; મારા વરને મૂર્ખ કહેછે. ભાગ તમારા. તમે ગરીબ એટલે તમને તમારો વર પણ ગરીબનાજ ઘરનો મળવાનો, તેથી એતો બિચારો દુઃખે વાંદરા જેવો હશે. તારી વાત તેં જાણી જો હવે એવું બોલી તો. એમ કરતાં લડી પડેછે; તે નજીકના રસોડામાં મણીકોર રસોઇ કરેછે (ત્યાંથી સાંભળીને)

મણી— અલી છોડીઓ કેમ લડો છો?

હીરા—જો બા, આ રૂખલી અને વીજળી મારા વરને મૂર્ખાં કહેછે.

મણી—મરો તમે, હજુ પરણો તો ખરાં; પછી વર આપો હીરા હવે જમવાની વેળા થઇ. તારા બાપાને

બોલાવ.

હીરા— (ધાંટો કહાડીને) બાપા જમવા ચાલો, વેળા થઇ છે.

મોતી—ચાલો આવુંછું.(આવેછે અને સર્વ જમવા બેસેછે.)

હીરા—બા જોયું? રૂખલી ને વીજળી કેવું બોલતી હતી?

મોતી—(મણીકોરને) સાંભળ્યું કે? આ છોકરી તો કહેછે કે મને વર દેખાડજો; હું જોઇ તપાશીને પરણીશ.

મણી—હા મેં બધું સાંભળ્યું. એ અને પેલી છોડીઓ એટલે એજ વાતો કરતી હતી અને વળી તેમાં તો લડી પડીઓ.

મોતી—એમ કે?

હીરા- જુઓ બાપા, બોટો વર મળે ત્યારે મારે ભોગવવું પડેકની?

મણી— બેશ બેશ જંગલી! શરમાતીએ નથી.

મોતી— હોય, બાળકને શરમ શાની. શરમાવવાના દહાડા આવેછે આગળ.

કેવળી—બાપા, બુનને આજથી ઘરની ચેરી ફકર પડાસે. એ બા, મારે હારે તો તઇણ લાડવા રાખજો, એ તો રોજ ખાઉં સું. પણ આજ તો બુનના વિવાના ભાગનો એક વધારે ખાશ.

મણી—(હસ્તે હસ્તે) આ જુઓને રોચો ભાંડ. ખાજે બાપા ખાજે; તારાથી ગળાય એટલા ગળજે.

કેવ—ઓ મારા બાપ! આખા તે સ્યમ ગળી જવાય!

વિઠૂ—(ઓચીંતાનો આવીને) ના ગળાય તો ધોધળા ઉપર મારજેને મૂકકો એટલે ભાગથી ઝટ ને ગળે ઉતરશગટ.

કેવ—હેંડ હેંડ મારા ભાઇ, તને કુણ વચ્ચે બોલાવસે.

[illegible] -લેને તું એકલોજ વધારેલું ખાજે. હું તો આ ચાલ્યો.

(જતા રહે છે.)

મોતી—(કેવળીઆને) ખાજો, ખાજો, (સર્વે હસતા બોલતા જમી રહી પોતાને કામ લાગે છે)

———0*0———

અંક બીજો.

સ્થળ વડોદરા ને પછીથી અમદાવાદ.

પાત્ર

બુલાભાઈ....વડોદરાનો એક શ્રીમંત અને કુળવાન શેઠ.
ભૂળી વહુ .... તેની સ્ત્રી (શેઠાણી)
માણેકલાલ પણ લાડનું નામ મોકુભાઈ..તેનો છોકરો.
બુધ્ધણીઓ .... શેઠનો ચાકર.
કરૂણાશંકર .... શેઠનો રસોઇયો.
વનમાળી ...... એક દોશી વાણીઓ. શેઠનો દોસ્તદાર.
આદિતરામ .... એક જોશી.
હીરજીશા- વીરજીશા............. શેઠના પાડોશી.
તેજકોર .... પાડોશણ.
મોતીચંદ .... અમદાવાદનો એક શાહુકાર.
મણીકોર .... તેની સ્ત્રી.
હીરા લક્ષ્મી .... તેની છોકરી.
સ્વાર્થરામ........ મોતીચંદનો ગોર (પ્રથમ વડોદરે મોકલ્યોછે તે)
મગનલાલ .... મોતીચંદની દુકાનનો મુનીમ.
દેવળીઓ .... મોતીચંદનો ચાકર.
સૂત્રધાર .... નાટક કરનાર.
વિદૂષક .... તેનો સોબતી. (મશ્કરો.)
માસ્તર .... છોકરાઓની નિશાળનો મહેતાજી.

સૂત્ર—(આગળ આવીને) અહો સુજ્ઞ સભાસદો! સારા વિચારનાં અને થોડું ઘણું પણ ભણેલાં સ્ત્રી પુરૂષ હોયછે તો તેઓ પોતાનાં છોકરાંને નાનપણથીજ સુધારવા ઉપર કેવી નજર રાખેછે, અને આગળને વારતે પણ તે છોકરાંનું હરેક વાતે ભલું કરી આ-

પણા વિષેના તેમના મનમાં કેવા સારા વિચાર આવેછે, તેનો મેં ગયા અંકમાં દાખલો બતાવ્યો. વળી આપણા લોકોમાં અજ્ઞાનતા ભરેલા નાના પ્રકારના ધિક્કારવા લાયક વહેમો ભરાઇ ગયેલા છતાં તે મુજબ ચાલવાને ઘણાં માણસોનો એક જથો બંધાઇ જવાથી તે પૈકીના એકાદ સુધરેલા વિચારના માણસને કાંઇ સારી વાત કરવી હોય તો જ્યાં સુધી તેની સોબતમાં તેવા વિચારનાં એક બે માણસો પણ મળી આવતાં નથી. ત્યાં સુધી તેને પોતાના વિચાર મનમાંજ દાબી રાખી ચાલતી રૂઢીના ફાંદામાં કેવી રીતે ફસાઇ રહેવું પડેછે તે પણ પાછલા ભાગમાં થયેલી નકલ ઉપરથી જાણવામાં આવ્યું હશે.

વિદૂ—(કૂદકો મારી આગળ આવીને) તારાજ દીકરો હોય જો એકે અક્ષર હવે પાછલો સાંભરતો હોય—તો. ગયું વરસ તો જોશીએ ન વાંચે, માટે પાછલી વાત સંભારવીનહિ. હવે તું શું કરવાનોછે તે કહેની?

સૂત્ર—તને સાંભરતું નથી ત્યારે મારે તને કહીને પણશું કામ છે? જે થાય તે નજરે જોજે. નાહકનું ભેંસ આગળ ભાગવત.

વિદૂ—ત્યારે આ ખેલ ચાલવાદે હંબ મારો બાપો કરૂં. કોઇ ઠેકાણે ખુલાસાની જરૂર પડે તો પૂછતો જજે.

સૂત્ર—ઠીકછે ઠીક (શરૂ કરે છે.)

પ્રવેશ ૧લો.

ભૂલાભાઇ—ધૂળીવહુ—હીરજીશા—વીરજીશા—તેજકોર અને વિદૂષક.

સ્થળ—વડોદરા, શેઠનું ઘર.

જૂઠા—(પોતાની સ્ત્રીને) સાંભળછ કે? જો આપણો છોકરો હવે મોટો થયો; વાસ્તે હવેતો પરણાવવો જોઇએ. કેડાશ હવે એને મોટા થયા કેઇ શું તો લોકો વાતો કરશે કે શેઠના ઘરમાં પરણવાની અછત પડી જે છોકરો મોટો થયો પણ પરણાવ્યો નહિ.

જૂઠી—હા વાત તો ખરીછે. મારા મનમાં પણ હમેશાં એજ વિચાર આવેછે. પણ બાપું; આપણા છોકા જેવી રૂપાળી અને આપણી દમોદમીના ઘરની કન્યા અહિં તો એકે ઠેકાણે મારી નજરમાં આવતી નથી. ત્યારે હવે કેમ કરીશું વારૂ?

જૂઠા—હેં હેં હેં! રડ રાંડ, આપણને ઘડ અને કન્યાઓ કેટલી? શું કોઇ વડોદરાના બાપનું લેઇ ખાધું છે? પૂછે તો મુકો આપણું અમદાવાદ છે. આપણે કરવું હશે તો અમદાવાદ કરીશું.

જૂઠી—બાપું તમારૂં અમદાવાદ! એ વાત કરશો નહિ. મારે તો અમદાવાદ જોવું નથી. મુઇરે અમદાવાદની બાયડિયો! કેટલીએક તો ભણવા શીખે છે, ને વળી છોડીઓને પણ છોકરાની પેઠે નિશાળે મૂકીને ભણાવે છે. બળ્યુંરે એમનું મ્હોડું. પહેરવા ઓઢવાનો તો શોખજ નહિ. કોઇ દહાડો વળી ટાણું ટચકું હોય ત્યારે પહેરે ઓઢે; બાકી ગામડીઆંની પેઠે વળી હાલ્લામાં ઘાઘરો પહેરે, અને હાલ્લો પણ કછાના ડૂચા વાળીને પહેરે. મુઇ એ બાપડીઓ ગોલણો જેવી! મારે તો નથી લાવવી એવી કન્યા.

જૂઠા—હા એ વાટતો ખરી. અમદાવાદની છોડીઓ ભણવાનીતો ખરી. અને વડી કુટા વડોદરાના એટલે

ફુજાને કે હું ટકટકો પોશાક પેહેડીને વહુને હાકે લઇને બાપને જઉં અને શોભે ટેટા બનવાનું નહી. ટયાંનોટો મડજાડાનો પેડવેશ ખડો.

ધૂળી—જુઓ, બાજવાડામાં મારા પિહરની પાસે વેલચંદ શેઠનું ઘર ખરૂં; ત્યાં કરતાં શી હરકત છે? આપણા કરતાં જરા ઘર તો નીચું પણ કન્યા ઠીક છે. ધૂળ નાંખી ગામમાં ને ગામમાં, અને પૈસાવાળો વહેવાઇ તો ખરો.

ભૂલા—બડયું મ્હો. રાંડ લાજ લાજ જડા લાજ. અઅઅ એ દેવાલીઓ માડા ઘરની બડોબડી કડનાડો! એનો બાપ મુવો ટાકે બાડમુંટો કડવા મડયું નહિ, ટેટા બાકીછે ટ લોકો મ્હોડા ઉપડ કહેછે એ માડી બડોબડીનો શેઠ! હમનાં જડા વહેપાડમાં બે પૈશા મડયા માટે શેઠ ઠઇ ગયા.

ધૂળી—ઓહોહોહો! માંડી બારમું રહ્યું તેમાં હલકો થઇ ગયો. તમને તો બહુ [illegible] ઇતમામ આવેડે છે. ધૂળ નાંખી ત્યારે એ રહેવા દો. બીજાં ઘણાંએ ઘર છે.

ભૂલા—બોલ બોલ એકટો બટાવ.

ધૂળી—જુઓ મલુકચંદનું ઘર કેવું? વળી રાયસાનું ઘર કેવું? જો કરવું હોય તો બધાં ચ્રણાંય ઘર છે.

ભૂલા—નોહ્ય બાપા નોહ્ય, ફુ એમાં ના હમજે. એ મલુકો પોડ રૂના વેપાડમાં ફકટ રૂપીઆ ટઇને હજાડ માટે ડેવાડુ કહાડીને બેઠો, અને રાયસાનું ઘડટો ફુ જાનેજ છે એટલે કાંઇ બોલટો નઠી. ટાકો હગો એટલે કાંઇ કહુટો ટને બોકું લાગે.

ધૂળી—હવે કહ્યું, તમે શું કહેવાનાછો જે? ઓહોહોહોહો!! ગામમાં નવલસાધનેતર તો તમેજ છો તો. આવડા

બધા શા ઉપર કાઠી જાઓછો! એવડા બધા કુળી-
આના દીકરા હતા ત્યારે અમદાવાદ મૂકીને અહિં-
યાં શું કરવા આવ્યા? અને મારાં હગાં હલકાં છે
ત્યારે આગળથી હેસું કૂટ્યુંતું? કોણ તમારે ઘેર ખોળા
પાથરવા આવ્યુંતું જે. આહાહાહા! કુળીઆ થઇને
મોટા મોટા બોલડા બોલ્યા એટલે બી ગયાં.

જૂઠા—હાહા, કડીઆ છીએ તે ટાડાઠી કાંઇ મઠયા હાય
એવું છે, મારો બાપ આંઠલો મુઓ ત્યારે કોઇ
જોયા વિચાડયા વગર વડોદરે આવીને પડયો, અ-
ને ટાડા બાપનું ઘડ જોયું. અમાડા ભોગ છે કે ટાડા
જોડે પાનું પડયું! હું ટો આમનું પડ આમ કરું ટોપણ
ઠડમે માડા માકુને વડોદડાની રાડ પયનાવાનો ન-
હિ હમજી?

ભૂળી—તારા ભોગ લાગ્યા તે તું વડોદરે પરણ્યો, અને
તારા ભોગ હશે તો છોકરાને પણ વડોદરામાં પર-
ણાવીશ. અહિંયાં કિયા બાહદા રાતને જે કહી
બતાવે છે. પડોને તુંને તારો છોકરો બે કૂવામાં.

જૂઠા—હા બાપા હા, ભોગટે આજના? જ્યાડથી વડોદડાની
કન્યા મા બાપે જોઇ ટાડના છે. આમને ફાંગડામાં
નાખનાડનું સટ્યાનાશ જજો.

ભૂળી—એટલું બધું કૂદે છે ત્યારે અમદાવાદમાં કયમ કોઇ-
એ ડામ દીધા નહિ.

જૂઠા—ભોગ ટાડા રાંડ કાગડી.

ભૂળી—ભોગતો તારા અને તારા હોય તેના. મારા રોયા
નિહાશિયા! વહાલાંમુવા! રોયા તારો કોઇ દિવસ
કંકાસ ઓલાયો નહિ.

જૂઠા—રાંડ કુટડી! કુ મને મડી ટાડઠી માડું જંપવા વા-
ડો ક્યારે છે!

ધૂળી—ભાગ તારા, કૂતરી તારી હોયતે. રાયા પાપડી બ- ળ્યા મ્હોડું હ'બાળીને બોલ.

બૂલા— રાંડ શં'ખણી ! પાપડી બાડ ટાડ ભાઇની. હેટ રાંડ બોડી, માઠા મૂડી.(સામા સાંમી લડી પડેછે. તેથી પડોશીઓ દોડી આવે છે.)

વિદૂ—(વિચિત્ર ચાળા કરતો બોલતો આવેછે) લડાઇ લ- ગેતા પેસા દેઉ' ભાઇ. પેસા દેઉ' (નજીક આવીને) શેઠાણી ભાભી શેઠાણી ભાભી, હ'બ; ઝાલો ચોટલી; હું પણ પાછળથી એક બે ઠીંચણિયાં લગાવું. ધ- ણીને મારવાનો મોટા મહિમા છે. સાંભળો શાસ્તર કહું.

पातिव्रता नारी चैव, स्वामी स्य घणुं मारती:

ते पुन्ये प्रभावेन, स्वर्गें पित्रि च हर्षिता

હમજ્યાં? પતિવ્રતા નારી હોય તેજ ધણીને ગારે, અને તે પુન્યે કરીને સ્વર્ગમાં તેના પિત્રિ ઘણો હ- રખ પામે છે; માટે એજ, ધબ્બીડે પાર. (શેઠના સામું જોઇને)

સોરઠો.*

દૂર [1]મુખી જે નાર, ઢાલ મૂરખને પશુ વળિ
[2]ટીપ્યા અધિકાર, તે [3]વણ તે સીધાં નહી.

હીરજી— (વિદૂષકને) જા જા મારા ભાઇ, તું એ ઊલટું બળતામાં ઘી હોમેછે તો.

વિદૂ—અહિ'આં કિયાને. કોઇકા ઘર જલો, કોઇકા પૂત મ- રો, બંધ આપેને તાપે. સારી વાત કહતા તમા-

---

૧ કડવાં વચન બોલનારી.

૨ માર. ૩ વગર.

રી નજરમાં ન આવ્યા તો હયોને અમે તો આ આલ્યા (જતો રહેછે.)

તેજકોર—(ધૂળીવહુને) અલી ધૂળી વહુ; જા માહારી બાઇ વહાણું વાયને આતે શા ભવાડા. જરા લાજતી પણ નથી? બાઇ, કંકામેં તો ગોળીનું પાણી નાશે.

ભૂલો—હવે પાની જવાં શાં બાકી રહ્યાંછે

વીરજી—હયો હવે શેઠ છાના રહો; તમે પણ સમજતા નથી મારાભાઇ? ચાલો ચાલો ઊઠો, બારણે જાઓ.

ભૂલા—જુઓ, વીડજી કાકા, આમાં મોટી શી વાટ છે? વાટે વાટ કડટાં અંડાવાડમાં આપડા મોકાનો વિવા કડવાની વાટ નીકડી; ટેમાં મેં ટો સહજ કહ્યું, એટલામાં ટો રાંડનું જક્કું રહ્યું ટે અકલાઇ ઊઠી. પણ હુંજ ખડો કે હવે અંડાવાડજ કરૂં.

હીરજી } ઠીકછે ઠીક; એતો હજુ આગળની વાતછે
વીરજી } કની? જેમ તમારી નજરમાં આવે તેમ કરજો. હમણાં તો જાઓ. (શેઠ લૂગડાં પહેરી બારણે જાયછે.)

પ્રવેશ ૨ જો.

ભૂલાભાઈ શેઠ—વનમાળી અને સ્વાર્થરામ ગોર.

સ્થળ બજારમાં વનમાળીની દુકાન.

વન—(ભૂલાભાઇને દુકાન ઉપર આવતાં દેખીને) આવો શેઠજી! કેમ આજ કાંઇ સવારના જણાયા નથી? વળી મોહું પણ ઊતરી ગયા જેવું લાગે છે.

ભૂલા—બડયું ભાઇ, અમારૂં કામટો ટમે જાનોજ છોટો. ઘડમાં રહીએ ટાડે રાંડોના કજીઆ.

વન—કેમ વાર શેઠજી, આજે કાંઇ સળગ્યું હતું કે શું?

ભૂલા—હા ભાઈ હા. ભોગ છે અમારાંટો.

વન—કેમ વારૂ, શા વાસ્તે?

ભૂલા—આ જડા આપડા મોકુના વિવાની વાટ કડટાં કડટાં બોલવું પડયું.

વન—હાંહાંહાં! લો મને પણ સાંભર્યું; ઠીક થયું તમે સંભાર્યું તે. આજજ સવારમાં અમારા કહાનદાસનો અમદાવાદથી કાગળ આવ્યો છે તેમાં પણ એ વિષેના સમાચાર લખ્યા છે. ઊભા રહો હું જોઉં તે કાગળ. (પાઘડીમાંથી કહાડીને) લો જુઓ, આ રહ્યો. (વાંચે છે.)

"સ્વસ્તિશ્રી વડોદરા મહાશુભસ્થાને પૂજ્યારાધે અનેક સર્વે ઉપમા જોગ દોશી વનમાળીદાસ કિશોરદાસ. એતાનશ્રી અમદાવાદથી લી. કહાનદાસ ગોપાળદાસના જેગોપાલ વાંચવા. જત, અત્રે એમ કુશળ છે. તમારી એમા કુશાલીના કાગળ લખવા. બીજું લખવા કારણ એ છે જે તમોએ હાલમાં કીનખાબ તથા મોળીઆં મંગાવ્યાં તે આવતે સોમવારે બાંદડી તૈયાર કરી મોકલીશું. બીજું તમારા સ્નેહી ભૂલાભાઈ શેઠના દીકરા સાથે આપણી નાતના શા. મોતીચંદે પોતાની દીકરીનો વિવાહ કરવો ધારી પોતાના ગોરને વડોદરે જવા કહેલું છે, એવું આજ અમારા સાંભળવામાં આવ્યું છે; તથા એ વાત ખરી હશે તો આવતી કાલે એ ગોર તમારે ત્યાં આવી પહોચશે. આ માગું જો ભૂલાભાઈ શેઠ કબૂલ રાખશે તો લગ્ન પણ આ સાલજ કરશે, અને બન્ને જણ શ્રીમંતે શ્રીમંત છે એટલે હોણ નાતમાં લગનગાળો પણ સારો જામશે. મોતીચંદ જેવો આજ કોઈ સમજુ અને ખરચ વાળો આદમી થવાનો નથી. હાલ એજ. કામ કાજ લખવું, જોઈતું કરતું મંગાવવું. સં. ૧૯૨૧ના માહાસુદી ૫ સોમવાર.

ભૂલા—(કાગળ સાંભળીને) વનમાળી, કેમ વાચ્યું? એ માટીચંડનું ઘડ કેવું?

વન—વાહવાહ શેઠ! મોતીચંદનું ઘર? એતો મોટું નામાંકિત ઘર. ઇજ્જતમાં આબરૂમાં, ખરચમાં, બધી વાતે મોતીચંદ તે મોતીચંદ. એમને ઘેર થાય તોતો પછી બાકી શું?

ભૂલા—હેં! એવું? ટાડેરો, નકી આપડે ટ્યાંજ કડવું. (ને પડખમાં અવાજ થાય છે.) અલ્યાભાઇ અહિંયાંના ભૂલાભાઇશેઠનું ઘર ક્યાં હશે!

વન—(બ્રાહ્મણને બોલતો જોઇને) એ મહારાજ! એ મહારાજ! આમ આવો. કોનું કામ છે અને કોનું ઘર પૂછોછો? તમે ક્યાંથી આવ્યા છો?

સ્વાર્થ—ભાઇ, હું અમદાવાદથી આવું છું. અમદાવાદના મોતીચંદશેઠે મોકલ્યો છે અને અહિંના ભૂલાભાઇશેઠનું મારે કામ છે. હું અજાણ્યો તેથી એમનું ઘર પૂછુંછું. ભાઇ તમે જાણતા હો તો બતાવો. મહારાજ; કલ્યાણ થશે. બપોર થવા આવ્યા છે ને હું અજાણ્યો તેથી કૂતરાની પેઠે રખડુંછું. (દુકાન ઉપર આવે છે.)

ભુલા—માડાજ, ટમાડે શું કામ છે?

સ્વાર્થ—એમનો કાગળ લાવ્યો છું તે આપવો છે (કાગળ બતાવે છે.)

ભૂલા—લાવો એ કાગડ અમાડો છે.

સ્વાર્થ—ના મહારાજ, એ કાગળ એમ આપવા જેવો નથી. એમાંતો લગ્ન સંબંધી વાત એટલે કોઇને વગર તપાસે અપાય નહિ. તમે ઘર જાણતા હો, અને તમારા મનમાં ભગવાન ઊતરે તો ઘર બતાવો.

ભૂલા—અડે ટમે કાગડટો આપો માડાજ. ટમે જેનું ઘડ

પૂછોછો તે અમેજ છીએ.

સ્વાર્થ—(કાગળ વાંચ્યાની આશાએ છેતરતો હોય એમ સમજીને) ના મહારાજ, એમ તો ન આપું. મને શી ખાત્રી કે તમેજ ભૂલાભાઇ શેઠ.

ભૂલા—એ ગાંડિયું છે કે શી બલા! એ માડાજ, કેમ કાંઇ શેઠને માટે શીંગડાં બીંગડાં ઊગટાં હશે કે શું? એટો હું જાણ્યું બધુંએ ડાપણ. આપો આપો, કાગડ આપો. (કાગડ ઉપરનું સરનામું વાંચીને) એટ્રો અમાડાજ નામનો છે.

સ્વાર્થ—ભાઇ તમારૂં નામ શું અને તમે શી નાત?

ભૂલા—આ વડી બહુ ડહ્યલું છે ટો. લ્યો માડું નામ ભૂલાભાઇ, અને અમે નાગડવાણીઆ છીએ. લાવો હવે.

સ્વાર્થ—મહારાજ, અમદાવાદમાંના તમારો કોઇ સગાનું નામ બતાવો જોઇએ. હું તમામને ઓળખુંછું.

ભૂલા—અરે ટગારૂં ભલું ઠાયરે ભામણ! લે બાઇ લે. હું લખમીચંડ બીમચંદને ઓડખેછ! એ અમાડા મામા ઠાય.

સ્વાર્થ—હાહા મહારાજ, ખરી વાત. માફ કરજો બાપજી, હું ભૂલ્યો. લ્યો આ કાગળ. (આપેછે)

ભૂલા—કાંઇ ફકડ નહિ માડાજ. (ગોર દુકાન ઉપર બેસેછે ને ભૂલાભાઇ કાગળ વાંચેછે.)

શ્રી૧।

"સ્વસ્તિ શ્રી વડોદરા મહાશુભસ્થાને પૂજ્યારાધે અનેક સર્વ ઉપમાલાયક શા શ્રી પાંચ, શા. ભૂલાભાઇ ગડગડદાસ. એતાન શ્રી અમદાવાદથી લી० પરી. મોતીચંદ પરભુદાસના જેગોપાળ વાંચવા. અત્રે કુશળ છે; આપની કુશળતાના કાગળ લખવા. વિશેષ વિનંતિ કે અમારી

પુત્રી ચિરંજીવી હીરાલક્ષ્મીનો વિવાહ કરવા સારૂ મેં આ-પણી નાતમાં ઘણે ઠેકાણે તજવીજ કરી તેમ માગાં પણ ઘણે ઠેકાણેથી આવ્યાં; પરંતુ મારૂં મન કોઈ ઠેકાણે ગોઠવું નથી. વિચાર કરતાં આપના ઘર ઉપર મન ઠરેછે અને આપને ત્યાંજ સંબંધ થાય એમ ઉમેદ રહેછે, તો આ પત્રથી એટલુંજ લખું છું કે આ મારૂં માગું આપ જો કબુલ રાખશો તો મારા ઉપર મોટી મહેરબાની કરી એમ હું સમજીશ, અને આપ કબુલ રાખશો એવી આશા પણ છે. નાતના રિવાજ પ્રમાણે જે કાંઈ લેવડ દેવડ કરવાની તે હું મારે મોઢે કહું તે સારૂં નહિ. માટે સર્વ હકીકત અગારા ગોરને મુખ જુબાનથી કહી છે અને એટલાજ સારૂ એમને જાતે મોકલ્યા છે તેથી એ સર્વ વાત આપને રૂબરૂમાં કહેશે. વળી તેમ છતાં પણ આપની મરજી જરા દુખાતી હશે તો વળી આપ કહેશો તે પ્રમાણે સાંભળવા હું હાજર છું. આપ લાયક છો એટલે મારે જાદે લખવાની જરૂર નથી. આશા છે કે આ માગું આપ કબુલ રાખશોજ. જો માન્ય હોય તો અહિંથી ગોરને ચાંલ્લો કરવાજ મોકલ્યા છે એમ સમજી કામ સિદ્ધ કરી લગનનો દિવસ મુકરર ઠરાવીનેજ લખી મોકલશો. એજ વિનંતિ. કામકાજ લખવું, જોઈતું કરવું મંગાવવું. સંવત ૧૯૨૧ ના માહાસુદી ૫ ને સોમવાર.

મુલા—(કાગળ વાંચી રહીને) જુઓ પતમાડી, આ કાગડ ટમે વાંચી જુઓ ને સાંજકે ઘડ આગડ આવજો. આપડે વિચાડ કડીશું. હમનાટો હું ગોડને લઈને ઘડ આગડ જઉછું એમને રસોઈ પાનીનું કડાવું.

વન—હા ઠીક છે. (ગોરને સાથે લઈ શેઠ ઘર આગળ જાય છે.)

પ્રવેશ ૩ જો.

જુલાભાઈ—ધૂળીવહુ—વનમાળી—સ્વાર્થરામ—મોકુભાઈ
અને આહિતરામ જોશી.

સ્થળ—શેઠનું ઘર.

જુલા—ગોડ માડાજ, આ જુઓ આમારૂં ઘર.

સ્વાર્થ—(મોટી હવેલી જોઈને) વાહવાહ મહારાજ! ધન્ય છે આ હવેલીના બંધાવનારને; અમે તમને પણ ધન્ય છે કે આવી હવેલીનો ઉપભોગ કરોછો.

જુલા—એમાં શું. (બેઉ જણ ઘરમાં જઈ પાટ ઉપર બેસેછે; પછી શેઠ પોતાની સ્ત્રીને) અલી ક્યાં ગઈ? હાંભ-ડ્યું કે? અંબાવાડીથી માટા ડાહ્યા ને ચેડઠી એમ-ના ગોડ આવ્યા છે. આસો જલદી, બનોડ ઠઈ ગયા છે અને એ ભૂખ્યા છે માટે પહેલી રસોઈ-ની સોઈ કડાવી આપો.

ધૂળી—(ચઢેલે મોઢે) આવીએ છીએ. (આવેછે)

સ્વાર્થ—(મનમાં) ઓહો! આ ઘરમાં સંપની તો લીલા લહે-ર દેખાયછે. કદાપિ જોગ બનશે તો આ સાસૂના મ્હોં આગળ આપણી કેમળ હીરા બાઈથી કેમ નીભાશે. હશે ખેર, આપણા યજમાનનો આટલો આગ્રહ છે એટલે કાંઈ આપણાથી ના કહેવાય એવું છે?

જુલા—(પોતાની સ્ત્રીને) આમને પહેલી રાંધવાની સોઈ કડાવી આપોને.

ધૂળી—(ચાકર પાસે ચોખ્ખું પાણી વગેરે ભરાવી ગોરને) ઊઠો મહારાજ નાહો.

સ્વાર્થ—હા. બા (નાહીને રસોઈ કરવા માંડેછે.)

જુલા—(પોતાની સ્ત્રીને) જો, ગોડને કહાડનું શીધું અને

મસ ઘી આપજે, નીકડ ત્યાં જઇને વાટ કડશે તો આપણા ઘડનું નામ જશે.

ધૂળી—ઓ હોહોહો! એવડું બધું શું છે જે? અને એવડી મોટી શી કંકોતરીઓ લઇને આવ્યાછે જે કંસારનાં સીધાં અને મસ ઘી આપાવો છો?

ભૂધા—કંકોટડીઓ તો ખડીસ્ટા. આપડા મોકુનો વિવાહ કડવા આવ્યાછે.

ધૂળી—તમે જાણો; ને એ જાણો; મને મારે એ વાત સંભળાવવી નહિ.

ભૂધા—હાકુ હાકુ જાઓ. અમે કહ્યું એમ સીધું આપો.

ધૂળી—જોને મારે શું? હું તો એથીએ વધારે આપીશ. (સીધું આપેછે.)

સ્વાર્થ—(જમી પરવારી નીચે આવીને) વાહ મહારાજ! તમારા ઘરની શી વાત છે. આજતો અમૃત ભોજન જમ્યા મહારાજ.

ભૂધા—ભલે મારાજ.

સ્વાર્થ—હવે કહો મહારાજ; તમે કાગળતો વાંચ્યો, પણ વળી કહું તે સાંભળો. મોતીચંદ આપના ઘરની બહુજ ચાહના કરે છે, અને તમ સરખા ગૃહસ્થને ઘેર સંબંધ થવામાં એક મોટો લાભ માને છે; માટે એમણે કહ્યું છે કે રૂપિઆ તરસેં ખાસા આપીશું, અને અમારા ઘર પ્રમાણે સારી રીત સવાઇ પણ કરીશું માટે અમારૂં માગું કબૂલ રાખવું જોઇયેં.

ધૂળી—ઓહોહો! તરસેં રૂપિએ માંઇશું ત્યારે અમદાવાદ શીદને જોતશું? ક્યાં મારો છોકરો કુંવારો બેશી રહેવાનો છે?

બુલા—અરે હાબડ હાબડ, એમ શું બોલેછે? હાબડો ગોડ મારાજ, રુપિઆ વાસ્તે તો શું છે, પણ અમને એ ઘટે નહિ. ટેમ અમારે અંડાવાઠ કડવાનો ભાવ પન નઠી. ઘના ડાહાડાઠી અહિઆં છીએ એટલે હવેટો અહિયાં પન વટન જેવું ઠયુંછે. ટમારા પડટાપણી પંડશેં રુપિઆ સુધી તો માગાં હાડા હાડા ઘડનાં આવી ગયાંછે પન અમારે કડટવ નહિ. મોઠીચંડને ઘેડ ટો અમારાઠી ના ઠાય.

સ્વાર્થ—અરે મહારાજ! એમ તે થાય? એમનો આટલો ભાવ અને તમારાથી ના કહેવાય? કદાપિ તમારી મરજી દુખાતી હશે તો વળી સો રૂપિયા જાસ્તી આપશે પણ ના તે કહેવાતી હશે?

ભૂળી— ના બા ના, મારે તો અમદાવાદ જોવું નથી. ના કહેજો તમારા શેઠને.

સ્વાર્થ—(મનમાં) આતો રાંડ પાધરીજ કરડવા દોડેછે. (મોટેથી) અરે બા તમે આકળાં શું કરવાને થાઓછો?

બુલા— નાના, અંડાવાડ શા વાસ્ટે ન જોઇએ? પન અમારે કડટવ નઠી. (ને પરમાં અવાજ થાયછે) શેઠ છો કે ઘરમાં?

ભૂળી—કોણ એ? વનમાળી કે?

વન—હાજી (ઘરમાં આવેછે.)

બુલા—આવો વનમાડી. ઠીકઠયું ટમે આવ્યા ટે.

વન—કેમ શા વૃતાંત ચાલેછે?

બુલા—આટો ગોડ મોઠીચંડે કહેલા સમાચાડ કહે છે કે ટમે માનો, અને રુપિઆ અડડસેં આપીશું; પન વનમાડી, મારેટો કડટવ નઠી.

વન—ઠીકજ છે તો.

જૂઠા—જુઓ વનમાળી, અંડાવાડ જઉં અને મોતીચંદનું ઘર જોઉં, દાડે પછી એટલા રૂપિઆ શું કરવા લઉં? એની પંચાત ઊંધી,

સ્વાર્થ—અરે મહારાજ એમ તે થાય? હું આવેલો પાછો જાઉં ત્યારે તો પછી થઈજ રહ્યું તો; મને ઢાવકો જાણી મોકલ્યો તે પછી હું શું મોહું બતાવું? માટે ગમે તેમ ગણો પણ એ તો કરવુંજ પડશે.

જૂઠા—ના ભાઇ ના.

વન—જુઓ શેઠ, મોતીચંદ શેઠ આટલો આગ્રહ બતાવે-છે ત્યારે તમને એમાં કાંઇ નુકસાન નથી. પૈસો કાંઇ બેશી રહેવાનો નથી; અને તમે ક્યાં પૈશાના ભુખ્યા છો? માટે હવે એમનું મન છે તો કરોજ. આપણે તો જ્યાં ત્યાં આદમી સારાં લાયક અને કન્યા સારી જોઇએ; તેતો મોતીચંદ જાતે સારૂં મા-ણસ છે અને તેમની સ્ત્રી પણ સુશીળ છે, તેમ ક-ન્યા પણ રૂપાળી તમારા ઘર લાયક છે; માટે શું કરવા તાણી પકડો છો? વળી તમારૂં મન દુખાતું હશે તો મોતીચંદ કાંઇ મોહું છૂપાવે તેવા નથી. (ગોરને) જુઓ મહારાજ, તમારા શેઠને કહેજો કે રૂપિઆ પંદરસેં આપે અને એમના ઘરની શોભા પ્રમાણે રીત ભાત પણ કરે. (શેઠને) જાઓ શે-ઠજી, હવે બોલશો નહિ. જે બનવા કાળ તે બનશે.

જૂઠા—ઠીક છે દાડે અમારે ક્યાં ના છે એમ કહો.

સ્વાર્થ—અરે મહારાજ! તમો બેઉ વહેવાઇ ઢિંગોઢિંગ છો. રૂપિઆના શા ભાર છે? હું ગોર છું તોએ જુઓને હજાર હજાર અને પંદરસેંની વાતો કર-તાં બીતો નથી.

જૂઠા—હા ભાઇ હા. એટલામાં વહેવાઇએ કહ્યા કે? (મા-

ડીના ઘૂઘરા વાગતા સાંભળીને) અરે માકુભાઇ બાપનેઠી આવ્યો કે શું! ચાલો ઠીક થયું.

માકુ—(ઘરમાં આવતાં આવતાં ઊઠને) બોલા જૂઆ કાલે તને ચોધરીએ પેલા ગાડીઓ બળદ બદલવાને કહ્યું ત્યારે તેં કેમ ના કહી? બેવકુફ આજ મારૂં નાક કપાયું.

જૂઆ—અરે ભાઇ શાને વડી નાક કપાયું?

માકુ—જો, આજ અરણીના હનુમાનનો મેળો હતો ત્યાં હું ગયો હતો, અને મારા અકકડચંદ ફકકડચંદ દોસ્તદારો પણ આવ્યા હતા; પછી અમે સરત મારી કે ગાડીઓ પૂરપાટ દોડાવવી, અને જેના બળદ આગળ જાય તે જીત્યો કહેવાય; અને જેના બળદ પાછળ રહી જાય તે રૂપિઆ બસેં પેલા જીતનારને આપે. એને બળદે સેંની સરત કહેવાય છે. જો તેં કાલે બળદ બદલવા દીધા નહિ તેથી આજે એ પાછળ રહી ગયો. અને મારે રૂપિઆ બસેં આપવા પડયા. જો તું હવે, આજ સવારમાં મેં એક જોડ જોઇ છે તે મંગાવુંછું.

જૂઆ—વારૂ વારૂં, પણ હમણાં આમ આવ.

માકુ—બોલ, શું કહેછે? (આવીને પાસે બેસે છે)

સ્વાર્થ—(મનમાં) હાય હાય! આ તો કેવળ રથ જાત્રા દેખાય છે. અરેરે! આનો અને મારી હીરાલક્ષ્મીનો સંબંધ કેમ થાય? એતો બિચારી ઘણી ડાહી વિવેકી છે, અને આ તો કેવળ વર્ણસંકર છે. બિચારી છોકરી દુઃખમાં પડશે જો. આતો ન કરવું; પણ બળ્યું પેટ બૂરૂં છે. આ વર્ષમાં રૂપિયા બશેંનું દેવું થઇ ગયું છે તે વાળવાની આ લગન ઉપર હિમ્મત છે. વળી ભાગી પાડીશું તો હોણ આપણી

કન્યાકી છે, માટે ગમે તેમ ધાઓ; આપણે શું કરીએ! જેવું તેમનું નશીબ.(શેઠને) બાપો મહારાજ, ભામને ચાંલ્લા કરીએ.

બુલા—હા,કડો (ભોકુભાઇના હાથમાં રીત પ્રમાણે રૂપિઆ આપી ચાંલ્લો કરીને ગોર સર્વને આશીર્વાદ દેછે)

ગોર—(શેઠને) ભાઇને જરા ગળ્યું મોં કરાવો.

બુલા—(પોતાની સ્ત્રીને) ગોડધાણા વહેંચોબાઇ ગોડધાણા. બાઇનો વિવા કડયો.

ધૂળી—(મોં ચઢાવીને) સારૂં થયું; મારે શું! એ છોકરાને તમે પરણાવો ને મઝા કરો. (બડબડતી બડબડતી ગોળને ધાણા વહેંચે છે.)

સ્વાર્થ—મોતીચંદ શેઠે કહ્યું છે કે લગ્ન પણ હોણુજ કરવાનું છે માટે શેઠને પૂછી લગ્નનો દિવસ મુકરર કરતા આવજો; તેથી લગ્નનો દિવસ મુકરર કરવો જોઇએ ને પછી મને વિદાય કરો મહારાજ.

બુલા—ઠીક છે ટાડે હું જેશીને બોલાવું છું. આપડા ઠડમાંજ રેહેછે. (બારીએ જઇને) એ આડીટરામ, આડીટરામ, જડા આમ આવો.

આદિ—એ આવું મહારાજ. (આવેછે)

બુલા—આપડા ભોકુનો વિવા કડયો, અને લગ્ન પન હોનજ કડવાનું છે. માટે લગ્નનો ડાહાડો મુકરર કડવા ટમને બોલાવ્યા છે. વડ કન્યાની રાશી જોઇને બડાબડ ડહાડો કાહાડો.

આદિ—સારૂં મહારાજ! (સ્વાર્થરામને) કેમ મહારાજ, એ કન્યાનું શું નામ છે!

સ્વાર્થ—હીરાલક્ષ્મી.

આદિ—(ટીપણું કહાડી વેઢા ગણીને) સહીં, કન્યા, તુળા,

વ્રશ્ચિક, ધન, મકર, કુંભ, મીન, મેશ, અને મિથુન. (શેઠને) મહારાજ, લગનને વાસ્તે તો માહાવદી ૧૪ રાખો. બહુ ઉત્કૃષ્ટ દિવસ છે, માટે ફતેહ કરો.

ઘૂળી—(જોશીને) મહારાજ આપણા છોકરાને ને એ કન્યાને મળતા વર્ગ આવેછે? જુઓ એ, પછી બીજી વાત. એ તો અકલવનાછે. પહેલું પૂછવાનું તે પૂછતા નથી ને બીજી વાતો પૂછેછે.

આદિ—હા બા જોઉં. (મનમાં) ચાલો ને જ્યાં ત્યાં ઠરાવીએ. ઠરે આપણને લાભ છે. (શેઠાણીને) વાહ બા વાહ! શા મળતા વર્ગ આવેછે કે બાકીજ નહિ.

ધૂળી—તારે ઠીક હવે બળો બધુંએ.

આદિ—અરે બા એવું શું બોલોછો! ભાઇને પરણાવો ને વિવાહ મહાલો. (શેઠને) ભાઇ હવે મને રજાછે?

ભૂલા—હા, પન ઊભા રોહો ડખના આપું.

આદિ—અરે મહારાજ દક્ષિણાનો શો ગળ છે?

ભૂલા—નાના, એમટે હોય? વિવાના કામમાં શકનની ડખનાટો જોઇએ. (દક્ષિણા આપેછે ને જોશી જાયછે.)

વન—શેઠજી, હવે હું પણ રજા લઇશ.

ભૂલા—વારુ હમનાંટો જાઓ, પન હવે બપેઘડી આવટા રહેજો. હવેજ કામ પડયાંછે ટો.

વન—અરે શેઠ એમાં શું? (જાયછે)

ભૂલા—(બૂમ પાડીને) ઓ વનમાડી વનમાડી; ઊભારહે જડા. (તેની પાસે જઇને) ગોડ પન કાલે જશે; એમને ડખના શી આપીશું?

વન—આપણા ઘર પ્રમાણે બે રૂપિઆ તો આપવાજ પડે

તા.
ભૂલા—ઠીક ટાડુ, હવે જા. (વનમાળી જાયછે.)

પ્રવેશ ૪થો.

ભૂલાભાઇ—ધૂળીવહુ—ભોકુભામ—સ્વાર્થરામ—કરૂણાશંકર
અને વિદૂષક.

સ્થળ—ભૂલાભાઇ શેઠનું ઘર.

સ્વાર્થ—હવે મને પણ વિદાય કરશો જોઇએ મહારાજ; કેમકે મારા ગયા સિવાય અમારા શેઠને કોઇ સૂજ પડશે નહિ.

ભૂલા—હારટો; પન હવેટા સવાડેજ જવાશે ટા? કાંઇ અટચાડે જવાય હેવું છે? હવેસ ગાડી ગઇ હશે. ગ્યુઓ હાંભડોક આટીચંદને કહેજો કે ભજાટા સાહાવક ૧૪ નું લખી ડડ્યું છે. રજા જાઠજ આવ્યાછેે એટલે હું કાગડો નઠી લખ્ટો. પન મોડે બઢા સમાચાર કહેજો.

સ્વાર્થ—સારૂં મહારાજ, એ વાતની કાંઇ ફિકર કરશો નહિ. (અવાજ થાયછે) બાઇ બાણુની વખત થઇછે; આવોને.

ભૂલા—(ચમકીને) હાય હાય! આપડે ટો વાકુની વખટ ઠઇ. અને વટ્ટાની ગડગડમાં ભોડભાટા સોઇ કુડી બુલી ગયા! ઊઠો ઊઠો રે કમાઆજ ઊઠો. પહેલું વાકનું કડો. (ચાકરને બોલાવી બૂમ પાડી આ, ઊઠ ઊઠ; ભોડને ચૂલા પાની બડાબડ કડી આપ. રાંડના બઠ એ મુકાઆં સુતાં છે ટા. આમને પન હાંભડ્યું નહિ? (ફરી અવાજ થાય છે) બાઇ આવીને રસોઇ ટાઢી થઇ જાય છે.

ભૂલા—જંપ ભાઇ જંપ; હજી તો આરામ લેવું નથી. પહેલું ગોરમહારાજનું વાડકું ઠલવા દે.

સ્વાર્થ—(શેઠને) ભાઇ તમે ઊઠોને; હું તો હવે કડીશ માંડી ગયો.

ભૂલા—નાકે ગોરજી એમાટે કાય? એટલામાં શું પેટ ફાટી જાય છે? આપણે બધા જોડે બેસીશું.

ધૂળી—(મેડા ઉપરથી આવીને શેઠને) કેમ આવો ને) કેમ આવોને ઊઠો; પેલો રસોઇયો ક્યારનો બૂમો પાડે છે ને.

ભૂલા—ઠાકું ઠાકું હવે; હાંભડયું એટલે. રાંડોને કશી વાટની ખબડ્યા રાખવી નહિ: પહેલી આ ગોરની કાંઇ સોઇ કરતી કે નહિ? રાંડોના કાળજા બળી ગયેલાં છે ને.

ધૂળી—શું છે જે? આત્યારે તો ગોરને વારતે પણ રસોઇયા પાસે દૂધનું કરાવેલું છે એટલે એમને જૂદું કરવાનું નથી.

ભૂલા—એમ કે? ઠાકેરા ઠીક. (ગોરને) કેમ મહારાજ, અમારો રસોઇયો બામણ છે ને ટેણી પાસે દૂધનું કરાવ્યું છે, તે તમારે ખપમાં આવશે કની?

સ્વાર્થ—હા મહારાજ, દૂધનું તો ખપમાં આવે.

ભૂલા—ઠાકે ચાલો હવે. (સર્વે જમવા બેસે છે.)

માકુ—(ભાણામાં કંસાર આવ્યો એટલે) હાય હાય! આ કોઇને પૂછતો નથી કરતો નથી ને પોતાની મરજી પ્રમાણે રાંધે છે. (શેઠાણીના સામું જોઇને) આ રાંડને પણ કાંઇ બોલવું નહિ. જે કરે તે કરવા દે છે. (શેઠના તરફ જોઇને) લે મૂર્ખા, આ કંસારના ડૂચા કોણ ખાશે તારો બાપ? લે ફોક આ થાળી. (થાળી પછાડે છે.)

વિદૂ—આ વાડકી પડી છે તે મારૂં ગોરના કપાળમાં,

કે એનો શેઠ પણ કાંઇ નિશાની જુએ તો પોડી ઘણી હકીકત પૂછે; બાકી ગોર તો ત્યાં જઇને મનનું ધાર્યું ગમે તેમ ગોઠવશે.

માકુ— ચલ ચલ તને કોણ વચ્ચે બોલાવેછે?

વિદૂ—હું કાંઇ નવરો નથી. આ ચાલ્યો. (જતો રહે છે?)

જૂલા —બાઇ તુ આમ શું કડે છે વાકું! આજટો કહાડ કડવો પડે. હવે ટને ન ભાવેટો લે આ ગોડને માટે કડયું હોય ટેમાંથી. (રસોઇયાને) કેમડે, ગોડને માટે શું કડ્યું છે?

કરેણા—પૂરી અને ખાંડનો શીરો.

જૂલા—(માકુને) લે હવે, એટો ટને ભાવશે? (રસોઇયાને) અલ્યા ભટ, એમાંથી આને પણ મૂકજે.

માકુ—પરમ દહાડે આમ અગાડી બાગશેઇમાં શીરો કર્યો હતો તેવો થયો હશે ત્યારેતો ભાવશે. વારૂ લાવો જોઉં. (સર્વ જમવા માંડે છે.)

જૂલા—(જમી રહ્યા પછી ગોરને) ગોડ મહાડાજ, કાલે પહેલી ગાડીમાં જશો કે બપોડના?

સ્વાર્થ—સવારની ગાડીમાં જવાય ત્યારે તો ઘણું સારૂં મહારાજ, કેમકે હવેતો જેમ જલદી જવાય તેમ ઠીક.

જૂલા—ઠીક ટાડે, હવે ટમે સૂઇ જાઓ. ટમાડે વહેલું ઊઠવું પડશે. ગાડીટો છ વાગે જાય છે.

સ્વાર્થ—હા મહારાજ. હું સવારમાં જલદી ઊઠીને જઇશ, માટે અત્યારથીજ આશીર્વાદ છે. એટલા જલદી તમને શું કરવા ઊઠાડું! લગ્ન ઉપર વહેલા પધારજો મહારાજ.

જૂલા—વારુ ટાડે એમજ કડશો કે? ઊભા રહો ટાડેટા. (ઘરમાં જઇ વિચાર કરેછે.) વનગાડી એટો આપનને બે રૂપિયા કહ્યા છે, પન એટલાટો ન

અપાય. (રૂપિઆ પાંચ લાવી ગોરને) લ્યો મહાડાજ ડખના.

સ્વાર્થ—લાવો મહારાજ, કલ્યાણ થાઓ તમારૂં; જય થાઓ, મહારાજ.

જુલા—મોટીચંડને અમારો જે ગોપાડ કહેજો.

મૂળી—મણીકોરને બોલાવજો અને જેશ્રીકૃષ્ણ. કહેજો. હીરા લક્ષ્મીને પણ મારી વતી ખબર પૂછજો.

સ્વાર્થ—(બેઉને) સારૂં મહારાજ. (સર્વ સૂઈ રહેછે)

મોકુ—(એકલો મનમાં) આ લફરૂં ક્યાં વળગ્યું! આપણે તે વહુને શું ગરદન મારવી છે! એ આવે એટલે હજાર હજાર તરફનાં લફરાં પેદા થવાનાં. વળી એનુંએ મન સાચવવું પડશે. કદાપિ કાંઈ માગે તો આપવું પડે; હરકત એટલી હરકતજ તો. પણ આલોને આપણે ક્યાં તેને પત કરીએ એવા છીએ? આવશે તો તે એક ખૂણે પડી રહેશે, આપણે આ પણીછે તે સલામત જોઈએ. રાંડ આવશે ને અતિશય તીન પાંચ કરવા જશે તો આપણે ક્યાં કાચા છીએ, ફકર શી છે! (વિચારમાં ને વિચારમાં ઊંઘી જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્વાર્થરામ એકલો ને પછીથી મોતીચંદ—મણીકોર અને હીરાલક્ષ્મી.

સ્થળ આગગાડી ને પાછળથી મોતીચંદનુ ઘર.

સ્વાર્થ—(એકલો મનમાં) અરર! મેં શો અધર્મ કર્યો છે! જાણ્યું આ પેટ! એવી ચતુર અને ડાહી હી

શાહદેમાં, તેને માથે મેં ફક્ત પેટને વાસ્તેજ આવો વર્ણસંકર માર્યો. હવે એમનો તો અવતાર છૂટી પડ્યો. એ પાણીએ મગ ચડનારજ નથી. અરેરે! પણ શું કરૂં? ઇશ્વરે માયા એવીજ મૂકીછે. હશે, હું કાંઇ મારૂં આગવું ડહાપણ કરી અગાડી પડયો નથી, આપણે તો ચીઠીના ચાકર. શેઠે આપણને મોકલ્યા ત્યારે આપણે તો આવ્યા, અને એમના કહ્યા પ્રમાણે કર્યું. વારૂ એતો ખરૂં. પણ કદાપિ મેં અહિંયાં ન કર્યું હોત ને પાછો ગયો હોત તો મોતીચંદ બીજું ઠેકાણું ક્યાંથી લાવનાર હતા? ફળમાં એટલુંજ કે હું જઇને આ અનાડી વરની સાચી સાચી હકીકત કહું ત્યારે એ એમના મનમાં એમ ધારે કે આમાં કાંઇ ગોરને ફાયદાની વાત નહિ હોય તેથી બાનું કાઢી પાછા આવ્યા; એવું કહી મારા ઉપર દોષ મૂકે. ચાલો રામ ઠીક થયું. જેથી એમની મરજી તેવું થયું; તેમાં વળી મારૂં પણ કામ થયું. જે થવાનું હશે તે થશે. વર કન્યાનું નશીબ. આપણે શું કરીએ? (આ પ્રમાણે વિચારમાં લીન થઇ મન સાથે ઘડભાગ કરેછે એટલામાં અમદાવાદનું સ્ટેશન આવ્યું; ત્યાં ટિકિટોવાળાનો પુકાર સાંભળીને) ઓ મારા બાપ! અમદાવાદ તો આવ્યું! હુંતો વિચારમાં ને વિચારમાંજ રહ્યો. ચાલો રામ સારૂં થયું બપોર પણ થયાછે અને ભૂખ પણ લાગી છે રાતે ખાધેલું મિષ્ટાન તો કંઇએ પચી ગયું. ગાડીમાંથી ઊતરી મોતીચંદને ઘેર જાય છે).

મણી—(ગોરને આવતા દેખીને) આવો આવો મહારાજ, શી ખબરો છે?

સ્વાર્થ—સારી બા, કલ્યાણ થાઓ (ઘરમાં જઇ બેસેછે.)

મોતી—કેમ કાંઇ કાગળ પત્ર છે કે?

સ્વાર્થ—ના મહારાજ, હું જાતે ગયો હતો. એટલે પછી શેઠે કાગળ ન આપતાં મોઢે સમાચાર કહ્યા છે.

મણી—એતો બહુંએ સારૂં, પણ આપણા કામમાં કેમ? સિંહ કે શિયાળ?

સ્વાર્થ—અરે બા, સિંહ. હું ગયોને શિયાળ તે હોય? જુઓ હવે સાંભળો! પ્રથમ તો શેઠ ના કબૂલ કરતા હતા તેથી જરા ખેંચા ખેંચ કરવી પડી, તેમાં વળી શેઠાણીને તો હુંજ પૂરો પડું.

મણી—(ચમકીને) હેં! એવાં કપરાં છે કે શું?

સ્વાર્થ—(મનમાં) ના ના, ખરી વાત તો ન કહેવી; એલ કથળી જાય. (પછી મોટેથી) ના ના, કાંઇ સ્વભાવે કપરાં નહિ, પણ એ તો જાણોછો કની? શ્રીમંતાઇનું અને કુલીનપણાનું જરા અભિમાન હોય.

મોતી—અઃ એમાં તો કાંઇ નહિ. અને પછી!

સ્વાર્થ—ઘણી ખેંચ પકડ કરતાં છેવટ રૂપિઆ ચૌદસેં કહ્યા, એમ છતાં પણ માન્યામાં આવ્યું નહિ. છેવટ એમનો વનમાળી કરીને એક દોસ્તદાર આવ્યો તેણે પછી રૂપિઆ પંદરસેં ઠરાવ્યા. ચાલો જ્યાં ત્યાં કામ થયું. છોકરાને ચાંલ્લો પણ કર્યો અને બધું ચોકસ કરીનેજ આવ્યો છું. લગ્ન પણ માહા વદ ૧૪નું ઠરાવ્યું છે.

મણી—મહારાજ, એ છોકરો કેવો છે?

સ્વાર્થ—છોકરો તો રૂપાળો નક્ષત્ર જેવો છે; પછી માંહેલા ગુણ તો મહાદેવ જાણે. પણ ઘણું કરીને સારો હોય એમ લાગે છે.

મોતી—(પોતાની સ્ત્રીને) તું નિરાંતે રહે ને એ તો ભણ્યો ગણ્યો રાયજાદો હશે. આજને નિરાંત થઇ; હ-

વે મારો જીવ નીચો બેઠો.

સ્વાર્થ—મહારાજ, શેઠે તમને જે ગોપાળ કહ્યા છે. (મણીકોરને) બા, શેઠાણીએ તમને જે શ્રીકૃષ્ણ કહ્યા છે. (હીરાલક્ષ્મીને માથે હાથ ફેરવીને) બહેન, તારી પણ તારી સાસૂએ ઘણું કરીને ખબર પૂછી છે.

હીરા—સારૂં.

સ્વાર્થ—(મોતીચંદને) ભાઇ, ઘરતો આપણા લાયક ખરૂં. હું તો ફક્ત હવેલી જોઇનેજ દંગ થઇ ગયો; પરમેશ્વરે પૈસો પણ તેજ પ્રમાણે આપ્યો છે. આપણું તો મન જોઇને ખુશ થયું, અને વળી તેમાંજ મેં ઝાઝી એંચ પકડ કરી નહિ.

મોતી—હાહા મહારાજ, ઠીક થયું.

સ્વાર્થ—હવે તો હું ઘેર જાઉછું મહારાજ, રજા આપો.

મોતી—હા જાઓ, રસ્તાના થાકેલા હશો, સુખેથી જાઓ.

હીરા—(ગોરની પાછળ એકલી ઓટલા ઉપર જઇને ગોરને) ગોર માહારાજ, એ શેઠનો છોકરો તમે નજરે જોયો? તે કેવો છે?

સ્વાર્થ—(હસતે મોઢે) હા બહેન એ તો રૂપનો મણી છે.

હીરા—જોયો તો હશેજ, અને રૂપાળો પણ હશે, તોપણ હું તો એમ પૂછુંછું કે, એ ભણ્યો ગણ્યો વિદ્વાન કેવો છે? તમે બે દિવસ ત્યાં રહ્યા તેથી એને કોઇ વખત પર લખતાં વાંચતાં દીઠો હશે માટે પૂછુંછું.

સ્વાર્થ—(મનમાં જરા દિલગીર થઇને) અરેરે! હવે તો જાઠું બોલવુંજ તો. પણ શું કરીએ, સંસારમાં રહ્યા એટલે ઉદર નિમિત્તે કદાપિ જૂઠું બોલવું પડે તો તેની ઝાઝી હરકત જેવું તો નથી; અને ક્યારે આપણે એ છોકરાને સારી પેઠે તપાસી જોયો છે કે

બધા ગુણની ખબર હોય, માટે કાંઇ હરકત નહિ.
(મોટથી) બ્હેન, બધી વાતે સારો છે. હવે મને જવા દે.

હીરા—હા જાઓ. હવે મારો જીવ પણ ખુશી થયો. (ગોર પોતાને ઘેર જાયછે.)

પ્રવેશ ૬ ઠો.

હીરાલક્ષ્મી એકલી અને પછીથી મણીકોર તથા માસ્તર.

સ્થળ—પ્રથમ હીરાલક્ષ્મીની મેડી ને પછીથી ઘરમાં નીચે.

હીરા—(એકલી મનમાં) આહાહા! પરમેશ્વરની મારા ઉપર કેવી દયા છે? જો કે મેં મારી જાતે તપાશ કર્યો નથી તોએ મને જેવો જોઇએ તેવોજ વર મળ્યો. ગોર મહારાજના કહેવા પ્રમાણે તે ભણ્યો ગણ્યો બધી વાતે સારો ગુણવાન હશે, તો જ્યારે હું એમની પાસે જઇશ ત્યારે કેવી મઝા પડશે? એક એકના મનમાં કોઇ પણ બાબતનો અંદેશો આવશે તો તેનો તુરતજ એક બીજાને પૂછ્યાથી ખુલાશો થશે. આહાહા! અમે બે જણાં જ્યારે એકજ મેડીમાં સામાસામી બેશી નાના પ્રકારની ચોપડીઓ વાંચીશું અને તેમાંના વિષયો ઉપર તરેહ તરેહ વારની ટીકા ચલાવીશું ત્યારે તે વખતનો દેખાવ કેવો રળીઆમણો નજરે આવશે! બીજા અજ્ઞાન લોકોના ઘરમાં હમેશાં જેવો કલેશ કંકાશ થતો જોવામાં આવે છે તેવો અમારે તો કોઇ દહાડો થવાનોજ નહિ. વિદ્વાનની વાત તો જુદીજ તો. હવે મારે પણ છોકરવાદીપણું છોડી દેઇને આજથી કાં-

ઇ રમવા કરવા જવું નહિ. અરે! પણ ગોરે જૂઠું તો નહિ કહ્યું હોય! હાય હાય! જો એમ હોય ત્યારેતો પૂરા ભોગજ માર્યા તો. ના ના, ગોરને જૂઠું બોલવાનું શું કારણ? એ તો આપણા સારામાંજ રાજી હોય કની? વારુ એમને આજથી એક કાગળ લખ્યો હોય તો કેવું? કાગળના જવાબથીજ તમામ ગુણ જાણવામાં આવે; પણ હવે કેટલાને સારૂ? એમને અહિં આવવાને વચમાં ફકત થોડા દહાડાજ બાકી રહ્યા છે કની? આવશે તે વખતે જોવાશે. અને એટલું પણ આપણે આગળ પડીને શું કામ છે? બાએ તથા બાપાએ જે કર્યું હશે તે વિચાર કરીનેજ કર્યું હશે. વળી આપણે આગવું ડહાપણ કરીએ તો તેમને ખોટું લાગે અને તેમની મર્યાદા તૂટયા માટે પણ શરમાવું પડે. (ચોપડીઓના કબાટ સામું જોઇને) આ બધી ચોપડીઓનો મેં અભ્યાસ કર્યો છે તે હવે મારે કેવા ઉપયોગી થઇ પડશે! ઓ મારી વહાલી ચોપડીઓ, તમને તો હું મારા બચકામાં પહેલા બાંધીશ.

મણી—(મેડામાં આવીને) અલી શા વિચારમાં પડાયું? બારણે દશ વાગ્યા તોએ હજુ નિશાળે જવાની વેળા નથી થઇ કે શું? ઊઠ ઊઠ, જમીને જા; પણ આજથી તો હવે મહેતાજી પાસેથી રજાજ લેજે.

હીરા—શું બા હવેથી મને નિશાળે જવાની તું ના કહેછે? જો એમજ હોય તો હું ઘણી દિલગીર છું, કેમકે હજી હું શું શીખી છું? વિદ્યામાં વિચારની સાથે ઊંડાં ઊતરવાનો ખરે ખરો વખત તો મારે હવે આવેછે.

મણી—હા બેટા તું કહે છે એ ખરૂં છે અને હુંએ પણ મનમાં સમજું છું, પરંતુ શું કરૂં? બાયડીઓ કરવું

પડેછે. તારાં સાસરીઆંનો સ્વભાવ કોણ જાણે કેવો હોય કેવો નહિ. એમને કદાચને આ વાત પસંદ ન હોય ત્યારે હજાર હજાર તરેહના વાંધા કહાડે, તેથી પ્રથમથીજ ડરીને ચાલવું એ સારૂં છે. માટે બહેન, જા રજા લઇ આવ. લગ્ન આડાં પણ હવે થોડા દહાડાજ બાકી છે.

હીરા—વારૂ બા, તારી નજરમાં એમ આવેછે તો હું તે પ્રમાણે ચાલવા તૈયાર છું; પણ આમે જ્યારે રજા માગીનેજ પાછાં આવવું છે ત્યારે તો ભાવ-ને બાધા વગરજ જાઉં; હમણાં પાછી આવતી ર-હીશ. આ વખત તો બાધા ઉપરે રૂચિ નથી તો.

મણી—ઠીક ત્યારે એમ કર; પણ વહેલી આવજે હો.

હીરા—સારૂં બા. (નિશાળે જાય છે.)

માસ્તર—(હીરાલક્ષ્મીને આવતી દેખીને) કેમ હીરાલક્ષ્મી બહેન, આજે વાર કરી? તું તો સૌથી પહેલે નં-બરે આવનારી છું.

હીરા—હા સાહેબ, આજ જરા વાર થઇ ખરી; પણ ઘણીજ દિલગીરીની સાથે અરજ કરૂં છું કે હવેથી મારાથી નિશાળે અવાશે નહિ. આજે પણ આપની રજા માગવાજ આવી છું. કૃપા રાખજો, અને આપે કરાવેલા વિદ્યાભ્યાસનું સાર્થક થાય એવી અંતઃકરણથી આશિષ દેજો.

માસ્ત—અમારી તો હમેશાં એવીજ આશિષ છે, પણ હવેથી ન આવવાનું શું કારણ?

હીરા—(શરમથી નીચું ઘાલીને) ચાલતા રિવાજને અનુસરીને મારી મા ના કહેછે તેથી.

માસ્ત—બહેન તારૂં લગ્ન થવાનું સાંભળ્યું છે તે ખરી વાત કે?

હીરા—હાજી, થોડાકજ દહાડા બાકી છે; અને એમ કરવાનું કારણ પણ તેજ છે.

માસ્ત—વાત તો ખરી છે. જ્યાં સુધી સ્ત્રી શિક્ષક નીમીને બાળકીઓની નિશાળનું કામ ચલાવવાનો યોગ્ય બંદોબસ્ત થયો નથી ત્યાં સુધી મોટી વયની છોકરીઓને નિશાળમાં કાયમ રાખવા હું પણ ખુશી નથી. બ્હેન, વિદ્યાનો કાંઇ પાર નથી; જેટલું ન ભણાય એટલું ઓછું છે, પણ તમો સ્ત્રી જાતિને તું ભણીછું એટલું કમી તો નથી પણ તારો અભ્યાસ દરરોજ વધારતી રહેજે અને તેનું સાર્થક કરજે, એટલે સર્વ શક્તિમાન ઇશ્વર તારૂં સારૂંજ કરશે; એવી મારી ખરા અંતઃકરણની આશિષ છે.

હીરા—તથાસ્તુ, સાહેબ. હવે મને રજા છે? વાર થઇ તથા મારી મા વાટ જોતી હશે.

માસ્ત—હા બ્હેન, જાઓ. (હીરાકુંવરી માસ્તરને પગે લાગી ઘેર આવેછે.)

———0✱0———

અંક ત્રીજો.

પાત્ર.

ભૂલાભાઇ..એક વડોદરાનો શ્રીમંત અને કુળવાન શેઠ.
ધૂળીવહુ..........................તેની સ્ત્રી.
મોકુભાઇ અથવા માણેકલાલ........તેનો છોકરો.
ભૂખણીઓ ....શેઠનો ચાકર.
ગિરધરદાસ..................શેઠની દુકાનનો મુનીમ.
તીસમારખાં......શેઠના ઘરના સિપાઓનો જમાદાર.
નર્મદી................શેઠના ઘરમાં ચાકર (દાસી)
વનમાળી.......................શેઠનો દોસ્તદાર.
પ્રીતમદાસ.............શેઠની નાતનો એક વાણીઓ
કપૂરશા....વડોદરાનો એક દુકાનદાર શેઠની માયાવાળો
ખીમચંદશા..અમદાવાદથી આવેલો વાણીઓ મોતીચંદનો
પાડોશી.
અકડચંદ ફકડચંદ...........મોકુભાઇના દોસ્તદાર.
ચંદ્રભાગા.......................એક નાટકશાળા
મોતીચંદ..અમદાવાદનો એક સાહુકાર શેઠનો વહેવાઇ.
મણીહેર.........................તેની સ્ત્રી
હીરાલક્ષ્મી....તેની છોકરી મોકુભાઇની સાથે પરણનાર
રૂખી—વીજળી...............તેની બ્હેનપણીઓ.
મગનલાલ...........મોતીચંદની દુકાનનો મુનીમ
કેવળીઓ.....................મોતીચંદનો ચાકર
સૂત્રધાર....................નાટક કરનાર
વિદૂષક...............તેનો સોબતી. (મશ્કરો)

સૂત્ર—(સભામાં આગળ આવીને) મહેરબાન સાહેબો!
જે ઠેકાણે બિલકુલ વિદ્યાનો પ્રકાશ નથી તે ઠેકાણે
કેવું અજ્ઞાન, કુસંપ તથા નાના પ્રકારના વહેમો

હોય છે, તથા તેવાં ઘરમાં છોકરાં કેવાં સ્વછંદી અને દુરાચરણી હોય છે તે, તથા લોભીઆ અને સ્વારથી બ્રાહ્મણો ફક્ત પોતાનાજ પેટને અર્થે ખરી વાત છૂપાવીને જૂઠું બોલી સામા માણસની બની જિંદગાની બરબાદ કરે છે; એ વગેરેની નકલ મેં ગયા અંકમાં કરી બતાવી તે ઉપરથી સર્વ સાહેબોને વિદિત થયું હશે. હવે એવાંજ દુરાચરણી છોકરાંઓના હાથથી કેવાં ન કરવાનાં કામો થાય છે ને તેથી તેમને આગળ કેવો પસ્તાવો કરવો પડે છે, એ વગેર બાબતો ઉપર નકલ કરી બતાવવામાં આવશે.

વિદૂ—પાસ, પાસ, પાસ, આ પારથી પેલે પાર સુધી પાસ. લે, લે. (એક કાગળનો કકડો ધરે છે.)

સૂત્ર—પણ તું શાનો કાગળ આપે છે તે તો કહે.

વિદૂ—શું તે સટીફટી તું લે તો ખરો.

સૂત્ર—સટીફટી શું! મને તો કાંઇ સમજણ પડતી નથી.

વિદૂ—એતો અંગ્રેજી ભાશા છે; તું ના સમજે; પણ મને હાયકોર્ટના જડજ સાહેબે આપ્યું હતું તે છે. આજ હું તારા ઉપર ખૂશ્બાનછું માટે આપુંછું.

સૂત્ર—તારે તો સર્ટિફ્રિકેટ હશે.

વિદૂ—હા એજ લે. તને બરાબર બોલતાં નથી આવડતું માટે તું એમ કહેછે.

સૂત્ર—પણ એ તને શી બાબતનું આપ્યું છે?

વિદૂ—મેં એક મુકરદમો ચૂકવ્યો હતો તેની બાબતમાં.

સૂત્ર—વળી તેં મુકરદમો કેવો ચૂકવ્યો!

વિદૂ—કહું કે! સાંભળજે હો. એક દહાડો અઢી મિનિટ રાતના સુમારે બંદા સૂતાતા ખાટમાં, ને ગરોળી

હતી ખાટમાં. સામી ભીત ઉપર વાંકા આંકડા વાળા વીછીભાઈ ગઢ્યા કે ગરોળીએ પકડા ઝટ. બેઉની થડા બથાબથી એચિંતાનો બંદાના મનમાં ધનસાક-નો પ્રવેશ થયો કની! કે ઊઠતે કે એક ખાસકું એવું તો ફટકાર્યું કે બે જણાં ભીંત ચોટકુંકજ. આ ધનસાક બીજે દહાડે જડજ સાહેબે સાંભળવાથી આ સટીફટી આપ્યું. લે, હવે સમજ્યો!

સૂત્ર—ના ભાઈ, મારે તારૂં એવું સરટિફિકેટ નથી જોઈતું. મને મારૂં કામ કરવા દે.

વિદૂ—તારે ચાલવા દે ને. મારી ક્યાં ના છે. (જતો રહે છે.)

પ્રવેશ ૧ લો.

ભૂલાભાઈ—ધૂળીવહુ—ગિરધરદાસ અને તીસમારખાં.

સ્થળ-શેઠનું ઘર (વડોદરા)

ભૂલા—(પોતાની સ્ત્રીને) અલી હાંગડ્યું કે? આપડે હવે શુ પડવાડવાનું બાકી છે? ટાડીટા આંખ ઊઘડટી નકી પન હવેટ્ટા લગન આડા ડીવસ પાંચજ રહ્યા. ટેમાં પેલ્લે ડાહાડેટા સાંજ ઉપર પડવાડી રહેવું જોઇએ: કેમકે ટેને બીજે ડાહાડેટા સવાડમાં પહેલી ગાડીમાં નીકડવું પડશે.

ધૂળી—વાહ વાહરે! શું છે જે આગ ગાડીમાં જાન લઇને જવું છે? મનખાના કાંકરા કરવા છે કે શું? આપણા ઘરની જાન લેઇને આગ ગાડીમાં જઈએ તે શોભા તો સારી! મારે તો નથી સાત પાંચ કે હવેને ટાણે લહાવો લેઈશું. અમે જ્યારે પરગામ કર્યું ત્યારે શાવાસ્તે જાનનો લહાવો ન લઇએ? આપણે તો

ભાડાની ગાડીઓ આસી સો કરીશું, અને ધામ-
ધૂમની સાથે મોટી જાન લેઇને જઇશું. વહેવાઇ પણ
જાણે તો ખરો.

જૂના—હાકુ ઠાકે એમ કડો, આપડી ક્યાં ના છે; પણ
ટાઉટા કાલે નીકળવું પડે.

ધૂળી—હાસ્તો. હુંતો તમામ પરવારી છું, તમારે જાનનાં
નોતરાં તેડાં કરવાના તે કરો. ઊઠો, હજુ તો પ-
હેલો પહોર છે; હું પણ બૈરાંને તેડાં કરવા જાઉં-
છું, ને તમે ભાયડાના કરો: પણ એમને એમ વીલું
માને નોતરાંની પેઠે કહીને આવતા ન રહેશો.
આગ્રહ કરીને તમામ માણસો આવે એવું કરજો.
બીજા શેઠ શાહુકારોને ત્યાં પણ તેડાં કરજો. મારે
તો જાન ભારે લેઇ જવી છે; અને બધાં સવારમાં
જલદી એકઠાં થાય એમ કહેજો. કાલે પહેલા પહોરમાં
નીકળવાનું છે.

બુલા—વાકુ બાપા વાકુ. (ચાકરને) અલ્યા બૂખનીઆ,
આમ આવ.

બૂખ—શું ફરમાવો છો?

બુલા—જા, કુકાને જઇને બધા ગુમાસ્તાને ટઠા મુનીમને બો-
લાવી લાવ, અને ચોપડીને કહે જે તઇન ગાડીઓ
જોડીને લાવે, અને બધા શીપાઇઓને પણ ટૈયાડ
ઠવાને કહેજે.

બૂખ—હારૂં શાબ. (જાય છે ને સર્વને તેડી લાવે છે.)

ગિર—(શેઠને) કેમ સાહેબ?

બુલા—આટો આપડે જાન લેઇ આગગાડીમાં જવું ઠા-
ડટાટા પન બઢાનું મન એમ છે કે અઠાવરાંઆની
ગાડીઓ કડી જાનને લેઇને જવું; જાડે એમ ક-
ડીએ ટાડોટા સવાડે નીકડવું જોઇએ, માટે ચાલો

હવે ટ્રા નાટ જાટમાં ટહા શેઠ શાહુકાડોને ટ્યાં ટેડાં કડી આવીએ.

ગિર—હાજી ચાલો. (સવ જાયછે.)

જૂલા—(થોડી વારે પાછા આવીને મુનીમને) કેમ મુનીમ, આશરે સો ગાડીઓ કડવી પડશે કે?

ગિર—માણસ ઘણું એટલે કરવીજ પડશે તો. શેઠ શાહુકારોને સારૂ તો માફા તથા સિગ્રામો કરવાં પડશે.

જૂલા—ટાડે ટમે ગટચાડે જાવ, ને ગાડાઓનો બંડોબસ્ટ કડી આવો. (જમાદારને) ટીસમાડખાં, ડેખો, ટુમ અભી ગનપટરાવ ડાભાડેકી પાગાસે જાઓ અને (મુસલમાની બોલવા જાયછે પણ આવડતું નથી, તેથી) હીમટશંગ જમાડાડકુ કહેજો કે સવાડમાં ટુમેડી પાગામાંહી ડો હાઠી અને બશેં ઘોડેસવાડ ભેજ ડેજો; કયમ કે અંડાવાડ ફજડમાં જાનકું લ જવાના છે.

તીસમાર—બહોત અચ્છા સાહેબ, જાતા હું.

જૂલા—ડેખો, પાછા આવીને હમકું વડદી કેલા ડેજો હો.

તીસ—અચ્છા સાહેબ, અચ્છા. (જાયછે ને થોડીવારે પાછો આવીને ઊઠને) સાહેબ, જમાદારને આપકું બહોત કરકે સલામ કહા હે, ઓર બોલે કે જીતને ઘોડે ચાએ ઈતને ભેજુંગા.

જૂલા—અચ્છા ટાડે. વાડુ મીયાં, ટમે પન બઢા બંદુકો વગેડે ટૈયાડ રાખજો. વાડુ બીજા બડકંડાડ મંગાવીશું?

તીસ—નહિ સાહેબ કાયકું, ખાસ બંદુકાં બાત ભી હે. અગર દુસરીયુંકા ખપ પડેગા તો પાગાવાલે સવાર બાતભી હે.

જૂલા—હાડુ ટાડે જાઓ; ટૈયાડ થઇ રહેજો. (તીસમારખાં જાયછે.) બીજે દિવસે તમામ જાન સહિત જૂલા-

બાઈ શેઠ સવારમાં નીકળેછે ને માહાવદી ૧૪ ને રોજ સાંજ ઉપર અમદાવાદ આવી દરવાજેથી મોતીચંદને ખબર કહાવી મોકલેછે.

પ્રવેશ ૨ જો.

બુલાંભાઈ-ધૂળીવહુ-મોકુભાઈ-ગિરધરદાસ તથા મોતીચંદ-મણીકોર-મગનલાલ તથા નાતના ભાયડા વગેરે.

સ્થળ—અમદાવાદ મોતીચંદનો બાગ.

મોતી—(પોતાની સ્ત્રીને) જુઓ, દરવાજે જાન આવી ચૂકયાની ખબર આવી, અને નાતના ભાયડા પણ એકઠા થયા છે માટે અમે તો હવે જાનના સામા જઈએ છીએ; તમે તમારૂં પરવારી રહેજો. ૭ ઘડી રાત્રિનું લગ્ન છે.

મણી— વારૂ વારૂ, જાઓ. મોતીચંદ વગેરે સર્વે મંડળ સામું જાયછે.)

મોતી—(બુલાભાઈ શેઠ પાસે જઈને) કેમ શેઠ સાહેબ પધાર્યા!

બુલા—શું કડીએ ભાઈ તમે તેડયા ટાકે આવ્યા વના ચાલે!

મોતી—હા સાહેબ, ભલે પધાર્યા. અમારૂં ધન્ય ભાગ્ય. (પોતાના મુનીમને) આપણા સુંદર બાગમાંનો બંગલો ઊઘાડી આપો; ત્યાં મુકતાસમાં જાનીવાસાનું ઠીક પડશે. આજુ બાજુ તમામ માણસો વગેરે પણ રહી શકશે.

મગન—ઠીક સાહેબ. (સર્વ જાનને વાજતે ગાજતે બાવી બાગમાં ઊતારેછે.)

મોતી—(શેઠને) શેઠજી, હું તો હવે રજા લેઉં છું, પણ વર-
ઘોડો લેઇ વહેલા પધારજો. ખાલી ઘણી રાત્રિ પાડ-
વાનું શું કામ છે.

જુલા—વારુ વારુ. (મોતીચંદ વગેરે સર્વ પાછા જાયછે.)

મોકુ—અલ્યા જુલા. આ ઝાડ બાડ વગેરે દારૂખાનું
આપણને નહિ ઉડાડવા દે કે શું? અત્યારમાં વર-
ઘોડાની ઉતાવળ કરે છે ને દારૂખાનું તો રાત્રે
થાશે.

મૂળી—હા ભાઇ હા, એ એવુંજ કરશે તો; એમણે જો-
ઇ જોઇને આમદાવાદ જોયું છે તે.

મોકુ—હા. મુવો એ.

જુલા—હવે જાના વના શું બઠા બોલ બોલ કરો છો.
એટો કેસ્ટો, પન કડવું આપડા હાથમાં છે કેની;
આપડે કયમ રાટ વના વરઘોડો ચડાવીશું.

ગિર—(શેઠને) શેઠજી સંધ્યાકાળ તો પડી છે ને હજુ વ-
રઘોડાની બધી મિસલ કરતાં ઘણી વાર થશે માટે
હું તો હવે એ તેવડમાં રહું છું.

જુલા—હાહા એમ કરો. (ગિરધરદાસ જાયછે તે બધી
મિસલ કરી થોડીવારે પાછો આવે છે.)

ગિર—(શેઠને) વરઘોડાની સાહિત્ય તૈયાર છે ને રાત્રિ પણ
બે ઘડી ગઇ છે. શી મરજી છે?

જુલા—ટારે આપડે શી વાર છે. (ધાંટો કહાડીને) ચા-
લો ભાઇ, વડને ઘોડે બેસાડો; તૈયારી કરો. (સર્વ
મંડળ તૈયાર થઇ ધામધુમની સાથે વરઘોડો ચઢાવી
મોતીચંદને ઘેર જાયછે ને લગન ક્રિયા પૂરી થયા
પછી પાછા ઊતારે આવેછે).

———0*0———

પ્રવેશ ૩ જો.

મોતીચંદ-મણીકોર-હીરાલક્ષ્મી-રૂખી તથા બૂલાબાઇ
ધૂળીવહુ-મોકુભાઇ વગેરે વડોદરેથી આવેલી
જાન તથા વિદૂષક અને બીજું સ્ત્રી મંડળ
સ્થળ—મોતીચંદનું ઘર.

મણી—(મોતીચંદને) સાંભળોછો કે?

મોતી—શું કહો છો?

મણી—પરમેશ્વરે વરતો જોઇએ તેવો મળ્યોછે. રૂપમાં-તો કસર નથી; પણ પછી માંહેના ગુણ તો કેવા હશે તે ઇશ્વર જાણે.

મોતી—સર્વ સારાં વાનાં થશે; પરમેશ્વરનું સ્મરણ કરો. પણ ચાલો હવે તમે ઘરનું જે ઓરાખવાનું હોય તે ઓરાવી લો. આજ તો બપોર પછી જાનને વિદાયગિરી આપવાની છે, માટે બપોર પછીની ગરબડ ચાલશે. હું તો હવે માંડવામાં જાઉં છું; એ તો હમણાં આવશે.

મણી—વારૂ વારૂ. (ઘરમાં કામે વળગે છે.)

હીરા—(પોળમાં રમવા ગઇ છે ત્યાં રૂખીને) અલી રૂખલી, તે દહાડે તું તો કહેતી હતી ને કે તારો વર તો મૂર્ખા જેવો હશે, પણ કેવો છે? પરણવા આવ્યો ત્યારે જોયો કની?

રૂખી—હા બહેન, હમણાં તો સારો રૂપાળો દેખાયછે. પરમ દહાડે વરઘોડો આવ્યો તે વખત મેં પોળે બેશીને જોયો; તે દેખતાં તો સારો જણાય છે. પણ તેનામાં ગુણ કેવા છે તે તેં કાંઇ જોયું?

હીરા—વારૂ વારૂ તું તો બહુ ડાહેલી છે. એનામાં ગુણ નહિ તે કયમ હોય?

મણી—(જાન મંડળને આવતું દેખી હીરાલક્ષ્મીને) અલી હિરી; ચાલ હવે ઘરમાં આવ. તારાં સાસરીઆં આવ્યાં.

હીરી—એ આવું બા. (ઘરમાં જાય છે.)

મોતી—(ભૂલાભાઇ શેઠને) આવો સાહેબ પધારો. (સર્વને મંડપમાં બેસાડે છે.)

ભૂલા—(મોતીચંદને) મોટીચંદજી હવે જે આટપવાનું તે આટપી નાંખો જો વહેલા પડવાડીએ તો અમારો વિચાર આજ સાંજે ડુપકી નીકળડવાનો છે; માટે સડુવાટ કરો. પન કહેવાનું એટલુંજ કે ટમે જે કરો તે વિચાર કડીને ફડી અમારે બોલવું ન પડે એમ કડજો એટલે હશી ખુશીકી ટમને શોભા આપીને જઇએ.

મોકુ—(પોતાના બાપને) અલ્યા ભૂલા, તું શરમાળ છે. તેથી તાલેવંતની શેહમાં લેવાઇને કાંઇ બોલવાનો નથી માટે મને અગાડી થવા દે; તેં મને અમદાવાદમાં લાવીને ફાંગડામાં નાંખ્યો માટે હું કાંઇ બીહીનાર નથી. જો પહણુ કરતાં કાંઇ ઓછું લીધું તો માથું ફોડી નાંખીશ.

મોતી—(મનમાં) અરેરે! આ છોકરો તો વનચર જેવો છે. હવે શું કરીએ? પણુ હશે; હજુ બાળક છે અને મોટા ઘરનું છોકરું એટલે મ્હોડે ચઢાવેલું તથા એમ બોલે, પણ આગળ ઉપર સમજશે. (પ્રાસન ભૂલાભાઇને) શેઠજી, તમે કાંઇ અંદેશો રાખશો નહિ. તમને આપવા લાયક મારી પાસે કાંઇ નથી પણ યથાશકિત મારાથી બનશે તેટલી હું આપની ચાકરી કરી છૂટીશ.

મોકુ -(શેઠને) ભૂલા, હું જરા બાયડીઓમાં જઇ આવું

નહિતો વળી ત્યાં કાંઇ ધબડકો વળશે. (બૈરાં બેઠાં છે ત્યાં જઇ પોતાની માને) અલી ધૂળી, ભાયડામાં તો મેં સપાટો માર્યોછે, પણ વળી તને કહેવા આવ્યો છું કે જો કાંઇ શરમાઇને વહેવાણ પાસેથી ઓછું લીધું તો તારૂં તો ગુમલુંજ રંગ્યા વિના રહેનાર નથી.

વિદૂ—(ઓચિંતાનો આવીને) મોકુભાઇ સાહેબ, પેલું ખાસડું પડયું છે તે હાથમાં લેઇ ઊભા રહો, નહિતો આપના માતુશ્રી તો શરમાળ છે તેથી કાંઇ બોલનાર નથી. (જતો રહેછે.)

ધૂળી—(મોકુને) વાહ ભાઇ વાહ, તું જા હવે. આપણે તે શા માટે ઓછું લેઇશું? વહેવાણ મઝાની ઢીંગ મળી છે ને. (મોકુ જાયછે.)

મણી—(હીરાલક્ષ્મીની આંખમાં આસું આવેલાં જોઇને મનમાં) અરે ભગવાન! આ શો ગજબ! આ કામ તો કઠણ છે. મારી શાણી હીરીની શી વલે થશે! તેની આંખમાં તો આ જોઇને આજથી આસું આવવા લાગ્યાં. અરેરે! પણ હવે ખેદ કરવો શો ઉપયોગનો? કોણકમાં પાણી પડયું તે મિથ્યા થનાર નથી; માટે હવે તો આપણી આબરૂ પ્રમાણે પથ લેઇને જાનને વિદાય કરવી જોઇએ. આગળ ઉપર જેવું વર કન્યાનું નસીબ.

એ પ્રમાણે વિચાર કરી સર્વને યથાર્થ મુજબ જે આપવાનું તે આપેછે એટલે તમામ જાન વિદાય થાયછે; અને મોતીચંદ મણીદોર તથા નાતના બીજા ભાયડા તથા બૈરાં જાનને વળાવવા જાયછે ત્યાં મોતીચંદ તરફનાં બૈરાં ગાયછે.

આવી આવી મોકુભાઇની જાન, હીરાંબાઇને લેવા સારૂરે
જાન તણા જન સઘળા છે હેવાન, વાજું સર્વે છે નઠારૂંરે. ૧
વરરાજા છે મૂરખ કેરો રાય. મોકુ એવું નામ છેરે
દેખાવામાં રૂપાળો છે માય, પણ માંહેથી નકામ છેરે. ૨
કડવાં એનાં ભેંવાડાશાં વેણ. બોલે જ્યેમ ગાંડીઓરે
છકેલાશાં દીશે એના નેણ, ઘૂમ જેવા ગાંઠીઓરે ૩
સજેલાં છે આભૂષણ સાર, જામો એણે અંગે ધર્યોરે
જેવો બાંધ્યો ખરની ઉપર ભાર, તેવો દીસે ખરેખરોરે. ૪
માતા એની ધુળીવહુ નામ, આવી અહિં ઉતરીરે.
બોલે તારે કેવું એનું કામ, જાણે વળગી કૂતરીરે. ૫
જશે જ્યારે હીરાંબાઇ ઘેર, થોડે દહાડે તો વળીરે.
રહેશે એની પાસે કેદ પેર, હીરી મારી કોમળીરે. ૬
તોતળ બોલા ભૂલાભાઇ નામ, કાલુ કાલુ બોલે ઘણુંરે
એનામાં તો નથી કાંઇરામ, જોર ન ચાલે પોતા તણુંરે ૭
ઘરમાં ઝાઝું ધુળીવહુનું જોર, ભુલાભાઇ બાપડારે
ધુળીવહુને હાથે સઘળીદોર, એવા વડેભાઇ આપડારે ૮
એવી શોભે મોકુભાઇની જાન, દેખ્યું તેવું કહ્યું કથારે
સુણજો સર્વે જાનૈયા દેઇ કાન, હવે કશું કહેવું નથીરે. ૯

(જાન વિદાય થાયછે ને મોતીચંદ વગેરે સર્વે પાછાં આ-
વેછે.)

મોતી—(મણીદોરને) કેમ આજે મ્હોડું ઊતરેલું જણા-
યછે?

મણી—મનનાં ધાર્યાં મનમાં સમજી રહેવાનું છે; હવે ક-
હેવાથી શું ફળ તમે પણ જમાઇની યાત્રા જોઇજ હ-
શે તો?

મોતી—હા; પણ હજુ તો બાળકજ છે કની? મોટા ઘર-
નું છોકરૂં એટલે મ્હોડે ચઢાવેલું હોય પણ આગ-
ળ ઉપર સુધારશે.

મણી—સુધરે કે ન સુધરે જેવું તેમનું નશીબ; પણ જે-
વું દેખીએ તેવું મનમાં આવે ખરૂં. હશે, હવે રા-
ત ગઇ છે માટે સૂઇ રહો. આખા દિવસના થાકે-
લાં છીએ.

મોતી—હા. (સર્વે સૂઇ રહેછે)

હીરા—(ઊંઘ આવતી નથી તેથી એકલી મનમાં) અરે ભગ-
વાન! હે પરમાત્મા! હે દીનબંધુ! મુજ અબળા પર
શો જૂલમ! અરેરે! મારો અવતાર છૂટી પડ્યો. હ-
વે મારી શી વલે થશે! છોડને ઊગતાં મૂળને શ-
ળો લાગ્યો તો આગળ તેનું ઝાડ શી રીતે થવાનું?
ફળ આવવાની તો આશાજ શાની? મને શી ખ-
બર કે આવુ ઊંધું થશે! હવે મારો જન્મારો વ્યર્થ
જવાનો. મારા ભણતર ઉપર વાટ ઊઠી. ભલા ભગવાન!
મારા મનમાં પ્રથમ કેવા તરંગ આવતા હતા? હું
ધારતી હતી કે મનના માનીતા સાથે અનેક તરેહ-
ની જ્ઞાન ચર્ચા કરી કરેલા વિદ્યાભ્યાસનું સાર્થક ક-
રતાં આનંદમાં દિવસ નિર્ગમન કરીશું; પણ તે સર્વે
ઉપર દૈવ રૂઠયો. આ આપણા લોકનો રિવાજ પ્રમાણે
શરમ રાખવાથી પ્રથમથી કોઇ તરેહનો તપાસ થતો
નથી. આ વખત મનમાં આવેછે કે ગોરને તથા
મારા માબાપને શું કહું, જો ગાળ દેઉંછું તો
ઇશ્વરની અપરાધી થાઉંછું. હરહર! હવે તો તું જે
કરે તે ખરૂં. સર્વ ભરૂસો તારા ઉપર છે. એનો
ગોરને તથા માબાપનેજ દોષ મૂકવાનો. હવે તો જે
બને તે ખરૂં (વિચારમાં લીન થઇ ઊંઘી જાયછે.)

પ્રવેશ ૪થો.

જુલાભાઈ—ધૂળીવહુ—મોકુભાઇ—વનમાળી—તથા અ-
કકચંદ અને કકકકચંદ.

સ્થળ—વડોદરા, શેઠનું ઘર.

વન—(શેઠને) શેઠજી આવ્યા કે? ખુશી તો ખરા?

જુલા—હા, વનમાડી, આવ્યા ટો ખડો; હુ ખુશીમાંજ છે?

વન—હાજી. કેમ સાહેબ, શી રીતભાત થઇ? શુભ કામ પૂરેપૂરૂં ઊતર્યું કે નહિ?

જુલા—હા ભાઈ ઉટડ્યું ટો ખડું. આપડે હાડા ટો બહુ જગટ હાડું. મોટીચંડે વઢાટો જંગલો કડચો નથી પન આપડી પઢુન પડમાને બડાબડ ઉટડ્યા ખડા, અને ટેઠી કાંઈ બોલવું પડ્યું નઠી.

વન—શેઠ, મોતીચંદ સારો આદમી છે એટલે કહેવારા-એ તેવો નથી; પણ વારૂ વહુને કેમ તેડ્યા ન આ-વ્યા? એ તો મોટી છે.

ધળી—આજથી તે વહુને અહિંયાં શું કરવીછે? ત્રીજે વર્ષે તેડાવીશું. આપણા મોકુને પણ ઓગણીમું વર્ષ બે-સશે. અને વહુ પણ ચોદ પંદર વર્ષની થશે; પણ આ વહુ કાંઇ ઘર માંડે એમ લાગતું નથી.

વન—કેમ વારૂ શેઠાણી?

ધૂળી—અરે શી વાત કહું. હું ત્યાં રહી એટલા વ-ખતમાં મારી પાસે આવતી પણ એની આંખ કેવી ચકલા જેવી ફરકતી હતી; અને આવે કે પાધરો કાંઇ કાગળ બાગળ પડ્યો દેખે કે તરત વાંચવા મંડી જાય વળી કોઇ કોઇ વખત તો જોડે ચોપ-ડી લેતી આવે તે વાંચ વાંચ કરે; જાણે મડમ

સ્તી. ફકડાસને અહિંઆં આવશે ત્યારે તો કોણ જા-
ણે શાએ રોળ વાળશે; આપણા ઘરમાં તો નામા
ઠામાના ચોપડા આખો દહાડો ઉઘાડા પડ્યા રહે-
છે; તે એ કાંઇ વાંચ્યા વિના રહેનારી છે?

વન—ભાભી સાહેબ, એમ શું બોલોછો? વહુ ભણેલી હો-
યતો તે સારૂં કે ખોટું? નામું ઠામું વાંચે તે તો સારૂં
કહેવાય, કેમકે બધી વાતથી ભોમીઅણ થાય. આ-
પણા માકુભાઇ સાહેબ તો સેલાણી જીવડા છે એ-
એટલે એ વાતનો આગળ ઉપર એમના ફાયદાની
છે.

માકુ—અલ્યા વનમાળી, તું મારે પેર આવીને એવું એ-
વું બોલતો મા. મારે શું એવી વહુને ગરદન મારવી
છે? આવવાતો દે અહિં, પછી એની વાત. નામા
ઠામા વંચાવી શું મારા ઘરનો ભરમ ખોવો છે?

વન—બૂલ્ચો શેઠજી; લો હું તો જાઉછું. (જાયછે નેપથ્ય-
માં અવાજ થાય છે.) માકુભાઇ ઘરમાં છો કે?

માકુ—કોણ એ? (બારીએ જોઇને) આવો આવો ફકડ-
ડચંદભાઇ આવો. (અક્કડચંદ તથા ફક્કડચંદ
આવેછે.)

અક્કડ—કેમ ભાઇ આવી પહોંચ્યા?

માકુ—હા. ચાલો આપડી મેડી ઉપર.

અક્કડ—હા ચાલો. (ત્રણેજણ મેડી ઉપર જાયછે.)

ફક્કડ—(માકુને) કેમ ભાઇ મોરચો મારી આવ્યા! ભા-
ભી સાહેબ કેવાં છે? અને એમને અહિં લાવ્યા-
છો કે નહિ?

માકુ—આપણે ગયા તે પાછા ફરવાના છીએ: જ્યાં ગ-
યા ત્યાં હજડ બમ. વહુ છે તો પરી જાત, પણ
તેમાં એક ખમીંડિયું થયું છે યાર.

અક્કડ—વળી એવું શું છે બાઇ?

મોકુ—અરે યાર, તે ભણેલી છે એટલે બીજા કશામાં લક્ષજ નથી. જ્યાં ત્યાં વાંચ વાંચ કરવું ને ડાહીડાહી વાતો કરવી.

ફક્કડ—તેમાં આપણે શું. પણ એને અહિં લાવ્યાછો કે નહિ તે કહોને.

મોકુ—અરે ચાલ, એને હમણાંથી અહિંયાં શું કરવી છે? આપણે આપણી ચંદ્રભાગા સલામત જોઇએ. કેમ અલ્યા ફક્કડ, મને એ સંભારતીતી?

ફક્કડ—અરે તમારૂં તો એણે ધ્યાનજ ધર્યાં કર્યું છે ને. આજે તમારા આવ્યાની ખબર જાણી તેથી હાલને હાલ તમને તેડવા સારૂં મોકલ્યાછે. ચાલો ઊઠશો?

મોકુ—હોવે. એમાં ઢીલ શી? ચાલો.(ત્રણે જણ જાયછે.)

પ્રવેશ પમો.

મોકુભાઇ—અક્કડચંદ—ફક્કડચંદ—તથા ચંદ્રભાગા.

સ્થળ—ચંદ્રભાગાનું ઘર.

ચંદ્ર—(મોકુભાઇને જોઇને) યાવે સરકાર તબિયત તર ખુશિત?

મોકુ—આપસે દેદાર થયે છતાં તબીયત કયો ખુશી ન થાય. (પૂરૂં દક્ષણી બોલતાં આવડતું નથી તેથી ઢેડગુજરાતી જેવું થઇ જાયછે.)

ચંદ્ર—આતા અભ્યાસ પાહુન તબીયત કશાચી ખુશી વ્હાવયાચી? હોઇલ ત્યાંચાનીચ હોઇલ.

મોકુ—આજ ધનકા બબા કાય આહે? અસા બોલણા તુમાલા ઘટારત છે?

ચંદ્ર—ખરેજ તર, તાજા માલ ટાકુન શીળા કોણ ખાઇલ?

મોકુ—અરે પણ ઇતકા બધા સાંગણ્યાંચે કારણ કાય? મી કાંઈ તુમ ચી મરજીથી દૂર નથી.

ચંદ્ર—અદ્યાપ ઝાહાલા નાહી, પણ આતા વ્હાલ. સમય નજીક્ચ આલા આહે.

મોકુ—આ કાળમાં તો કોઇ દિવસ પણ એસા બણનાર નહિ. આ દેહ તુમચી આહે.

ચંદ્ર—ખરે આહે; પણ શેઠાણીસાહેબાસ બરોબર ઘેઊન આલા આહાન કિંવા નાહી?

મોકુ—ઠીક ઠીક, આતા મી સમજલો તુમચેં રાગાચા મૂળ;પણ સરકાર, આ દેહ તુમાલા સોંપેલી છે તે હવે દુસરાચી કેમ થશે! (એમ કહી તેને સ્પર્શ કરવા જાયછે.)

ચંદ્ર—મજલા આતા સ્પર્શ કરૂં નકા. પોટાત એક આણી તોંડાની બોલાવયાચે એક.

મોકુ—હજુ, હજુ, એનું એ રહ્યું. ઇતકા સાંગીતલા તોપણ.

ચંદ્ર—પ્રતક્ષાસ પ્રમાણ કશા કરીતાં પાહીજે. આજ પાસૂન ઇતકે ઝાલે નર પૂઢેકાં નાહીં હોણાર?

મોકુ—શું થયું તે દાખવા.

ચંદ્ર—પ્રથમ જાતાંચ ભાવ નાહિં વિચારીલા તરતી આહ્માવર તોડ કોણ દાખવીણાર આહે?

મોકુ—હશે તે આજથી કહેવું શા કામનું, પ્રસંગ આવે માલૂમ પડશે; તું છે ત્યાંસૂધી મારે શું તેને લાડને આપવી છે?

ચંદ્ર—સર્વ હે ખરે, પરંતુ તી કાંઈ આલ્યા શિવાય રાહાણાર આહે? ઘરચે મનુષ્ય કુઠે જાઈલ?

મોકુ—અરે સરકાર શું કહું, આવશે તો ખરી પણ બીજ ખરા કે એને એવી તો કાળે પાણીએ કહાડું કે

ફરીથી પતીજ ન લાગે.

ચંદ્ર—પણ મજલા ખાત્રીકશી હોઈલ?

માકુ—બે સાહેબ, આ માઝી સાત પેહેડીચા વચન આહે. જો એમાં ફેર પડેતો.

ચંદ્ર—(નજીક જઈ માકુભાઈને આલિંગન કરીને) સખ્યા, માઝે બોલણ્યાવર કાંહી રાગ આણું નયે. મી તર તુમચીચ આહે, પાજ ફરીતાં તુમચ્યે ચર્ણા જવળ માઝે સુખ દુઃખ ન સાંગું તર કોણા પાશી સાંગું? પણ પાહા બરે, તુમી લગ્નાચી મોજ શોક કર્ણ્યાસ ગેલા તેવા મજલા કાંહી નેસણ્યાં પાંઘર્ણ્યાંચે મન ન હોઈલ?

માકુ—પાય ત્યારે ના કુની સાંગીતલી છે.

ચંદ્ર—તોંડા બોલણ્યાસ કાય ઊશીર લાગતો, પણ કાય દેઉન ગેલા હોતાત? જો પ્રથમ મોત્યાચ્યા હાર દીલા હોતાતો તુકુન બાઉન મોતી પણ હરૂન ગેલે આહે.

માકુ—શી ફિકરછે? વળી બીજો ધ્યા હે માઝે ગળ્યાચી કંઠી ત્યાત મોતી અને લીલમ સબળે ખરે આહે, અને બે હજાર રૂપીઆની કીમત આહે. વળી ધ્યા હે હીરાચી વીંટી. તે પણ બારેછે. (આપેછે.)

ચંદ્ર—પણ લગ્નાચે ભાગાચે જાસ્તુ કાય?

માકુ—છઃ ત્યાત કાય? ચોલ આવશે તારે લગનાચે ભાગાચે તો આબો ડાબડો ને ડાબડો પાકવૂન ગેઈલ. તારાથી શું વધારે છે? પણ હવે?

ચંદ્ર—(ધીમેરહી હસ્ત મારે) આતા કાય? હા દેહ તુમચીય આહે (બન્ને જણ એકાંત સ્થળે જાયછે ને કેટલીવારે પાછાં આવેછે)

માકુ—અતા મને રજા છે?

ચંદ્ર—બરે પણ કાય સાંગીતલેલ આહે?

માકુ—બીફિકર રહા. (જાયછે.)

ચંદ્ર—(મનમાં) જન્માંચે દારિદ્ર જાણ્યાચી હી વેળા આહે; કાંહી આતા પાહીજે ત્યા પ્રમાણે છળ પ્રપંચ કરૂન જાતકે યા મૂર્ખા પાસૂન ઘેવેલ તીતકે ઘેવેલ; નંતર આપલી દાદ લાગણ્યાચી નાહીં, કારણ થોડે દીવસા નંતર યાંચી સ્ત્રી એઈલ આણી અકડચંદ વ ફકડચંદ યાચે સાંગણ્યા પ્રમાણે તી જર લીહીણ્યા પુસણ્યાસ ચાતુર અસેલ તર આપણ્યાસ પોબારા ગાણવે લાગતીલ. બરે ઠીક આહે, જસે હોઈલ તસે ખરે.

ફક્કડ—(ચંદ્રભાગાને) ચંદ્રભાગાજી, આજે હજાર ત્રણેકનો સપાટો માર્યોછે પણ તે એકલાને પચવાનું નથી હો. રૂડો પ્રતાપ તો અમારો છે. પછી તમે જાણો.

ચંદ્ર—બરે સાહેબજી, મી કુઠે ના મ્હણતચેં?

ફક્કડ—એ મ્હણુતે બણુતેમાં અમે કાંઇ સમજતા નથી. બોલવું હોય તો અમારીજોડે તો ગૂજરાતી બોલો. તમને કાંઇ નથી આવડતું?

ચંદ્ર—શાવાસ્તે નહિ? આ હચો બઘીં બઘીં તમે પણ. (રૂપિઆ આપેછે ને અક્કડચંદ ફક્કડચંદ જાયછે.)

ઉપર પ્રમાણે ભોળુભાઇ તથા અક્કડચંદ ફક્કડચંદ દરરોજ નાના પ્રકારના દુરાચરણોમાં દિવસ ગુજારેછે.

પ્રવેશ ૬ ઠો.

ભુળાભાઇ—ધૂળીવહુ—કપૂરશા તથા ખીમચંદશા.

સ્થળ—શેઠનું ઘર તથા પછીથી કપૂરશાની દુકાન.

ધૂળી—(શેઠને) તમે કેમ કાંઇ ગણુગારતા નથી જે? કોણ જાણે કેટલાએ દહાડા તમને કહે થયા હશે?

જૂઠા—એવું વડી શું છે જે?

મૂળી—ક્યમ શું છે? પેલી વહુને હજી એનો બાપ નિહા-
ળે મોકલ મોકલ કરતો હશે; તે મેં તમને નોહતું
કહ્યું જે એક કાગળ લખીને મોકલો કે હવેથી
નિહાળે મોકલે નહિ, પણ તમને સાભરે શું કરવા
જે? તમારે તો કાળજું કૂતરે કરડેલું છે. કોણજાણે
શુંએ થવા બેઠું છે! આજે પણ મેં એનું એ
સાભળ્યું.

જૂઠા—શુંશુંશું હાભડયું?

મૂળી—શું તે એકે વહુ જેટલું ભણે તટલો ધણીને માથે
ભાર; ને છૈયાં છોકરા થવાનું તો મીંડુંજ હમજવું.
હમજ્યા હવે?

જૂઠા—એ વડી કોને કહ્યું? તુંએ આકેફી નવઇ નવઇની
વાટો લાવેછે ટો.

મૂળી—શું? કાંઇ એક જણે કહ્યુંછે! આજ હું મારે
પિયર ગઇતી ત્યાં મારી પારવતી ફોઇ, વાલીકાકી,
પ્રેમકોરફોશી, રામબાઇમાશી, એ બધાંએ ભરાયાં
હતાં; અને સહજ કાંઇ વાત કરતાં બાયડીઓના
ભણવા ઉપર વાત નીકળી તેથી બધાંએ એનુંએ
કહ્યું: ને ત્યારથી મારા પેટમાં તો તેલ રેડાયું છે.
તમારે છે કાંઇ? શીશીને ફથક. વહુનાં માબાપ તો
મારાં રોયાં એમની મેળે હમજીને ભણવું છોડાવે
એવાં નથી. એતો વહુ અહિં આવતી જતી થશે
ત્યાં સૂધી ભણાવ ભણાવ કરશે. એમને તો કોડીના
રળેલા રોટલા ખાવા છે, ને તમારે પણ દુકાનનું
કામ વહુને હોપવું હોય તો ભણાવજો. છેકતે આમ
શું કરવા માંડયુંછે? વહુ હવે નાની પડતી હશે!
મોટી જોટડીતો થઇ. કાંઇ કાળું ગોરું થશે તો

મ્હારે મશતો ચોપડાશે.

ભૂલા—હવે શું અમથી રડી રડી બડબડ કરે છે? એટે હમે કયમ ચુકયા હઈશું? વહુએટો પયનટાં પહેલાનું નિહાળે જવું છોડયું છે, ખડીએ ટજવીજ કડાવી ને વડી પાછું કહાવી પન મોકલ્યું છે કે એને હવે ભનાવશો નહિ પન એવી વાટનો કાગડટાં ના બખાય હમજી? અને એમ શું એનાં માબાપ અનાડી હશે કે છોકડી મોટી થઈ ગ્યે નિહાળે મોકલટા હશે! એમને લાજ શડમ હશે કે નહિ?

મૂળી—એમને વળી શરમ હોય ત્યારે મૂળથીજ છોકરીને નિહાળે મુકે? તમારી વહેવાણ ભણેલાં છે તે જુઓ છો કની? ઘડોમાં કેવી વાતો ચાલે છે? નિહાળે તો હમણાં થઇ પણ એણે પહેલું એમના સ્વામી રામગોર પાસે ઘર આગળ ભણવા માંડયું ત્યારે ઓછા ભવાડા થયા હતા કે? માથે ઝાડ ઊગવું તો બાકી રહ્યું છે.

ભૂલા—બાકુટો ગમ ટમ કહે' આપડે કાંઇ જોવા ગયા છીએ? આપડે શું ડડવા પાડશી નં'ઠવા જોઇએ? પન આવો હવેટો અમે જડા બાહેડ જઇશું. બહુ ડાહાડાટી કપુશાળની દુકાને ગયા નથી.

મૂળી—જાઓને. ખરે કહ્યું ત્યારે કેવો ચાટકો ચડયો?

ભૂલા—હાકુ બાપા હાકુ (લૂગડાં પહેરી જાય છે).

કપૂર—(ભૂલાભાઇને જોઇને) આવો ભાઇ આજ તો કાંઇ બહુ વ્હાડે જણાવાને શું?

ભૂલા—હા પન ટમે હવડાંના કયમ જનાટા નઠી?

કપૂર—વચમાં તો મારે જરા સૂરત તરફ જવું પડયું હતું એટલે નહતો આવ્યો અને આ ચાર પાંચ દ-

હાડાથી તો ઘર આગળ પેલા અમદાવાદથી પરોણા આવેલા છે એટલે આ બે દહાડા તેમની ખટપટમાં રહેવું પડે છે તેથી ઝાઝું બાહાર નીકળાતું નથી. દુકાને પણ હમણાંજ આવ્યો.

જૂલા—હે? અંડાવાડથી કોણ આવ્યું છે?

કપૂર—તમને ખબર નથી કે શું?

જૂલા—ના ભાઈ ના.

કપૂર—એમ કે? હું તો જાણુંછું કે તમે જાણતા હશો. તમારા વહેવાઈના પાડોશી ખીમચંદશા. ઓળખ્યા કની?

જૂલા—હાં? ખીમચંડશા? બારેડીયા વાળા કની? ઓળખ્યા ઓળખ્યા, ક્યારના આવ્યા છે?

કપૂર—એમને આવે તો આજ ચાર પાંચ દહાડા થયા.

જૂના—એમ કે? ટાઢેટા હીરા ઘડ આગડ, એમને મડીએટા ખડા. આ વખટ ઘડ આગડ હશે કે નહિ?

કપૂર—હા, ઘર આગળ તો હશે,પણ જઈને શું કામ છે એજ હમણાં અહિં આવશે ને હું જમીને અગાડી આવ્યો ને એ પાછળ રહ્યા છે તે હમણાં આવશે. (વેગળેથી ખીમચંદશાને આવતા દેખીને) લ્યો, પેલા આવ્યા. (ખીમચંદશા આવે છે.)

જૂના—ખીમચંડશા જે ગોપાડ ક્યારે આવ્યા? ખુશીટા ખડા?

ખીમ—હા શેઠજી આપતો ખુશીમાં છો? મને આવે તો આજ ચાર પાંચ દહાડા થયા. ચાલો ઠીક થયું જે મળ્યા. આજ હું આપની પાસેજ આવવાનો હતો. તમારા વહેવાઈએ ઘણું કરીને જેગોપાળ કહ્યા છે.

ભૂલા—હાકું ટયાં બદાં ખુશી આનંડમાં છે?

ખીમ—હા, સર્વે ખુશીમાં છે. લગ્ન કરીને ગયા પછી તમે તો અમદાવાદ તરફ ફરી આવ્યા નથી તો, ખરૂં વારૂ?

ભૂલા—હાજી હમનાંનું નઠી અવાયું. વડસ ટઇનેક ઠયા-જ ટા શું. કડીએ ભાઇ, બહુએ અહિંયાં રહ્યું એ-ટલેં કામ વગડ નઠી અવાટું.

ખીમ—હા,એ તો ખરૂં છે પણ હવે વહેવાઇ વળોટ ત્યાં પડયું એટલે આવ્યા ગયા વિના છૂટકો છે? જાતે નહિ આવો તો માણસ મોકલવું પડશે.(જરા ખમ-ચાંને)હા! ઠીક યાદ આવ્યું. વારૂ તમે હવે વહુને કેમ તેડતા નથી?

ભૂલા—શું કરીએ ભાઇ, ટેડવાનું ટેડવાનું ઠાડીએ છીએ પન બડાબડ જોગ નઠી આવટો. કેમ કાંઇ મોટીશા બોલટાટા કે શું?

ખીમ—ના,એ તો કાંઇ બોલતા નથી પણ લોકોમાં તો વા-તો થાયજ તો. હવે કાંઇ એમની છોડી નાની છે? એતો વિચાર તમારે કરવો જોઇએ. મોઢે ચહોને તે કોણ કહે? હુંએ ના કહું પણ આ તો આપણે ઘેરાયા જેવું છે તેમાં માટે હવેતો તેડાવો, નીકર લોકો તમારી ફીમત કરશે.

ભૂલા—અરે રામ રામ કહો. હવેટ ટેડાવ્યા વના રહીએ કય-મ. અમે કાંઇ નઠી હમજટા કે શું? આજ લગીમાંટા કયારનીએ ટેડાવી હોટ પન વચમાં અડચનો આ-વઠીઠી એટલે શું કડીએ. ટમે ઘડ આગળ આવજો હો. હુંટા હવે જાણીછું.હવનાંટા રહેવાં છે કની?

ખીમ—હા.હમણા તો થોડા દહાડા છું. કાલ સોરા આવી જઇશ.આજ તો નવા બજાર તરફ જવાનો વિચાર

છે તે જાઇશ.

બૂલા—વારૂ. (શેઠ ઘર આગળ આવેછે.)

પ્રવેશ ૭મો

બૂલાભાઇ—ધૂળીવહુ અને મોકુભાઇ.

સ્થળ—શેઠનું ઘર.

બૂલા—(પોતાની સ્ત્રીને)હાંભડયું કે ?

ધૂળી—શું છે!

બૂલા—આપડા મોકુના લગન કેડે ટઇન વડસ થઇ ગયાં અને વહુ પન પંદડ વડસની ઠઇ હશે, ટો પન એને આપડે અહિં ટેડવાની હજુ તું વાટ કડટી નઠી ટેઠી હવેટો લોકમાં ખોટું દેખાય છે ને બાવને વાટો ઠાયછે. આજ હવનાંજ હું કપુડશાની દુકાને ગયો હટો ને ટયાં આપડા મોટીશાના પાડોશી ખીમચંડશા આવ્યા હટા. ખીમચંદશા ઓળખ્યા કની? ઓટેડીઆ વાલા, ટે ટઠા આપડી નાટના અમાડા માયા મહોબટ વાળા બે ચાડ આડમી બીજા પન હટા, ટે બઢા કહેટા હટા કે હવે નાટમાં લોકો ટમાડી નંડયા કડે છે માટે બહુને ટેડાવો. કેમ ટાડી સી મડજી છે!

ધૂળી—મારે શું? તમ જાણોને તમારી વહુ જાણો. સંસાર માંડવા હોયતો વહુને તેડો.

બૂલા—મેડ રાંડ, બોલટાં જડા શડમાટીએ નઠી? હુંટો કહુંછું કે ટાડી મડજી હોયટો હવે ટેડાવીએ.

મોકુ—અલ્યા ઓ અભાગ્યા, તને પાંચસેં વખત કહ્યું કે તારે એ વાત સંભારવી નહિ તો પણ તને કેમ જંપ વળતો નથી? એને શું અહિ ગરદન મારવી છે!

બૂલા—હાડ હાડ હવે, હું બહુ હમજે ખજો. ટને વ-ડસ ઓગનીસમું બેઠું. હવે ટેકના વગડ ચાલે ન-હિ ટો. લોકમાં આબડુના કાંકડા અમારા થાય. ટમારે શું.

ધૂળી—એમ બધાં સાથે બાઝો છો શું? તમને ના કોણ કહેછે જી?

બૂલા—ટારે એક અમારી ઓલખનો પ્રીટમડાસ કડીને વાણીઓ આજ અંડાવાડ જાયછે, ટેની સાડે એક કાગડ લખીને મોટીશા ઉપડ મોકલું જોઈએ ટેમનો શો વિચાર છે?

ધૂળી—હા ત્યારે એમ કરો અમારે શું?

બૂલા—ઠીક ટારે.(કાગળ લખી પ્રીતમદાસને આપી આ-વેછે.)

પ્રવેશ ૮મો.

મોતીકોર—મણીકોર—હીરાલક્ષ્મી તથા પ્રીતમદાસ

સ્થળ—અમદાવાદ મોતીચંદનું ઘર

મોતી—(પોતાની સ્ત્રીને) સાંભળ્યું કે? બૂલાભાઈ શેઠના ઘરનાં તે કેવાં અનાડી હશે!

મણી—કેમ વારૂ?

મોતી—તો શું? આજ કાલ લગ્ન કરે ચાર વર્ષ થઈ ગયાં પણ હજુ હીરાલક્ષ્મીને તેડાવ્યાની વાત નથી.

મણી—હશે, તેમની મરજી. મારી હીરી ક્યાં રોટલા વિના મરી રહી છે. હજુ તો પંદરમું વર્ષ હમણાં બેસેછે. (બારણે અવાજ થાયછે.) મોતીચંદજી છો કે?

મોતી—કોણ એ એ એ. (બારીએ જોઈને) આવો આવો પ્રીતમદાસ, તમે ક્યાંથી આવ્યા?

પ્રીતમ—(ઘરમાં આવીને) હું વડોદરે ગયો હતો ત્યાંથી તમારા વહેવાઇએ કાગળ આપ્યો છે તે આપવા સારૂ આવ્યો છું. લ્યો. (આપેછે)

મોતી—(કાગળ લેઇને) આવોને ઉપર જરાવાર બેસો તો ખરા.

પ્રીતમ—નાજી મારે ઉતાવળછે માટે રજા લઉંછું(જાયછે).

મોતી—(મણીકોરને) કાગળ તો આવ્યો. વારૂ જોઈએ શું લખેછે (વાંચેછે)

શ્રી

સ્વસ્ટશ્રી અંમદાવાદમહાશુભસ્થાને પૂજ્યડાઠે અનેક સદવે ઉપમાજોગ શા શ્રી પાંચ શા મોતીચંદ પદમુદાસ એતાનશ્રી વડોદરેથી લી. શા ભુલાભાઇ ગડગડદાસના જે ગોપાડ વાંચવા. જટ અટડે એમ કુશલ છે ટમાડી એમા ખુશાલીના કાગડ લખવા. બીજું લખવા કારન એછે જે ચદતજીની હીરાલખમીને ટેડવા અહિંયાં ઘડમાં સડવનું મન છે; માટે સારો જોગ હાડી મોકલવાનું ઠરાવવું. નકી ડાહાડો વાડ કડાવીને જવાબ લખસો એટલે ટેડવા મોકલીશું. એજ લખવાનું. કામ કાજ લખજો. જોઇ-તુ કહવુ મંગાવજો. સંવત ૧૯૨૪ ના ભાદરવા વદી ૯ સોમવાર.

મણી— હીરીબાઇને હવે તેડાંની ઊસરાણી થઇ ખરી.

મોતી—ત્યારે આપણે શી વાર છે. હમણાં દુકાને જઇને જવાબ લખી વાળું છું. પણ વાર કયારનો બેત રાખીશું?

મણી—હવે તો જે થાય તે આસો મહીનેસ્તો.

મોતી—હા દસરાનો દિવસ નકી ઠરાવી લખું છું.

મણી—બેશ, ખાસું (મોતીચંદ દુકાને જાયછે.)

હીરા—બા, કોનો કાગળ આવ્યોછે?

મણી— હવેતો એજ તો. તૈયારી કરો, સસરાજીનાં તેડાં આવ્યાં.

હીરા—શું મારા સસરાનો કાગળ આવ્યોછે? મને તેડાવીછે કે શું?

મણી— હા બહેન.

હીરા—(ઊતરેલ મોહોડે) જઈશું ત્યારે. કાંઇ ચાલે એવું છે?

મણી—વાહરે અલી, કયમ એમ બોલેછે જો?

હીરા—કાંઇ નહિ. અમારાં ભાગ્યાં છે તે ભોગવીશું જ તો. પાણીમાં રહીને મગર સાથે રૂશણાં કેમ કાવશે!

મણી—કાંઇ ફિકર નહિ બેટા, ગભરાવું નહિ. પ્રભુ સર્વ સારાં વાનાં કરશે. આસોસુદ ૧૦ નું નકી ધારી તારા બાપા આજ કાગળ લખી મોકલનાર છે.

હીરા—ઠીકજ છે તો.(પોતાની મેડીએ જઇ એકલી મનમાં) હે કૃપાસિંધુ ભગવાન! હવે તારી અકળ ગતિનો અનુભવ લેવાનો વખત નજીક આવ્યોછે. પ્રભુ! હવે તું સહાય થજે. વારૂ આ કાગળ તે સસરાજીએ પરભાર્યોજ લખ્યો હશે કે પ્રાણપતિની મરજી જરા જાણી લીધી હશે! હશે, પરભાર્યો લખ્યો હશે તોએ શી હરકતછે. હવે મારાથી રહેવાય કેમ? મારે મારા સ્વામી કરતાં આ દુનિઆમાં શું વધારે છે? હવે તો એ મોટા થયા હશે એટલે સર્વ ગુણમાં સંપન્ન હશે. આહાહાહા! આજ હું કેવી ભાગ્યશાળી! પ્રાણપતિના ચરણ સેવન કરવાનો વખત પરમાત્માએ જલદી દેખાડયો. પોતે અહિં લગ્ન વખતે આવ્યા તે વખત તો મનને જરા ધાસ્તી રહે એવા હતા ખરા; પણશું હજુ તેવાજ હશે? કદી ન હોય. તેમાં ને હાલ-

માં તો આસમાન જમીનનો ફરક હશે. વારૂ લાવ, બાપા કાગળ લખી મોકલે તેની સાથે હું પણ એક વિનય પત્ર લખીને સ્વામીનાથને અર્પણ કરૂં. અને તેમ કર્યાથી સર્વ વાત પ્રથમથી જાણવામાં પણ આવશે. પણ એ કાગળ કોનીસાથે મોકલીશું? ટપાલમાં બીડીશું ત્યારેજ તો. વારૂ લાવ, તૈયાર તો કરી રાખું; પછી જેમ અનુકૂળ આવશે તેમ કરીશું. (પત્ર લખી તૈયાર કરી રાખેછે.)

મોતી—(દુકાનેથી આવી મણીકોરને) કાગળ તો લખ્યો પણ હું જાણુંછું વારૂ કાગળ લેઇને કેવળીઆનેજ મોકલ્યો હોય તો કેવું! માણેકલાલની ખબરે જો-તો આવશે ને બે વાતો.કામકાજ તો બે દહાડા ભગ-લો ગાડીવાન નભાવશે.

મણી— બહુ સારૂં, એ પણ ઠીક છે.

મોતી—(ચાકર)નેઅલ્યા કેવળીઆ કાલે સવારે તારે વ-ડોદરે બહેનને સાસરે કાગળ લેઇને જવાનું છે મા ટે લે આ કાગળ અને ગાડી વહેલી જાય છે મા ટે અત્યારેજ પરવારી તૈયાર થઇ રહેજે. સવારમાં કોઇને ઊઠાડવાની વાટ ન જોતાં ઊઠતાં વાંત ચાલ્યો જજે. (કાગળ તથા ગાડી ભાડાના પૈશા આપેછે.)

કેવ—બહુ હારૂં બાપા; ઘણા દીથી કહાર ખાધો નથી તે કાલે મળશે.

મણી—ખાજે બાપા ખાજે; પણ રોયા, એ તો છોડીનું સાસરૂં છે: તારો હક નથી. (વાળુ પાણી કરી સર્વે સુઇ જાયછે.)

હીરા—(મનમાં) સર્વે સૂતાંતો ખરાં, ચાલ હવે કેવળી-આને કાગળ આપી આવું. (કેવળીઓ સૂતોછે ત્યાં આવીને) અલ્યા કેવળ, કેવળ, ઊંઘ્યો કે?

કેવ—કુણ ખુન કે? એમ આયાં બા?

હીરા—અલ્યા કાલે તું વડોદરે જનાર છે ને?

કેવ—હા ખુન કાંઇ કહાવવું સે?

હીરા—ના ભાઇ મારેતો કાંઇ કહાવવું નથી. પણ

કેવળી—ખુન અ્યમ ખમચાયા? મારાથી શરમ સાકે અ્યમ બનશે? હું તો તમારો ચાકર એટલે બાપા હાથે મોટા અને ખુન તમારી હાથે તો તમારા જેવડો. કાંઇ કાગર બાગર આલવો સે?

હીરા—હા પણ બીજાના હાથમાં ન આપે ત્યારે.

કેવ—અરે બા કાંઇ ગાંડા થયાં! અને હું કાંઇ અનાડી સું? એતો એવો હાસલીને આપેશ કની કે કોઇ જાણેજ નહિ. હું બધુએ હમજ્યો હવે મને કાંઇ કહેનાની જરૂર નથી. લાવો કાગર. (હીરાલક્ષ્મી કાગળ આપી જાયછે).

પ્રવેશ ૯ મો.

ભુલાભાઇ—ધૂળીવહુ—મોકુભાઇ—અને કેવળીઓ.

સ્થળ વડોદરા શેઠનું ઘર.

ધૂળી—(શેઠને) વારૂં તમારા કાગળનો હજુ જવાબ કયમ ના આવ્યો વારૂં?

ભુલા—આવશે. એટો વિચાડ કડવાનું કામ છે કની? (દાદરે કેવળીઆને ચડતો દેખીને) અલ્યા કોણ છે? શું કામછે?

કેવ—(સલામ કરીને) સ્વાબ એતો હું તમારો ચાકર.

ભુલા—ઓળખાઇ એમથું? જાણશે! અમે ઠનો કુવાડે-નાણાં મની આલીએ છીએ જે.

કેવળી—તારો આપનો ચાકર નહિ તો માણિકલાલભાઇનો

તો ખરો?

ભૂલા—અલ્યા એમ કેમ? તું માણેકલાલને શું ઓળખે?

કેવ—હમ ચેગ જે? અમારી હીરાલક્ષ્મી બુન પયણાં એટલે હું એમનો નોકર થયો કની?

માકુ—અલ્યા કોણ છે તું ગધેડા જેવો? અહિં મશ્કરી કરવા આવ્યો છે કે શું? ચલ નીકળ અહિંથી.

કેવળી—(મનમાં) હત્ત તારી બુનના ભાઈ! આતો ઝવેરી પરખે એવું ખરેખરૂં રતન દેખું ને શું? (માકુને) ભાઈ શાહેબ, હું ગધેડો તો નથી, કેવળ સું: પણ આંઈ આયો એટલે કેવળ ગદ્ધો થયો.

ભૂલા—અલ્યા તું મોટીચંડનો ચાકડ કે શું?

કેવ—હા જી. તમે મને ના ઓરખ્યો?

ભૂલા—હેં હેં હેં હેં! જડા હું સડટ સૂકયો. આવ કેવળ તું કયાંથી આવ્યો? ટાડા શેઠ હાડા છે.

કેવળ—હા સ્યાબ. આ એમણે કાગર આલ્યો સે તે લ્યો, અને મારે બપોરની ગાડીમાં પાસાં જવું સે માટે જવાબ લહી આલો.

ભૂલા—ઠીક છે. લાવ કાગડ. (કાગળ લઈને) અને તું આપડા ડેહેલાના મેડા ઉપર મુકામ કડ, આપડા ગાડીટ વગેડેની પઠાડી પન ટયાંજ છે. હું કાગડ લખી મેલું છું, પન તું ખાઈ લે. રસોઈ ટયાડ છે.

કેવ—હારૂં સ્યાબ. (જમીને ડેહેલા તરફ જાય છે પણ માકુભાઈને આપવાનો કાગળ યાદ આવ્યાથી પાછો ફરી ઈશારાથી માકુભાઈને બોલાવી કાગળ આપે છે.)

ભૂલા—(પોતાની સ્ત્રીને) હાંભડયું કે? મોટીચંડે ટો આસો સુડ ૧૦ ડડાવી છે. લાગો વાયડો રાખ્યો નઠી.

ધૂળી—શું કરવા રાખે. વાર કાગળ વાંચો તો ખરા. જો-

ઇએ શું લખ્યું છે.

ભૂલા—હા. હાંભળો.(કાગળ વાંચેછે.)

શ્રી.

સ્વસ્તિશ્રી વડોદરા મહાશુભસ્થાને પૂજ્યારાધ્ય અનેક સદ્ગુણોપમા જોગ શા શ્રીપાંચ.શા ભૂલાભાઇ ગડગડદાસ. અમદાવાદથી લ. શા.મોતીચંદ પરભુદાસના જેગોપાળ વાંચવા. અત્રે કુશળતા છે, આપની કુશળતાનો પત્ર શા. પ્રીતમદાસ સાથે આવ્યો તે વાંચી મળ્યા તુલ્ય લાભ થતાં સર્વ સમાચાર જાણ્યા. ચી. હીરાલક્ષ્મીને તેડાવવા વિષે આપે લખ્યું તે યથાર્થ છે. એ છોકરૂં આપનુંજ છે એટલે તેના વિષે બીજો કોઇ પ્રકારનો વિચાર કરવા જેવું નથી, પરંતુ હાલમાં તો શ્રાદ્ધ પક્ષના દિવસ છે એટલે ચાલતા રૂઢી માર્ગ પ્રમાણે પહેલવહેલી મોકલવાને હરકત, પણ આશ્વિન માસમાં યોગ રાખી દસરા ઉપર તેડાવવાનો મેત રાખો તો ઠીક છે. અમારે કોઇ વાતની અડચણ નથી. ચી. માણેકલાલને મારો આશીર્વાદ કહેવો. એજ લખવાનું. આ તરફનું મારા સરખું કામ કાજ ફરમાવવું. સંવત ૧૯૨૪ ના ભાદરવા વદી ૧૦ ને મંગળવાર.

ધૂળી—(કાગળ સાંભળીને)શું કરવા વાર કરે! એ કોને ખોટું લાગે!

ભૂલા—ઠાકે હું પણ ડસડાનોજ ડાહ્યો નઝી કડી જવાબ લખું છું.

ધૂળી—હા ઠીકજ છેતો. ભૂલાભાઇ કાગળ લખી તૈયાર કરેછે.)

માકુ—(મનમા) રાંડ જંપે ! હું કહેતોતો તેને તે આગળ આવ્યું. કોઇ જાણે કયમ કે કાગળ લખાતાં

આવડે છે! બાકી રાંડોને તે શા કાગળ લખવા. જોઈએ વારૂ વાંચીએ તો ખરા. શું લખ્યું છે! (મેડા ઉપર જઈ વાંચે છે.)

"સ્વસ્ત શ્રી શહેર વડોદ્રા નિધાન
પુજ્યા શધે મહાશુભસ્થાન કે ધ્યાન ધરૂં નિજ નાથનુંરે. ૧
ચતુર શિરોમણી સહુ ગુણ નાયક
રાજ રાજેશ્વર તમ પદ લાયક દાયક સહુ સુખ આપૈછો રે.૨
રાજનગરથી લખીતંગ દાસી
આપ વિયોગથી રહેછે ઉદાસી કે દાસી ન થાશે બીજા તણીરે. ૩
અત્ર કુશળતા છે તત્ર તમારા
કુશળતા ના લખો સ્વામી મારા, હમારા જીવની દોર છોરે. ૪
સ્વામિ તમો મુજ કાળજ કોર
ગળવા ધસ્તું જેમ ચંદ્રકોર, જી ચોરછો માહરા ચિત્તનારે. ૫
ચોરયું જે પત્ર લખ્યું તાત હાથે
પ્રીતથી મોકલ્યુ પ્રીતમ સાથે, અનાથે વાંચ્યું બહુ પ્રેમથીરે. ૬
લાગી તાલાવેલી તારની કોડે
ક્યારે મળું મારા કંથને કોડે, કે જોડે રહું પ્રાણનાથ ગોરે. ૭
આશા છે દીલમાં તે પૂરણ કરજો
વેગે તેડાવ્યાનું ચિત્તમાં ધરજો, જી હરજો મારા પરિતાપનેરે.૮
કરવો ક્ષમા જો પડયો હોય વાંક
દાસી તમારી અનાથ હું રાંક, કે ટાંક પડી છે પ્રારબ્ધગાંરે.૯
મારો પ્રણામ સર્વને તત્રે
ઉમેદ રાખું છું જોવાને પત્રે, જે અત્રે આવે થોડા દીનમાંરે૧૦

"હે સ્વામિ આ સંસારમાં મારે સુખ દુઃખ ભોગવવાનો સર્વ આધાર આપના ઉપર રહેલો છે. આપ આ તરફ આવી ગયાને આજ કાલ કરતાં ત્રણ વર્ષ થ-

ઇ ગયાં છતાં પુનઃ આ દાસીની પત્રદ્વારાએ પણ ખબર લીધી નથી; માટે અહો નિશ ચિત્ત આપના તરફજ લાગી રહેતાં મનમાં ઘણોજ પરિતાપ થાય- છે. હું દીન અબળાનો હજુ સૂધી કાંઇ વાંક પ- ડયા સરખું જણાતું તો નથી, કેમકે કોઇ વાતનો હજુ પ્રસંગ પડયો નથી.

સોરઠો

સ્વામી ચતુરસુ જાણ દૂર કરો પરિતાપને
ગળવાને નીર્વાણ જાણે આવું ધાઇને.

"પ્રાણપતે! હવે થોડા દિવસમાં આપની સેવાનો લહાવો લે- વાનો વખત આવ્યો જાણી હર્ષમાં મગન થઇ દિ- વસ નિર્ગમન કરૂંછું. જ્યાદે શું લખું! એજ વિ- નતિ. ભાદરવા વદી ૧૦ મંગળવાર સંવત ૧૯૨૪.

લા૦ આપની હમેશની દાસી હીરાલક્ષ્મીનો પ્રણામ"

મોકુ—(કાગળ વાંચી મનમાં) રાંડ આતે કાગળ કે મોટા રાહડો! આ તો ખરેખરી ક્રીસમસ સરખી થવાની. કાગળે વળી રાગડામાં લખ્યો છે. ઠીકછે વારૂ, આવવા દે અહિયાં. (કાગળ ગજવામાં મૂકી નીચે આવે છે પણ વચમાં જામદારખાનામાંનું હા- ટકું ખુલ્લું દેખીને મનમાં) વાહરેવાહ! આજ ઠી- ક લાગ છે. મુનીમ પણ હાજર નથી ને ઘરનાં પણ બધાં પેલી તરફછે. લાગ તો ઠીક છે. (તાકામાંથી દાગીનાનો દાબડો લેઇ ચંદ્રભાગાને ઘેર જાયછે).

કેવળી—(શેઠને) સ્વાબ હવે મને વદાય કરવો જોઇએ. ગા- ડીની ટેમ થવા આવી.

ભૂલા—હા, લે આ કાગળ. મોટીચંડને જે ગોપાળ કહે- જે ને હડવને બોલાવજે.

કેવ—હારૂં સ્વાબ (જાય છે).

પ્રવેશ ૧૦મો.

મોકુભાઇ—ચંદ્રભાગા—ભૂલાભાઇ—ગિરધરદાસ—

અક્કડચંદ—ફક્કડચંદ—વિષદૂક—સૂત્રધાર.

સ્થળ—ચંદ્રભાગાનું ઘર ને પછીથી શેઠનું ઘર.

ચંદ્ર—(મોકુને) આહાહા! સખ્યા આજ ઇતકે લૌકર કુઠુન આલા? આણી ગાડી એરીજ ચાલતા આલા.

મોકુ—અજી દોસ કુયા કરે, તેરે દમકી ખાતર.

ચંદ્ર.—(મોકુની બગલમાં પોટલી જોઇને) મજલા બરેંવસા આહે કી આપણા મજ કરીતાં જે નહી કરણાર હે કમી આહે; પણ ઇતકી બહુત મહેરબાની લાગલીચ કાં કરણે પડલી?

મોકુ—કાય કરૂં? યાર તેં દાગીનાનું કહ્યું હતું ત્યારથી મઝે જીવાલા ચેન પડત નોહતું તેથી તુઝા સાઠી દાગીના ઘેઉન આલો છું. લીજીએ સાહેબ. (દાગીનાનો દાબડો બગલમાંથી કહાડી આપે છે.)

ચંદ્ર—(ખુશી થઇને) હે પ્રાણસખ્યા, આજ તર માઝે વર ચારી હાથ દીસત આહે. ખુરબાન આહે, દોસ્તી કરાવી તર તુમચે સારખ્યાચીચ કરાવી. આતા મજલા બરેંવસા પડલા કી તુમહી મજ કરીતાં જે ન કરાલ તે કમી આહે. (દાબડામાં હીરા મોતીના દાગીના જોઇને ગનગાં) યા મેલ્યાની ઘર મારીલ્યાચે દીસત આહે. ખચિત કુઠુન સપાટા મારૂન આણીલે આહે પણ અસો, આપણ્યાશ કાય? રડલ કાપુસવાળા આણી પીટલ પીંજારા (મોકુને) પણ સખ્યા, આજ ઇતકે બહુત આણન્યાસંયોગ કુઠુન આલા?

મોકુ—આપલ્યાલા શી વાર છે? બરાત આજ દાગીના તપાશીને આ ડાબડી સુનીમાની હાટડા મધ્યે મુકયો હતો, અને ત્યાં ઠીકાણી કોણી પાસે નોહતું, અને હાટડા પણ ઉઘાડા ટાકુન ગેલા હોતા. એટલે લાગ ફાવ્યાથી ઉઠાઉન આણુલા. આપલ્યાલા કોણપૂછનારછે?

ચંદ્ર—ખૂરે સાહેબ, આજ તર બહુત જોર મારીલેલા દીસત આહે.

મોકુ—પણ વળી એક દુસરા છે યાર.

ચંદ્ર—તે કાય આહે આણખી?

મોકુ—અમદાબાદે હુન કાગળ આલેલા છે તે તુમ્હાલા વંચાવવાને આણુલા છે. જુઓ તો ખરાં, મને મોળવવાને આજથી કસાકસા લીહીલા છે; આયકા. (કાગળ વાંચી સંભળાવે છે)

ચંદ્ર—(કાગળ સાંભળીને મનમાં) અરે પરમેશ્વર! હે કાય અન્યાય? હીસ્ત્રીયા આજ પાસુન આપલે પતિ વર કાય ભક્તિભાવ આહે! ધન્ય આહે તીલા. પરંતુ હે ભાઇસાહેબ તર વર્ણસંકર આહે. અસો, આપણ્યાસ ત્યાત લાભ આહે. જરી પણ હીસ્ત્રી યેથે આલ્યાવર આપણી મુશકીલ હોઇલ, સબબ પ્રથમ ચ કાંહી બેત કરૂન ત્યાચે મન મીણુ દેઉ નયે (મોકુ-ભાઇને મશ્કરીમાં) સખ્યા, હા કાગદ તર આપલે બાઇ સાહેબચ્યા દીસત આહે.

મોકુ—(હસીને) હા બાઇ સાહેબચ્યા તો ખરા પણ મજ-લા કેવી ભૂલ થાપ દેતી આહે એ બાઇ?

ચંદ્ર—પણ મજલા ભરોવસા આહે કી આપણ તીચે હોણાર નાહી.

મોકુ—એમાં વાંધો શું પણ હવે તો હું જાઉંછું ઘર આગળ કોણ જાણે શુંએ થઇ રહ્યું હશે.

ચંદ્ર—જસી મરજી (મોકુ જાય છે.)

મોકુ—(ઘરમાં પેસતાં બૂમાબૂમ થતી સાંભળીને) અલ્યા શું છે? શું છે?

બૂલા—હાટડામાંથી ડાગીનાનો દાબડો કોઈ ચોરી ગયું રે બાપ!

મોકુ—હેં હેં! એશું? હાટડું ઊઘાડું ક્યાંથી? અને મુનીમ ક્યાં ગયા હતા જે? (ગીરધરદાસને) કેમ મુનીમ. તમે ક્યાં ગયા હતા?

ગીર—બાઈ સાહેબ, ઘણા દિવસથી દાગીના મેળાવ્યા નહોતા તેથી આજ મેળવવા કહાડ્યા હતા, એટલામાં ઘેરથી બોલાવવા આવ્યાથી હમણાં પાછો આવું છું એમ ધારી હાટડે તાળું દીધા વગર ગયો અને તરતજ પાછો આવ્યો એટલામાં તો કોઈએ ઘર માર્યું; એ ભોમીઆનું કામ છે કોઈ પરભારચો ચોર નથી. (મોકુ ઉપર વહેમ આવે છે તેથી શેઠને) શેઠજી, પણ હવે જે હશે તે થોડા દિવસમાં માલૂમ પડશે.

મોકુ—એ તો પડશે ત્યારે પડશે; પણ હમણાં તો તમે જવાબ કરો.

ગીર—એ તો ખરું છે, મારાથી ના કહેવાય એવું છે? (શેઠને) શેઠજી મારે તમારે એક માસની પહણ. જો એટલામાં તમારા ઘરનો ચોર પકડી આપું તો મારે માથે નહિ; નીકર મારે જવાબ દેવો.

બૂલા—ઠીક છે ચડે એમ કરો (સર્વે વેરાઈ જાય છે)

ગીર—(એકલો મનમાં) હવે કેમ કરવું? આ કર્મ એ મોકુ વિના બીજાનું નથી રાંડનાને રાંડનો હરામ ચસ્કો લાગ્યો છે, તેથી મુકરર દાગીના તેને આપ્યા હશે. પણ હવે શી તદબીરથી પકડાય? હાં હાં ખરી વાત.

અક્કડચંદ તથા ફક્કડચંદ એના દોસ્તદાર છે તેમને ફોડવાથી પતો લાગશે પણ કાંઇ લાલચ બતાવવી પડશે ખરી. ઠીક છે ચાલો તો ખરા(ફક્કડચંદને ઘેર જાય છે ત્યાં અક્કડચંદ પણ બેઠેલા છે તેમની પાસે જઇને). કેમ છે ભાઇઓ!

ફક્કડ—ઓહો! આવો ગિરધર કાકા, આજ તમે અહિયાં ક્યાંથી!

ગિર—ભાઇ તમારૂં એક કામ છે જો કરો તો.

ફક્કડ—અરે કાકા એ શું બોલ્યા? તમારે અમારૂં શું કામ છે?

ગિર—કરો તો કહું.

ફક્કડ—તમે કહોને. ના કરીએ એ તે વાત છે! જરૂર કહો.

ગીર—બંને જણના મ્હો આગળ રૂપિઆ સો સો મૂકીને) ભાઇઓ, મારે માથે જૂલમ ગુજર્યો છે તે તમારા વગર કોઇ ટાળનાર નથી.

ફક્કડ—કાકા આતે આતે? હવેતો જરૂર કહો.

ગિર—અમારા શેઠના ઘરમાંથી દાગીનાનો દાબડો ગયો છે તે મારે જોડવા વખત આવીછે, પણ એ દાબડો ચંદ્રભાગા નાટકશાળાને ઘેર ગયો લાગેછે; જો મહેરબાની કરી પત્તો લગાડી આપો તો જાણે જીવતા રાખ્યા. વળી હું તમને ખુશી કરીશ.

ફક્કડ—(ખુશી કરવાનું સાંભળીને તથા રૂપિઆ સો રોકડા જોઇને મનમાં) કાલે ચંદ્રભાગાને ઘેર દાગીનાનો દાબડો આવ્યો તે એજ હશે;પણ મોકુભાઇએ તો ઘર માર્યું જણાય છે. કહેવુંતો યથાર્થ નથી, પણ જો નથી કહેતા તો રૂપિઆ સો,બસેંની ચોટ જાયછે અને કાલે એક દિવસમાં રૂપિઆ બસેં હાથે

છીએ તે હજુ કોઇ જાણતું નથી.પણ કાલ મુંબી-
માં રૂપિઆનો તગાદો થશે તો લાજ જશે,માટે વ-
ગર મેહેનતે આવેલું ભક્ષ જવાતો ન દેવું. (ગિર-
ધરદાસને) કાકા અમારૂં નામ જાણ ન પડે તો
કાંઇક થાય..

ગિર—અરરરર! એ શું બોલ્યા! તમારૂં નામ તે પ્રાણગ-
યે બહાર પડે?

ફક્કડ—કાકા નક્કી? ખાઓ જોઇએ સોગન.

ગિર—જો તમારૂં નામ દઉં તો મને ભગવાનના સોગન.

ફક્કડ—ત્યારે રૂપિઆ સો ખીજા આપજો હો.

ગિર—જરૂર આપીશ કહો.

ફક્કડ—કાલે તમારા મોકુભાઇ દાગીનાનો દાબડો ચંદ્રભા-
ગાને ઘેર લાવ્યા છે; તેમાં નિશાની કે ઉપરના
બે દાગીના લીલા રંગ વાળા છે. કેમ ખરૂં કે
ખોટું?

ગિરે—હા, હા, હા, એજ એજ. જરૂર ચંદ્રભાગાને
ઘેર આવ્યા છે?

ફક્કડ—હા કાલેજ આવ્યા. હજુ લગી તેના ઘરમાં છે,
પછી કાલે શું થશે તે કહેવાતું નથી.

ગિર—ત્યારે ઠીક.(ઉતાવળો ઉતાવળો બુલાભાઇ પાસે જઇ
ને)શેઠજી, ચાલો ચાલો, તમારા દાબડાનો તો પ-
ત્તો લાગ્યો છે. હું જાઉંછું પોલીસમાં, અને લાગ-
લી જમીલેઇ જઇ દાબડો કબજ કરાવુંછું. મુદા જ-
તા રહેશો.

બુલા—અરે ભાઇ કહોટ્ટા ખડા કે ડાબડો કયાં છે?

ગિર—કહેવાનું શું છે!ઘરના ચોરને ઘરના ગંઠીઆ. દા-
બડો પેલી ચંદ્રાભાગા નાટકશાળાને ઘેર છે.

મોકુ—(ચંદ્રભાગાનું નામ સાંભળી ચમકીને)હેં'હે'! શું

કહ્યું?

ગિર—(આંખ ફેરવીને,બધુંએ ઠીકજ છે તો. હમણાં માલૂમ પડશે. હું તો હવે જાઉંછું પોલીસમાં. (જવા માંડેછે)

મોકુ—(શેઠને)અલ્યા ભૂલા, એમને વાર હો: આપડા ઘરની ફજેતી થઇહો. વાર વાર, અલ્યા વાર, ગિરધરદાસ, એ ગિરધરદાસ, ઊભા રહો ઊભા. ક્યાંઈ શું કરવા જાઓછો? અમારા ઘરની ફજેતી થશે.

ગિર—તમારા ઘરની ફજેતી થાય કે ગમે તેમ, પણ મારે તો મરવા વખત આવી છે.(પાછો જવા માંડેછે)

મોકુ-શેઠને અલ્યા ભૂલા, તું કાંઇ કહે; બોલ બોલ બોલ, નીકર હવે હું કૂવે પડવાનો હો. ઊભારાખ ઊભારાખ અલ્યા ઊભા રાખ.

ભૂલા—(બૂમ પાડીને)અરે ગિડધડદાસ ઊભા રહો ઊભા. આ છોકરો શું કહેછે?

ગિર—(પાછા આવીને)શું કહોછો? કહો મારે તો ઢોર ચોર એકઠાં કરવાં છે.

મોકુ—મારે બાઇ મર્યું તો મારૂં મર્યું,તમે શું કરવાને અકળાઓ છો?

ગિર—ત્યારે કહો, તમે લીધો છે!

મોકુ—(નીચું ઘાલીને)જે થવાનું તે થયું, એ વાત જવા દો.

ગિર—(શેઠને)શેઠજી, હવે મારે માથે છે કાંઇ? આ મારો ચોર ને આ તમારો માલ. પાધરેલ કરો હવે.

ભુલા—(મોકુના તરફ જોઇને) ઘડમાં આગ લાગીરે બાપ! મડ—મુડખા આ કડમ ક્યાં કુલ્યું?

મોકુ—છાનો રહેછે કે નહિ? હજુ ઘરની ફજેતી કરે છે? છાનો રહે અનો;મુવો તું.માલ ગયો તો મારો ગયો

તારે શું? તારા મુવા પછી મુખ્તિયાર હુંજ છું કની હવે તું કયાં લગી જીવવાનો છે?

વિદૂ—(એકદમ આવીને) शतं जीवःशरदा. धनं धान्यं पशुपुत्र लाभं शत संवत्सरं दीर्घमायुःस्वाहाः ઘણું જીવો, મહારાજ.

સૂત્ર—(વિદૂષકને) અલ્યા તું વળી વચમાં આ શું કરે છે?

વિદૂ—મોકુભાઇને અભિષેક. બુલાભાઇની ગાદીએ આજથી એ બેઠા. બુલાભાઇનું આવી રહ્યું. દોલત ઘણી છે તો ડાવ બે ઊડાવ.

સૂત્ર—આ વખત તારે વચ્ચે બોલવા જેવું નથી. એ બિચારાના જીવને ઘણો ખેદ થએલો છે માટે તું જા.

વિદૂ—લેને આ ચાલ્યા. બે પૈશા દક્ષિણાની આશાએ આવ્યા હતા તે નહિ મળે એજ કની! (જતો રહેછે).

ગુમાસ્તા—(શેઠને) લ્યો હવે શેઠજી બસ કરો. આ વાત બે કાનથી ચારકાને કર્યાંગાં માલ નથી. એટલેથીજ ઢાંકો. તમો કાંઇ ભુખે મરો તેવું નથી. (સર્વે વેરાઇ જાય છે)

પ્રવેશ ૧૧ મો.

બુલાભાઇ—ધૂળીવહુ—મોકુભાઇ—ચંદ્રભાગા—બુખણીઓ ને નમંદી.

સ્થળ—ચંદ્રભાગાનું ઘર તથા શેઠનું ઘર.

બુલા—(પોતાની સ્રીને) ડસડાટ પડમ અહાડે આવી, ટાડે કાલ વહુને તેડવા મોકલવું જોઇએ. હું જાનું છું જે બુખનીઆને ટથા નડગાડીને મોકલ્યા!

હોય ટો ઠીક કેમકે બઙના માનસ એટલે બડાબડ
સાચવીને રેડી લાવે.

ધુળી—હા ઠીકજ છે તો.

ભુલા—ટાઉ જમઠી વખટ મને સંભાડજે એ લોકોને વ-
ડથી આણી મેલીએ.

ધુળી—ઠીક.

મોકુ—(મનમાં) ઘણા દિવસથી ચંદ્રભાગાને ઘેર ગ-
યા નથી. આશરે બાર તેર દહાડા થયા હશે. ચાલો
આજતો જઇએ. ચંદ્રભાગાને ઘેર જાય છે)

ચંદ્ર—(મોકુને આવતો દેખીને) યાવે સરકાર. ફાર દી-
વસાની દૃષ્ટીસ પડેલ ને કાય? તબીયત કશી આહે?

મોકુ—તબીયત તો ચાંગલી છે; પણ કાય કરૂંયાર, પેલા
દાબડાચી ગોષ્ટ ઉઘાડી પડ ગઇ અને ફજેત ઝા-
લો તેથી શરમાઇ જઇને તે દહાડા પાસુન ઘરથી બા-
હેર નીઘાલો નથી. આતા તુજ શિવાય ન રહેવાય
તેથી આજ આલો.

ચંદ્ર—(દાગીનાની વાત ઊરાડી દેઇને) બરે કેલે સાહે-
બ, પણ સખ્યા, તુમચી બાઇ સાહેબા કડુન પત્ર
આલા હોતા ત્યાચા જવાબ લીહીલા કિંવા નાહિ?

મોકુ—ના, બરા ઝાલા તુમ્હી યાદ કેલા તે. કાલે અમચી
બાઇ સાહેબને તેડાવલા અમચે ઘર થકી ચાકર
માણુસે અમચે બાપ પાઠવીણાર આહે. આતા તે
રાંડ યાયચી.

ચંદ્ર—(મશ્કરીમાં) ચાકર માણુસે તુમચે બાપ (ચા-
કર માણુસ તમારા બાપ) પાઠવીણાર આહે તરી
તુમ્હી ત્યાં પત્રાચા જવાબ પાઠવિત નાહી? જરૂર
જવાબ લીહીલા પાહી જે.

મોકુ—લખવા પડે ખરૂં વારૂ? નીકર વાધંટ દીસલ ખરૂં?

ચંદ્ર—ત્યાંત સંશય કાય.

મોકુ—આણા તારે ફક્ત લેખણી ને કાગળ; પહેલ જ લખુ ઘણી કોણ જાતો? (કાગળ લખી તૈયાર કરે છે)

ચંદ્ર—કાં સરકાર, તૈયાર કેલા? બરાબર ગોડ લાગેલ અસે લાહિલે કિંવા નાહી? પાહા; પહીલાચ્ પ્રસંગ આહે મ્હાણુન બાધ બર્ણણ કરન તદબીરીને આપલા કામ કાઢુન ઘેતલા પાહીજે.

મોકુ—હાહા. નસાજ લાગીલા આહે. આતા તો મી જાતો. સકાળી જેવલો નહી તેથી આત્યારે રસોઇ થવાચી આહે. જાતો બરા કા.

ચંદ્ર—બરે; પણ આતા કહેવાંગી બિરાજ?

મોકુ—આતા તો મી આમદાવાદથી આલ્યા પછી તુમ્હાલા બાબ સાંગાયલા યેઉ જાતો. (જાય છે.)

જૂના—(મોકુને જોઇને) બાપ ચાલને. ગરટો પડી અને રસોઇ પણ ઠંડી થઇ ગઇ છે. બાહાંએ ટાડે માટે બેશી રહ્યાં છીએ.

મોકુ—હા ચાલો. (સર્વે જમવા બેસે છે).

બુગી—(શેઠને) તમારે કેલ: લોકને કહેવું હોય તો કહો કે એ ગામની ભેગી પરવારે.

જૂના—હાહા બાંકોવાટ. (સાંગે ટહાકીને) અલ્યા જૂખની-આ, નડઆડી, આગમ આવો

જુખ } (આવીને) હાંજી.શો હુકમ છે?
નંદુ }

જૂના—જુઓ, ટમો બન્ને જણાંએ કાલ સવારની ગાડીમાં અંકલાવ જાઇને સાસરે જવુ, અને એમની વહુને પડમ ડાહાડે અહિં ટેડી લાવવી. જુઓ પડમ ડાહાડે ડસડા છે ને ટે ડાહાડાનું મહુરટ છે

માટે ડાહ્યો ભાગવો નહીં અને વહુને સંભાળીને લાવજો હો. ખગડડાક!

પૂંજી—અરે તમે દ્હાડો ભાગો, પણ એનાં માબાપ કેમ મહુરત જવા દેશે.

ભૂખ—}
નર્મ—} વારેશ્યાગ વારૂ. કાંઇ ફકર રાખવી નહિ.

(જમી પરવારી સર્વ સૂઇ રહેછે.)

માકુ—(પોતાની મેડીએથી) ભાઇયા ભૂખણીઆ, એ ભૂખણીઆ.

ભૂખ—હાજી આવુંછું. (આવેછે.)

માકુ—લે આ કાગળ, તારી શેઠાણીને આપજે. જો કોઇ જાણે નહિ હો.

ભૂખ—(કાગળ લેઇને) કોને આપું? મારી શેઠાણીને? મારી શેઠાણી તો એ હેઠળ બેઠાં. લાવો એમને આપું.

માકુ—અરેભાઇ લેની, આમારી શેઠાણીને.

ભૂખ—હેં હેં! એઇ શેઠાણીને ત્યાં તમે નોકર રહ્યાસો બાઇ?

માકુ—ચબચબ, મજાક ન કર. લૈ આપજે વહુને.

ભૂખ—પણ તે કુની?

માકુ—કોની તે મારી. લે હવે થયું?

ભૂખ—તાણે બાઇસાહેબ ઇમ કહોની. હેંડો હવે તો આ-લશ. (જઇને સૂઇ રહેછે.)

પ્રવેશ ૧૨ મો.

મોતીચંદ—મણીકોર—હીરાલક્ષ્મી તથા ભૂખણીઆ ને નર્મદી.

સ્થળ—અમદાવાદ મોતીચંદનું ઘર.

મોતી—(મણીકોરને) સાંભળ્યું કે?

મણી--શું કહોછો?

મોતી—આજકાલ બુલાભાઇ તરફથી કોઇ આવવું જોઇએ ખરૂં, કેમકે દસરા તો આવી; પણ હવે આપણે તૈયારી કરી રાખવી જોઇએ.

મણી -મારે શી વાર છે? મેં તો છોકરીનાં લુગડાં લત્તાં વગેરે તમામ તૈયાર કરી બચકો સુધાં બાંધી મુકયો છે. આપણી કાંઇ વાર નથી. (બુખણીઆને તથા નર્મદીને જોઇને) આ લ્યો, વાત કરીએ છીએ તેજ થયું. હીરાબાઇને તેડાં આવી પહોચ્યાં.

બુખ—(ઘરમાં આવી મોતીચંદને) શેઠસાહેબ સલામ.

મોતી—સલામ. આવો બુખણજી આવી પહોચ્યા? ત્યાં સર્વે સુખમાં છે?

બુખ—હાજી આપને શેઠ જેગોપાર કહ્યાછે.

નર્મ—(મણીગૌરને) બા, આપને શેઠાણીએ જેશ્રીકૃષ્ણ કહ્યા છે.

મણી—વારૂ.

બુખ—(મોતીચંદને) સાબ આપનો આ કાગર છે તે લ્યો [આપેછે.)

મોતી—લાવો. (કાગળ લેઇ વાંચેછે.)

શ્રી.

સ્વસ્ટશ્રી અંડાવાડ માહાશુભસ્થાને પૂજવાડાવે અનેક સકવે ઉપમાજોગ શા શ્રી પાંચ શા. મોટીચંડ પડશુડાસ. એટાનશ્રી વડોડરેથી લી. શા બુલાભાઇ ગડગડડાસના જેગોપાડ વાંચવા. જટ અટરે કુસડ છે, ટમાડી કુસડટ્યાના કાગડ લખવા. બીજું સમાચાડ એક લીછજો જે ચડનજીની હીડાલખમીને તેડવા સારૂ અટરેથી આકડ બુખનીઆને ટથા બાઇ નડબડીને મોકલ્યાંછે ગાટ આસો સુડ ડસમને ડાહાડે હીડાલખમીને ટેગની

સાહેબકાય કરવાં એજ લખવાનું કામકાજ લખજો જોઈતું કરતું મંગાવજો. સંવત ૧૯૨૪ ના આસોસુદ ૮

મણી—(કાગળ સાંભળી રહ્યા પછી ભૂખણીઆને) જાઓ મેડા ઉપર લૂગડાં બગડાં ઉતારી આરામ લ્યો. હમણાં જમવાની વખત થાય છે.

ભૂખ—ઠીક શાબ (મેડા ઉપર જતાં, ત્યાં હીરાલક્ષ્મીને દેખીને) શેઠાણી શાબ ચાલો હવે તૈયાર થાઓ. આવ્યા છીએ.

હીરા—હા. આપણે તો તૈયાર છીએ, (કાગળ લાવ્યા છો એવું કહેવાનું છે પણ શરમને લીધે) પણ કાંઇ.

ભૂખ—શરમાઓ છો શું કરવા? લો આ કાગળ. અમારા શેઠજીએ આપ્યો છે.

હીરા—(હસીને) લાવો. (કાગળ લેઇ વાંચે છે.)

શ્રી

“સંવત શ્રી અમદાવાદ મહાશુભસ્થાને પૂજ્યારાધ્ય અનેક શરવે ઉપમાજોગ બાઇ શ્રી પાંચ, બાઇહીરાલક્ષ્મી. એતાન શ્રીવડોદરેથીલા૦ પતિ માણેકલાલ ભૂખણના જેગોપાળ વાંચજો. જત અતરે ક્ષેમકુશળ છે. તમારી ક્ષેમકુશળીના કાગળ આવ્યા તે પહોંચ્યા છે. બીજું સમાચાર એક પીછજો જે અમારા ચાકર ભૂખણીઆને તથા બાઇ નરબદીને આજ મોકલ્યા છે તેમની સાથે વહેલા પધારજો. બીજું તમે લખ્યુંતું તેના કરતાં તમે અમને બહુ વહાલા લાગો છો. જોઇતું કરતું મંગાવજો ને કામ કાજ લખજો. બાળ ગોપાળને અમારા જે ગોપાળ કહેવા.

દોહરો. (જૂનો)

કાગળ જે તમારો. હતો બહુજ મોટો
તેવું તો ન આવડે, પણ તમે બહુ વહાલા છો.

એજ લખવાનું. સંવત ૧૯૨૪ના આસો સુદી ૮

હીરા—(કાગળ વાંચી રહી મનમાં) અરે પરમાત્મા! હે જુગદીશ! આ શી ગજબની ગોળીઓ. આતે કાગળ કે વિપરીત? પૂજ્યાપરાધે શું? તેવે ઉપમાજોગ શું? વળી જોગોરૂળ વાંચજો, બાપા શ્રી બાપ. તમે હાહારાં લાગો છો, બાહુ વહાલાં છો. અને તું શું કહેવાય? તમો તમો હોશો તો સર્વે ઉપમા જોગ છે. આ શો અંધકાર? અરે! પણ આ કાગળ પ્રાણનાથના હાથનો લખેલો હશે કે નહિ? ઘણું કરીને હોય તો નહિ; કેમકે અક્ષર તો શ્રી બાઉ ભાઈના જેવાજ છે. વારુ, એમણે મારી મશ્કરીનો નહિ કરી હોય? ના ના આવી મશ્કરી તે કોણ કરે? હશે તો સાચું. દયાળુ ભગવાન! પણ મારી શી વલે થશે? હર હર હર હર! હવે હું શું કરું? ક્યાં જાઉં? હે પ્રભુ! હે જગદીશ! હે કૃપાનિધાન! હું રંક અબળા ઉપર આવડો શો જુલમ! મેં તે શો અપરાધ કર્યો હશે? શિવ શિવ શિવ! (આંખમાં આંસુ ભરાઇ આવે છે)

ચાલ લાવણીની

જય દીન બંધુ કરૂણા સિંધુ, નિંદું હું તુજ કયમ કરી
શા અપરાધે કરિં ન લાગે, તો શા માટે [illegible] હરી? ૧
આશા મોટી કીધી ખોટી. શું કહું તુજને ફરી ફરી?
હવે શું થાશે કેમ રહેવાશે? ખેર ન સુજે મારે ખરી. ૨
તું પરમાત્મા તું જગદાત્મા, તું સર્વાત્મા [illegible] વરચો;
આ શું કીધું દુઃખજ દીધું, લાખું સુખ પણ ખાઈ જશો? ૩
દુઃખનો હર્તા સુખનો ભર્તા, કર્તા સારા કામ તણો;
તે સહુ ટાળી [illegible] બાળી, મુજ પર કીધો જુલમ ઘણો. ૪
રહું છું બીહીતી કાંઈ ભ્રાન્તિથી ને રસ્તે હું ના ચાલું;

ચાલી ધર્મે કહું છું શર્મે, કૂડું કર્મ નથી વહાલું. ૫
નિયમો તારા લાગે સારા, પણ આ વાતે કહું ખોટા;
શું જાણીને રીસાણી ને,તેં કીધા ગડબડ ગોટા. ૬
વગર તપાસે લૌકિક ત્રાસે, ગા બાપે મારો માથે;
તારે હસવું મારે વસવું, આણુ ગમતા સ્વામિ સાથે. ૭
ઘટે ન તુજને દમવું મુજને, કહું છું પ્રિતે કરજોડી;
હે મહારાજા રાજ ધીરાજા, રહેમ નજર રાખો થોડી. ૮
લે સાંભળી દુઃખડાં ટાળી, બાળી હું અબળા સામું;
ગરિબ નિવાજ લાજ મુજ રાખો, ચરણ કમળ મુસ્તક
નામું. ૯
શર્ણે રહુંછું દીન થઇ કહુંછું, જાણું અંતે સહાય થશો;
પણ શા વાંકે આડે આંકે, હું અબળા પર કેર કર્યો?૧૦
(વળી હૈયું વધારે વધારે ભરાઇ આવે છે તેથી.)
કેર મુજ ઉપર કીધોરે, મુને કેમ દંડજ દીધો?
વહાલાં તમારો વિનાશ થજો, વળી ગોરનો જાજો વંશ;
હું અબળાપર શે અપરાધે, ક્યારનો કહાડીયો ડંસ?
કેર મુજ ઉપર.૧
જાણુતી હું જે પ્રભુ સુખ ભર્તા, હર્તા સકળ પરીતાપ;
આજ થકી કહું તું દુઃખ કર્તા,ધિક્ક જગતના બાપ.
કેર મુજ ઉપર. ૨
દ્રવ્યને ધાઇને કુળવંત ચાળી ને, નાંખેછે પુત્રીને જેહ;
એવો રીવાજ હિંદુજન મધ્યે,નિર્મુળ થાજોજ તેહ.
કેર મુજ ઉપર. ૩
મનમાં હું ધારતી સુખ સંભારતી,આરતી મારેરા મોજ;
તે સહુ ઉપર વેઠ વળી હવે, થાશે બલેરોજ તાજ.
કેર મુજ ઉપર ૪
શા અપરાધ કર્યા પ્રભુ તારા, જેથી ભીનાર્યો તેં મહેર;
વેરી થકી પણ વસમુંજ કીધું,શું હતું મુજશું વેર?

કેર મુજ ઉપર. ૫

મન ગમતાની સાથેજ રમવા, દિલમાં હતી બહુ હોડ;
મનના મનોરથ મનમાં રહ્યા, આતો ભાગી પડી મારી જોડ.
કેર મુજ ઉપર. ૬

વ્યર્થ ગયો જનમારોજ મારો, અન્ય નથીરે ઉપાય;
નાતરિયાંની આ નાત નથી જે, બદલીને બીજો થાય.
કેર મુજ ઉપર. ૭

ઓ દીનાનાથ તેં કેમ ઉરાડી, અસલી સ્વયંવર રીત;
સંતતી સંપતી દેખીને દેવી. એતો મહા વીપરીત.
કેર મુજ ઉપર. ૮

વાત કર્યાનો વિસામો રહ્યો નહિ, ચો દીશ લાગી લ્હાય;
ક્યાં રહું ક્યાં જઊં ક્યાં હું સમાઊં, અરર અરર હાય-
હાય. કેર મુજ ઉપર. ૯

હિમ્મત રાખે સહુ સુખ થાશે, નિરાશે નથી કાંઈ પેર;
જગ કર્તાને ગમે તે ખરૂં પણ, નિશ્ચે જવું કાળ પેર.
કેર મુજ ઉપર. ૧૦

(ભાન આવ્યાથી) અરે! આ શું હું બકું છું. જગ-તકર્ત્તાનો હું ખોટો દોષ દઉછું. પ્રથમથીજ મેં તપાસ કરવામાં વિશ્વાસ રાખ્યો તેમ બાપે પણ સ્વાર્થી ગોરનું માન્યું, તો હવે મારાં ભાગ્યાં મારે ભોગવવાંજ જોઈએ, પણ હે પરમાત્મા મને તું સહાય કરજે અને હમેશ સુબુદ્ધિ આપી મારી સંભાળ લેજે. હવે થવાનું હશે તે થશે પણ હાલે કાંઈ ગમ વિના આલવાનું છે? (એટલામાં મણીકોરને આવતી દેખી સાવધ થાય છે.)

મણી—એકલી અહીં બેઠી શો વિચાર કરે છે? અને મ્હોઢું પણ કેમ લેવાઈ ગયું છે?

હીરા—ના બા; કાંઈ નહિ.

મણી—ચાલ બહેન, તારા બાપ વર્ણું કરવા બેસી ગયા છે.

હીરા—હા બા, આવી. (ઉઠીને મોઢું સાફ કરવા બેસે છે.)

મોતી—(હીરાલક્ષ્મીને) બેટા, તું તો હવે સવારથી પરઘરની થવાની કે?

હીરા—(શરમાઈ જઈ નીચું ભાળે છે.)

મોતી—બાપુ, ડાહી થજે, ને [illegible] જાળવતી રહેજે; વળી તારા [illegible] સાર્થક કરી [illegible] કરીશ નહિ. તું છે તો ડાહી, પણ [illegible] ધર્મ છે એટલે કહ્યા વગર ચાલતું નથી. ([illegible]ને) કેમ? તમ તો સવારે ચાડી [illegible] કરી?

મણી—હોવે. [illegible] દીકરી [illegible] ને ઘર આગળ કેમ [illegible]? અરે! એ બહેન વિના એકલાં રહેવું પડશે. (આંખમાં આંસુ આવી જાય છે.)

મોતી—એમ કરે શું થાય? દીકરી [illegible] પારકીજ તો. હશે પરમેશ્વર એને [illegible] રાખે અને સુખ પામે એટલે બસ છે.

મણી—એ તો [illegible] છે; પણ [illegible] સાથી મારી [illegible] હજી [illegible] કરી નથી તેને [illegible] પડશે. અરેરે! શું [illegible] મને જ્યારે [illegible] ત્યાં કોણ જાણે કેવું એ હશે? [illegible] છે. હાય હાય! જો એમજ હશે તો [illegible] શું કીધું? કાલ જવાનું સાંભળ્યું [illegible] થઈ ગઈ છે કે એના મોં [illegible] નથી. હમણાં એને હું [illegible] ગઈ ત્યાં કોણ

જાણે શાએ વિચાર કરતી હતી ને મ્હોડું પણ છેક લે-વાઈ ગયું હતું. આતો હમણાં તમે બેઠા છો તેમાં; બીજી હોય તો ઊંચાકું પડે પણ આતો ડાહી છે એટલે મનનું મનમાંજ સમાવે છે તેથી કાંઈ જણાઈ આવતું નથી.

મોતી—કાંઈ ફિકર નહિ. ઈશ્વર સારાં વાનાં કરશે. પણ વહેલાં ઊઠવું પડશે માટે હવે સૂઈ રહો. (સર્વે સુઈ રહે છે.)

પ્રવેશ ૧૩મો.

મણીકાર અને હીરલક્ષ્મી.

સ્થળ—રેલવે સ્ટેશન.

મણી—(હીરાલક્ષ્મી ગાડીમાં બેઠા બારી પાસે ઊભી રહીને) બાપુડી, શું કહું છું? ડાહી થજે હો; અને કાગળ લખવાનું આળસ રાખીશ નહિ. તેને મેં મારી નજર આગળથી કોઈ દિવસ ઘણું ભર વેગળી ખસેડી નથી એમ છતાં આજ હું મારે હાથેજ તને વિદાય કરૂં છું. શું કરૂં બેટા, આપણી આ જાતનો અવતાર છે એટલે છૂટકો નથી પણ બહેન (રડાઈ જવાય છે તેથી રોતાં રોતાં.)

શાણી થઈને રહીએ સાસરાના વાસમાં જો;
શાણી થઈને રહીએ. ટે

સુખી સરખ સરલ સહુનું કાજ કીજીએ જો,
કોઈ કામનો ન કાંઈ વાદ લીજીએ જો.
શાણી થઈને રહીએ. ૧

નહી વાત કરો દાસથી એકાંતમાં જો,
હેત ઘટે તો પડેજ કોઈ ખાંચામાં જો.
શાણી થઈને રહીએ. ૨

બીના કામ ખામ પારકે ન પેશવું જો,
પરવારી નિ[1]જ મંદીરેજ બેસવું જો.
શાણાં થઈને રહીએ. ૩

ઘણું હસવા કેરી ટેવ તો ન રાખીએ જો,
સમો જોઈને વિચારી વાણી ભાખિએ[2] જો.
શાણાં થઈને રહીએ. ૪

ગમે જેને જેવું તેવું તે શું બોલીએ જો,
બોલ બોલતાં પ્રથમથીજ તોળીએ જો.
શાણાં થઈને રહીએ. ૫

મિ[3]તાહાર સા[4]ર છે ઘણો આ જાતને જો,
રહિયે જ્યાં ત્યાં ન કોઈશું વેર કીજીએ જો.
શાણાં થઈને રહીએ. ૬

રાખો ટેવ ઊઠવાની પ્રાતઃ કાળમાં જો,
દી[5]સે લ[6]શ ઉંઘવામાં વખત ગાળમાં જો.
શાણાં થઈને રહીએ ૭

આરસ પરસ કોની કીજીએ ના વાતડી જો,
નહી દાખ[7]વી ઉઘાડી જરા જાતડી જો.
શાણાં થઈને રહીએ ૮

રહિએ જ્યાંહ ત્યાં ન કોઈશું વેર કીજીએ જો,
હાજી મોહનીથી વશજ કરી લીજીએ જો.
શાણાં થઈને રહીએ. ૯

મધ્યે ના બોલીએ કરેજ વાત બે જણા જો,
બાર જાય થાય લાજ તેમાં આપણા જો.
શાણાં થઈને રહીએ. ૧૦

પડે કષ્ટ કાંઈ તોય તે રહેવું ખમી જો,
સદા ચાલવું સ્વામિ નને નમિ નમિજો.

---

૧ પોતાનું. ૨ બોલીએ. ૩ થોડુંજમવું. ૪ સારૂં. ૫ દહાડે. ૬ જરા. ૭ બતાવવી.

શાણી થઇને રહીએ. ૧૧

જેવું કામ તેની વરી મુજબ ચાલીએ જો,
ધણીલાજ મરજાદ શીળ પાળીએ જો.

શાણી થઇને રહીએ. ૧૨

બેટા, આ મારી શીખામણ થોડી ઘણી યાદ રાખજે હો. પ્રસંગે ઘણા ઉપયોગના છે. તું ઘણી ડાહી છે એટલે મારે વધારે કહેવાની કાંઇ જરૂર નથી, પણ મારો માનો ધર્મ છે અને તને સુખી જોઇને તથા તારી સુકીર્તિ સાંભળીને મારૂં મન ઠરવાનું તેથી ફરીને કહું છું. બેટા, મેં તને ઉપર જે હિતનાં વચન કહ્યાં તે સર્વ યાદ રાખવા લાયક તો છે, પણ તેમાંની ત્રણ વાતો તો ઘણીજ યાદ રાખજે અને તે પ્રમાણે ચાલજે એટલે ઘણું કરીને તું આનંદમાંજ રહીશ. હું જ્યારે વૃદ્ધચાણાક્ય શીખતી હતી ત્યારે તેમાનાં કેટલાંએક સંસારોપયોગી વચનો મારા વાંચવામાં આવેલા તે હજુ પણ મને યાદ છે તે કહુંછું, સાંભળ. સ્વામી ભક્તિ, મધુર ભાશણ, પરગ્રહ પ્રવેશ નહિ; એ ત્રણે બાબતો મુખ્ય છે. તેમાં વળી આપણ સ્ત્રી જાતને સ્વામી ભક્તિ ઘણી મહત્વવાન છે. કહ્યું છે કે,

पतेराज्ञां विना नारी, उपोष्य व्रत चारिणी।
आयुष्यं हरते भर्तुःसानारी नरकं व्रजेत्॥

બેટા, એનો અર્થ કહું તે સાંભળ. પતિની આજ્ઞા વગર જે સ્ત્રી અપવાસ કરીને વ્રતનું આચરણ કરેછે, તે તેના ધણીના આવરદાનું હરણ કરેછે; અને પોતે પણ નરકમાં જાય છે. વળી બીજું પણ છે તે સાંભળ.

नदानैःशुद्ध्यते नारी,नोपवासशतैरपि।

नरीर्थसेवया तद्वत्, भर्तुःपादोदकैर्यथा॥

અર્થ—જે સ્ત્રી પોતાના વરના પગ પખાળીને તે પાણી પીને પવિત્ર થાય છે તેટલી તીર્થ, દાન, અપવાસ વગેરે કર્યાથી થતી નથી. મારે કહેવાનું તાત્પર્ય એટલુંજ છે કે સ્ત્રીના સર્વ સુખનો આધાર તેનો સ્વામી છે; માટે જે કાંઇ કરવું તે તેની મરજી સાચવીને કરવું, મરજી બહાર જવું નહિ અને કોઇ દિવસ કંકાસ કરવો નહિ એટલે સદા કાળ સુખમાંજ રહીશું. જો એક ઠેકાણે કેવું કહેલું છે તે સાંભળ.

દોહા.

સુગંધા¹ અતિશ લક્ષણી, સુંદર ચતુર અનૂપ
પતિ સેવા અનુકુળ નહીં તો) જાણજો તેનું રૂપ. ૧
આંધો પંગો રોગીઓ, વ્યસની પાપી કામિ
શક્ર² સમાન સતિ ગણે, જે પોતાના સ્વામિ. ૨

વળી બહેન, એ સિવાય [illegible] એ પણ સુખમાં રહેવાનું એક મોટું સાધન છે. મધુરતાથી સર્વજણ વશ થાય છે. મધુર બોલનારને કોઇ સાથે વેર થતું નથી, એટલે તે જ્યાં રહે છે ત્યાં સર્વ સાથે આણંદમાં દિવસ નિર્ગમન કરે છે. કહ્યું છે કે

कोहिभारःसमर्थानां, किंदूरंव्यवसायिनां॥
कोविदेशःसविद्यानां,कःपरःप्रियवादिनां॥

અર્થ—સમર્થને કોઇ ભાર ઉપાડવાને અશક્ય નથી. વેહપારીને કોઇપણ વસ્તુ આઘી નથી, વિદ્વાન માણસને કોઇપણ દેશ પરદેશ નથી અને મીઠું બોલનારને કોઇપણ શત્રુ નથી. માટે બેહેન, જ્યાં

---

૧ સુવાસની સ્ત્રી—૨ સ્વર્ગના સ્વામિ રાજા ઇંદ્ર.

રહેવું ત્યાં બોલવામાં મધુરતા રાખવી. શત્રુને પણ તુંકારો કરીશ નહિ. એમ કર્યાથી સર્વને પ્રિય લાગીશ અને સર્વ તારા ઉપર ચાહના કરશે. હે બહેન, આપણા શીળવ્રતને હમેશાં નિષ્કલંક રાખવાનો રસ્તો એ છે કે વગર કારણે પારકા ઘરમાં જવું નહિ. પોતાનાજ ઘરમાં રહી જે ઘર ધંધો હોય તે કરવો અને ફુરસદની વેળાએ નીતિના ગ્રંથો વગેરે મહાન પુરૂષોનાં વચનો વાંચી કાળ ક્રમણ કરવો, પણ પારકે ઘેર તડાકા મારવા સારૂ જવું નહિ; કારણ કે તેમ કરવાથી વખતે માથે અપવાદ આવી જાય છે ને તેમાંથી આગળે નાશ પામવાનો વખત આવે છે. તે ઉપર પણ કહ્યું છે કે.

नदी तीरे चये वृक्षा, परगृहेषु कामिनी ॥
मंत्री हीनाश्च राजानो, शीघ्रं नष्यंत्यसंशयं ॥

અર્થ—નદીના કિનારાનાં ઝાડ, પ્રધાન વગરનો રાજા, અને પારકે ઘેર જનારી સ્ત્રી, એટલાં વાનાં જલદીથી નાશ પામે છે એમાં સંશય નથી. માટે બેટા પારકે ઘેર જવાનો ત્યાગ કરવો. અર્થાત જે ઘેર હરરોજ કજીઆ કંકાસ થયા કરે, લોકોની નિંદા અને વહેમની વાતો ચાલ્યાં કરે તે ઘેર કદી જવું નહિ. પરંતુ જેમને ઘેર સંસારોપયોગી નીતિ કે વિદ્યા સંબંધી જ્ઞાન મળે તેવાઓને ઘેર જવામાં જરાએ બાધ નથી.

રેલવેગાર્ડ—(ગાડી ચાલવાનો વખત થવા આવ્યો એટલે) હટો હટો; (મણીકોરને વેગળી ખશેડી મૂકે છે.)

મણી—(મનમાં) મૂવો રડયો. (વેગળી ઊભી આંખનાં આંસુ લુવે છે.)

હીરા—(સ્ટેશન ઉપરના ઘડિઆળ તરફ જોઇને મનમાં)

અહો! ગાડી આવવાને હજુ તો આઠ મિનિટ બાકી છે, ને અમથી નાડી માને આશરો મૂકી (મણીકોરને) બા! બા! આવને હજુ તો વાર છે.

મણી—(પાસે આવીને) કહે બેટા શું કહે છે?

હીરા— ના બા કહેવાનું તો કાંઇ નથી, પણ હવે તું શું કરવા ઓટી થાય છે? હું તો હવે જાઇશ મારી બેને. મારી મને વિસારીજ નહિ હો. ને કાગળ લખવાને તું પણ ચૂકીશ નહિ. (રડાઇ જવાય છે.)

માતરે; હાવાં ધાર ધરો ચેર પાછાં ફરો. મારી માતરે
ટેક.

માતાજી મારી સદા સુખકારી, પ્યારી લાગેછે શીખામણ તારી. માતરે ૧

ડગ ભરતાં જીવ બહુ કચવાએ, તુજને છોડી હાવાં કેમ જવાએ. માતરે ૨

પૂઠ દેખાડંતાં દિલમાં ન ભાવે, ગુણ તારા ઘણા યાદજ આવે. માતરે ૩

તુજ વણ કો મુને શીખજ દેશે, મધુર વચન વીધાણી કોણ કહેશે? માતરે ૪

પડશે જો દુઃખ તો તે કેમ સહીશું; તારાવિના કો આગળ જઇ કહીશું? માતરે ૫

સર્વે ખરા પણ નહિ તુજતોલે, અંતરનો ભેદ કોઇ ન ખોલે. માતરે ૬

ના કરવાનું કદી હઠે કીધું, કોઇદીન તેં મનમાં નથી લીધું. માતરે ૭

પુત્રી છું તારી અનાથ હું રાંક, તારી માયાથી વળે આડો આંક. માતરે ૮

મમતા ને માયા તારી તે સંભારી, તનમનથી જાઉં તુજ-

પર વારી. માતરે ૯

કરજો ક્ષમા હોય જે અપરાધ; હોય કીધા તારી મરજીથા
બાધ. માતરે ૧૦

વિનંતી મારી માત હૃદયમાં ધરીને; સુખથી પધારો
હવે ઘેર ફરીને. માતરે ૧૧

(ગાડી ચાલવા માંડેછે એટલે) બાઈ; જાઉંછું હો. મારા બાપાને મારો પ્રણામ કહેજો. (ગાડી જાયછે ને મણિકોર ઘેર આવેછે.)

અંક ૪ થો.

પાત્ર.

જુલાબાઈ..........................વડોદરાનો એક શેઠ.

ધૂળીવહુ.......................... તેની સ્ત્રી.

મોકુભાઈ અથવા માણેકલાલ..........તેનો છોકરો.

અક્કડચંદ ફક્કડચંદ...................તેના દોસ્તદારો.

જૂખણીઓ.............................શેઠનો ચાકર.

તીસમારખાં.............. શેઠના સિપાઈઓનો જમાદાર.

નર્મદી.................................... શેઠાણીની દાસી.

કરશનશંકર............................શેઠનો રસોઈઓ.

ચંદ્રમલ.......એક મારવાડી, મોકુભાઈની મંડળીમાંનો.

શીપાઈ.............એક પોલીસનો પટાવાળો સિપાઈ.

તેજકોર.............. ....શેઠાણીની પાડોશણ.

હીરજીસા..............................શેઠનો પાડોસી.

ચંદ્રભાગા..............................એક નાટકશાળા.

જડયાજી..............................તેનો ગાડીવાન.

મોતીચંદ..અમદાવાદનો એક શાહુકાર જુલાબાઈનો વહેવાઈ..........................

મણીકોર.............................. તેની સ્ત્રી.

હીરાલક્ષ્મી.............તેની છોડી મોકુભાઈની સ્ત્રી.

કેવળીઓ..........................મોતીચંદનો ચાકર.

દીનોધાર...................એક તપસ્વી યોગીરાજ

રામચરણદાસ..................તેનો મુખ્ય શિષ્ય.

ગોસાઈઓ...................ઝંડના બીજા ગોસાઈ લોકો.

સૂત્રધાર.................................નાટક કરનાર.

વિદૂષક.........................તેનો સોબતી (મશકરો.

સૂત્ર—(સભા વચ્ચે આવીને) સુજ્ઞ સભાસદો! અવિદ્વાન

માબાપોના છોકરા કેવાં દુરાચરણી નીપજી કુમાર્ગે ચઢેછે અને વિદ્યાના પ્રકાશ સિવાય તેની બુદ્ધિ પણ કેવી જડ હોયછે એ વગેરેની ગયા આંકમાં રચેલી નકલ ઉપરથી સર્વ સાહેબોને માહીતી થઈ હશે. હવે એવા માણસના હાથથી કેવાં કેવાં ન કરવાનાં કામો થાયછે તે વિષેનો નમુનો કરી બતાવવામાં આવશે.

વિદૂ—સબર, સબર, સબર.

સૂત્ર—(વિદૂષકને) શું છે ભાઈ! વળી તારા ભાગનું શું બાકી છે?

વિદૂ—જો ભાઈ એકતો અમલ પાણી ઊતરી જવાથી ઢીલાઢચ્ચ થઈ ગયા છીએ ને રાત્ર પણ મધ્ય જવાથી આંખમાં બહેરાં આવી રહ્યાં છે. કદાપિ એ તો બધુંએ નભાવી લઈએ પણ તમારી વિદૂષકાગીરી સાંભરી આવ્યાથી એકદમ જીવ ઊંચો થઈ આવ્યો છે તેથી કાંઈ સૂજ પડતી નથી.

સૂત્ર—એટલું બધું શું છે જે?

વિદૂ—તમારો સોર બહારથતો સાંભળીને એકદમ દોડતો આવી પહોરચો તેથી એને સૂવાડવા પણ રહ્યો નથી. એમને એમ એક ટોપલા તળે ઢાંકીને આવતો રહ્યો છું. બિચારી ભૂખને લીધે ટાઉ ટાઉ કરતી હશે માટે જરા જઈ આવું.

સૂત્ર—અરે યાર તારે તો જ્યારે ત્યારે મશ્કરીની વાત. આ વખતે જવાતું હશે? ખરી મઝા તો હવે આવનારછે એટલે તારા વિના ઠીક ના પડે. એક દહાડો ભૂખી રહેશે ત્યારે કેમ થઈ જવાનું છે? અમલ પાણી ઊતર્યાં હોય તો લે આપું છું. પછી કાંઈ? દાબડીમાંથી અફીણ કહાડી આપે છે.)

વિદૂ—ઠીક ત્યારે એમ કરો. રાંડ મહીનાની એ લોક અગિયારસો કરે છે તે આજનીજ આડથી અગીઆરસ ભજરે ભણી આવતે મહીને ફેર કરાવીશું. (સૂત્રધારને) બાપ તારૂં બોલ્યું પૂરવ થયો; ઊઠ ચાલવા દે.

સૂત્ર—ઠીક ત્યારે (ધર કરેછે.)

પ્રવેશ ૧લો.

જૂનાભાઇ—ધૂળીવહુ—માકુભાઇ તથા હીરાલક્ષ્મી.

સ્થળ—વડોદરા શેઠનું ઘર.

હીરા—(ઘરમાં આવી ધૂળીવહુને) સાહેબજી, તમને પ્રણામ કરૂં છું. (પગે લાગે છે) મારી બાએ તમને ઘણું કરીને બોલાવ્યાં છે.

ધૂળી—વારૂ એ સારાં છે? અને તુએ સારી છું?

હીરા—હા તમારી કૃપાએ કરીને. (જૂનાભાઇ પાસે જઇને) સસરાજી, વંદન કરૂં છું (પગેલાગીને) મારા બાપાએ આપને પ્રણામ કહ્યો છે.

જૂના—(હીરાલક્ષ્મીને માથે હાથ મૂકીને) હાકુ બાપ, કુશળ છો? હાકા છું? અને થારા બાપ હાકા છે?

હીરા—હા.

માકુ—(મેડેથી આ બધું જોઇને મનમાં) અરે રાંડ શા ભાટડા વહ્યા કરે છે? રાંડને લાજ નહિ, શરમ નહિ. સસરાની લાજતો ક્યાંથી કરે પણ ઊલટી પાસે જઇ પગે લાગે છે. વારૂ ઠીકજ છે.

ધૂળી—(હીરાલક્ષ્મીને) જાઓ મેડા ઉપર આસડા પાટલી મૂકો. હવે એ મેડો તમારોજ બેઠક ઊઠકનો છે

હીરા—બહુ સારૂં જા. (મેડા ઉપર જાય છે ત્યાં માકુ-ભાઈને જોઈને, પ્રાણપતિ આ દાસીનો શિર-સાષ્ટાંગ દંડવત છે. (લાંબી થઇ પગે લાગીને) આપનું શરીર સારૂં છે?

માકુ—હા ભગતાણીજી, શરીર સારૂં છે. તમે આવી પહોંચ્યાં?

હીરા—(મનમાં કચવાઈને) સ્વામીનાથ! આવું બોલવું ઘટતું નથી. હું ભગતાણી શાની? હું ભક્તિ માર્ગમાં કાંઈ જાણતી નથી. હું તો આપનીજ સેવા ચાકરીમાં તત્પર છું.

માકુ—એમ કેમ? જે માણસ પરમેશ્વરની ભક્તિ કરે છે તેને ભગત કહીએ છીએ ને તે જો બાયડી હોય તો તે ભગતાણી કહેવાય છે. તું એ બાયડી છે અને સાસૂ સસરાને તથા મને પગે લાગીને જેમ ભગત ભજનમાં બોલે છે તેમ તું પણ બોલે છે ત્યારે તું ભગતાણી ખરી કે નહિ? અમે કાંઈ જૂઠું બોલતા નથી.

હીરા—પ્રાણપતિ, આવું બોલવું આપને ઉચિત નથી. સાસૂ સસરાને પગે લાગવા હું યોગ્ય છું માટે પગે લાગી અને આપ તો મારા સ્વામીજ છો એટલે જેટલું ન કરૂં તેટલું કમી છે.

માકુ—અલચલ ટકટક ન કર. આવી ત્યારની ડહાપણ વઘા શું કરે છે? અળ દૂર રહે. તું જાણે કે હું ડાહેલું ડાહેલું બોલીને મ્હોડે ચઢી વાગું પણ અમારા ઘેર આગળ એ નભવાનું નથી. તમાચા બે મારીશ. અળ દૂર રહે.

હીરા—પ્રાણનાથ, હું મ્હોડે ચઢવા માગતી નથી. હું તો આપને આધીન રહી આપની સેવામાં રહેવા

માગું છું. મારા ઉપર ગુસ્સે શું કરવા થાઓ છો.
(નજીક જવા માંડેછે)

માકુ—દૂર રહે દૂર, ગધેડી, બબલપ શું કરેછે; જરા મિ-
જાજતો ઓળખ. (હીરાલક્ષ્મીને ધક્કો મારી જમીન
ઉપર પાડી નાખે છે)

હીરા—(પડી પડી) સ્વામીનાથ, આ શું કર્યાછો? આપને
આમ કરવું યોગ્ય છે.

માકુ—ચૂપ રહે ગુલામડી. વળી મને ધમકાવે છે કે?
જા તારી પાસે ઉભા શું રહેવું.(જતો રહે છે).

હીરા—(મનમાં) અરે દેવ! આ કર્મની ગતી હવે કોને
કહું. એમને તો મારૂં મ્હોએ ગમતું નથી ત્યારે
મારી સાથે હવે હશીને બોલે એતો આશાજ શાની?
હવે તો જ્યાં ત્યાં પેટ ભરીને દહાડા કહાડવાનાછે.
બાળ્યો મારો અવતાર પણ અરેરે! હું જરા ધાટો
કહાડીને બોલી તેમાં એમને ઓછું લાગવાથી જતા
રહ્યા. અરેરે! મારાથી એમ બોલાયું? ધિક્કાર છે
મારા અવતારને.(નીચે અવાજ થાય છે)વહુ, વહુ,
નીચે આવ.

હીરા—અરે! જેવામાં સાસુજી બોલાવે છે જો. (નીચે
જઈને ધૂળીવહુને)સાસુજી, મને હાક પાડી આપે?
શી આજ્ઞા છે?

ધૂળી—આજ્ઞા બાજ્ઞા તો હું કાંઈ સમજતી નથી; એ તો
તારી માએ તને શીખવાડ્યું હોય તે તું જાણે. અં-
હિંયાં તો બોલવું હોય તો પાંશરી રીતે બોલ પણ
મેં તને ઉપર મોકલી તે બેશી રહેવા મોકલી ના-
થી; મારે અહિંતો કામ કરવાનું છે બાપા. અહિંયા
કાંઈ તારા બાપના ઘરની પેઠે નથી કે હુતો હુતી ને
તું ત્રણજ, એટલે એકલો ચાકર કામ કરે તોપણ

નભે. મારે અહિં તો એકલા ચાકરથી નભે એવું નથી. કામ તો કરવું પડશે, પરવડે તો રહો નીકર આ રસ્તો.

હીરા— સાસૂજી તમે અકળાઓ છો શું કરવા. હું આવી છું એટલે કોઇ પણ કામને તમારે હાથે અડાડવાની જરૂર નથી; ફકત તમે તો બેઠે બેઠે સુખરૂપ મને જે કામ હોય તે બતાવતાં જાઓ એટલે હું મારી મેળે તે કરે જઇશ.

ધૂળી—ઠીક ઠીક; રોજગાર તો સારો. તું કામ કરે અને હું તારી પાછળ બતાવવાને ફરૂં, વાહવા વાહવા!!

હીરા— ના બા મારા કહેવાનો ભાવાર્થ એવો નથી કે તમે રોજ મારી જોડે ફરો, પણ હાલ હું અજાણી છું. માટે એક બે દિવસ મને કામ કાજથી ભોમીઆણ કરો એટલે પછી હું મારી મેળે કરીશ.

ધૂળી—હાં, ત્યારે એમ કહેની. હવે કહ્યું તે ખરૂં. (કામે લાગે છે.)

હીરા—(મનમાં) મારે તો બધુંએ સામટુંજ મળયું દેખાય છે.

દોહા.

વૃશ્ચિક[1] કરડે શીશપર, ડસેજ પંનગ[2] પાય;
તસ્કર[3] લુંટી લે વળી, અંગે મારે ઘાય; ૧
વહની[4] પ્રગટયો ઘર વિષે, મારૂત[5] વળતો વાય;
એમજ આ દુખ સામટાં, મળ્યાં હવે કેમ થાય. ૨

હશે; હવેતો જે પ્રભુએ ધાર્યું હશે તે થશે. (કામે લાગે છે).

---

૧ વીંછી. ૨ સાપ. ૩ ચોર. ૪ અગ્નિ. ૫ પવન.

પ્રવેશ ૩ જો.

ચંદ્રભાગા—મોકુભાઇ—જુનાબાઇ-કૃષ્ણાશંકર
તથા હીરાલક્ષ્મી.

સ્થળ—ચંદ્રભાગાનું ઘર અને પછીથી
શેઠનું ઘર.

ચંદ્ર—(મોકુભાઇને આવતો જોઇને) યાવે સરકાર કાં કાંઇ નવલ વિશેષ?

મોકુ—નવલને વિશેષ બધુંએ સાધે. નવલમાં એકે બાઇ સાહેબ પધારેલા; અને વિશેષમાં આપણે પઢીલાજ ઉપાય મારલા; એક ધક્કા એસા લગાવલા કે ગોઠમડે તીન ખાઉન વેગળી પડલી. આલી તસી બાહડા વદા કરૂં લાગલી; પણ કેમ આતા કાય હુકુમ છે? કહાં કું પાડશાહી? અગર જો સાંગે તે ઠેકાણે કરૂન ટાકું.

ચંદ્ર—(મનમાં) યા મૂરખાલા આતા જે સાંગીન તે કરીલ, મારૂન ટાકણ્યા પરિયંત પણ ભીણાર નાહિં. આપલ્યાલા વશ આહે. પણ એકદમ અશી કર્યાની નુકસાન આહે, કાંકી એકદમ બોભાટ જાહાલા તર ગોષ્ટ ઉઘાડકીસ એઇલ તર ત્યાચી વ આપલી વાઇટ વાટે હોણાર, આણી એકુન નીઘુન જાણે પડેલ; સબબ એકદમ તર ન કરૂ દેણે, હળકે હળકે તજવીજને ઘાટ રચુ, આણી હાલ યા જોસ હાડ છેડ પણ કરૂ દે! નાહિં, કારણ તશી ઝાહાલ્યાની તી આપલે મનાંત વહેમ વહેમ ઠેવીલ; આણી તી શહાણી અસલ્યાની પરસ્પર તપાસ કરીલ તર ગોષ્ટ ઉઘાડકીસ એઇલ, સબબ ત્યાઉન પણ પરીણામ ચાંગલા હોણાર નાહિં;

તર વર્ષ સાહા મહીને તીજલા ખુશ ખુશિત ઠેઊન ભુલ થાપ દેવવાચી, તી આશીકી તી જાણેલ કી માઝે નવર્યાંચે માઝ્યાવર ચારી હાથ આસુન દુસરે કાંહી એક ગોષ્ટિ બિલકુલ નાહિં. (માકુને) સખ્યા, આજ પાસુન અશી કરશીલ તર પાહા. મી જયા પ્રમાણે સાંગેન ત્યા પ્રમાણે કરા; નાહીતર માઝી વ તુમચી દોઘાચી ખરાબી હોઈલ આણી સ્વપ્રાંત દેખિલ આપેલી ભેટ હોણાર નાહિ. પાહા, હાલી અશી કરણવાલા જાશીલ તર તી નવિન અસલ્યાચી તે ગાંહાંચ ઓળખાઇ કરીલ; ત્યા યોગાની આપલી ફજીતી હોણાર, તશી માલા પણ એથાન નીઘોન જાણે પડેલ; સખ્યા વર્ષ સાહા મહીને નર્તુન પુષ્કળ હેત પ્રિત ઘ ઊન નીરચ્યા સાંગી તલ્યા પ્રમાણે કરાલ તર તી તુમ્હલા વશ હોઊન જ્યા પ્રમાણે તુમ્હી સાંગાલ ત્યા પ્રમાણેંતી કરીલ, આણી તશી દેલ્યાની આપલ્યાસ જે કાંહી કર્તવ્ય અસેલ તે કરણ્યાસ ઠીક પડેલ. થોડયા મહીનાની કાંહી તરી યુક્તિ કરૂં. મજલા ભરોંવસા આહેકી તુમ્હી અંતઃકરણ પૂર્વક તીચે હોણાર નાહિ, આણી આપણ પ્રથમ પાસુનચ મજલા વચન દેઊન ચુકલા આહાત, તેણે કરૂન મજલા ખાત્રી આહે. થોડે દીવસ માઝે પાશી ન આલા તરી ચિંતા નાહિ. મજલા કાંહી વાઇટ વાટણાર નાહિ, પણ પાહા બરે! કાય સાંગતે તોડાની ગોડ બોલા, આણી તીચી મરજી ખુશિત ઠેઊન તીચા જો કાંહી મનોર્થ અસેલ તો પુર્ણ કરા; જર અશી ન કરાલ તર મી એથે રાહાણાર નાહિ.

માકુ—ના સાહેબ, તુમ્હી ખોટા લગાડું નકા. તુમ્હી સાંગતીલ ત્યા પ્રમાણે કરીન. મારે તુમચી મરજી સા-

ચવવાનું કામ છે; તોબા સઘળી વાતે ખુશી રાખીશ એ મારા ખાત્રી જાણી.

ચંદ્ર—તરી ઠીક આહે. અશી કુસલ તર માઝી મરજી ખુશ રાહીલ. કદાચિત તુમ્હાસ કાહી અંદેશા પડેલ તર બખત બેબખત માઝે જવળ એઉન જા મ્હણજે મીત્યાચા ખુલાસા કરૂન દેઈલ.

માકુ—ઠીક આહે, આતા મી જાતો. સંધ્યાકાળ પડલી અને ઘેર જેવાવખતી વેળા ઝાલી હશે જાતો હો. (હસંતુ મ્હો રાખીને ઘેર જાયછે.)

હીરા—માકુભાઈને હસતે મ્હોડે આવતા દેખીને મનમાં ના ના, અત્યારે તો એમનું મ્હો ખુશીમાં દેખાય છે ક્રોધમાં નથી. મેં તો જાણ્યું કે રીસાયા હશે તે નહિ બોલે. પણ તેમ નથી. જોને મારા સામું આવ્યા દહાડો જોયાં કરેછે.

માકુ—ઘાંટો કહાડીને, અલ્યા બાઈ રસોઈ થઈછે કે નહિ?

જૂલા—હા બાઇ હા, ચાલને ક્યારના ટાંડીજ વાટ જોઈએ છીએ. (સર્વ જમવા બેસેછે.)

માકુ—(જમતા જમતાં હીરાલક્ષ્મી તરફ નજર કરીને) વાહ! આજની રસોઈ કેવી સારી બનીછે! જાણે ખાખાજ કરીએ. (રસોઈઆને) અલ્યા ભટ આ હોળુંકી સાલની નવી આવેલી બાજરીની ચાનકીઓ કરીછે કે શું!

કરૂણા—હા બાઇ. કાલેજ આપણા ખેતરની બાજરી આણી તેની આજ ચાનકીઓ કરીછે.

માકુ—વાહ વાહ! નવી ચીજની મીઠાશ તો જૂદીજ તો! શું સ્વાદ લાગે છે! હું તો રોજ એજ ખાઈશ.

હીરા—(સઘળો મર્માર્થ સમજીને મનમાં) આહાહા! હું કેવી આજ સુખી છું! મારા સ્વામીની મારા ઉપર કેવી

પ્રીતિ દેખાય છે? મારા સુખનો પાર નથી. આજ હું આનંદમાં રસ ભિના થઇ જવાની (સર્વ જમી ઊઠે છે.)

આકુ—(મનમાં) હવે કેમ કરવું? આપણને તો આ કાળ જેવી લાગે છે, પણ જો ચંદ્રભાગાના કહ્યા પ્રમાણે નથી કરતા તો એને ખોટું લાગશે. વળી એનું મન દુભાએલું ઠેકાણે લાવતાં બ્રહ્માંડ જેટલું થઇ પડવાનું. માટે એના કહ્યા પ્રમાણે ચાલવું તો ખરૂંજ. ચાલોને આપણું એમાં જવાનું પણ શું છે? (સૂવાની મેડીએ જાય છે.)

ચૂળી—(હીરાલક્ષ્મીને) વહુ, તું પણ જા હવે થાકી હારી સૂઇ રહે.

હીરા—(કાંઇ પણ જવાબ દીધા વગર મનમાં) સાસૂજી બેઠાં છે ને જવું તે યોગ્ય નથી કેમકે જેટલી મર્યાદા રહે એટલી સારી છે. ચાલ વારૂ એટલીવારમાં લૂગડાં બદલી ચોટલો ઓટલો વાળી લેઉં. છેક આવે ટાણે જવું એ ઠીક નહિ. (ચોટલો વાળી લૂગડાં ઘરેણું પહેરે છે.)

ચૂળી—અલી વહુ, ક્યારની તું શું કરે છે જો? તારે ફાવે ત્યારે જજે. હું તો હવે સૂઇ રહું છું. (સૂઇ રહે છે.)

હીરા—(મનમાં) ચાલો હવે જઇએ. એ તો સૂતાં. (જાયછે.)

માલિની છંદ.

વદન[1] છબી રસાળી, સર્વથી બાળિ સારી
કર[2] ધરિ અલિમાળા[3], પદ્મ[4] જો પેઠું વારી[5]
અલક[6] લટ લલાટે[7], બાળના ભાંતિ થાયે

૧ ચેહેરા. ૨ હાથ. ૩ ભમરા રૂપી માળા. ૪ કમળ ૫ પાણી. ૬ ચોટલા. ૭ કપાળે.

આહિ[1] શિશુ[2] મુખ માંહી, ચંદ આવી ફસાયો. ૧
અધર[3] મધુર મધ્યે દંત પંકતી શી ઓપી;
દ્વિદળ[4] પ્રવળ[5] ઓઠે[6], દાડિમી જેમ રોપી
ભ્રૂકુટિ[7] ધનુષમાંથી, નેણનાં બાણ છૂટે
ઝપટથી ઝપટાઇ, મર્દ કો ક્રૂર ઉઠે ૨
ચિબુક[8] ઉપર આઇ, ગોળ બિંદુ બિરાજે
મદન[9] દિપક દેખી, પૂર્ણિમા ઇંદુ[10] લાજે
અતિશય અણિઆળી, નાસિકા રમ્ય પેખૂં
શુક[11] દિપ તિલધારા[12], ઉપમા કોણ લેખૂં ૩
ઝળક ઝળક ઝુમે, નાકમાં ચાર મોતી
ઝબ ઝબ ઝબકારા, કર્ણમાં ઝાલ જોતી
અમૃત મધુર વાણી, ચિત્તને ચોરી લે જે
પુષ્પિત નરમ ગાલે, ખંજના કૂપ[13] દે છે ૪
મૃદુ[14] મુખ મુશકાવું;[15] મોહની જાળ જાણો
કુમકુમ[16] તણું ભાળે, બિંદુ ઇંદુ પ્રમાણો
અતિ રમણિય રેખા, કંઠથી કંબુ[17] લાજે
કયમ કરી શું કપોતી[18], ઉપમા આપું આજે ૫
ઘટિત રુચિર ઘાટે, અંગુળી ઓપિ હાથે
ખમક ખમક વાગે, કિંકિણી શબ્દ સાથે
મૃગ[19] પતિ કટિ[20] લાજે, કામિની લંક[21] જોતાં
છુમક છુમક પાગે, સૂર નુપૂર દેતાં ૬
તરુણ[22] સરસ ગાત્રે[23], વસ્ત્ર શું પીત[24] ભાસે?

---

૧ સર્પ. ૨ બાળક. ૩ હોઠ. ૪ બે ફાડવાળા. ૫ પરવાળું. ૬ પાંદડી. ૭ આંખની ભમર. ૮ દાઢી. ૯ કામને પ્રકાશકરનાર. ૧૦ ચંદ્રમા. ૧૧ પોપટ. ૧૨ તલની ધારા. ૧૩ કૂવા (ખાડા) ૧૪ કોમળ. ૧૫ થોડું હસવું. ૧૬ કંકુ ૧૭ શંખ. ૧૮ હોલી. (હોલાની ડોક ઘણીસારી જણાય છે) ૧૯ સિંહ. ૨૦ કેડ. ૨૧ કેડ. ૨૨ જુવાન. ૨૩ શરીર. ૨૪ પીળું.

નવિન ઘન[1] ઘટામાં, વીજ જેવી વિભાસે
અટપટી ગતિ ચાલે, ખીન થૈ શ્રોણી[2] ભારે
પ્રથમ પ્રમુદીત હરખી, દંપતી[3] પાય ધારે
રસ બસ કરી ભેદે, ચિતડું હાવ ભાવે
નયન યુગલ[4] મધ્યે, નેહ નારી જણાવે
નખ શિખ છબી ભાળી, ઉર્વશી[5] માન મૂકે
મુનિજન તપ પાત્ર, ધ્યાનને ધર્મ ચૂકે
ધન્યધન્ય વિધિ[6] દેવા, રત્ન તેં શું નિપાવ્યું
અમર ભુજગ[7][8] કન્યા, માન સ્હેજે ચુકાવ્યું
શું રતિ[9] રૂમ્ભે[10] અહલ્યા,[11] ગાંધ્રવી[12] કે શું તારા[13]?
નથિનથિ નર જાતી, શું હર ઇન્દ્ર[14] દારા? ૯
અહહ!! કૃતિ તિહારી, મધ કોથી કળાયે!
કદિ અનુચિત દેખી, નેણ વારી[16] ભરાયે
સહુ રૂપ ગુણ[17] રાશી, સુરતને શોભનારી
તરુણિ[18] વર[19] મળશે આ, મૂર્ખને શીર મારી ૧૦

ચાકુ—(હીરાલક્ષ્મીને મેડીમાં આવતી દેખી હસતાં હસતાં) આવીએ મારી ગુલબંબેલી વહુ! આવો આવો.

હીરા—સ્વામિનાથ આતે! આતે! આટલી બધી ઉપમા મને?
(જઈ પલંગપર બેસેછે.)

ચાકુ—(મનમાંતો ગમતું નથી પણ સારૂં લગાડવાને) હું તમને જોઈને બહુ મલકાઈ જાઉંછું હું બપોરે તમારી જોડે લડયો તે બા સાહેબ તમને ખોટું લાગ્યું ખરૂં? માફ કરજો હો બા.

---

૧ મેઘ. ૨ કેડની પાછળનો ભાગ. ૩ જોડું ૪ બે. ૫ એક અપ્સરા. ૬ બ્રહ્મા. ૭ દેવ. ૮ નાગ. ૯ કામની સ્ત્રી. ૧૦ ઇંદ્રાણી. ૧૧ ગૌતમની સ્ત્રી. ૧૨ ગાંધર્વની સ્ત્રી. ૧૩ બ્રહસ્પતીની. સ્ત્રી. ૧૪ પાર્વતી. ૧૫ અષ્ટપદ. ૧૬ પાણી. ૧૭ ઢગલો. ૧૮ જુવાન સ્ત્રી. ૧૯ શ્રેષ્ઠ.

હીરા—(મનમાં) વિદ્યાનો પ્રકાશ નથી એટલે બોલતાંતો નથી આવડતું પણ હશે, મારા ઉપર પ્રીતિછે એટલે ઘણુંએ છે. (માકુને) પ્રાણપતિ, આવું આવું ગાંડું શું બોલોછો? મનેતે બા કહેવાય? વળી મને આટલી બધી ઉપમા આપવી ઘટાર્થ નથી. હુંતો આપની કિંકરી છું.

માકુ—હેં હેં હેં! હું ખોટું બોલ્યો ખરૂં વારૂ? પણ હરખ આવેછે એટલે બા કહેવાઇ જાયછે. કાંઇ ફિકર નહિ, બીજું કોઇ સાંભળતું નથી તો: આપણે એકલાંજ છીએ. આહાહાહા તું શું વહાલી લાગેછે જો.તારૂં રૂપ કેવુંછે; જાણે ગુલાબનું ફૂલજ તો. જાણે પાઘડીમાં ઘાલીને ગાઓ રહાશે ફરીએ. વારૂ હું તને કાંઇ વહાલો લાગુંછું? ખરૂં કહેજો હો.

હીરા—પ્રાણનાથ, એતે તમે શું બોલ્યા! તમારા કરતાં આ દુનિઆમાં મને શું વહાલુંછે. મારા પ્રાણસુધાં આપને અર્પણ કર્યાછે. હુંતો આપની દાસીછું. તમથી વહાલું મને બીજું કોઇજ નથી.

માકુ—મને પણ એમજ છે ખરૂં કહુંછું હો. પણ ચાલો હવે રાત ઘણી ગઇછે. (બેઉ જણ સૂઇ જાયછે.)

હારે હારે નારી કહે છે ઘણું સુખ પામી,
હારે હારે તમો સાંભળો મારારે સ્વામી;
હુંતો કહું તમને શિરનામીરે,
હારે હાં મારા દુઃખના તમો છો વિરામી. ૧
હારે હારે મારી પ્રિતી સદા રહેજો ધરિને,
હારે હારે રખે જાતા વળી ક્રોધ કરીને;
હુંતો કહુંછું ઘણું કરગરીનેરે,
હારે હાં રહેજો અળગા તાણું દુઃખ હરીને. ૨

હાંરે હાંરે છે આ માકુભાઇ તો એવા,
હાંરે હાંરે કહિએ મુર્ખના સરદાર જેવા;
એમને તો નથી ધિવા દેવારે,
હાંરે હાં વહાણું વાતાં થયું હોતા તેવા. ૩

પ્રવેશ ૭ મો.

જુલાભાઇ—ધુળીવહુ—માકુભાઇ—હીરાલક્ષ્મી—ચંદ્રમલ
મારવાડી—પોલીસને સિપાઇ તથા વિદુષક.

સ્થળ શેઠનું ઘર.

સિપાઇ—(શેઠના ઘર આગળ આવી મોટેથી) જુલાભાઇ
શેઠકા ઘર એ હે?

જુલા—(બારીએ આવીને) હા ભાઇ, આ ઘર. શું કામ
છે? (સિપાઇની સાથે ચંદ્રમલને જોઇને મનમાં)
એણે કાંઇ મારા બાગટા બાબટ સડકાડમાં ફડા-
ચાડટો નહિ કડા હોય? પન આપડા પાસે કાંઇ
માગટો નહીં.

સિપા—શેઠ તુમેરા લડકા માણેકલાલ કાંહાં હે? બતાવ.

જુલા—ભાઇ કહોટો ખડા, શું કામ છે?

સિપા—અરે શેઠ એક બખત કહા, માનનેમે નહિ આ-
તા? તુમેરા કુછ કામ નહિ, લડકેકું બતાવ નહિતો
અભી ઘરમે આકર પકડકે લે જાએંગા.

જુલા—(ગભરાઇને માકુને) અલ્યા ભાઇ, ઓ ભાઇ; અરે
માકુરે એ એ.

માકુ—(મેડેથી) હા હા, કેમ બુમો પાડેછે? આવીએ છી-
એ.

જુલા—અરે ભાઇ નીચે ટો આવ. આ શીપાઇ કેમ આ-
વ્યો છે?

મોકુ—(સિપાઇનું નામ સાંભળી નીચે આવીને સિપાઇને) ક્યોં મીઆં સાહેબ! કેમ આવ્યા છો?

સિપા—ચલો ફોજદારીમેં, જલદીસેં આગે હો જાવ.

મોકુ—પણ કાયકું તે તો કહો.

સિપા—બાપ ઓર બેટા દોનું બરાબર હે તો. (મોકુને) અરે યાર ચલના હો તો ચલને, નહિતો અબી ઘસડકે લે જાઉંગા.

મોકુ— (ચંદ્રમલને જોઇ મનમાં) હાં હાં. કાલની હોળી વળી દેખાય છે. આ ચંદ્રમલનું કામ છે. કાલે સાંજરે બાગમાં એની સાથે હું તથા અક્કડ-ચંદ ફક્કડચંદ અકેકો દાવ જુવાનો રમ્યા હતા ખરા; આપણે તો હાર્યા નથી પણ ફક્કડચંદને હ-રાવીને તેના રૂપિઆ ત્રણસેં આ લેઇ ગયો તથા ફક્કડીયાની પક્ષમાં થઇને આપણે ચંદ્રમલનું સો-નાનું નક્કર કડું ઊઠાવી લાવ્યા છીએ; તેથી એણે કાંઇક બીજી જુગતીથી ફોજદારીમાં ફર્યાદી કરી હશે.(ચંદ્રમલને)વાહરે ચંદ્રમલ! છેવટ આજ કર્યું કે? આપકું પાત આપકે હાથે ઊઘાડયું?

ચંદ્ર—તો ગાંડીરા, એ કાંઇ થારા બાપજીરો માલ થો કે થેં ઊઠાઇ લાયો?રપયા લીયાતો અક્કડરા ઓર ફક્કડરા લીયા; થારા બાપરો કાંઇ ગીયો કે થેં મારો માલ ઊઠાઇ લાયો ?

મૂલા—(રૂપિઆ રમ્યાની વાત સાંભળીને) હટ ટમાર સટયાનાશ જાય. મૂડખાઓ જુવો રમો છો?

સિપા—ચલો અબ તીન પાંચ જાને દો. અભી સબ મા-લૂમ પડેગા. (મોકુભાઇનો હાથ પકડી લેઇ જાયછે.)

ચળી—(શેઠને) તમે બહોચની પેઠે શું બેશી રહ્યા છો, જાઓને મરો;છોકરાને ત્યાં કોણ જાણે શું એ

કરશે.

બૂલા—હુંટે શું કહું મહું? એ આવું આવું કહી આવે ને વચમાં અમાડો મહો. (બડબડતો જાય છે ને સ-રકારમાં દંડ ભરી માકુભાઇને છોડાવી ઘેર લાવી-ને) શેઠ, ટને આ કડમ કયાં સૂજયું? માડું નામ બોડયું.

માકુ—હવે છાનો રહે છાનો, બુઆ જુ. (શેઠને એક ધક્કો લગાવેછે.)

હીરા—(મેડેથી આ બધો તમાશો જોઇને મનમાં) અરરર! આ છંદ વળી કયાંથી લાગ્યો છે. હું સાંભળતી હતી તે વાત ખરી છે. અરેરે! આ શો કુસંપ! ચાલો આજતો બેવાતો કહું; પેલા આ-વ્યા. (માકુ સૂવા આવે છે તને)આવો સ્વામી-નાથ પધારો.

માકુ—હાજી. આવ્યા. (સૂઇ જાય છે.)

હીરા—(માકુભાઇના પાસે બેશીને)પ્રિયપતિ, આપ આ-ટલા ડાહ્યા અને વિવેકી થઇને આ શું કામ કરો-છો? હું જાણું છું કે એમાં આપનો બિલકુલ દોષ નથી,પણ સોબત નઠારી છે. મને અહિંયાં આવ્યાને આજ કાલ છ મહીના થઇ ગયા તેમાં મેં પરસ્પર સારી રીતે તજવીજ કરી તેથી મને નિ-શ્ચય થયું છે કે આપનો કાંઇ પણ દોષ નથી. પેલા અકકડ અને ફક્કડ આપને બગાડે છે. એ લોકો ઘણીજ ખરાબ ચાલના જણાય છે; એમની સો-બત કરવી આપને યથાર્થ નથી. વળી પેલી ચંદ્રભા-ગા નાટકશાળાનો પણ એજ લોકોએ છંદ લગા-ડયો છે," ને આપ એ લોકોના નાદે લાગીને ન ક-રવાનાં કામો કરો છો. એ નાટકશાળામાં આપ શું

વધારે દેખો છો? સ્વામિ, હું કાંઇ આપની મરજી-થી ક્ષણભર દૂર નથી, અહરનિશ સેવામાં રહેવા તૈયર છું અને વગર મુલની દાસી છું. એતો ફકત પૈશાનીજ સગિગત છે. જ્યાં સૂધી પૈશો છે ત્યાં સૂધીજ મરજી સાચવશે પછી કોઇની થવાની નથી. એ વિષે જુઓ શાસ્ત્રમાં પણ કહ્યું છે કે.

निर्धनं पुरुषं वेश्या, प्रजा भग्नं नृपंत्यजेत् ।
खगावीत फलंवृक्षं, भुक्त्वाचाभ્યાगताग्रहं ॥

એનો અર્થ એવી રીતે છે કે પાલન કરી શકે નહિ એવા રાજાનો પ્રજા ત્યાગ કરે છે. ફળ વગરના ઝાડનો પક્ષી ત્યાગ કરે છે. જે ઘેર જમ્યા તે ઘરનો અભ્યાગત ત્યાગ કરે છે. તેમજ દ્રવ્ય વગરના પુરૂષનો વેસ્યા ત્યાગ કરે છે. માટે હે સ્વામી! એતો ફકત દ્રવ્યની સગી છે. હું ફકત એના ઉપરજ નથી કહેતી. બીજા બધાં પણ જ્યાં સૂધી પોતાને કોઇની પાસેથી કાંઇ મળવાનું હોય છે ત્યાં સૂધી તેની પાસે રહે છે ને પછીથી છોડીને જતા રહે છે. કહ્યુ છે.

गृहीत्वा दक्षिणां विप्रास्त्यजंति यजमानकं।
प्राप्तविद्यागुरुंशिष्या, दग्धारण्यंमृगास्तथा ॥

અર્થ—બ્રાહ્મણ યજમાન પાસેથી દક્ષિણા લેઇ પછી તેને છોડે છે, શિષ્ય ગુરૂ પાસેથી વિદ્યા લેઇ પછી ગુરૂ-ને પણ છોડે છે, હરણ વનમાંજ રહેનારૂં છતાં તે બળતા વનને છોડીને જતું રહે છે. તાત્પર્ય એકે જ્યાં સૂધી કોઇને કોઇની પાસેથી કાંઇ મળવાનું હોય છે. ત્યાં સુધી તેની પાસે રહે છે ને તે મળ્યા પછી તેને છોડી દે છે. માટે હે પતિ! એતો સર્વે સ્વાર્થનાં સગાં છે. તમારા જે મિત્ર છે તે તમારા દુસ્મન છે, માટે તેમની સોબતથી

દૂર રહેવુ યથાર્થ છે; નીકર પરિણામ સારા નથી.
તે ઉપર નીતિ શાસ્ત્રમાં કહ્યું છે કે.

दुराचारी दुरादृष्टी, दुरावासीच दुर्जनं ।
यन्मैत्री क्रियते पुंसां, नरःशीघ्रं विनश्यति ॥

અર્થ—જેનું આચરણ ખરાબ, જેની દૃષ્ટિ પાપી, અને ખરાબ જગોએ રહેનારો, સર્વ લોકમાં દુષ્ટ એવા સાથે મૈત્રી કરશે તે જલદીથી નાશ પામશે. વળી પણ કહ્યું છે કે,

दुष्टा भार्या शठं मित्रं, भृत्यश्चोत्तरदायकः ।
ससर्पेच गृहे वासो मृत्यु रेव न संशयः ॥

અર્થ—જે માણસની સ્ત્રી દુષ્ટ છે, ચાકર સામો જવાબ દેનારો છે, સર્પ વાળા ઘરમાં વાસ છે, અને જેનો મિત્ર ઠગ છે તે માણસનું મૃત્યું થયું એમાં સંશય નથી. આ તમામ મિત્રો છે એતો કેવળ દુષ્ટ છે માટે તેમને તજો તો સારૂં છે. જુઓ બીજે ઠેકાણે પણ કહ્યું છે કે,

परोक्षे कार्य हंतारं, प्रत्यक्षे प्रिय वादिनं ।
वर्जयत्तादृशं मित्रं, विशकुंभं पयो मुखं ॥

અર્થ—બુરચો મિત્ર એવો છે કે મોઢે હેત કરીને કામ ને પાછળથી નાશ કરે, જેવી રીત કે વિષથી ભરેલો ઘડો છે ને તેના મુખમાં ફક્ત દૂધ છે. માટે પ્રાણપતિ, એ મિત્ર ત્યાગ કરો અને નાના પ્રકારના નીતિના ગ્રંથોનુ અધ્યયન કરીને સદાચરણમાં દિવસ નીર્ગમન કરો;જેથી કરી આ લોકમાં આબરૂને પરલોકમાં મોક્ષ મળે. હું આપને કહે-

વાને સમર્થ નથી તથાપિ તમે મારા સ્વામી અને હું તમારી અર્ધાંગના તેથી આપને જે દુઃખ પડે તે મનેજ થાય. માટે અલ્પ મતિ જેટલી પોહોચે છે તે પ્રમાણે કહું છું. પેલી રાંડ ચંદ્રભાગા એ કેવળ તમારાં ચિત તથા વિત્તને હરનારી છે. વળી અખ્તાઆર એવું ભાન ફેરવી નાંખે કે આપ મારા ઉપર કોપાયમાન થઈ જાઓ ને ના હકનો આપણી વચ્ચે કલહ ઉત્પન્ન કરાવે; અને કલહ ઉત્પન્ન થયા પછી આપણે આનંદમાં રહેવાનાં ક્યાંથી? કલહ નથી ત્યાંજ આનંદ છે. એ ઉપર નીતિ શાસ્ત્રમાં પણ કહ્યું છે કે.

मूर्खा यत्र नपूज्यंते, धान्यंयत्र सुसंचितं ।
दांपत्यं कलहि नास्ति, तत्रश्रीःस्वयमागता ॥

અર્થ—જે ઘેર મુર્ખને સત્કાર નથી, જે ઘરમાં હમેશાં ધન્યનો સંગ્રહ છે, જ્યાં સ્ત્રી પુરૂષ વચ્ચે કલહ નથી તે ઘેર લક્ષ્મી આવીને સ્થિર રહે છે. એ ચંદ્રભાગા છે તે કેવળ કલહનું મુળ, માટે એનો ત્યાગ કરો તો ભલું મારૂં. જુઓતો ડાહ્યા માણસે પરસ્ત્રી સામું કુદૃષ્ટીએ જોવું એ યથાર્થ નથી, કેમકે શાસ્ત્રનું વચન છે કે.

मातृवत् परदारांश्च, पर द्रव्याणि लोष्टवत्।
आत्मवत् सर्व भूतानि,यःपश्यति सपश्यंति ॥

અર્થ—જે માણસ બીજી સ્ત્રીઓને પોતાની મા પ્રમાણે જુએ છે, બીજાના પઇસાને માટી જેવો જુએ છે, અને બધાં પ્રાણી માત્રને પોતાનાં જેવાં જુએ છે, તેજ માણસ જુએ છે; બાકી અન્યથા નજરથી

જે જુએ છે તે આંખ છતાં આંધળા છે, માટે સ્વામી નાથ, જો ખરો રસ્તો જોઈતો તો એ પ્રમાણેછે, પછી એ મુજબ ચાલવું ન ચાલવું એ આપના અખ્તિયારની વાત છે.

માકુ—(આ બધું સાંભળીને મનમાં) હાય! દાઝ તો એવી ચઢે છે કની કે રાંડને આ વખતે બે લાતો મેલું, પણ શું કરૂં, ચંદ્રભાગાએ ના કહી છે. (હીરાલક્ષ્મીને) ઓહો!! પંડિતાણીજી! તમને તો ખૂબ શાસ્ત્ર આવડે છે ને શું! આટલું બધું કયાંથી શીખેલાં.

હીરા—(મનમાં ખેદ પામીને) પ્રિયપતિ, હું શાની પંડિતાણી, મને તો કાંઈ આવડતું નથી. થોડું ઘણું મારી માએ શીખવાડેલું તે યાદ છે. આપને કહેવાને હું યોગ્ય નથી પણ અંદરથી મારૂં અંતઃકરણ ઘણું દાઝે માટે કહું છું. ક્ષમા કરજો.

વિદૂ—(અચાનકનો આવીને હીરાલક્ષ્મીને) હીરાંબાઇ એક ટચુકલો અશ્લોક મારો સાંભળશો? તમે આ બધું (ભીંતના તરફ આંગળી કરીને) એના સામુ ભાગવત ભણ્યાં તે સાંભળીને એ અશલોક મારા કાળજામાં કયારનો ચકડી ભમડી કર્યા કરે છે માટે હવે તો બોલ્યા વના રહેવાતું નથી માટે જરા સાંભળી લ્યો.

अंधस्य दीपं बधिरस्य गीतं, मूर्खस्यकिं ज्ञान कथा प्रसंगः मुक्ता चंहारा किल्ह मर्कटानां, मिष्ठान्न पाना पशु गर्धवानां.॥

એનો અર્થ—કહું કે? વારૂ જરા ઊંઘ્યા છો કે નહિ? ચાલો વારૂ જેર જાગતા હશો તોએ મારે શો બોલ્યો છે. સાંભળજો હો અર્થ કહું છું. આંધળાના મ્હો આગળ દીવો, બહેરાના આગળ ગીત ગાવાં, માંકડાને મોતીનો હાર, અને ગધેડાના મ્હો આગળ મિષ્ટાન્ન એ તે વારૂ શા કામનું? મારવાડી વાળી વાત "ઘે બાંકાંહાં મેં શુણ્યાંહાં".

માકુ—(એકદમ બેઠો થઇને) કોણ છે એ વળી?

વિદુ—આ તો ઉઠયો જો? (માકુને) એ સાહેબ મહેરબાન સૂઇ રહો સૂઇ રહો હું તો આ ચાલ્યો (નાશી જાયછે)

માકુ—(હીરાલક્ષ્મીને) વારૂ વારૂ, હવેથી તમારૂં કહ્યું કરીશું હો. કાંઇ ફીકર કરશો નહિ પણ હવે રાત બહુ ગઇ માટે ઊંઘી જઇએ.

હીરા—જેવી આપની મરજી (ઊંઘી જાય છે.)

પ્રવેશ ૪થો.

ભૂખાભાઇ—ધૂળીવહુ—માકુભાઇ—હીરાલક્ષ્મી—ગણીકોર અને કેવળીઓ.

સ્થળ-શેઠનું ઘર.

ધૂળી—(શેઠને) સાંભળોછો કે? આપણી હીરાલક્ષ્મીને આ સાતમો મહીનો જાય છે તેથી આ મહીનામાં ખોળો ભર્યા વગર ચાલે નહિ. પંચ માશીનું તો મેં દબાવી રાખ્યું હતું કેમકે વખત છે, પૂરે પાંશરૂં ઊતર્યું કે નહિ પણ હવે જાહેર પાડવાને ફિકર નથી. વહુને એને પિયરતો હું મોકલવાની નથી કારણ કે એના બાપને ઘેર છોકરાં જીવતાં નથી. બધુએ આપણે અહીંજ કરીશું. મેં ચોથા દહાડા

ઉપર મુહુરત જોવરાવ્યું આ તે આઠમનું આવ્યું છે અને તે ઉપર અહીં આવવા મેં મણીકોરને કહાવેલું પણ છે, તેથી તે આજ કાલ અહિં આવશે પણ ખરાં.

બુબા—હાં? ટેટા બહુએ ટાડી મેડેજ નથી કડી મેલ્યું છે ને શું. ઠીક છે ટાડે જે વાટનો મનમાં ખડખટો આવ્યો હોય ટે જવા દેવું અંડાવાડ જવાનું કાંઇ કારન નઠી, અહિયાંપન હવેટ્ઠા આપડે વટન જેવુંજ છે કની.

ધૂળી—માટેજ તો. અને વળી અહિયાં પણ એમનાં સગાંવાળાં છેજ. ક્યાં ઊતરવાની અડચણ પડે તેવું છે? (કેવળીઆને ઘરમાં આવતો દેખીને) લ્યો એતો અહીં આવી પણ ચૂક્યાં. પેલો એમનો ચાકર આવ્યો. (કેવળીઆને) આવ કેવળ, તારી શેઠાણી આવ્યાં કે?

કેવ—હા સ્વાબ એમની નણંદને ઘેર ઊતર્યાં છે અને આ મારી હીરા બુનને તેડવા મોકલ્યો છે માટે મોકલો.

ધૂળી—હા, તેડી જાઓ (હીરાબાઈને) આવી વહુ તારી મા આવી છે. અને તેડવા મોકલ્યું છે જવું હોય તો જા.

હીરા—સારૂં બા (જાય છે)

મણી—(હીરાબાઈને જોઈને) આવ બેટા સારી છું? (શરીર હાથ ફેરવીને) અરે બહેન! આ તારૂં શરીર શું? કેમ આવડી દુબળી થઈ ગઈ બાપુ? બુબાભાઈના ઘરમાં ખાવા નથી કે શું?

હીરા—ના બા ખાવા ઉપર શો મેળ છે? પણ તું જાણે છેજ તો.

મણી—કાંઇ ફિકર નહિ બેટા, ગભરાવું નહિ. તારી સાસૂ

પાસે મારે મળવા આવવું છે આ વખત મળશે કે?

હીરા—હા આવો. (જાય છે.)

ધૂળી—(મણીગૌરને જોઈને) આવો વહેવાણ. આવી પહોરમાં?

મણી—હા સર્વે સારાં છે? માણેકલાલ ખુશીમાં છે?

માકુ—(પોતાનું નામ સાંભળીને) તમે બાયડીએ બાયડીઓ વાતો કરો છો તેમાં વચમાં અમારૂં નામ શું કરવા દ્યો છો? અમે ક્યારે તમને બોલાવીએ છીએ?

મણી—એમ શા માટે જી? તમે પણ મારે છોકરૂંજ છો કની? મારે તો પહેલા તમે ને પછી બધુંએ.

માકુ—જો, જો, સંભાળીને બોલ જો. છોકરૂં ને વગર છોકરૂં કરતી. અમે ક્યારે તને ધાવવા આવ્યા છીએ જી? (ગુસ્સે થઈને મેડા ઉપર જતો રહેછે)

મણી—(મનમાં) અરે દેવ! કર્મની ગતિ ન્યારી છે. આ ઠેકાણે છોડી શું સુખ પામતી હશે! (ધૂળી વહુને) કેમ કાલે કેઈ વખતનું મુહૂર્ત છે?

ધૂળી—સવારમાં પહેલા પહોરનું છે.

મણી—ઠીક ત્યારે, હવે તો કાલે આવીશ. હીરાલક્ષ્મીને લેઈ જાઉં છું.

ધૂળી—હા લેઈ જાઓ. (મણીકોર અને હીરાલક્ષ્મી જાય છે.)

માકુ—(મેડેથી આવીને ધૂળીવહુને) અલી ધૂળી તેં એ વહેવાણને શું કહ્યું? વળી કાલે આંહિંઆ વખત કબાડો થશે. તું તો કાંઇ શરમાઈને બોલતી નથી પણ.

ધૂળી—રડ્યા હમણાંથી તો અમારાથી ના બોલાય, અને આ ઘણું તારે કારણે તારાથી તો બોલાયજ નહિ.

માકુ—એમાં શું વળી? કોઇની શરમ છે? બાપ હું કહું છું. (પાછળથી મણીકોરને) એ મણીકોર? જરા પાછાં આવો.

મણી— (પાછી આવીને)શું કહો છો?

માકુ—કેમ છે કાંઇ સાંભળ્યામાં ક્યાં સુધી આપવાની ધારણા છે? તે કહો, નીકર વળી તે વખત વરઘોડો થશે. ભગનભાઇ આપણે બોલ્યા નથી પણ આ વખત છોડનાર નથી માટે તમારી મેળે વિચાર કરજો.

મણી—વારૂ. (જાય છે ને રસ્તે ચાલતાં મનમાં) અરરર શું જમાઈ વર્ણસંકર જેવો છે. આ ધણીની વાતમાં બીજો કોઇ હોય તો [illegible] કશું પણ ના જુએ પરંતુ આતો જરાએ શરમાતો નથી. હવે જો થવું તે ખરૂં. (ઘેર જાય છે. બીજે દિવસે હીરાલક્ષ્મીનો ખોળો ભરી સરવે વાત રીત પ્રમાણે કરે છે અને ત્યાર પછી બે ચાર દિવસ રહી અમદાવાદ પાછાં જતી વખત ધૂળીવહુને મળવા સારૂ મણીકોર જાય છે).

ધળી—(મણીકોરને) આવો.

મણી—હા, પણ હું તો આજ જાઉં છું, હીરાલક્ષ્મીને મારી સાથે મોકલશો?

ધૂળી—ના બાપા, એ વાત બનશે નહિ તમારે પેર છોકરાં જીવતાં નથી માટે હું તો મોકલનાર નથી. મારે પેર કાંઇ દુઃખ નથી.

મણી—ના, હું કાંઇ દુઃખની વાત કહેતી નથી. તમારૂં મન ખુશી રાખીને મોકલો તો તેડી જઉં.

ધૂળી—ના તે. એ વાત બનશે.

મણી—વારૂ ત્યારે, જેમ તમારી મરજી.(હીરાલક્ષ્મીને) બહેન, હું તો આજ જાઉં છું હોં પણ હવે [illegible]

પ્રકૃતિના ઘડી ઘડીના સમાચાર લખજે. હવે માહરૂં મન ઘણું ઊંચું રહેછે.

હીરા—વારૂ બા જા. મારા બાપાને મારો પ્રણામ કહેજે.
(આંખમાં આંસુ ભરાઈ આવેછે.)

ભજી—વારૂ બેટા; ગભરાવું નહિ.(જાયછે.)

પ્રવેશ ૫ મો.

સાકુબાઇ અને ચંદબાગા

સ્થળ—ચંદબાગાનું ઘર.

ચંદબાગા—(એકલી મનમા) અરે! આ અભાગ્યાલા આ પણુ તર સહજ સાંગીત શ હોતે કી કદાચિત મજ પાશી ન આલા તરી ચિંતા નાહિ, પણ ત્યાણી તે ખરે સમજુન બિલકુલ એણે વર્જ કેલે. આજ કાલ ત્યા જલા માઝં પાશી અભ્યાસ આઠ સાડેઆઠ મહિન્યા પેક્ષાહિ જાસ્ત દીવસ ઝાહાલે આણી ત્યાચી સીચે ગર્ભાધાન ઝાહાલ્યાચી આપણુ ખબર આઇ કુલી તાલા પણુ તીન મહિને ઝાહાલે આસુન ત્યાચી પણુ ખબર સુધાં સાંગણ્યાસ આલા નાહિ અરે! પણુ કદાપિ તીહિ ત્યાજલા જમાઉન તર નાહિ ટાકલા અસેલ? તી ચાતુર આહે સબબ અશી પણુ ઓળખ ખરે, જર આશી અસેલ તર આતા આપલા ભાવ વિચારણાર નાહિ. આતા પાસુનચ પ્રતકુ ઝાહાલે તર પુઢે કાય નાહિ હોણાર? થોડે દીવસા નંતર હવે પોગાની જર સુલમા આલા તર કુવચ તીજલા વશ હોઇલ. તર આતા કાય ઉપાય કરાવા? તીજલા એથુન કહાડણ્યાચી કાહિ તરી યુ-

ફિર ફેલી પાહીજે ખરી. (માકુને આવતો દેખી-
ને) હાં હાં! આબાતર ખરાઃ પણ આતા છળ પ્ર-
પંચ કેલા પાહીજે, નાહીતર સઘળા એલખગડુંન
જાઇલ.

માકુ (પાસે આવીને) ચંદ્રભાગાજી સલામ.

ચંદ્ર—(મ્હોડું ચડાવીને) આતા તુમચી જી અસેલ
તીજલાં સલામ કરા. માઝે ઘરી એઉનકા.

માકુ—આજ વળી પાછું ભૂત ભરાયું કે? અમચીતો
તુમીછે માટે તુજલા સલામ કરતો.

ચંદ્ર—તે તર ઉઘડચ દીસતય. મી તુમચી મ્હણુનચ
આજ આઠ નઉ મહીન્યાની તોંડ દાખવીતો.

માકુ—સાહેબ, આપણુજ સાંગીતલા હોતા કે હમણાં
આવશો નહિ. પછી માઝા શાનાં વાંક? તો પણ
માઝાથી રહેવાઇ સકાયું નહિ તેથી આજ આલો.

ચંદ્ર—પણ કેવળ અશે? કધી કધી તર યાંવ.

માકુ—અરે સાહેબ એઉનકાય કરવા છે; ઘરી રાહુન રા-
હુન તુમચે કહ્યા પ્રમાણે અશીતો પેલીને વશ કરૂન
ઘેતલી છે કે આપણ સાંગીએ કે કુવા મધી પડા તો
તરત પડે. મી ના આલો માટે કાય ઝાલા, પણ
આપણા ધારલા પ્રમાણે કામ ઝાલા કે નહિ? મી
અને તું કાંઇ જુદે હોણાર આહે?

ચંદ્ર—(પોતાના જીવ ઉપર આવેછે એવું જોઇને) તર
સખ્યા, આતા આપણ કાય તજવીજ કરાવી?

માકુ—જે તુલા સુઝ પડે તે દાખવા. અમી તેયાર છીએ.
પણ જે કરાયચા અસલ તે જલદી કરા, માજે એના
મ્હોડા ગમત નાહિં; વળી દસ પંધરા દીવસ પછી
કાંઇ સુળગણ ખુળગણ આવશે હની તો પછી આપલ્યાચ્યા
કાંઇજ થવાના નાહિ. વાટું જાહેર ખબરાવી દેઉં?

ચંદ્ર—બા બા. અહા, આગ કરાલ કળેની હોઈલ બાહા, આશી કશા. એથુન આચારે સેનથી કોસાવર નર્મદા કીનારચા વર ચંદ્રકાંતેશ્વર મશહુર મહાદેવ આહે, ત્યા ઠીકાણાચી જાગા ફાર બીકટ આહે, આણી તે અમરકુંડ જાણ્યા ચે રસ્ત્યાતચ આહે આણી તી જાગા અશી બીકટ આહે કી જર કર કદાપિ તેથે એકાદે [illegible] ભુત મડળાસ આગર ત્યાજલા તેથે કોઠુન કોણી આણલાં પુનઃ ત્યાચા પત્તાચ લાગણાર નાહિ કારણ બાઘ કુન આણ કુન મરેલ કિંવા ખાડકુમાચ વેળાત વાઘ વગેરે રીઆચી જનાવરે મારુન ટાકીલ. સબબ ત્યા મહાદેવાચ્યાં માનતા માનીલી આહે આશી નિમિત્ત કરુન તેથેજાણ્યાચા વિચાર કરવાવા આણી તીજલા પણ બરોબર ઘેઉન જાણ્યાચે ઠરવાવે. તુમચ્યે આઈ બાપાચે તર તુમચ્યા પુઢે કાંહી ચાલત નાહિ, સબબ ત્યાચ્યાને ના નાહિ મ્હણવણાર; આણી હી તર તુમ્હાલા વશચ આહે તેંવ્હાં ઠીક મગ્નિઃ આણી તેથે ગેલ્યાવર આપણ વાટેલ ત્યે કરુ.

ભાકુ—હા યાર, ઠીક તદબીર શોધી કહાડી; એમાં મને કાંઇ મુશ્કેલ નથી.મા બાપને તો આપણું ગાંઠવાના નહિ. ઊલટા તેતો આપણાથી બીહે છે; કેમકે મુળથીજ મેં શેઠ બાડેલા છે. અને શંકરાતો બાપડી શા છે? તારે આસા કરીએ ખરું કની? પણ શારૂં તુરકી એફ્રીલ કે નહી?

ચંદ્ર—હો. મજલા બરોબર ફસલ તર મી મધુ એઈલ.

ભાકુ—તારે આસા કરા. આજ સુધી તથા બાળક ફંડકડ ખંધુન જુમ્મી ગાડી લેઇને જીવા અને મી પેલીસ લેઇને ખાણાવી એક ઢોન દીવસા મધી સગળા

એવું જાણું સમજાવીને આવી પહોંચ્યું છું. આપણે ર-
સ્તા ભણી ભેગા થાઉ.

ચંદ્ર—ઠીકચ આહે. (માકુ ઘેર આવે છે ને ચંદ્રભાગા આકકુડચંદ તથા ફેકુકડચંદને લેઈને કામ પ્રમાણે રવાના થાય છે.)

પ્રવેશ ૬ ઠો.

જુલાબાઈ—ધૂળીવહુ—માકુબાઈ—હીરાલક્ષ્મી અને નર્બદી.

સ્થળ—શેઠનું ઘર ને પછીથી રસ્તો.

માકુ—(પોતાના બાપને) જુલા, અચ્યા બાઈ આજતો મારા મનની વાત કહું તે સાંભળ. બાપા, ધરમને ને કરમને તે કેમ બનતું હશે.

જુલા—શું છે બાઈ કહેની.

માકુ—ચંદ્રકાંતેશ્વર મહાદેવ જવાની મેં ઘણા દિવસથી બાધા રાખી છે તે હવેતો ગયા વગર ચાલે તેવું નથી. આજ કાલ જવું જોઈએ નહિતો કાંઈ વિઘ્ન આવી પડશે. આજ મને શમણું પણ એવુંજ આવ્યું હતું.

જુલા—એ વળી કીયા મહાદેવ? એ તો નામજ આજ સાંભળ્યું. એ વળી ક્યાં આવ્યા?

માકુ—તું નામ શું જાણે, તારે ઘરથી બહાર નીકળવું હોય ત્યારેકની. એતો અહીંથી બસે ગાઉ છે, પણ ગયા વગર ચાલે તેવું નથી માટે ચેં ચું કર્યામાં કાંઈ માલ નથી.

ધૂળી—મારે બાઈ જવું હોયતો જા. અમે કાંઈ ના કહેતા નથી.

માકુ—શું રાંડ સમજ્યાં વગર બોલ બોલ કરે છે! મારે

એકલાને જવું હોય ત્યારે કે દહાડાનો જાઉજ નહિ?

ભૂળી—હાં ! ત્યારે તો એકલાં જવું ખોટું દેખાય છે; પણ હવે તો એમ થવાને ઘણું વિચાર જેવું છે. (શેઠને) કેમ વારૂ? હવે આ વખતમાં એની જોડે વહુને એકલી મોકલાય? આપણો મામલો. કેમ છે કેમ નહિ. હવેતો છેલ્લું પાણી જાય છે.

ભૂલા—અરે કામ કામ કરો. એમટે કડાયજ કયમ? હા, પછી કડાયાને ચાલે ટેવું નજ હોયતો ટમ જોડે જાઓ.

મોકુ—(મોટે સાદેથી)અરે બાપ! આ સમજયા વનું શું બોલે છે! (શેઠને)અલ્યાઓ, તારે મારૂં વ્રત ભંગાવવું છે કે શું? તમને જોડે ગરદન મારવાનાં હોય ત્યારે આજ લગી મારવાંજ ન હોય? પણ તમારાથી અવાય એવું નથી માટેજ રહ્યું છે તો. સમજ્યો બાપા?

ભૂલા—(ભૂળીવહુને)હશે ટાડે કરો કાંઇ ટજવીજ. આમ છે ટાડે કાંઇ ચાલે ટેવું છે! પણ વારૂ શી ટજવીજ કરીશું ?

ભૂળી—કામ તો વિપરીત છે એટલે જીવ નથી ચાલતો, પણ હવે તો એમ કરો. ચાકર સિપાઇ તો જોડે જશેજ પણ વધારામાં નરબદીને તથા એની બહેનને સાથે મોકલીએ. જોડે બે બેરાં હોય તો વખત પર કામનાં છે.

મોકુ—હા. ચાકર માણસ તારી મરજીમાં આવે તેટલાં મોકલ. ત્યારે કેમ હવે તૈયારી કરાવું?

ભૂળી—હા તું માનતો નથી ત્યારે કર બાઇ.

મોકુ—તમે ફકર ના કરશો. હું તો પંદર વીસ દહાડામાં પાછો આવીશ.

(મેડા ઉપર હીરાલક્ષ્મી બેઠી છે તેની પાસે જઇને) કેમ હીરા, તું આવવાને ખુશી છે કે નહિ?

હીરા—ક્યાં?

માધુ—તને ખબર નથી? તારે માટે તો મેં ચંદ્રકાંતેશ્વર મહાદેવની બાધા રાખી છે ત્યારે પરમેશ્વરે આ દહાડો દેખાડ્યો છે. એ મહાદેવનું કામ ઘણુંજ ચમત્કારી છે અને જગ્યા પણ જોવા લાયક દેખાય છે. આપણે આજ તીસરા પહોરે નીકળવાનું છે અને સવારે પગે લાગવાનું છે તેથી તારે જરૂર આવવું પડશે.

હીરા—(પોતાના ઉપર પ્રીતિભાવ જોઇને) પ્રાણપતિ, મારાં ધન્ય ભાગ્ય કે આપની સાથમાં રહીને યાત્રા થશે. આવો અનુકૂળ છતાં મારા શા ભોગ છે કે હું આવું નહિ? પણ બહાર જઇને આવતાં કેટલા દિવસ લાગશે? આશરે મહીનોક થશે?

માધુ—અરે શાનો? આપણે તો વીસ દહાડામાં આવતાં રહીશું. ઘરની ગાડી છે એટલે રોજના વીસ ગાઉ પ્રમાણે હાંકીશું. અને તું કાંઇ નથી સમજતી? હવે દહાડા ભરાય ક્યમ?

હીરા—(મહીના ગણીને મનમાં) નવ મહીના પૂરા થવાને હજી ત્રણ દિવસ બાકી છે. એમના કહ્યા પ્રમાણે જતા આવતાંના વીસ દિવસ ગણીએ તો લગભગ તો ખરૂં પણ આવી ફિકર જેવું નહિ; પણ પછી મારી ગણત્રી કરતાં તેમાં દૈવ ગતિથી કાંઇ કમી જાસ્તી થઇ જાય ત્યારે તો ઉપાય નહિ, હશે, જેમ ઇશ્વરેચ્છા. સ્વામીનાથનો આટલો ભાવ છે ત્યારે જવું તો ખરૂં. બહાર એ પણ એક લ્હાવો છે. (માધુને) પ્રાણનાથ, આપની સેવામાં રહેવા

તત્પર છું.

માકુ—ત્યારે તૈયાર થઈ રહે. હું ગાડી વગેરેની મિસલ કરાવું છું.(નીચે આવી ગાડી તથા માણસો વગેરે તૈયાર કરાવી નીકળવાને તત્પર થાય છે.)

ખૂબી—ભાઈ સંભાળજે હો; રસ્તાનું કામ છે. તારી તો બાજી ફિકર નથી પણ વહુ તરફથી જીવ બહુ બીએ છે. (હીરાબહેની ઉપરથી આવી તેને) આવી વહુ, રસ્તામાં શરીર સાચવજો હો. જરા પણ કાંઇ હોય કે આ નરભેરામને કહેજો (નરભેરામને) આવી તો જો હો. મેં તને બધી સમજણ તો પાડી છે પણ વળી શું કહું છું.

નર્મ—કાંઇ ફિકર નહિ મા.

માકુ—ચાલ ભાઈ. હવે બધા જણો બેસો, કોઇ ગાડીમાં બેસતાં ગભરાતું કરતું હોય. ભાઈ મ્હારાં જરા સમજતાંજ નથી તો. (સર્વ બહાર જાય છે.) માકુભાઈ હીરાબહેની તથા ચાકર માણસો વગેરે સર્વ જવાના થાય છે અને ત્રીજે દિવસે ઠરેલી જગાએ જઈ પહોંચે છે)

હીરા—(આજુ બાજુ જોઈને માકુને) આહાહા!!પ્રાણનાથ! શું આ જગા વિકટ છે! આ ગાઢ ગાઢ ડુંગરા શાથી અને ઝાડીનો તો પાર જ નથી. આહાહા!! શું આ પાણીનો ધોધ ધૂમધાટ ચાલ્યો જાય છે!!! હું ધાર્યું છું આ તો નર્મદા નદી હશે, ખરૂં?

માકુ—હા. જોકે આ જગા વિકટ છે તેવુંજ મહાદેવનું ધામ પણ વિકટ છે.

હીરા—ત્યારે સ્વામિનાથ, હવે અહિંથી મહાદેવ કેટલે દૂર છે? અહિંથીજ આવી વિકટ ઝાડી આવવા માંડી તો આગળ તો કોણ જાણે કેવુંએ હશેજાણેને, આ-

પણ સાથેનાં માણસો શિવાય બીજું કોઇ આવતું જતું નજરે પડતું નથી.

ભાકુ—હા એમજ છે; પણ મહાદેવ હવે બહુ દૂર નથી. એકાદ મજલને છેટે છે. (પાછળથી ગાડી જતી દેખીને) અરે! આવી જાત્રા કરવા પણ લોકો આવે છે ખરા. ચાલો આપણે એકલા તો નથી.

હીરા—પ્રાણનાથ, એ કોની ગાડી હશે?

ભાકુ—(ચંદ્રભાગાની ગાડી ઓળખવામાં આવી છે પણ છાનું રાખવું છે માટે) કોની ગાડી તે તો કાંઇ ઓળખાતું નથી. પણ આપણા જેવા કોઇ જાત્રાળુનીજ હશે તો. ચાલો ઠીક થયું, આપણે અજાણ્યાં છીએ ને સાંજ પડી ગઇ છે. તેથી એ ગાડીવાળા જ્યાં મુકામ કરશે ત્યાં આપણે પણ કરીશું.

હીરા—ઘણી સારી વાત છે. આ ઝાડીમાં જેમ માણસોનો ઓથાંબો જાસ્તી હશે તેમ સારૂં લાગશે; પણ એ ગાડીતો પેલા ઝાડતળે છૂટી, જુઓ, ચાલો આપણે પણ ત્યાં જઇ છોડીએ. અંધારૂં પણ થવા આવ્યુંછે.

ભાકુ—હા, એમ કરીએ. (એક મોટા ઝાડ તળે બેઉ ગાડીઓ છૂટેછે.

પ્રવેશ ૭ મો

ભાકુભાઇ—હીરાલક્ષ્મી—ચંદ્રભાગા—ખાંડુચંદ ફાંડુચંદ—બ્રાહ્મણીઓ—નંદી અને તીરમારો.

સ્થળ—ઝાડી અને કુંભાર.

ભીમ—(મનમાં) આપણી જોડની ગાડીનાં માણસો જે તેમાંના આ બે ફુટેલા ખાંડુચંદ તથા ફાંડુચંદ

જેવા લાગેછે અને તેમની જોડે જે દહાડી આવી છે તે પણ કેવળ નિર્લજ સરખી જણાય છે માટે ચંદ્રભાગા નાટકશાળા કહેછે તે એજ હશે. પણ બળ્યું અંધારૂં બહુ છે એટલે ઓળખાતા નથી; અને આપણાથી પૂછાવતા શી રીત! કદાપિ સ્વામીનાથ વળી ગુસ્સે થાયતો શું કરીએ. હશે, એમ હોય તોએ આપણે શું? પણ મને કાંઇ દગા સરખું લાગેછે. (વળી વિચાર કરીને) નાના; મારા પ્રાણનાથ મારી સાથે છે એટલે એ લોકો શું કરી શકવાનાંછે. (માકુને) સ્વામિ, આ લોકોને આપ ઓળખતા હો એમ મને લાગેછે.

માકુ—અરે રામ રામ કર. હું એ લોકોને શું ઓળખું? તને એવા એવા તુરંગ કયાંથી સૂઝેછે? (વાત ઉડાવી દેઇને) ચાલો હવે કાંઇ હાજરી કરીશું? રાત ગઇછે અને સવારનાં કચરો કાદવ ડોળતાં આવ્યાં છીએ તેથી થાકયાં હાર્યાં સૂઇ રહીએ.

હીરા—જેમ આજ્ઞા. ચાલો એમ કરીએ. (સર્વે ખાવા બેસવાની તૈયારી કરેછે, તેમાં ચંદ્રભાગા ચૂપકીથી પોતાની પાસેનો એક નીશો નાંખી બનાવેલા સુખડીનો લાડવો માકુભાઇને આપેછે અને તે હીરાલક્ષ્મીને ખવરાવવા વિષે ઇશારાથી [illegible].

માકુ—(હીરાલક્ષ્મીને) તારૂં શરીર સારૂં નથી અને ચોમાસાનું લાકડું છે માટે તું પૂરીઓ પુરીઓ કચર પચર ખાઇશ નહિ. આ સૂખડીના લાડવામાંથી ખા. (નજર ચૂકાવી ચંદ્રભાગાએ આપેલો લાડવો આપેછે.)

હીરા—ઠીક છે ત્યારે, જેમ સ્વામીની મરજી. (લાડવો ખાયછે ને થોડી વારે નીશાની લહેર આવેછે તથા

માકુને) પ્રાણનાથ, આજ મને કેમ વાર આત્યારથી ઊંઘ આવેછે?

માકુ—રસ્તાની મહેનત થોડીછે? ગાડીમાં બેઠાં માટે શું થયું. મને પણ એમજ છે ને. ચાલો સૂઇ જઇએ.

(સર્વે સૂઇ જાયછે તેમાં હીરાલક્ષ્મી નીશાના જોરથી કેવળ ઘોર નિંદ્રાવશ થાયછે ને બાકીનાં માણસો પણ સર્વ સવારનાં થાકેલાં છે તેથી ઊંઘી જાયછે.)

ચંદ્ર—(સર્વને ઊંઘી ગએલાં જોઇ હળવેથી ઊઠી માકુ પાસે જઇને) કાં નિંજલે ક્યા? (ઢંઢોળેછે.)

માકુ—(બેઠો થઇને) નાના. હું તો ઊંઘ્યું? મને તારા કરતાં કાળજી વધારે છે. પણ આ વખત તું તારું ઇકડે તીકડે બોલવું રહેવા દે. ધીમે બોલવું ને જલદી કરવી એટલે બરોબર. મને સમજણ નહિ પડે; અને તને ક્યાં અમારા જેવું બોલતાં નથી આવડતું એવુંછે!

ચંદ્ર—શા વાસ્તે નહિ.

માકુ—બોલ ત્યારે હવે કેમ કરવુંછે! અહિંયા સૂની તો આણી મેળવ્યુંછે. પણ જે કરો તે હવે જલદી કરો, નહિતો વળી પછી પેલી જાગશે.

ચંદ્ર—બે ફિકર રહો. પાછલી રાત થયા સિવાય એની આંખ ઊઘડનાર નથી ને એટલામાં તો આપણે સર્વે કામ કરી લેઇશું. જુઓ, અહિયાં હવે મહાદેવ બાદેવ તો કાંઇ નથી. જે જગા હું કહેતી હતી તે આજ. આટલે સૂની રસ્તો ઠીક છે અને કોઇ માણસ વખતપર આવે છે પણ ખરાં તેમ આટલે સૂની જાર જનાવરનો પણ બીક નથી; પરંતુ અહિંથી ઉત્તર તરફ જતાં બેજ ગાઉ અગાડી ગયાં

તો પછી પાછા આવવાની આશા નહિ. એવી વિકટ ઝાડી અને જાનવરનો ભો છે કે બાકી-જ નહિ. અમે અહિયાં આજ બપોરનાં આવેલાં છીએ તથા ચારે તરફ ફરીને બધી ગોઠવણ કરી મુકેલી છે અને આજ તમારે આવી પહોચવાનો ઠરાવ હતો તેથી પેલીને ભુલ થાપ દેવા અમે આ ઠેકાણે આવી ગાડી આમ તેમ ફેરવતાં હતાં; વળી તમે અજાણ્યા તેથી અમે ના હોઇએ તો તમને પણ સૂઝ પડે નહિ માટે આ ઘાટ રચ્યો છે. જુઓ, અહિંથી આગળ ચારેક ગાઉ ઉપર એક પર્વતની મોટી ખો છે. અને ત્યાં જવાનું એવું કઠણ છે કે એકવાર જો ત્યાં જઇ ચડયાં તો પછી આપણે કિમે રસ્તેથી આવ્યાં તે બિલકુલ ખબર પડવાની નહિ. કદાપિ બહુ ભમીએ તો આગળ જવાનો રસ્તો મળે પણ પાછાં તો અવાયજ નહિ એવું છે, તે ઠેકાણે અત્યારે પેલીને મૂકી દેવરાવવી એટલે નિરાંત. મેં મારા ગાડીવાનને બધી સમજણ ખાડા રસ્તાનો ભોમીઓ કરી મુકયો છે ને એ ઠેકાણેથી પાછાં આવવાની એંધાણી પણ રખાવી છે એટલે એ તો પાછો આવી શકશે અને આવતી વખતે એંધાણી કહાડી નાંખશે એટલે પેલીને પાછાં આવવાની આશાજ શાની? એની મેળે અથડાઇને મરી જશે.

માકુ—પણ અત્યારે ને અત્યારે એટલું બધું બનશે કેમ? ગાઉ ચાર જવું ને તે વળી પેલીને લઇને એ તે કેમ બની શકશે? વળી વિકટ ઠેકાણે રાતને પહોર જવું. કદાપિ તારા ગાડીવાનનેજ વાઘ બાઘ મારી નાંખશે ત્યારે?

ચંદ્ર—(તારાના આભાસથી પોતાની પાસેનું ઘડીઆળ જોઇને) ઓહો! હજુ તો દશ હમણાં વાગેછે કાંઈ ફિકર નથી. મારી ગાડીના બળદ એવાતો જબરા છે કે એક બળદ ઉપર કદી ત્રણ આદમી બેઠેલાં હોય તોપણ બે કલાકમાં તો પાંચ ગાઉ જઈને પાછા આવે અને ગાડીવાન પણ તેવોજ જડયોછે. હથિઆર બંદ હોયતો એક વાઘથી તો હઠે તેવો નથી, માટે તેને કહીએ એટલે તે તેની મેળે પેલીને બળદ ઉપર નાંખીને તે જગોએ મૂકીને આવતો રહેશે. તેમ કરતાં કદાપિ તેને પણ વાઘ વરૂ મારી નાંખશે તો ભોગ એના. ચાકર છે કે ભાઇબંધ. જુઓને તમારા ગુજરાતીમાં કહ્યું છે કે

છપ્પય છંદ.

નહિ ચાકરને સૂખ, કાય વેચેલી પરઘર,
દયામણું રહે મૂખ, વિસામો ન મળે તલભર;
સરે ન રાખે લાજ, કાજ ધાર્યું નવ થાએ,
કરે તુંકારો કોય, તોય પણ નવ બોલાએ;
વળિ માલધણી મુખથી કહે, ચાકર એછે આપડો,
રાત અંધારી હોયે પણ, દોડયો જાયે બાપડો. ૧

માટે શું! તેની તો કાંઇ ફિકર નહિ. આપણે બે ત્રણ કલાક વાટ જોઇશું એટલામાં આવ્યો તો ઠીકજ છે નહિતો પછી આવવું. પણ જુઓ; પછી તમારે એમ કરવું કે એક વાગ્યાને સુમારે ઊઠવું અને તમારા ચાકર માણસોને જાગૃત કરી કહેવું કે તમે હવે ગાડી જોડવાની તૈયારી કરો અને અમે પેલા આરા ઉપર નાહીને આવીએ છીએ, તેમ છતાં કદાપિ કોઇ સાથે આવવા કહે તો કહેવું કે અમારે સવેરે એક વગડે નહાવું છે માટે કોઇએ આવ-

વું નહિ, એવુ કહેજો એટલે કોઇ નહિ આવે અને પછી તમે જજો. જોઉં બાપડી જોઈએ તે હું હગાણું ફકડચંદને શીખવાડી શકું છું તે મારી સાડી મહેડી તમારી જોડે આવશે. અંધારે કોઇ ઓળખનાર નથી.

માકુ—હા યાર; એ તો સત્તર આના ગોઠવણ કરી.

ચંદ્ર—અને જુઓ પછી એમ કરજો. તમો આગ ઉપર જઇને ફકડચંદ પાસેથી મારી સાડી લઇ લેજો એટલે તે પોતાની મેળે મરદાની વેશે પાછો અમારી પાસે આવશે રહેશે. ત્યારબાદ થોડીવારે તમે નદીમાંથી નાહીને ઓને દિશે બાહાર નીકળી પેલી ભૂકી ગયા (વિશેની બુમો પાડજો એટલે સર્વ માણસો દોડી આવશે અને પાણીમાં ખોળ કરશે પણ એ કાંઇ જડવાની નથી અને પાણી ઘણું એટલે તમને બોલવાનો સબબ પણ જડશે કે આટલા પાણીમાં શીરીતે જડે! એટલે બધુંએ પતી જશે. વળી ત્યાર પછી એમ પણ કરજો કે પેલી મરી ગયાનો જરા મારી પેઠે હાયપીટ કરવાનો ઢોંગ બતાવી આગળ ગામદેવ જવાનો વિચાર બંધ રાખજો અને ગાડી જોડાવી પાછા વળજો. અને આમાંથી એક પગમાં રહીશું તે પછીથી બીજે રસ્તે થઇને આવીશું. તમારી જોડે રહેવામાં માલ નહિ. સવારમાં ઓળખાઇ જઇએ ને મારી વલે થાય. પછી આપણે ઘર આગળ એકઠાં થઇશું.

માકુ— બસ બસ. હવે મને બીજું કહેવાની જરૂર નથી. ઢોંગ બોંગ તો કરતાં મને આવડે છે. પણ હવે હમ તમારી મરજી જે પ્રમાણે કહ્યું તે પ્રમા-

તે જુગતી કરો.

ચંદ્ર—ઠીક ત્યારે હવે હું જાઉં છું. (જાય છે ને ઠરાવ પ્રમાણે હીરાલક્ષ્મીને બળદ ઉપર લઈ પોતાના ગાડીવાન સાથે મુકરર કરેલી જગોએ મોકલાવી દે છે.)

જડયાજી—(બે કલાકની અંદર પાછો આવીને ચંદ્રભાગાને) બાઈ શ્યાબ આવ્યા તો એ ઠેકાણે હું જ જાઉં હો; મારાથી બીજાની માફક હુક નથી ખાધી કે આ વખતે ત્યાં જાય. ત્યારે તરફ઼ા વાઘનો અને બીજા જનાવરોનો એટલા બધા હોર બકોર થઈ રયોસે કની કે કાન પડે હંભળાતું નથી.

ચંદ્ર—ઠીક કરયું; પણ પેલી જાગતી તો નથી?

જડયા—નારે શ્યાબ, એતો આઈ પેલા મડદાની પેઠે પડી. કાંઈ ખબરજ નથી ને.

ચંદ્ર—ત્યારે ઠીક. પણ જોજે હો કોઈને કહેતો.

જડયા—અરે શ્યાબ જીવ જાય પણ કહું અપમજો; એતો તમે મને કહ્યુંજ સે તો.

ચંદ્ર—જા હવે સૂઈ રહે (ગાડીવાન સૂઈ રહે છે એટલે ચંદ્રભાગા મોકુબાઈ પાસે જઈને) કેમ? કામ તો ફતેહ થયું. હવે કહેવા પ્રમાણે બાટ રચવો તમારા હાથમાં છે.

મોકુ—હેં!! આટલામાં ગાડીત આવ્યો!

ચંદ્ર—હાહા. વાર શી! પણ હવે જલદી હું જાઉં છું (પધારીએ જાય છે.

મોકુ—(મોટા પોકે મોટા કહાકાને) અલ્યા બુખણીઆ બુખણીઆક નરબદી નરબદી, અરે તીસમારખાં; ઊઠો હવે તૈયારી કરો. પરોઢિયું થવા આવ્યું. ઊઠો ઊઠો. (સર્વ ઊઠે છે.)

જુખ—કેમ ભાઇ?

માકુ—તમે સરસામાન સમેઠીને ગાડીમાં ભરી તૈયારી
કરવા માંડો. અમારે બે જણને આ ઠેકાણે નહા-
વાની બાધા છે માટે નાહી આવીએ. તમે જલદી-
થી પરવારી લો.

જુખ—ભાઇ અંધારૂં બહુ સે ને તમે એકલા જાવસો એ
ઠીક નથી, અને વળી ડુંગરાનું કામ સે માટે ઊભા
રહો હું જોઈ આવું; નીકર બીજા કોઇને લેઇ
જાઓ.

માકુ—નાના; એમ થાય તેવું નથી. બે જણને એકલ-
ગડે નહાવાનું છે તેથી જરા હરકત પડે. અમે
આઘાં જઇશું નહિ તો, પણે આગળજ નાહીશું.

તીસ—દેખીઓ ભાઇ સાહેબ, જરાસાભી કુછ અંદેશા
માલુમ પડે તબ તુરત હમકુ હાક મારીઓ. હમ જા-
ગતે બેઠેહે.

માકુ—વારૂ વારૂ કાંઇ ફિકર નહિ. (જાયછે એટલે ન-
જીકમાંથી ફક્કડચંદ પણ ચંદ્રભાગાની સાડી ઓ-
ઢી પાછળ જાય છે તેને જોઇને)

નર્મ—બા ઊભાં રહો હું જોઈ આવું.

માકુ—(ચીઢવાઇને) નાના એક વખત ના કહી તે સમજ્યા
માં નથી આવતું? ખબડદાર જો આવી તો. નદીના
કિનારા ઉપર જાયછે ત્યાંથી ફક્કડચંદ ચૂપકીથી પા-
છો આવી મુકામપર દાખલ થાય છે એટલે માકુ-
બાઇ નદીમાં નાહી ભીને દીલે બહાર નીકળીને)
અલ્યા બૂડીરે! બૂડીરે! બૂડીરે! દોડો દોડો દોડો
દોડો (જુખણીઓ, તીસમારખાં, નર્મદી વગેરે સર્વ
દોડી આવે છે.)

જુખ—ભાઇ શું છે? શું છે? શું છે?

મોકુ—(હાય હાયરે બાપ! વહુ બૂડી ગઇરે! પહેલુંજ ડબકું મારતાંમાં પગ લપશી ગયોરે ! બાપલા.

બૂખ—ભાઇ ક્યાં આગળ? ક્યાં આગળ જલદી બતાવો.

મોકુ—(લાંબો હાથ કરીને) અરે પણે આગળરે ભાઇ! હવે હું શું કરૂંરે બાપ! (રૂએ છે અને બૂખાણીઓ, તીસમારખાં, તથા ગાડીત વગેરે માણસો નદીમાં કૂદી પડે છે અને ડુપકીઓ મારી મારી ઘણે છેટે સૂધી તપાસ કરેછે પણ કાંઇ પત્તો લાગ્યો નહિ તેથી બહાર આવે છે.)

બૂખ—હાય હાય! કંઇ જડયાં નહિરે બાપ. હવે શું કરીશું ને શેઠને શો જવાબ દેઇશુંરે રામ!

નર્મ—અગ દેવા ગ અ આ, આત મી કાય કરૂગ. અ ગ આઇગ અ અ અ. (છાતી કૂટી રૂએછે.)

તીસ—(નિસાસો મૂકીને) અલ્લા ઓ અકબર; તોબા તોબા તોબા. ક્યા જુલુમ હો ગયા. (સર્વે રડાપીટ કરેછે.)

મોકુ—(રોતાં રોતાં)અલ્યા ભાઇ મને હવે અહિંથી લેઇ જાઓ ભાઇ . હાય હાય! નથી રહેવાતું બાપ! મારે તો જાત્રા નથી કરવી રે એ એ એ. પાછા ફીંડોરે બાપ! અહિંતો હવે મને ખાવા ધાયછેરે બાપલા!(મોકુભાઇનો હાથ ઝાલીને મુકામ ઉપર લેઇ જાયછે અને ત્યાંથી ગાડી જોડી પાછા રસ્તે પડેછે તથા તેમની પાછળ થોડીવારે ચંદ્રભાગા પણ બીજે રસ્તે થઇને રવાના થાય છે.)

પ્રવેશ ૮ મો.

હીરાલક્ષ્મી એકલી.

સ્થળ—ઝાડી અને ડુંગર.

હીરા—(રાતના ચાર વાગ્યાના સુમારે આંખ ઊઘડી જવાથી ચારે તરફ જોઈને મનમાં) ઓ હોહો!!! શું રાત અંધારી ઘોર છે! એમાં વળી વરસાદ પણ અંધારયો છે. હોયજ તો દહાડા વરસાદનાજ છે ની! પણ અરે બાપરે!!! આ આટલો બધો શોર બકોર શાનો થઈ રહ્યો છે? માણસોનો હોબાળો તો ન હોય (કાન દઈને) અરે!! આતો હજારો જનાવરો બોલતાં હોય એમ લાગે છે. આ પેલી સોથી મોટી ગર્જના તો હું જાણુંછું વાઘની હશે. ઓ હોહો!! શું આ જગા વિકટ છે! આ ઝાડીમાં પવનનો સૂસવાટો બોલતો કેવો સંભળાયછે? અરે, જો એકલાં રહીએ તો છળી મરીએ એમાં ફેર નહિ; પણ આ તો સ્વામીનાથ તથા બીજાં ઘણાં માણસો સાથે છે એટલે ફિકર નથી. પણ બાપ્યું હું એકલીજ જાગું છું તથી બીક લાગેછે. જોને આટલાં બધાં સૂતેલાં છે પણ કોઈ ચૂં કે ચાં કરતું નથી. અરે! પણ કોઈને જાગ્રત કરવાં જોઈએ, નહિતો વખત પર એકાદ જર જનાવર આવી પડશે તો કોઈનું નુકશાન કરશે; નીકર હમણાં વરસાદ તો પડ્યાવગરજ એમાં ફેર નથી. જો આ કડાકો થયો તો, લાવ સ્વામીનાથને જગાડું. (બાજુપર હાથ નાંખવા જાયછે પણ ખાલી પડયો તથી) અરે! અહિં તો કોઈ નથી. જમીન ઉપર હાથ ફેરવીને હાય હાય! પાથરેલું હતું તે પણ નથી. આ તો એ-

કલી ખાસ છે. હાંકો પાડેછે નર્મદી નર્મદી, અલ્યા ભૂખાણુ ભૂખાણુ. (કોઇ ના બોલ્યું એટલે) હાય હાય! કેમ કોઇ બોલતું નથી? હું એકલીજ છું કે શું? (ઊઠીને આમ તેમ ફરી ચારે તરફ તપાસી જુએ છે એટલામાં વીજળીનો ઝબકારો થયો તેના અજવાળાથી બધે નજર પડી એમ છતાં કોઇ પણ દીઠામાં આવ્યું નહિ તેથી ચીસ પાડીને મારી માડીઓરે!!! હાય હાય! આ શો ગજબ! હવે તો મોતજ આવ્યું તો. (હાંકો પાડેછે) હે સ્વામીનાથ! હે સ્વામીનાથ! અહિં આવો ને. બધું આમ શું કરતા હશો? હું બળી મરૂં છું મે. ઘણીવારે ગમ્મત હસવું છે પણ હમણાં હસવાનું ખસવું થશે હો. આવી મશ્કરી સારી નહિ. (વળી હબકીગયા) બળ્યું બાપ, જો ગમ્મતનું હોય તો હમણાં ઓપશે કહાડું; પણ આતો કાંઇ જૂઠું નથી. (વરસાદ આવવા માંડેછે.) અરરર! વરસાદ તો પડવા માંડયો અને હું ધ્રુજી મરૂંછું. પણ કોઇને દયા કેમ નથી આવતી? (મનમાં)હાં હવે સમજી હવે આમની થઇ. પેલી આવી છે ત શોક ચંદ્રપ્રભાજ હશે ને તેણેજ આ બધું કરાવ્યું હશે. એ રંડાતો આપણા દુઃખમાંજ રાજી હોય કની? (સોટથી)

ભુજંગી છંદ

મને દુઃખ દેખી રહે આપ સુખી,
થશે તુંમ પોતે મને બાળી ભૂખી;
બનું દુખણી તો બને શોક તાજી,
રહે માહરા દુઃખમાં એજ રાજી.
હશે જન્મ પૂર્વે તણી શોક્ય મારી,
મને દુઃખ દેવા ફરી દેહ ધારી;

અહીં આજ આવી મળી એજ પાજી[1],
રહે માહરા દુ:ખમાં એજ રાજી. ૨
કર્યા સ્વામિને મોહ સ્વાધીન એણે,
કરેલું હશે આ કુડું કામ તેણે;
અરે રાંડ આવું કરંતાં ન લાજી,
રહે માહરા દુ:ખમાં એજ રાજી. ૩
કુડા કામમાં ઘાલવો હાથ એવો,
સુરા[2] કુંડમાં[3] બોળવો પિંડ જેવો;
ગણીકા ગણે પાપ ને પુણ્ય ભાજી,
રહે માહરા દુ:ખમાં એજ રાજી. ૪
પ્રથમ જો નથી પહેલાથી ભેદ આવો,
નહીં તો ન ફાવી જતો તુજ દાવો;
ઘણા દીનની દાઝ કાઢીજ ગાજી,
રહે માહરા દુ:ખમાં એજ રાજી. ૫
ભલી વાત ભોળા પતીને ભમાવી;
ઉગ્યા ચોર સુળે થશો તો બગાવી,
પ્રિતી રંગમાં ભંગ રાખ્યો સદાજી,
રહે માહરા દુ:ખમાં એજ રાજી. ૬
કદી નેહ શું વાત નાથે ન કીધી,
રૂડી રીતિથી મુજને ખુશ કીધી;
તહારી શિખોનાં ફળો જાણું આજી;
રહે માહરા દુ:ખમાં એજ રાજી. ૭
નથી બોલ બોલી કદી એક ચૂકે,
પતી ના જણી ચંદ્રભાગા સમીપે;
મુને આંહિ ત્યાગે સર્યા અર્થ શાજી ?
રહે માહારા દુ:ખમાં એજ રાજી ૮
જણ્યું હોત તો તાતને ત્યાંજ રે'તી,

---

૧ હલકી. ૨ દારૂ. ૩ શરીર. ૪ કીસ્મત.

જુંડા મ્હેલથી રંચ જો ભેદ કેંતી;
આતી શ્રમ લેવો પડયો શે વૃથાજી,
રહે માહરા દુઃખમાં એજ રાજી. ૯
પ્રભુ કોદિ દીઠું નથી દુઃખ આવું,
નથી નાથ પાસે દિશે કોણ જાવું;
કરો સાહ્ય દેવેશ ટાળો વ્યથાજી,
રહે માહરા દુઃખમાં એજ રાજી ૧૦

અરે આ કામ એનુંજ; હવે નક્કી થયું. પણ વારૂ એ કંઈ સંતાયા તો નહિ હોય? લાવ જોઈએ હાંક પાડું. (હાંકો પાડે છે પણ કોઈએ બોલ્યું નહિ એટલે છેવટ ગભરાઈને આમ તેમ નાસવા માંડે છે.)

કટાવ છંદ અથવા પ્રબંધ.

વન વિકટ ભયાનક ભારી; કયમ રહે એકલી નારી. જે ચારે પાસ વેરાનવાસ ભયતણો ભાસ ઉપજાવે ત્રાસ, કોઈ નહી પાસ ઘણી ઝાડીઝાડી કાંટા વાડી માંહી પેસતાં નાંખે ફાડી, છેગિરિમોટા કંઈ કંઇ ઝોટા રંગે કાળા બહુ-વિકરાળા ઘણીગુફાવળી સિંહરહંતા ઘરીરીસગર્જના કરં-તા, રાત્ર અંધારી છે ભયકારી. હમહમહમહમહમહમ કરતી ધૈર્યવાનની ધીરજ હરતી. મેઘ ગર્જના કરે અપારા પડેપાણીની મૂશળ ધારા. કડડકડડ વીજ કડકતી, ઝબક ઝબક ઝબકારે ઝડતી, સનનનનનન પવન ચાલતો ઘણો માહાલતો ચાર દીશામાં જાય ફાલતો વળી પ્રવાહ પાણીનો વેતોહડહડહડહડ શબ્દજ કેહેતો, ઝાડ ઝાંખરાં તણાઈ આવે પગ લપટાવે જોર ન ફાવે નાંખે પાડી, વળી પછાડી આવે વનચર સિંહવાઘ-વરૂ સર્પ રીંછ મરકટ વાનર જંગલી રીંછ બહુ શિયાળ ચિત્તા ત્યાંહી વસંતા સામા દોડી આવે ધસંતા તે જોઈ રોતી, હિંમત ખોઈ આપા જોતી પિયર પનોતી વલવલ કરતી આંખે ભરતી, અરે બાપ!!! આ ખાધી કરડી

હવણાં મુજને નાંખે મરડી હાય હાય હવે, કયમ થાય ધ્રુજંતી કાય બડફડતી પડતી ઉભી થાય, વળી પડી જાય ઘુંટાય કાય બહુ રૂધિર વહે છે દુઃખજ સહે છે થરથર ધ્રુજે કાંઇ ન સુઝે વાચ વદને ગાળો દેછે કરી પુકારને મુખથી કહેછે, અરે બાપ! ઓ માત! માહારી વિસારી પુત્રી કેમ તારી સ્વામી મારા રહ્યા કયમ ન્યારા છો બહુ પ્યારા અતિ સુખકારા, એમ છતાં શા વાંકે મુકી હું નથી સુઝી ધ્યાન તમારૂં તમ ચર્ણ લાગ્યું મન મારૂં, આવો વાલમ ઉઠોને સાંઇ પી રસપાઇ હું દુઃખ સહુ છું તમને કહું છું તોપણ સ્વામી નથી બોલતા પડદો મનનો નથી ખોલતા મશકરી આવી, મને નચાવી તે કરતાં તમને કયમ ફાવી આ દુઃખ મારા પ્રાણજ હરશે, માત પીતા મુજ રોઇરોઇ મરશે અરે દૈવ હવુ કોઇ ન આવ્યું ખરે મોત, અહિં તેડી લાવ્યું પણ મારાથી મરાય નહી તો ગતી થશે શી મારી ૧ કયમ રહે એકલી નારી વન વિકટ ભયનક ભારી. ૧

(આગળ ચાલતાં સૂર્યોદય થતો જોઇ મનમાં) અરેરે! કોઇએ ન આવ્યું. હવે શું કરૂં? ક્યાં જાઉં? સ્વામી ક્યાં સંતાયા હશે?

માલીની છંદ.

પ્રિય પતિ દિલદારા, વાંક શા છે અમારા,
શિરમણી[1] દ્રિગતારા[2] કેમ રહો છોજ ન્યારા,
ક્રિબ ક્રિબ કરી ખાશે, ચીછડા ફાડી ખાશે,
તમથી કયમ ખમાશે, મોત સાચેજ થાશે. ૧
પ્રિતમ નિકટ[3] આવો, પ્રીત ઝાઝી જણાવો,
નથિ નથિ પતિ વેળા, હાસ્યની[4] ના સતાવો[5].

---

૧ માથાના મણી. ૨ આંખોના તારા.
૩ પાસે. ૪ હસવાની. ૫ પજવો.

નહિ વન સુખકારી, પામું છું પીડ ભારી,
નજર નહિ તમારી, શી થશે ગત્ય મારી. ૨
વિકટ[6] વન નિહાળી, તનમાં ત્રાસ છૂટે,
વનચર પશુ કેરા, સોરથા[7] ધીર તૂટે;
કયમ કરી ઘડી એકે, રાનમાં[8] ધીર રાખું,
નથિ પતિ મુજ પાસે, અન્ય કોને ન ઝાંખ્યું.[9] ૩
અહિ તહિ અથડાઇ, કંટ[10] પેઠા શરીરે,
શરીર ભિન[11] કરીને, રકત[12] ધારા ઝરીરે:
જગત જીવન દેવા, મુજને લે ઉગારી,
હિમત સરવ હારી, જાચ્યું[13] છું દીન નારી. ૪
નથિ હિમત હવેરે, માંડવા પાગ[14] આગે,
શ્રમિત તન થયુંરે, બીક અધીક[15] લાગે:
ધબક ધબક થાએ, છાતિ મારી રૂંધાએ,
અરર અધિક આરી, સ્વેદથી[16] ભીજી કાએ. ૫
ઝગ ઝગ ઝગ જ્યોતી,[17] એ પણ શા બળે છે,
નથિ દિપ પતિઘાએ, વાઘનાં નેણ એ છે;
અરે સરપ વેરી, પાય મારાજ ડંકે.
જરૂર હરિ હવે આ, જીવ જાશે અચૂકે. ૬
અતિશય ગભરાણી, દીશ એકે ન સૂઝે,
શરિર શિથિળ[18] થાતાં, પાણીને[19] પાય ધ્રૂજે:
ચતુર થઇ ઘટેના, નાથજી કામ આનો,
દયા ધિરજ હવે રે, જીવ ઝાલોજ જાતો. ૭
પતિ ઝટ પટ આવો, સ્નેહ સાચો બતાવો,
કરિ કહુંછું હું દાવો, હાથ ઝાલ્યો નભાવો:
મુકિ અહિંજ નિરાશી, જાવ કો શીદ નાશી,
સુણિ અતિ દુખિ દાસી, લોકમાં થાશે હાંશી. ૮

---

૬ અઘોર. ૭ ધાંટાથી. ૮ જંગલમાં. ૯ દેખ્યું. ૧૦ કાંટા. ૧૧ ભેદીને. ૧૨ લોહી. ૧૩ માગું છું. ૧૪ પગ. ૧૫ ઘણી. ૧૬ પરસેવાથી. ૧૭ દીવા. ૧૮ ઠંડું. ૧૯ હાથ.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

સ્વપ્નામાં નહિ ધારિયું હતું અરે જે હાલ હાવા થશે,
સ્વામી જે અનુકૂલ સર્વ વિધિયે તે છેહ[1] દેરે જશે;
આશાઓ કદિ તારિ વાણિ મનથી, સ્વામી નથી લોપિયો,
શે વાંકે અબળા પરે જુલમ આ, શે કારણે કોપિયો? ૧
સૂતી જે શુભ સેજમાં હજુરમાં, દાસો હજારો હતા,
માગું જો મુખથીજ પાન જળનું, આણી સુધા[2] આપતા,
હૈયે હેત હમેશ રાખિ જનિતા,[3] તાતે લડાવી ઘણી,
તે હું આજે રઝુંછું ઘોર[4] વનમાં, હા દૈવ! રાંકી[5] બણી. ૨

દોહા.

અરરર હાય હું શું કરૂં, દુખનો ના આવ્યો તાગ;
ઓ ઓ રે! ઓ આવિયો, ઓ ધાયો એ વાઘ. ૧
ફૂં ફૂં ફૂંફો મારતો, ઓ ધશિ આવ્યો સાપ;
બાપીરે બાપા બચી!, ઓ મારાં મા બાપ! ૨

આગળ (ચાલતાં એક સરોવર નજરે પડ્યાથી) આહાહા!! આ સરોવર કેવું સારૂં શોભે છે? શું પાણી મોજાં મારી રહ્યું છે? જાણે સમુદ્ર લહેરાંજ ખાઈ રહ્યો છે તો. કમળ પણ મુખ પ્રકાશી પોતાના સ્વામી સૂર્ય તરફ નજર કરી રહ્યાં છે. ધન્ય છે એમને. શું સ્વામી ઉપર ભક્તિ છે? (પવન આવ્યાથી) આહા!! આ પવન લહેર કેવી આવી! પણ બળ્યું મને શૂળો જેવી ખૂંચી. (પક્ષી તરફ જોઈને) આહાહા!! આ કેટલાં બધાં પક્ષી છે? શું પેલા હંસ હશે? હા હા, એજ; હંસ, પોપટ, મેનાં, મોર, કારંડવ, બપૈયા, બગલાં, સારસ, ચાતક, ચકવા,

---

૧ દગો. ૨ દૂધ. (અમૃત) ૩ મા. ૪ ભયંકર. ૫ રાંકડી.

ચકલી,કોયલ, બુલબુલ,તિતર, ચંડોળ, સર્વ છે,પણ કોઇ-એ એકલાં નથી, સર્વ પોતાના જોડા સહિત છે. અરેરે! દુર્ભાગી તો હું એકલીજ કે વગર સ્વામીએ રખડતી ફરૂં છું. ના ના પણ આટલામાં મારા સ્વામી કોઇ ઠેકાણે પણ હશે ખરા. (એટલામાં વળી આજુ બાજુ નજર પડવા-થી) વાહરે વાહ!!! આ ઝાડોની ઘટા કેવી શોભાયમાન દેખાય છે! ઝાડ પણ એકજ તરેહનાં નથી. કેટલાંક તો ગગન સાથે વાતો કરી રહ્યાં છે, કેટલાંકની લતાઓ જ-મીન ઉપર ઢળી રહી છે; વળી કેટલાંક તો ફળ ફૂલ સ-હિત છે. ઓહો!! કેટલી તરેહનાં ઝાડ છે? હું તો ફકત કેળ, ખજૂરી, બિજોરી, સોપારી, આંબલી, આંબો, લી-મડો, આસોપાલવ, દાડમડી, પીપર, પીપળો, વડ, શીતા-ફળી, જામફળી, નાળિએરી, નારંગી,લીંબુડી,ફણસ,અંજી-રી,ફનસડી, એટલાંજ ઓળખું છું, તેમ ફૂલનાં પણ ચં-પો,ગુલાબ,કેતકી, જાઇ, જુઇ,મોગરો,ચંબેલી,દાનો,ગરવો, ડમરો, ગુલબાસ, ગુલદાવદી, એટલાંજ ઓળખું છું. પણ આહાહા!! કેવાં શોભી રહ્યાં છે! લાવ જરા એ ઘટામાં ઊ-ભી રહું, પણ અરેરે!! હવે હું શું કરૂં?આ સઘળાં પક્ષી કેવાં કલોલ કરી રહ્યાંછે ને (હું આ વનમાં એક-લી ગમગીન થઇ રઝળ્યાં કરૂં છું. (એકદમ પેટમાં દરદ થઇ આવ્યાથી) અરરર બાપરે!! મરી જવાયુંરે બાપ!!! હાય હાય! (વિચાર કરીને) આ દરદ તે શાનું હશે? રોગ જેવું તો લાગતું નથી; અને દરદ પણ પેટમાં નથી. ઠીક ઠીક સમજાયું હવે. એતો એજ પ્રસવકાળની તૈયારી થ-ઇ. પણ અરે દૈવ! હવે શી વલે થશે! આ વખત મારી મા અથવા કોઇ પણ પાસે નથી. હાયહાય! હવે શું? કરીશ હે પ્રભુ! સહાય થજે. (ઘણું દરદ થઇ આવ્યાથી ઝાડ તળે બેશી જઇ રૂએછે.)

લલિત છંદ.

અરર હાયરે, શી ગતી થશે
અતિ પિડા થકી, પ્રાણ તો જશે
વિકટ વંનમાં, હું છું એકલી
ધિરજ ધારજો, થાઉ બેકલી[1]. ૧
હજુ છું બાળકી, હું શું જાણુંરે
પ્રસુતિ[2] ની પિડા, ના પ્રમાણુંરે
અરરહૂ હવે, દૈવ શું કરૂં
ચહુદિશે દિસે, વાઘ ને વરૂ. ૨
પ્રસવ[3] જો થશે, આ જગે જતો
કુમળ બાળની, શી થશે ગતો
સમય હોય આ, મારિ માતરે
વિવિધ ભાતની, પેર થાતરે. ૩
જુગતિયો કરે, તે કુસળની
કરત ચાકરી, પ્રીય બાળની
કદિજ નાથજી, હોય સંગમાં
ધિરજ રાખિને, રેત રંગમાં. ૪
ઉભય[4] બાજુએ, આ સમે નથી
દરદ આ હું કો, ને કહૂં કથી
અરર હાયરે, હાય હાયરે
પલક એકમાં, પ્રાણ જાયરે. ૫

(કોઇ સૂઝ ના પડવાથી ઊંચું જોઇ બે હાથ જોડીને ઇશ્વરને)

સકળ ભૂપ[5] ધરા[5], ભાર ભૂ[6] હરા
જય[7] પરાત્પરા, સંપતી[8] ભરા

---

૧ બેજાણ. ૨ જણતી. ૩ જન્મ. ૪ બે. ૫ પૃથ્વિનો ધરનાર. ૬ પૃથ્વિનો ભાર ઉતારનાર. ૭
૮ સંપતનો ભરનાર.

પ્રભુ કૃપા[૯] નિધિ, સૂખ સાગરા[૧૦]
અતિ ઊજાગરા[૧૧], ગુણ આગરા[૧૨]. ૬
સકળ ભક્તની, વ્હાર તો કરો
મુજ શું થાયિ તેં, ક્રૂરતા ધરો?
ઘટિત છે નહી, નાથજી તને
વગર કારણે, મારવી મને. ૮
કદિજ હોયજો; દોષ મહારો;
નભાવી લેવું એ, ધર્મ તાહરો;
નહિજ વાંકતો શીદને દમો;
નિરપરાધિતો, છોકરૂં અમે. ૯
પલક ના પડે, ચેન તો જરીઃ
કરગરી કહું, ધ્યાન તું ધરી;
ભિતર[૧૫] ભારિ છે, વેદના ખરી;
ટળવળી મરી, જાઇશ હું હરી. ૧૦
દિન દયાળરે, સાહ્ય તો કરો;
બિરદ[૧૬] પાળિને, મ્હેર તો ધરો;
જર જરી થઇ, મારિ કાયરે.
અરર હાયરે, પ્રાણ જાયરે. ૧૧

છપય છંદ.

હાય હાયરે ગાત, તાતજી આવો ધાઇ;
દુખ દરિયાની માંહિ, બુડતાં બચોને સાહી;
કળતર સઘળે અંગ, કાળજુ જાય કપાઇ;
નિશ્ચ કહુછું આજ, કાળની છાયા છાઇ;
રહેવાતુ નથી પળક પણ, આવ્યું દરદ નસે નસે;
જરૂર જરૂર જાણો તમો, પુત્રીનો જીવડો જશે. ૧

૯ કૃપાનાસમુદ્ર. ૧૦ સુખના સાગર.
૧૫ અંદર. ૧૬ બહાનું.

(પ્રસવ થવાની તઇયારી થયાથી) ઓ મારા બાપ-જીરે!! મરી ગઇરે બાપ!!! (મૂર્છા ખાઇ જમીન ઉપર પડે છે અને પુત્ર પ્રસવ થાય છે. ત્યાર પછી કેટલીક વારે ભાન આવ્યાથી ભયભીત થઇ ચારે તરફ જુએ છે એટલામાં પાસે પડેલા બાળક ઉપર નજર પડી તથા) હરરરર!! હે પ્રભુ! તારી અકળ ગતિનું શું વર્ણન કરૂં? બાબા ભગવાન કેવટ મારી આ ગતિ કરી? આ અઘોર વનમાં પુત્રનો જન્મ શો? મારે માથે આ દુઃખ શું? હવે આ કોમળ બાળની શી વલે થશે? મારૂં દુઃખ તો હું સંભારતી નથી. હે વિભો! ધન્ય છે તારી અકળ કળાને. પ્રસવકાળ સમયે અનેક તરેહના સંકટો હોય છે તથાપિ તેમાંનું તેં મને કાંઈ પણ જણાવ્યું નથી; એ તારો હું ઘણોજ આભાર માનું છું. તું વિશ્વનો પાલન કરનાર છે એ ખરૂં પણ હવે હું શું કરૂં? હરિ હરિ! આ વખતે મારાં માબાપને ઘેર અથવા સસરાજીને ઘેર આવ્યો હોત તો તેઓને કેટલો આનંદ થાત? અને મારાં તથા આ બાળકનાં કેટલાં લાડ પાલ થાત? હું મારા માબાપની છાયામાંથી ક્ષણભર વેગળી થઇ નથી; તેની આજ આ અવસ્થા? હશે જેમ તારી મરજી. (પુત્ર ઉપર ફરી નજર કરીને) અરે!! પણ આની નાળો વગેરે બાંધીને બધી જન્મકાળની ક્રિયા કરવી જોઇએ, નહીતો એ મરી જશે. અરેરે! આ ઠેકાણે દાયણને તો કયાંથી લાવીએ? ચાલને મારે હાથેજ કરૂં. મારી રૂખલીને ભાઇ આવ્યો તે વખત હું પાસેજ હતી તેથી બધું જોએલું તો છેજ, અને મારી માએ પણ એક વખત વાત કરી હતી તેથી ઘણી ખરી વાત તો જાણવામાં છે, આરી હરકત પડે તેવું નથી. (છોકરાની નાળો વગેરે બાંધી જેમ કરવું ઘટે તેમ કરે છે ને પછી તેના સામું જોઇને) હે બાળ, હે

સકોમળ! તું શા ભોગે હું અભાગણીને પેટ આવ્યો? તને બીજું કોઇ ઠેકાણું જડયું નહિ? આ તો ઠીક છે કે આટલીએ મને માહિતી હતી તો મેં મારે હાથે તારી ખટ પટ કરી નહિતો તું ક્યારનોએ મરી ગયો હોત. (પુત્રનું રૂપ જોઇ મોહ પામેછે તેથી) આહાહા!! શું સુંદર રૂપ છે! (પુત્રને ખોળામાં લેછે પણ રોવાઇ જવાય છે તેથી રોતાં રોતાં)

તારી કંચન વરણી કાય, કુંવર મારા લાડકવાયા;
તારૂ મુખ જોઇ શશિ કરમાય, કુંવર મારા લાડકવાયા. ટેક
આવ્યો તો ભલે આવીયો, પણ શાને આવ્યોજ આજ;
હું નીરભાગી એકલી મુને, કીધી સ્વામિજીએ ત્યાજ;
કુંવર મારા. ૧
વનમાં તારી ચાકરી, કરવા કો નહી પાસ;
નથી સાગડી ગોળની બાળા, તરફડીને તું મરી જાશ;
કુંવર મારા. ૨
નથી બિછાનું હુંફનું, ન મળે તાતુ નીર;
શું કરૂ મારા લાડકા તારૂ ઘેહ્હું શાણે શરીર!
કુંવર મારા. ૩
મારે સુવા ધૂળ છે, અંગે વસ્ત્રજ એક;
શું ઓઢાડું તુજને મારી, દશા છે નિર્બળ છેક;
કુંવર મારા. ૪
માતા મારી હોય જો, આ વેળા આ ઠામ;
તો દુઃખ સઘળાં વામીને, વળી પામીએ બન્ને વિસામ;
કુંવર મારા. ૫
બાળા મારા બાળુડા, શું ટક ટક સામું જોય?
હુને તું બે એકલાં ત્રીજુ, પાસે નથી અહિં કોય;
કુંવર મારા. ૬
આવ્યો હત મોસાળમાં, લાડકવાયા તન;

સરપે લેતજ વારણા વળી, કરત ઘણેરાં જતન;
કુંવર મારા. ૭
તે કરતાં કદિ બાપ ઘેર, પામત કંઇ કંઇ સુખ;
એક ન આવું પામત બેટા, હું અને તું બેઉ દુખ;
કુંવર મારા. ૮
આવ્યો શું સુખ પામવા, અહિંયાં મારે પેટ?
સંભાળ થાશે એટલી જોગ, કોઇ ઉતારે વેઠ;
કુંવર મારા. ૯
ગયો હોત કોઇ રાજ ઘેર, તો થાતજ લીલા લહેર;
રાજ કુંવર કહેવાઇને તું તો, ઉછરત આનંદ ભેર;
કુંવર મારા. ૧૦
અરે દૈવ તું રૂઠીઓ, મુજ શું રાખી વેર;
હું અબળાપર કોપીને તેં તો, કીધોછે આકરો કેર;
કુંવર મારા. ૧૧
સુખ કરતા કહેવાવછો, દુઃખ હરતા ભગવાન;
માટે દયા લાવી મુજને, મુકાવોને આ વન
કુંવર મારા. ૧૨
(સ્તબ્ધ બની જઇ ચારે તરફ જુએ છે.)

પ્રવેશ ૯ મો.

હીરાલક્ષ્મી—દીનોદ્ધારસ્વામી—રામચરણદાસ તથા બીજા ગોસાંઇ.

સ્થળ—ડુંગર તથા ઝાડી.

હીરા—(મનમાં)અરે ભગવાન! હવે મારે શું કરવું? મને તો કાંઇ સૂજ પડતી નથી. આ બાળકની હવે શી ત્રેવડ કરવી? અનુભવ વિના મને તો કાંઇ સમજણ પડતી નથી, ખરે. હવે તો એ મરી જશે. આ વ-

ખત મારી મા બહુ યાદ આવે છે. ખરૂં છે, મા તે મા. માની ખોટ બીજાથી પૂરી પડતી નથી. શાસ્ત્રમાં પણ કહ્યુંજ છે કનીકે

नान्नोदकसमंदानं, नतिथिर्द्वादशीसमा ॥

नगायत्र्य:परोमंत्रो, नमातु:परदैवतम् ॥

અન્ન અને પાણી એના દાન વગર બીજું મોટું દાન નથી, બારસ જેવી બીજી સારી તિથિ નથી, ગાયત્રી વગર બીજો મંત્ર નથી અને મા વગર બીજું દેવતજ નથી. હશે હવેતો જે બને તે ખરૂં. (દૂરથી ગોસાઇનું ઝંડ આવતું દેખીને) ઓ મારા બાપ!!! આ વનમાં વળી નાગડા ક્યાંથી આવ્યા? એતો મને પકડી જશે. હાયહાય! હવે ક્યાં જાઉ? (છોકરો લેઇ નાસવા માંડે છે.) ૧ લો ગુસાંઇ. (હીરાલક્ષ્મીને નાસતી દેખીને) અજી રામચરણદાસજી એ ગુરાનકી રંડી કોન ભાગતી હે?

રામ—ઇસ જંગલમેં રંડી કૈસી? એતો સુસરી પીસાચરણી હોવગી. મારો ઉસકું પકડો.

૨ જો ગુસા—ચલો ચલો દોડો. (સર્વે હીરાલક્ષ્મી પાસે દોડતા જઇ તેને મારેછે.)

હીરા—હે મહારાજો, હું ગરીબ અબળાને શું કરવા મારોછો? મને આટલું તો દુઃખ છે તેમાં વળી તમે શાને માટે આમ કરોછો? મેં તમારો શો અન્યાય કર્યોછે?

૧ લો ગુસા—સચ્ચા બોલ. તું કોન હે? કહાં રેહેતી હે? ભૂતડી હે કે ડાકની?

હીરા—મહારાજ, હું ભૂતડીએ નથી ને ડાકણીએ નથી; મનુષ્યજાત સ્ત્રી છું. મહા દુઃખે અહિં આવી ફરી છું. મારે માથે દુઃખનો ડુંગર ઊગ્યોછે.

૨ જોશુસા—અબી ઇસકું પકડકે અપને સ્વામીકે પાસ લે ચલો. હાથ રાખ ને ખાનેકી પીડા દૂર હોગી.

(હીરાલક્ષ્મીને પકડી દીનોદ્ધારસ્વામી પાસે લેઇ જાયછે.)

હીરા—(સ્વામીને મ'નામાં બેઠેલા દેખીને) કૃપાનિધાન યોગીરાજ હું આપને પ્રણામ કરૂં છું. (નીચે પડી પગે લાગેછે.)

દીનો—બચ્ચા તું કોન હે? જંગલમેં કેસી ભટકતી હે?

હીરા—મહારાજ, હું અબળા સ્ત્રી છું, અને ઘણીજ દુખિયારીછું (રોઇ જાયછે.)

દીનો—ગભરાના નહિ બચ્ચા.સચ્ચેસચ્ચા બોલ.

હીરા—સ્વામીરાજ, હું જાતની વણિક સ્ત્રી છું. પતિના વિયોગે ટળવળુછું. આ વનમાં આ પુત્ર (એટલું કહી પુત્રને યોગીરાજના પગ આગળ મુકી પોતાનું સર્વ વૃત્તાંત કહી સંભળાવેછે.)

દીનો—(ત્રાસ પામીને)બેટા, ગભરાના નહિ.ગુરૂ ભલા કરેગા. આવ હમારે સંગ. (પાસેનાં માણસોને) એ લડકીકું ઓ ડોલીમેં બીઠાવ ઓર અપને સંગમેં લે ચલો. ખબડદાર ઉસકુ કોઇને જરાસાભી દુઃખ દીયા તો; ઓર ઠાકુરજીકી પ્રસાદીમેંસેં પહીલા ઇસ્કુ ખાનેકા દો. સુના રામચરનદાસ?

રામ—હાં મહારાજ, જેસા હુકુમ. (હીરાલક્ષ્મીને ઠાકોરજી માટે કરી રાખેલી કોરી સામગ્રીમાંથી ખાવાને આપી ડોળીમાં બેસાડેછે અને પછી બધા કાફલો ચાલવા માંડેછે તે કેટલાક દિવસે અમરકંઠ મહાદેવ નજીક જઇ પહોંચે છે.)

રામ—(ગુરૂને) મહારાજ, એ જગા બહોત પવિત્ર હે. જીસકું અમરકંઠ કહેતેહે સો એહી હૈ. યહાં મુકામ કરીંગે?

દીનો—હાં જગાતો બહોત પવિત્ર દીખતીહે. ઔર આપને યોગ ધ્યાનકું અનુકૂળ હે. અબી પરજન્યકાલ યાંહી સ્થિતિ કરિંગે. (સર્વ મુકામ કરેછે.)

હીરા—(ડોળીમાંથી ઊતરી ગુરૂ પાસે જઇને) કૃપાનિધાન, હવે મને શી આજ્ઞાછે?

દીનો—બેટા, સુખરૂપ યહાં હમારે પાસ રહો ઔર ભગવત સ્મરનેમેં કાળ નિર્ગમન કરો. ભગવત કૃપાળહે. થોડે દીનમેં સબ દુઃખ મીટાયકે અચ્છી બાત કરેગા.યહાં તુમકું કુછ બાતકી બિપતિ નહિ પડેગી. સબ બાતમે ભગવતકી દયાહે, સો આપ હીકે આનંદમેં રહો.

હીરા—જેમ ગુરૂની આજ્ઞા.હું તો આપને શરણ છું. (સેવા ચાકરીમાં તત્પર રહેછે.)

પ્રવેશ ૯ મો

જૂઠાભાઇ—ધૂળીવહુ—માકુભાઇ—નર્મદા—તેજકોર
હીરજીસા—મોતીચંદ—મણીકોર—તથા શેઠનો સિપાઇ.

સ્થળ—વડોદરા, શેઠનું ઘર પછીથી અમદાવાદ.

જૂઠા—(પોતાની સ્ત્રીને) આપડા માકુને ગયે આજ વીસ ડાકાડો થયા ખડું વડું? હું જાનું છુ આજ કાલમાં આવશે ખરો.

ધૂળી—હા; હવેતો મારો પણ જીવ ઘણો ઊંચો થયોછે. બધા કરતાં પેલી વહુ તરફની બહુ કાળજી છે કેમકે હવે એને વખત છેક નજીક આવેલો છે. (વેગળેથી જૂખણીઆને આવતો જોઇને) અરે પેલો જૂખણીઆ જેવો કોણ આવેછે?

જૂઠા—(ઊભાથઇને જોઇને) હાહા એજ. આવ્યોરો ખડાં

આવો નીરાંટ થઇ. (માકુભાઇ વગેરે સર્વ ઘરમાં આવેછે.)

ધૂળ—(માકુભાઇને) આવ્યો ભાઇ! સારોતો છું!

માકુ—હા. (બીજું કાંઇ બોલ્યાવગર જાણી જોઇને રોઇ પડે છે.)

ધૂળી—(ગભરાઇને) હાય હાય! શું છે ભાઇ!

નર્મદા—આ ભાભીતો પાણીમાં ડૂબી ગયાં. (રોઇ જાય છે.)

ધૂળી—હાય હાયરે બાપ!! સત્યાનાશ વળ્યું તો. (રોવાઇ જવાય છે તેથી રોતે રોતે) ક્યાં આગળ અને શી રીતે થયું?

નર્મ—(બનેલી વાત કહી સંભળાવે છે.)

જુઠા—અડડડડડ! હાય હાયરે!! ગજબ કર્યોરે બાપલા!!! (બધાં રકારોટ કરવા માંડેછે તે સાંભળી પાડોશીઓ દોડી આવે છે.)

તેજ—શું છે શું છે!

ધૂળી—આ છોકરો તથા વહુ જાત્રાએ ગયાં હતાં ત્યાં રસ્તામાં વહુ પાણીમાં ડૂબીને મરી ગઇરે બાપ.

હીરજીસા—જે થવાનું તે થયું. હવે રોઇને શું કરશો, કાંઇ પાછી આવનાર છે! છાનાં રહો છાનાં. (જુઠાભાઇ તથા ધૂળીવહુ વગેરે સર્વેને છાનાં રાખી જાયછે.)

જુઠા—(ધૂળીવહુને) આ બાબટ મોટીચંદને કાગળ લખવો જોઈએ. હાય હાય! છોકરો આવ્યાની વધામની લખવી ઢાઢઠારો ટેને બદલે આ ખબડ લખવી પડશે. રામ રામ!

ધૂળી—હા. લખ્યાવગર સો ના ચાલે. અરેરે! મારા મનના મનોરથ મનમાંજ રહી ગયા. (જુઠાભાઇ કાગળ

બખી મુદ્દામ પોતાના એક ગુજરાતી સિપાઈને) આપેછે ને સાંજરે તે મોતીચંદને ઘેર પહોચેછે.)

સિપા—(મોતીચંદના ઘર આગળ જઈને) ભાઈસાહેબ ઘરમાં છો કે?

મોતી—(ઘરમાંથી) કોણ એ? જે હોય તે ઘરમાં આવો.

સિપા—(ઘરમાં જઈને) સાહેબ, આ આપનો કાગળ છે: અમારા બુલાભાઈશેઠે આપ્યો છે.

મોતી—હા. લાવો. (કાગળ લેઈને) અને તમે જઓ મેડા ઉપર કમર છોડો.

સિપા—(મનમાં) કાગળ વાચશે એટલે હમણાં રડારોળ થઈ રહેશે માટે અહિંયાં રહેવું વાજબી નથી. (મોતીચંદને) ના સાહેબ, અહિં મારા સગાનું ઘર છે ત્યાં જવાનું છે ને એટલાજ કામ આવેલો પણ હું માટે રજા લેઉં છું.

મોતી—ત્યારે તો તમારી મરજી. ત્યાં સર્વ સારાં છે?

સિપા—(કાંઈ જવાબ આપ્યા વગર જતો રહે છે)

મોતી—(મણીકોરને) આ સિપાઈએ કાંઈએ જવાબ આપ્યો નહિ, અને એનું મોહોડું પણ મને તરેવાર લાગ્યું માટે લાવો પહેલો કાગળ વાંચી જોઉં.

મણી—વાંચો. હું જરા મેડે જઈ આવું છું. (મેડા ઉપર જાય છે.)

મોતી—(કાગળ વાંચે છે)

શ્રી.

સ્વસ્તશ્રી અંડાવાડ મહાશુભસ્થાને પુજ્યારાધે અનેક શુભ ઉપમા જોગ શા. મોતીચંદ પડભુડાસ એટાન શ્રી વડોદરેથી લી. શા. બુલાભાઈ ગડગડદાસના જેગોપાડ વાંચવા. જટ લખવા કારન એ છે જે મદનજીની માનકબાલને ટથા હીરાલખમીને શ્રી ચંદ્રકરિથડ માટેન

સંજોડે પગે લાગવાની બાધા હતી તેથી બન્ને જણ અહિવાકી ગયેલાં પણ રસ્તામાં નદીમાં નહાવા જતાં દૈવ જોગે ચડનજીની હીરાલસ્મીનો પગ ખસી ગયાથી પાનીમાં ડુબી જઈ દૈવલોક પામી છે. (દેવલોક પામી છે એ અક્ષરો વાંચતાંમાંજ હાથમાંથી કાગળ નાંખી દેઈને) અરરરર! હાય હાય બાપરે!! ગજબ થયોરે. શિવ શિવ! પોક મુકી રૂએછે તે સાંભળી મેડા ઉપરથી મણીકોર દોડી આવે છે.)

મણી—હાય હાય! શું છે. મારી વહાલી દીકરીનું કાંઈ વિઘ્નતો નથી?

માતી—હોવે હોવે. એ તો નદીમાં બૂડીને મરી ગઈરે બાપ!!

મણી—કોણ મારી હીરી?

માતી—હાહા. હાય હાયરે! (વધારે રૂએ છે.)

મણી—ઓ મારી વહાલી દીકરીરે એ એ એ. (મૂર્છા ખાઈ જમીન ઉપર પડે છે.) તેથી આડોસી પાડોસી દોડી આવેછે.)

માતી—(પાડોશીઓને) તમે એને સાચવજો, નીકર એતો છોડી વિના મરી જશેરે બાપ. (પાડોશીઓ મણીકોરને સાવધ કરે છે.)

મણી—(જરા શુદ્ધિ આવી એટલે) હાય હાયરે! મારી હીરી વિના હવે હું કેમ કરીને રહીશરે એ એ એ! ઓ દીકરી મને એકલી મુકીને ક્યાં ગઈરે બાપ?

લાડકડી ગઈ વિસારી હો, મરી શી થાઈજ મારીહો.

લાડકડી ૦ ટેક

હાય હાય હવે કયમ થાય, રહું પુત્રિ વીના કેઈ પેર;
બાળકડી મારી ચતુર હીરામણી, કેમ ઉતારી તેં મેર!

બાડકડી૦ ૧

અરેરે બાપ દુઃખ વેઠયું હશે ઘણું, સાસરીઆની સાથ;
એને મળ્યો અવતાર મળ્યા તુને, ન મણુગારો[1] નાથ.
બાડકડી૦ ૨

જળમાં જઇ કેમ પેઠી એકલડી, ભુલી ગઇ નીજ[2] માત;
કોમળ કાળજ કઠણ કરી વળી, વીસારીયો તુજ તાત.
બાડકડી૦ ૩

જળમાં કુબંબાની પીડા વેઠી હશે, કેમ તે કોમળ કાય?
નહાતી નહી જળ તાતા[3] વીના, હવે શીતળ કયમ રહેવાય? બાડકડી૦ ૪

એકવાર મને છેલી વખતની, શાને કરી નહી ભેટ;
પેટમાં રાખીને પાપ ઘણું બ્હેની, ચાલી ગઈ તુતા ટેક.
બાડકડી૦ ૫

વ્હાલ થકી જંતા તુજને અણુતી, તણું તે પામશે સુખ?
મનના મનોરથ મનમાં રહ્યા દૈવે, નાખીયું દારૂણ દુઃખ.
બાડકડી૦ ૬

હોશ હતી ઘણી હેડા વીષે પેવા, છ઼ંગમાં[4] તુજ પુત્ર;
એ ને તું બન્યો સમુળાં ગયાં, મારૂં શુન્ય[5] થયું ઘર સુત્ર. બાડકડી૦ ૭

એટલી દયા દિલમાં નવ આણીને, રોઇ રોઇ મરશે જ માત;
તારો વીયોગ સેંખાશે નહી તથી, કરશે પોતાની ઘાત.
બાડકડી૦ ૮

---

1 ખરીકરો. 2 પોતાની. 3 ઉનું 4 ખોળામાં 5 ભીકું (ઉજડ)

મારી ઇચ્છા તુને કાંઇ ન આવી, જાઇને બેઠી સુખધામ,
મુજ રઝળતી એકલડી મુનેબ્હેની, કીધું તેં અઘટિત કામ. લાડકડી૦ ૯

આગળ ગઇ હું તો કરીને રાખજે, ઠેકાણું મુજ માટે;
હું શું કરૂં હવે છું એકલડી, નિશ્ચે મરૂં તુજ માટે. લાડકડી૦ ૧૦

ખા ખા કરી મને પ્રાણ ખાવાશે, તારા વીના મારી ભાળ;
તારા ફેરા શાને માટે થયા નહી, હું નીરભાગીનો પ્રાણ. લાડકડી૦ ૧૧

હું શું જાણું જે તું આમ કરીશ, નહી તો હું આવત ભેર;
સાસરી માંહી રહેવા હેત શાને, આવ ન આવતો ફેર. લાડકડી૦ ૧૨

પાડોશીઓ—બાપ, હવે છાની રહે. રોઇ રોઇને મરી જઇશ તોપણ એમાંનું તું હવે કાંઇ દેખનાર નથી. ઇશ્વરેચ્છા આગળ કોઇનું ચાલતું નથી. હવે રડવું મિથ્યા માટે રોઇશ નહિ; હિમ્મત રાખ. જે થવાનું હતું તે થયું. (મણીહારને તથા મોતીચંદને છાના રાખી સર્વે વેરાઇ જાય છે ને પછી મોતીચંદ તથા મણીહાર પોતાને ઘેર જાય છે.)

અંક ૫ મો.

પાત્ર.

જુઠાભાઇ.. ....વડોદરાનો એક શેઠ.

ધુળીવહુ ... .તેની સ્ત્રી.

મોકુભાઇ.. ....તેનો છોકરો.

અક્કડચંદ-ફક્કડચંદ.. ....તેના દોસ્તદારો.

ચંદ્રભાગા .... { મોકુભાઇની રાખેલી એક નાટકશાળા.

જડથાજી.. ....તેનો ગાડીવાન.

સુસવંતરાય .... { સૂરતથી આવેલો એક સખ્સ પાછળથી મોકુભાઇનો દોસ્તદાર.

સુંદરલક્ષ્મી .... તેની સ્ત્રી.

મોતીચંદ .... અમદાવાદનો એક શાહુકાર.

મણીકોર .... તેની સ્ત્રી.

હીરાલક્ષ્મી.... .... તેની છોકરી-મોકુભાઇની સ્ત્રી.

મંજુલાલ.... .... તેનો છોકરો.

દીનોદ્ધારસ્વામી ....ગોસાઇના મંડનો મહંત.

રામચરણદાસ ....તેનો મુખ્ય શિષ્ય.

જુગણીઓ.... ....જુઠાભાઇશેઠનો ચાકર.

કરસનશંકર.... ....શેઠનો રસોઇયો.

ગોકળીઓ.... ....શેઠનો બીજો ચાકર.

તીસમારખાં ....શેઠના ઘરના સિપાઇઓનો જમાદાર.

હાથીજી—બાથીજી—મહીનખાં—વાઘભાઇ } ....શેઠના ઘરના સિપાઇઓ.

સૂત્રધાર ....નાટક કરનાર.

વિદૂષક ....તેનો સોબતી (મશ્કરો.)

સૂત્ર—(આગળ આવીને) સાહેબો! અભણ હોવાથી માણસો કેવાં દુરાચરણી નીવડી ન કરવાનાં કામો કરેછે એ આપના દીઠામાં આવ્યું; હવે એવાજ માણસને જો વિદ્વાન અને સદાચરણી પુરૂષની સંગત થાય-છે તો તે માણસના પાછલા ગુણ કેવા પલટાઇ જાય-છે ને તેથી આખરે તેનાં કેવાં પરિણામ થાયછે તે આપ જોશોજ.

વિદૂ—(નાટક કરનાર મંડળીના સામો કૂદતો આવીને) અબે સાજ઼ંદો બજાવ બે બજાવ; બંદેકું ગાનેકા તાન આયાહે.(સૂત્રધારના સામો ગાવા માંડેછે)

રંગ રંગરે મેરે બાલા, મેને ખુબ તમાશા ભાલા
સાહેબ જાદા મહેર બાના, તેરી અકલ પે ખુરબાના.
બંદા આવે ગાતા ગાના, દેખો કયા લગાતા તાના!
જલદી મીલી કરદે જોડી, અબતો રાત રહીહે થોડી.

ધુત્ત તેરીકા સુતર ઘડીઆ પકડકે, તેરી બાનકું કાહુ ધૂલમેં જકડ કે. તેરી દો પૈસેકી માલુકડીને મેરી સવા લાખકી હીરકણીકું ધૂલમાં મીલાઇ? ચલ ચલ જલદી કર. મેગ તો થાં રહે રહે કયીબ ફડ ફડ હોતા હે.

સૂત્ર—(સભા સદ આગળ જોઇને) જો જો સાહેબો, આ પારકે દુઃખે દાઝનારા તાનસેનમીઆ ના જોયા હોય તો. શું મજાનું ગાણું ગાતા આવ્યા છે? વાહ ભાઇ વાહ!!

વિદૂ—આલબત્ત, ઉસમે કયા શક? તીન તાલ કે ઝપાટમે સાતું સુરકે ટુકડે ના હો ગયે તો પીછે ગાના કયા કામકા?

સૂત્ર—હા ભાઈ હા તું હવે બસ કર મહેરબાન. હવે પછીની હકીકત જાણવાને સભાસદોના મન મને ઘણાં અધીરાં જણાય છે માટે આગળનો ભાગ કરી બતાવવા દે.

વિદૂ—ભલી ધસી વાસેલી તો શીશ પટકતો હું, ચલ ચલ જલદી કર.

સૂત્ર—ત્યારે તું જરા વાર વેગળો જઈ બેસ મને શરૂ કરવા દે.

વિદૂ—તું કરતો છે તો લેને, મેતો એ ચલ્યો. (જાય છે ને સૂત્રધાર શરૂ કરે છે)

પ્રવેશ ૧ લો.

માકુભાઇ તથા આક્કડચંદ અને ફક્કડચંદ.

સ્થળ—માકુભાઇની મેડી.

માકુ—(એકલો મનમાં) પેલા આક્કડીઆ ફક્કડીઆ કેમ હમણાં બિલકુલ જણાતા નથી? સ્વાર્થના સગા છે કે શું? પણ બહુ દહાડા થયા છે એટલે આવ્યા વિના રહેતા નહિ. (બારીએથી રસ્તા તરફ જોઇને) પેલા બે જણા આવે છે તે એમના જેવાજ છે. (ઉભો થઇને) હા હા, એજ એજ. આવરદાના બળીઆ તો ખરા. ચાલો ત્યારે હવે તો જઇને અંદર બેશીએ. (અંદર જઇ બેસે છે એટલામાં આક્કડચંદ ફક્કડચંદ આવે છે તેમને) આવ્યા બો, તમે શું ખાધું છે?

ફક્કડ—શું છે ભાઇ આટલું બધું?

માકુ—અલ્યા ચલ્યા; આવું તે કરતા હઇશું? દહાડામાં બે વખત મળતા તે હવે મૂળગુંજ આવવું છોડ્યું? જુઓ આજ કેટલા દહાડા થયા? પેલે મંગળવારે

આપણે પણે મળ્યા હતા. ત્યાર પછી મ્હોડું દેખાડ્યું છે? તમારે ઘેર મારાથી અવાતું હોય તો હું તો હમડાં આવું; પણ કહોતો ખરા શી અટકામણ પડી હતી?

આકુકડ—અરે ભાઈ, અટકામણ તો કાંઈ નહોતી પણ શું કહીએ? કાંઈ કહેવાનીજ વાત નથી.

મોકુ—હેં હેં હેં!! એવું શું છે વળી? તે તો કહો.

અકુકડ—નાના, એટલું બધું અચંબો પામવા જેવું કાંઇ નથી. છે તો સહજ પણ જરા ભૂલભૂલામણીયું છે.

મોકુ—કહો કહો ખરેખરૂં કહો.

કુકડ—અમારા પાડોશમાં થોડા દહાડાથી એક સૂરતનો ક્ષત્રી રહેવા આવ્યો છે તે રહે છે તો ભારે પણ ભણું કરીને વકીલાતનો ધંધો કરે છે. તેનો ગુણવંતરાય નામે એક છોકરો આપણા જેવડો છે તે શું બાર વિચિત્ર માણસ છે જાણે મોહનીનો અવતાર તો.

મોકુ—હેં! શું એટલો બધો રૂપાળો છે ત્યારે તો એને જોવો જોઈએ.

અકુડ—નાના રૂપાળો શાનો? રૂપમાં તો માણસ જેવું માણસ પણ એનું કામજ તરેહવાર છે,

મોકુ—ત્યારે તે કહેની, બાળની.

કુકડ—અરે યારં શું કરૂં? એની પાસે જો બેઠા તો ફરી ઊઠવાનુંજ મન ન થાય. એ તો માણસને વશજ કરી નાખે છે.

મોકુ—ત્યારે તે કોઈ મંતર જંતર ભણેલો છે કે શું? તમારા ઊપર મોહકણુ માંડી દેખાય છે. હા હા મને તો એમજ લાગે છે, બાકી તમે આટલા દહાડા ટકો નહિ તો.

આદકડ—અંતરમંતર તો દેવ જાણે પણ મોટી મોટી ચો-પડીઓ એવી વાંચે છે કે કંઈ કહેવાનીજ વાત નથી. શું એની કહેવાની લટક અને મોહાની મીઠાશ! વળી રમુજની વાત એવી કે અક્કલ ગુમ થઈ જાય ને ત્યાંથી ઊઠવું પણ ગમે નહિ. અરે ભાઈ આપણે તો મૂર્ખજ રહ્યા તો, હે'?

માધુ—હાય હાય! એમ કે? મેં તો જાણ્યું કે કોણ જાણે શુંએ હશે. જાઓ મારા ભાઈ; એમાં તે શું ધીખ-વાઈ ગયા! કોઈ નવરાએ ગપાટા બનાવ્યા હશે તે આ ભાઈ સાહેબને જરા વાંચતાં આવડતું હશે તેથી વાંચતા હશે એમાં તે શું! ભણેલું તો આખું ગામ વાંચે. બાપોને આપણે વાંચીએ. શું આપણે નથી ભણ્યા.

રફુડ—ના ભાઈ ના; એમ નથી. એકલું વાંચીજ જાય છે એમ નથી. વાંચે છે તો એક બોલ પણ તેના ઉપ-ર એવી તો ટીકા ચલાવે છે કે જે કહે છે તે કા-ળજામાં સજડ થઈ જાય ને જવાબ પણ દેવા તો નથી. એને તે ગપાટા કેમ કહેવાય? જ્યાં સુધી ત-મે એને જોયા નથી ને એની વાત સાંભળી નથી ત્યાં સુધી ગમે તેમ કહેશો પણ એકવાર મળ્યા પછી કદી આવું બોલનાર નથી, બાકી તુમોને અમ પણ તમારા દોસ્તદાર છીએ કે નહિ. મોટા બાપજીને પત ના કરીએ તો એનેજ ગાંઠીયે! પણ ખરૂં ક-હું છું કે હું તો એનાથી એવો તો ગુલતાન બની ગયો છું જે આ આઠ દહાડામાં એની પાસેથી જરાપણ વેગળો ખસ્યો નથી.

માધુ—ચાલો હવે બસ કરો મહેરબાન, ઝાઝી દુકાન ન જમાવો. જ્યાં ત્યાં તો એજ કથી કે ચોપડાઓ-

માંથી વાતો વાંચે છે. જરા થાય ઝીણી હશે; રામ સારો હશે અને તેથી શીખવતું હશે તેમાં તે શું તમે ગાંડા જેવા થઇ ગયા છો? એના ઉપર તમે જ્યારે આટલા બધા આમ થઇ ગયા છો ત્યારે કદાચને અમારા દુરગારામ વાહુજીના ઘોડાની વાત સાંભળો તે વખત તો કોણ જાણે શું એ કરો? અઃ એક વખત એમણે અમારા મોહોલ્લામાં ગુલાબકાવલીની વારતા માંડી હતી; ને જે વખત એમણે ગુલબંકાવલીના રૂપનું વર્ણન કર્યું તે વખત હું તો તે સાંભળીને હજરજ થઇ ગયો ને રૂંવેરૂંવાં ઊભાં થઇ ગયાં એ તે વાત. સાંભળ્યા વિના તમને શી ખબર પડે? વારૂ ઠીકજ છે, કોઇ દહાડો વંચાવીશું.

ફક્કડ—હા ભાઇ હા, એ વાત ખરી, પણ ગુણવંતરાયની વાતો કાંઇ તેવી નથી; તેમાં તો ફક્ત જ્ઞાન અને વિવેકની વાતો આવે છે. એ કહેછે તે વખત તો એમજ થઇ જાય છે કે આપણે તો જાણે માણસજ નથી; એવો પસ્તાવો થાય છે.

માકુ—વારૂ, ત્યારે તમારે તો હવે ભણવું હશે ખરૂં કે? જો જો ગાંડા બાંડા થઇ જતા; પણ શું કરો, એવા ફરંદ માણસ આગળ તમારૂં ચાલે નહિ તો. એતો અમેજ પૂરા પડીએ. જુઓને પેલી અપડાવાળી કેવી ભણેલી અને ફરંદી હતી? પણ મારા મોં આગળ એનું જરાએ ટટ્ટુ ચાલ્યું છે? સપાટા ખાતી ઠેકાણે કરી નાંખી કે નહિ? વળી તમારા ગુણવંતભાઇને પણ લાવજો. જુઓ બેજ બોલમાં હડપચી બંધ કરી નાંખુંછું કે નહિ.

અક્કડ—વારૂ ઠીક છે જોઇશું.

માકુ—વળી જોઇશું શું? જરૂર કાલે લાવજોજ. પણ એટલું

કે સવારમાં કે બપોરે આવશો નહિ કેમકે તે વખત મને ઠીક નહિ પડે. મારે તો એ એક મોટા કામ છે કની? આ મમાં જરાએ રંગ પાણીની છના છની હોય તો ધાર્યું કામ ઊતરે. બાકી ધૂળ. જુઓ એમ કરજો. કાલે ચાર વાગે હું અને પેલી બાગમાં જવાનાં છીએ ત્યાંથી છએકના સુમારે ઘેર આવીશુ અને વળી તે વખત ચડભડલુંમ પણ હઇશ માટે કાલે રાત્રે એને તેડીને આવજો.

ફક્કડ—હા એતો ખરૂં. સાંજુકા પહોરના તો અમથાએ તમે ખુશબખતીમાં હોછો, તો આતો વળી પેલાં જોડે આવનાર છે એટલે પછી કહેવુંજ શું? હું જાણું છું કાલે તો દાહાડે આવે ચાંપેનના[1] ઝપાટા ઊડશે ખરા.

માકુ—હા હા; મેંજ સાંજરે આવવાનું કહ્યું છું. જોજો પછી કેવી મઝા ઉડાવું છું.

અક્કડ—વારૂ ઠીક છે હવે અમે તો જઇશું.

માકુ—ઠીક જાઓ. (અક્કડચંદ ફક્કડચંદ જાય છે)

ફક્કડ—(રસ્તે ચાલતાં અક્કડચંદને) અહ્યા બાઇ આવો ખેલ કચળી જાય એવું છે.

અક્કડ—કેમ વારૂ શાથી?

ફક્કડ—ગુણવંતરાયને રાત્રે લેઇ આવવાનું પેલાએ કહ્યું પણ રાત્રેતો એ કેવળ છાકટો બની રહે છે, તેમાં વળી કાલે તો પેલી રાંડ સાથે જવાની છે એટલે કોણ જાણે એ બાટલીઓનું[2] નખોદ વાળશે. તેથી જો રાત્રે ગુણવંતરાયને લેઇ જઇએ તો પેલો ગાંડીઓ એમ તેમ બકી ઉઠે ને ન કહેવાનું કહી જાય તો બિચારો ગુણવંતબાપડો શરમિંદો બની જાય અને વચ

---

૧ એક જાતનો વિલાયતી દારૂ—૨ શીશા.

વેગળે આપણે પણ હળકા પડીએ.

અકુકડ—હા એતો ખરૂં, પણ આપણે એમ શું કરવા કરીએ જે? ઓને એ કહેતો. કાલે આપણે જવુંજ નહિ. પરમ દહાડે સવારમાં જઈશું અને ગમે તે સબબ બીડાવીશું કેમ ઠીક કની?

કુકડ—હા એમજ કરવું પડશે તો; પણ એની પાસે ગુણવંતરાયને તેડી જવા તો ખરા, કેમકે એ પણ શું જાણશે અભાગીઓ કોઇનું માનતા નથી ને નાહકની બેઉ બાઇયો મારે છે. ચાલો હમતો હવે જઇએ.

અકુકડ—હા હું પણ જાઉં છું (બેઉ જણ પોત પોતાને ઘેર જાય છે)

પ્રવેશ ૨જો.

ભાકુભાઈ એકલો ને પછીથી અકુકડચંદ કુકુડચંદ તથા ગુણવંતરાય ને વિદૂષક.

સ્થળ—ભાકુભાઇની મેડી.

ભાકુ—(મનમાં) પેલા લુચ્ચાઓના ભરૂંસા ઉપર કાલે નાહકના હેરાન થયા. એક તો ખાણાપાણી દોહોડાં થઇ જવાથી તબીયત ગભરાઇ ગઇ ને કેટલી બધી રાત સુધી વાટ જોઇને જાગી મુઆ તોએ આવ્યા તો નહિ. દેવજાણે કાંઇ અડચણ પડી હશે, બાકી આવ્યા વિના રહેતા નહિ. કદાપિ એમ પણ હોય કે આપણા કહેવા પ્રમાણે પેલાના મેહો આગળ વાત કરી હોય અને એટલા ઉપરથીજ એ બાઇ સાહેબ હડબડી ગયા હોય તો કોણ જાણે (બારીએ જોઇને) પેલા કોક ત્રણ જણ વાતો કરતા

આવે છે ખરા; છે તો એમના જેવાજ.(ઊભો થઈને) હાહા એજ. અક્કડ ફક્કડ તો ઓળખાયા ને ત્રીજો છે તે પેલોજ હશે પણ એમણે ઊંધું કર્યું તો. અત્યારે આવ્યા તે શા કામનું? આપણાથી તો કાંઈ બોલાશે નહિ ને જે કહેશે તે હાએ હા કહેવી પડશે. હશે આપણું શું લઈ જવાનો છે? એની મેળે ખરખડીને આવ્યો જશે. કદાપિ ગ્રાઝી તીન પાંચ કરશે તો આપણને કહાડી મૂકતાં ક્યાં વાર લાગે છે? (ત્રણે જણ આવે છે એટલે અક્કડ ફક્કડની તરફ જોઈને)તમે તો ભલા આદમી દેખાઓછો ને શું? જાઓ મારાભાઈ આવું તે કરતા હઈશું ? આખી રાત હેરાન હેરાન થયા. કેમ અલ્યા ફક્કડ, એમ કામ કર્યું?

ફક્કડ—શું કરીએ ભાઈ જરા અડચણ આવી પડી તેથી ન આવી શકાયું.

માકુ—(ગુણવંતરાય તરફ આંગળી બતાવીને ફક્કડને) તમે પેલા ગુણવંતરાયના વખાણ કરતા હતા તે આ કે શું?

ફક્કડ—હા એજ.

માકુ— (ગુણવંતરાયના સામું જોઈને) કેમ શેઠીઆ. તમે તો બહુ ભણેલાછો ને શું? અમારા અક્કડચંદ ફક્કડચંદ તમારાં બહુ વખાણ કરે છે.

ગુણ—અરેરેરે શેઠજી સાહેબ! એ શું બોલ્યા? હું તો કાંઇ પણ ભણેલો નથી. આતો ભલા યથાશક્તિ જાણી વાંચી જાણું છું તે આ ભાઈઓએ દીઠાથી આપને કહ્યું હશે. સારાં માણસો છે તે ખોટી ચીજને પણ પોતાને મ્હોડે ખોટી કહેતા નથી.

માકુ—નાના એમતે હોય? ત્યારે તમે જે ખોટી ખોટી

વાર્તાઓ વાચો છો તે શું ભણ્યા વિના ઊકલે છે? અમે પણ ભણેલા છીએ ત્યારે કાગળ પત્ર વાંચીએ છીએ કની?

ગુરુ—હાજી એ તો ખરું, પણ એકલું લખતાં વાંચતાં આવડે તેથી ભણ્યા એમ કહેવાતું નથી. ખરી વિદ્વત્તાનો રસ્તો તો જુદોજ છે, કેમકે પૂરી વિદ્યા શીખ્યા વગર અનેક પ્રકારનું જ્ઞાન આવતું નથી.

મોકુ—હવે અમારે એટલા બધા વિદ્વાન થઈને શું કરવું છે! ક્યાં અમારે કોઈની પાસે માગવા કે વકીલાત કરવા જવું છે! અમારે તો પરમેશ્વરની દયા છે.

ગુરુ—(પોતાના ઉપર વકીલાત એવો બોલ કહ્યો માટે જરા ખોટું લાગ્યું તેથી) સાહેબજી માફ કરજો. આપ જ્યારે આટલું કહો છો ત્યારે મારે જરા કહેવાની જરૂર પડે છે. કોઈની પાસે માગવા જવું અથવા કોઈને શીખવવા જવું એટલાજ માટે ભણવું એમ નથી. ભણ્યા વગર માણસ શોભતું નથી; આ વાત ફક્ત હુંજ કહું છું એમ નથી, પણ આગળના મોટા મહાન વિદ્વાનોનાં વચન છે; તેમ નીતિ શાસ્ત્રમાં પણ એમજ કહ્યું છે. જુઓ સાંભળો.

रूप यौवन संपन्ना, विशाल कुल संभवा:।

विद्याहीनानशोभंते, निर्गंधाइवकिंशुका:॥

જુઓ સાહેબ એમાં શું કહ્યું કે, ઘણો ખૂબ સુરત, જુવાન હોય અને મોટા કુળમાં ઉત્પન્ન થયો હોય પણ તેને જો કોઈ વિદ્યા આવડતી ન હોય તો તે શોભતો નથી; જેની પેઠે કે પાંદડાં ફૂલાદિ વડે ખાખરાનું ઝાડ સંપન્ન છે પણ તેમા સુગંધ નથી માટે શોભતું નથી. તેમજ વિદ્યા

વગરનું આદમી શોભતું નથી. વળી તે ઉપર બીજું પણ કહ્યું છે કે—

मांसभक्षाःसुरापाना, मूर्खाश्चाक्षरवर्जिताः।
पशुभिस्तैर्नराकारै, र्भाराक्रांताचमेदिनी॥

એનો અર્થ એવો છે કે માંસ ખાનાર, દારૂ પીનાર અને જેને એક અક્ષર પણ આવડતો નથી (એટલે જે કેવળ અવિદ્વાન છે) તેઓ માણસ રૂપે જાનવર છે. એમના ભારે પૃથ્વિ આક્રાંત માત્ર થાય છે, એમનો કાંઈ-જઉપયોગ નથી, એમનો જન્મારો વ્યર્થ છે. આવી રીતે કહ્યું છે. માટે શેઠજી. હું તો વિદ્યા વગરના માણસને કેવળ આંધળા જેવો ગણું છું. વારૂ જુઓ તે ઉપર એક દાખલો કહું છું. તમે વડોદરામાં રહોછો તેથી ફક્ત તમને અહિંનીજ માહિતી હશે; કદાપિ વખત એ ગામ પરગામ ગયા હશો તો થોડી ઘણી ત્યાંની માહિતી હશે; પણ બાકીના દેશો કેવા છે, ત્યાં કેવી રીત ભાત, કેવા લોક, કેવો હુન્નર, કેવો વેપાર અને કેવી ચાલી ચોલછે તેમાંની કોઇ પણ તમને ખબર નહિં; કેમકે એવી બાબતો નાના પ્રકારના ગ્રંથો વાંચવામાં આવ્યા સિવાય જાણવામાં આવતી નથી અને પૂર્ણ વિદ્યા સંપાદન કર્યા સિવાય ગ્રંથો વાંચવાનું સાધન થતું નથી. તમો તો શ્રીમંત અને પુખ્ત વયના છો, પરંતુ નિશાળના એક સારા હુશીઆર વિદ્યાર્થીને તમે હાલ ગમેતે દેશની માહિતી પૂછશો તો તે અહિં રહે રહે બતાવી આપશે. કુળ, પૈસો, રૂપ, એતો સર્વને પોતાના ગળા પ્રમાણે શોભાવે પણ તેટલાથી હુશિયારછે એમ ગણાતું નથી. કદાપિ વિદ્વાન માણસોની સભામાં પૈસાવાળો અગર કુળવાળો કે રૂપાળો માણસ જશે ને તે અવિદ્વાન હશે તો તેને

આદર સત્કાર મળવાનો નથી, પરંતુ એજ સભામાં કદરૂપો, ગરીબ અને નીચા કુળનો માણુસ જશે ને તેનામાં વિદ્યાનો પ્રકાશ માલૂમ પડશે તો તેને સત્કાર પૂર્વક બેસવાને જગા મળશે. આ વાત હું બનાવીને કહું છું એમ નથી; શાસ્ત્રમાં પણ એજ પ્રમાણે છે. જુઓ સાંભળો.

किंकुलेन विशालेन, विद्याहीनेन देहिनां।
दुष्कुलिनो पिविद्वान्यो,सदेवैरापि पूज्यते॥

અર્થ—જો માણુસનું કુળ મોટું હોય પણ તે વિદ્યા વગરનું હોય તો શા કામનું? દુષ્ટ કુળવાળો હોય પણ તેને જો વિદ્યા આવડતી હોય તો તેની દેવ પણ પૂજા કરે છે. વળી બીજું સાંભળો.

विद्वान् प्रशस्यतेलोके, विद्वान सर्वत्रगौरवं।
विद्ययालभते सर्वं, विद्यासर्वत्र पूज्यते.॥

એનો અર્થ એવો છે કે વિદ્વાન સર્વ લોકમાં પ્રખ્યાત થાયછે ને લોકોમાં મહત્વને પહોચેછે. વિદ્યાવડે નહિ મળવાની વસ્તુઓ મળેછે, વાસ્તે વિદ્યા સર્વ ઠેકાણે પૂજ્ય છે. શેઠજી, વિદ્યાનું કામ તો જુદુંજ છે. જુઓ કદાપિ કોઈ શ્રીમંત માણુસ દેશાટણ કરવા નીકળશે ને ખરચને માટે સાથે પુષ્કળ દ્રવ્ય રાખશે પણ તેજ દ્રવ્ય રસ્તામાં લૂટાઈ ગયું ને પાસે બિલકુલ કાંઈ રહયું નહિ તેમ તે માણુસ બિલકુલ ભણેલો પણ નથી તો પછી તે પોતાનો નિર્વાહ શા ઉપર કરશે? તે તમેજ કહો. હુંતો કહું છું કે તે ભૂખે મરશે, પણ કદાપિ તેજ માણુસ જો વિદ્યામાં પરિપૂર્ણ હશે તો તેનું સર્વ ગયા છતાં તે પોતાની વિદ્વત્તાના જોરથી હરેક પ્રકારનો હુન્નર કરી દ્રવ્ય સંપાદન

કરશે, કેમકે વિદ્યા છે તે ગુપ્ત ધન છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે

काम धेनु गुणा विद्या, अकाळे फळ दायिनी।
प्रवासे मातृ सदृशी, विद्या गुप्त धनं स्मृता ॥

અર્થ—વિદ્યાના ગુણ કામ ધેનુ ગાયની માફક છે, વિદ્યા અકસ્માત ફળ આપે છે. મુસાફરીમાં વિદ્યા મા પ્રમાણે પોષણ કરે છે, તથી વિદ્યા ગુપ્ત ધન છે. વળી એક બીજું પણ પ્રમાણ છે તે સાંભળો.

माता वैरी पिता शत्रु, र्बालो येन नपाठचते ।
सभा मध्ये न शोभंते, हंस मध्ये बकायथा ॥

અર્થ—જે માબાપે છોકરાંને ભણાવ્યાં નથી તે માબાપો દુશ્મન સમજવાં. જેમ હંસોમાં બગલો શોભતો નથી તેમ વિદ્વાનોની સભામાં અવિદ્વાન શોભતો નથી. માટે સાહેબજી પુરૂષનું ખરેખરૂં ભૂષણ જુઓ તો વિદ્યા છે. હું કાંઇ આપના ઉપર કહેતો નથી; ફકત સ્વાભાવિક વાત કહુંછું માટે માફ કરજો.

મોકુ—(બોલવાની કાંઇ સૂઝ પડતી નથી તેથી) હા હા ખરૂં છે.

અકકડ ⎫
ફકકડ ⎭ (મનમાં) કેવો રાપડાયો છે? ગુણવંતરાયે પેલો દારૂ વિષેનો શલોક ઠીક ગાડાવ્યો, અને તેમાંજ દબાયો તો; બાકી બોલ્યા વગર રહેત નહિ. (મોકુને) કેમ ભાઇ કાંઇ બોલતા નથી?

મોકુ—(શ્વાસ ચડાવીને)તમે તે શું મને પૂછતા હશો? અમારા કરતાં તમે શું વધારે ભણેલા છો જે?

વિદૂ—(એચિંતો આવીને) માર દીધા ભાઇ માર દીધા. વાહ વાહરે મેરે ગુણવંતભાઇ તુમને તો ખૂબ નરદ

મારી. ચડી ચડી ચૂપ હો ગઈ.

શાકુ—(એક દમ ચીડવાઈને) ઊભો રહે વારે ઘડીએ વ-
ગર બોલા○ચો આવી મનમાં આવે તેમ બાલેછે?
(હાથમાં ખાસડું લેઇ મારવા ઊઠેછે.)

વિદુ—ઓયરે મારા બાપ! (નાશી જાયછે).

ગુણ—(શાકુને) મને લાગેછે કે આાને મારા બો-
લવાથી ગુસ્સો ચઢયો; પણ બાઇસાહેબ મેં
કાંઇ આપના ઉપર કહ્યું નથી. જો તેમ હોય તો ક્ષ-
મા કરજો.

શાકુ—(શરમાઇને) નારે બાઇ તમારા ઉપર આમને શા
બાબતનું ખોટું લાગે? અને તમે શું ખોટું કહ્યુંછે
જો? જે શાસ્ત્રમાં હશે તે કહ્યું છે. પણ શા કામનું,
હવે કાંઇ અમારાથી ભણાય એવું છે?

ગુણ—સાહેબ ભણવું હોય તો શા માટે ન ભણાય?

શાકુ—પણ હવે તો મોટા થયા કની?

ગુણ—મોટા થયે ન ભણાય એમ આપ સમજો છો?
મોટા થયા તોપણ મનમાં ખરે ખરી હોંશ અને
ઊલટ હોય તથા મેહેનત થઇ શકતી હોય તો કાંઇ
મુશ્કેલ નથી. નાનપણમાં કાંઇ સઘળું જ્ઞાન થતું
નથી. નાનપણમાં જે થોડું ઘણું જ્ઞાન થયું હોય
તેમાં વધારો કરવાનો વખત મોટપણમાં છે. ના-
નપણમાંજ વિદ્યાભ્યાસ થઇ શકે; મોટપણે થઇ શ-
કે નહિ એમ સમજવું એ મોટી ભૂલ છે. તેમ જે
કાંઇ નાનપણમાં ભણ્યા તેજ બસ છે, બીજો અભ્યાસ
વધારવાની જરૂર નથી એ પણ એટલુંજ ભૂલ ભ-
રેલું છે.

શાકુ—ત્યારે અમારાથી ના ભણાય?

ગુણ—શા માટે નહિ? તમે તો જો ધારો ને ઊલટ રાખી

તન દઇ મહેનત કરો તો ચાર પાંચ વર્ષમાં ગુ-જરાતીનું તથા ઈંગ્રેજીનું સારી રીતે જ્ઞાન મેળવી શકો, કારણકે તમને ગૂજરાતી લખતાં વાંચતાં તથા થોડા ઘણા હિસાબ તો આવડતા હશે એટલે તમને વધારે મુશ્કેલ નહિ પડે અને ઈંગ્રેજી શરૂ કરો. એ માટે તમારે શાળામાં જવું પડશે.

મોકુ—હિસાબમાં તો હું વ્યાજ સુધાં કહાડુંછું ને સરવાળા બાદબાકી પણ કરી જાણુંછું.

ગુણ—માટેજ કહું છુંકે ગૂજરાતી અભ્યાસમાં તમને ઝાઝા દહાડા રોકાવવું નહિ પડે, ફકત ભૂગોળ, ઇતિહાસ, વ્યાકરણ, વગેરે પરચૂરણ જ્ઞાન માટે આશરે છ મહીના અભ્યાસ કરવો પડશે; ને પછી તો ઈંગ્રેજી શરૂ કર્યાથી તેમાં બધી વાતો આવી જશે.

મોકુ—(ગુણવંતરાયે શાળામાં જવાનું કહ્યું તથી) હાય હાય બાપ! એ શીખવા નિશાળે જવું પડે તેતો હવે મારાથી કેમ જવાય? અમે તો હવે મોટા થયા.

ગુણ—ખરી વાત. મોટી ઊમરે નાનાં છોકરાંની જોડે નિશાળમાં બેસતાં શરમ લાગે, પરંતુ અંતઃકરણથી શીખવું હશે તો તેના સર્વ રસ્તા છે. મારાથી બને તેટલી મહેનત હું કરીશ. જુઓ સાંભળો હાલમાં સરકારે મોટી ઊમરના અને ધંધાર્થી લોકોને સારૂ નિશાળો કહાડેલીછે તેમાં મોટી વયના અને જે લોકો આખો દિવસ પોતાના રોજગારમાં રહેછે તેઓ ભણવા આવે છે અને ઘણીજ સારી મહેનતથી તેમને ભણાવવામાં આવેછે; ફકત રાત્રે ભણવા જવું પડે એટલું.

મોકુ—એઃ તેની તો કાંઇ ફકર નહિ.

ગુણ—ત્યાં જુઓ પછી થોડા દિવસમાં તમે કેટલું શિ-

જ્ઞાન મેળવોછો? વળી દરરોજ સવારમાં બે ત્રણ કલાક હું પણ આપની પાસે આવીને આપને અભ્યાસ કરાવવાને મારાથી બનશે એટલી મહેનત લેઇશ.

માકુ—વાહ વાહ ભાઇ સાહેબ! ત્યારેતો પછી શું જોઇએ? ભાવીને કાલથીજ શરૂ કરી દેઇએ. અને વળી ગુણવંતરાયભાઇ, જુઓ તમે પણ જો મહેનત કરીને મને ખૂબ ભણાવશો તો હું તમને મહીને વીસ રૂપિઆનો પગાર આપીશ.

ગુણ—એ વાતની તમારે કાળજી કરવી નહિં. હવે તમને પોતાનેજ મન છે તો જુઓ કેવું બને છે તે. ભાઇ, વિદ્યાનું કામ એવું છે કે જેમ જેમ તમને રસ લાગતો જશે તેમ તેમ તમને વધારે ઉલટ થતી જશે અને રસ્તે પડયા એટલે પછી કોઇ શીખવનાર પાસે નહિ હશે તોપણ તેની ઝાઝી ગરજ રહેશે નહિ, પરંતુ એટલુંજ કે એની પાછળ મંડયાં રહેવું જોઇએ. વિદ્યા ઉપરજ શો મેળ છે? કોઇ પણ કામ કરવાનો જો જાથુ મહાવરો રાખ્યો હોય તો તેમાં દિવસે દિવસે વધારો તથા સુધારોજ થતો જાય. ઈંગ્રેજીમાં એક કહેવતછે કે, "Practice makes a man perfect" એનો અર્થ એવો છે કે મહાવરો (કસરત) માણસને પરિપકવ કરેછે. એ પ્રમાણે વિદ્યાનું કામ છે માટે જુઓ તો ખરા, આગળ શું થાયછે. પણ હવે તો અબેર થતા આવ્યા માટે આજ તો રજા લઉં છું.

માકુ—હા જાઓ, પણ કાલે સવારથીજ તમે આવીને શરૂ કરો અને નિહાળે જવાનો તો આજ સાંજરે આવીને બંદોબસ્ત કરી જાઓ.

ગુણુ—ઠીક સાહેબ. આજ સાંજરે હું આપની પાસે આવીશ ને પછી આપણુ બંને તે નિશાળે જઇશું. રજા લેઉં છું હો. (જાયછે)

અકુડ } (માકુભાઇને) ભાઇ અમે પણ જઇશું.
ફક્કડ }

માકુ—હા. હમણાંતો જાઓ. (અક્કડચંદ તથા ફક્કડચંદ જાયછે. તેજ દિવસથી ઠરાવ પ્રમાણે સાંજરે નિશાળમાં અને સવારે ઘર આગળ ગુણવંતરાય પાસે વિદ્યાભ્યાસ કરવાને માકુભાઇ શરૂ કરેછે, અને ખરી મહેનતથી ચાર સાડાચાર વર્ષના સુમારમાં ગૂજરાતી તથા ઇંગ્રેજી વિદ્યાનું સારૂં જ્ઞાન મેળવે છે.)

પ્રવેશ ૩ જો.

ચંદ્રભાગા—જડાવજી—અકુકડચંદ—ફક્કડચંદ—માકુભાઈ તથા બૂઆજીઓ.

સ્થળ— ચંદ્રભાગાનું ઘર.

ચંદ્ર—(એકલી મનમાં) અરે ! હેકાય જહાસે ? ઓહોહોહો ! કીતી એક દિવસં હોઉનગેલે અસતાં માણકલાલાચી શીકલ સુધાં પાહીલી નાહીં. તશીચ અકકડચંદ ફક્કડચંદ હી બીલકુલ દીસણ્યાત એત નાહી. મલા વાટતે કી યા લોકાસ એથે એણ્યાના આશરે ચારેક વર્ષે હોઉન ગેલે અસતીલ. કોણ જાણે કાય જહાલે અસેલ; કદાચિત કાંહી અડચણિતર પડલેને નસતીલ ના? અકડચંદ ફકડચંદ તર ભરોવસા નાહી કારણકી, હે લોક તર જ્યાં વેળેસ કાંહી હાથ મારાવયાચા અસતો ત વેળેસચ ફક્ત

એવાત પરંતુ માણેકલાલ તર આવ્યા વાસુને કુ-
બીજી સહાયકાર નથી. અચિંત કે કોક કારણથી
હરકત પડશે અસ્તિત્વ. અગર કોઈની ખમાઉન
ટાકીએ અસ્તિત્વ તર પરમેશ્વર જાણે. પણ આતા
મજલા કશી ખબર પડેલ? માણેકલાલાએ એથ
તર મનુષ્ય સુધા પાડવીને જાણાર નથી. ચલા બાહુ
બરે. અક્કડચંદ ફક્કડચંદયે એયે ગાડીવાનાસ
પાડવું.(મોટેથી ગાડીવાનને) અરે જડયાજી.

જડયા—એ હા જી. એ આવ્યો સ્વામ. (આવેછે)

ચંદ્ર—અક્કડચંદ ફક્કડચંદને ઘેર જા અને તેમને અહિં
બોલાવી લાવ; પણ જો, એમના ઘરનું કોઈ માણસ
પાસે બેઠું હોય તો એકદમ મારૂં નામ કહીશ નહિ.
ગમે તે બહાને વેગળા બોલાવીને પછી કહેજે.

જડયા—હાઉં હાઉં. એતો હું સમજ્યો. અક્કડચંદ ફક્કડ
ચંદ તે પેલા કની? પણે આપણી જોડે આવતા.

ચંદ્ર—હા એજ, જા. (જડયાજી જાયછે ને થોડીવારે અ-
ક્કડ ફક્કડને તેડીને આવે છે.)

અક્કડ—(ચંદ્રભાગાને) કેમ શી ખબરો છે?

ચંદ્ર—આજ ખબર પૂછવાની ભલી નવરાશ મળી છે.
મરો કે જીવો, તમારે તો કુંજ નહાવાનું છે.

ફક્કડ—વાહ! એવું બોલવું તમને ઘટારત છે?

ચંદ્ર—ખરૂંજ તો, વિચારી જુઓને. કેટલા દહાડા થયા?

ફક્કડ—શું કરીએ સાહેબ, "લેને ગઈ પૂતને ખોયા ખસમ"
એવું થયું છે. ફરવા ગયા કાંઈ ને થયું કાંઈ. ઉ-
લટી આફત થઈ.

ચંદ્ર—હેં હેં!! શું છે! તતો કહો. બાજુ તમે તો બિ-
લકુલ આવવું છોડયું એટલે અમને વાતની પણ
ખબર શાની પડે? વાર શું થયું તતો કહો.

અક્કડ—એજ કોયડો વળી છે તો.

ચંદ્ર—પણ એ શું કેતા કહો. હમણાનાં તમને મળ્યા છે કે નહિ ? મારે અહિંયાં તો આવે કોણ જાણે ચારેક વરસ થઇ ગયાં હશે.

ફક્કડ—અમે ને તમે સરખાજ છીએ. બે ચાર વખત અમે બે જણા એમને ઘેર ગયા હતા પણ પત્તો લાગેજ શાનો.

ચંદ્ર—(અચકીને) હેં !! ઘેર ગયે પણ પત્તો નથી લાગતો કે શું ? તેમાં વળી તમને ન લાગે એતો તાજુબ થવા જેવી વાત છે. વારૂ પણ એનું કારણ શું છે? કાંઇ ખોટા નાદમાં પડયો છે કે કાંઇ સંકડામણમાં છે ? કે પછી કોઇએ ભમાવી નાખ્યો છે કે શું ? વારૂ પેલી તો આવી નથી? ભાઇ એ આવે તો એવું થાય ખરૂં.

ફક્કડ—નાના, એતો તમારા પંજામાં આવેલી તે ફરી શી રીતે આવે; પણ તેના જોડાનુંજ થયું છે ને અમારાં કર્મ અમનેજ નડયાં છે.

ચંદ્ર—ત્યારે પહેલી એ વાત કહોની.

અક્કડ—લોને હું કહું છું સાંભળો. આશરે ચારેક વરસથી અમારા પડોશમાં એક સૂરતી રહેવા આવ્યો છે તેનો છોકરો ગુણવંતરાય કરીને છે, તે જરા સારૂં ભણેલો છે. તેની અમે માકુભાઇના મ્હો આગળ તારીફ કરી અને સહજ અમારી સાથે લેઇને માકુભાઇ પાસે ગયા. પણ જાણો છો કની? વિદ્યાવાળાનો સપાટો તો જુદોજ હો. માકુભાઇ આવા તડાકા મારનાર હતા, પણ થોડીકજ વાતમાં મ્હોડું બંધ થઇ ગયું ને જે જે કહ્યું તે હાએ હા કરવી પડી. એટલુંજ નહિ પણ પછીથી કોણ જાણે શાએ

ચટકો લાગી ગયો કે ભણવાનું મન થયું ને કેવળ પેલા ગુણવંતરાયને વશ થઇ ગયો. એવા સોદો તો આજ એવુંજ આવેછે કની! પાધરૂં ગુણવંતરાયે ભણાવવાનું કબૂલ કર્યું અને તરેહ તરેહવારની લાલચો બતાવી તેથી માકુભાઇ તો બદલાઇ ગયા ને તે દહાડાનું સાંજ સવાર ભણવા માંડયું છે; તેમાં વળી સાંજરે તો નિશાળે જાયછે ને સવારમાં ઘર આગળ ગુણવંતરાય પાસે ભણે છે એ રીતે છે. હવે કોણ જાણે કેટલુંએ ભણ્યા હશે તે તો પ્રભુને ખબર, પણ ત્યાર પછી તો અમને સુખા મળવું છોડયું છે, તેમ ઓગો બહાર પણ ફરવા નીકળેલા જોવામાં આવતા નથી. કોઇ કોઇ વખત સાંજુકો ગાડીમાં બેશી નદી ભણી જતા દેખીએ છીએ પણ પેલા ભાઇ સાહેબના સાથેજ હોયછે. હવે તો જૂના ગયા ને નવા થયા. અમે બે ચાર વખત એમના ઘર આગળ ગયા પણ પત્તો લાગેજ શાનો? સવારમાં જઇએ ત્યારે બારોબાર સિપાઇ જોડે વરધી કહાવે કે હમણાં તો ગુણવંતરાય સાથે અભ્યાસ ચાલેછે તેથી વાત થાય તેવું નથી, ને સાંજરે તો પોતે નિશાળમાંજ હોય એટલે કેઇ વખત મળીએ? કદાપિ લાગ રાખીને તીસરા પહોર પકડીએ તો ગમે ખરો પણ તીસરા પહોરે હવે અમારાથી જવાય તેવું નથી. કારણ પેટનું પણ કાંઇ કરવું કે નહિ? આટલા દિવસ તો નીરાંત હતી કે બાર મહીનામાં બે ચાર બક્ષ તમારા હસ્તુ મળતાં અને એમાંથીજ રોટલા નીકળતા, પણ તેનું તો હવે બીડું વળ્યું તેથી થાકીને એક ગાંધીને ત્યાં ગુમાસ્તા રહ્યા છીએ એટલે આખો દહાડો નવરાશ

મળતી નથી. આજે પેર ખાવા આવ્યા કે તરત તમારો ગાડીવાન આવ્યો તેથી જમીને અહિં આવ્યા છીએ; હવે પાછા દુકાને જઇશું તે રાત્રે દશ વાગે છૂટીશું.

ચંદ્ર—હા એતો ખરૂં જ તો. હવે તો સર્વને પેટની ફિકર સરખીજ છેકની! પણ વારૂ હવે શો ઉપાય કરવો? કોઇપણ તદબીરથી એ છંદ તોડાવાય તેવું છે? કાંઇ યુક્તિ થાય તેવું હોય તો કરો.

કક્કડ—એમાંનું અમારાથી તો હવે કાંઇ બને તેવું નથી, તેમ તમારો પણ શુકરવાર થાય એવું લાગતું નથી; કેમકે એ ગુણવંતરાય તો તમને તથા અમને બગલમાં ઘાલી ઉડી જાય એવો છે. એ કાંઇ પેલી ન હોય કે જે કહ્યું તે કાન્યું.

ચંદ્ર—ત્યારે તો અમારાં ને તમારાં નશીબ; પણ વારૂ આજ એટલું તો કરો. આ વખત ઘર આગળ એ એકલોજ હશે માટે તમે જાઓ, ને ગમે તે રીતે એને મળીને જુઓ કે શા ઢંગ ઢાળમાં છે. પછી મને ખબર કહો. પણ જો એટલું બને તો એ સમાન એકે નહિ. હરેક રીતે એને મારી પાસે લવાય તો ઠીક. જુઓ પછી હતા તેવા કરી નાંખુંછું કે નહિ.

અકકડ—એતો બધુંએ ખરૂં, પણ એ દહાડો ક્યાંથી કે અમારો મળાપ થાય; એમ કરતાં કદાપિ માર્યાતો પણ એમાંનું કાંઇ હવે ઉઘડે તેવું નથી. ફાયદામાં એટલુંજ કે વાર થઇ જવાથી શેઠની બે ચારેક ગાળો અમારે સાંભળવી પડશે.

ચંદ્ર—હશે, આજનો દહાડો ગાળો ખમજો પણ જાઓ તો ખરા, કેમકે તે વિના નક્કી સમજણ નહિ પ-

ડે. જુઓને એ તમારા પણ ફાયદાની વાત છે કની?

ફકકડ—વારૂ ત્યારે જઇએ છીએ. (જવા માંડે છે.)

ચંદ્ર—પણ ત્યાંથી ઊઠયા પછી પાછા આવીને મને ખબર કહેજો હો.

અકકડ } વારૂ વારૂ. (બને જણા મોકુભાઇને ઘેર જઇ
ફકકડ } નીચેથી ભૂખાણીઆ જોડે વરધી કહાવી મોકલે છે.)

ભૂખ—(મોકુભાઇને) ભાઇ આપડા અકકડચંદભાઇ તથા ફકકડચંદભાઇ આયા છે.

મોકુ—(કંટાળીને મનમાં) એ દુષ્ટો આજ પાછા કયાંથી પેદા થયા. એમનું મ્હોડું સુધાં જોવું ઘરાર્થ તો નથી પણ એમને એમ પાછા કહાડીશતો એમને માઠું લાગશે. હશે આવવા દો આપણું શું લેઇ જવાના છે. (ભૂખાણીઆને) જા કહે કે આવો.

ભૂખ—(નીચે આવી અકકડ ફકકડને) જાઓ ભાઇ મેડા ઊપર; પણ જો જો હો ઝાઝું છેડશો નહિ. એમનું મ્હોડું જોતાં તબિયત ગઇ હોય એમ લાગે સે.

ફકકડ—કાંઇ ફિકર નહિ. (બંને જણા મેડા ઉપર જઇ મોકુભાઇને) ભાઇસાહેબ.

મોકુ—આવો ભાઇ કયાંથી આવ્યા?

ફકકડ—શું કરીએ સાહેબ, આપનેતો અમારા વિના ચાલ્યું પણ અમારે કાંઇ આપના વિના ચાલે તેવું છે? રાત્ર દિવસ પાસે રહેતા તે અમે ને આજ ચાર વરસે મ્હોડું દેખીએ છીએ તે પણ અમે.

મોકુ—અઃ એમાં શું. પણ કહો વારૂ કેમ આવવાનું થયું છે? (મનમાં કહેવાને તો ઘણું આવે છે પણ ખોટું ન લગાડવું જાણીને) કાંઇ કામ હોય તો ક

રમાવો, કેમકે મારે અભ્યાસમાં ખલેલ પડે છે; તેમ તમારે પણ કામ હશે.

ફક્કડ—(બોલવાને કાંઈ સુઝતું નથી તેથી) ના સાહેબ કામતો આપને મળવાનુંજ તો. બીજું શું હોય!

માકુ—વારૂ ત્યારે આપાંગે મળ્યા. આજ ઘણે દહાડે તમારાં દર્શણ થયાં એ એક મોટો લાભ થયો; વળી કોઈ વખત મળજો.હવણાં મને અવકાશ જેવું નથી માટે માફ કરજો.

અક્કડ—ભાઈ તમને કાંઈ કહેવાનું છે.

માકુ—ત્યારે તે કહોને ક્યારના બોલતા શેં નથી? પણ ખબરદાર, કાંઈ લપ્પન છપ્પનની વાત કરશો તો તે ઠીક નથી. હવે જે તમારો આગળનો ચાલ હોય તે છોડી દેજો; એ સંબંધી બિલકુલ વાત કરશો નહી. મને પસંદ નથી.

ફક્કડ—ભાઈ આવ્યા છીએ તો એજ કામે તો કોઈએ મોકલ્યા હશે ને તેના કહેવા પ્રમાણે કાંઈ કહેવાનું પણ હશે.

માકુ—(ગુસ્સે થઈને) એતો હું સમજ્યો ખરુએ; પણ એ સંબંધી તમારે કાંઈ બોલવું નહીં. જો એજ વાત હોય તો ઊઠો ઘેર જાઓ, ને ફરીથી આવશો નહિ. બધી ઉમર ગઈ તો પણ ક્યાં સૂધી કુલક્ષણમાં રહેવું? ઉઠો ઘાર જાઓ, એ વાત યાદ દેવરાવીને મને પસ્તાવો કરાવશો નહી. તમ લોકોની સોબતથી મારી જે ખરાબી થઈ છે તે મારૂ મન જાણે છે. કેમ એજ વાત છે કે! બીજી હોય તો કહો નીકર માફ કરજો; જાદ નરદી લેશો નહીં. હવે હું મારી ઓલીમાં જાઉં છું(જાયછે એટલે અક્કડચંદ ફક્કડચંદ ત્યાંથી ઉઠી

ચંદ્રભાગાને ઘેર જાય છે.)

ચંદ્ર—(કુકડચંદને) કેમ શી ખબર લાવ્યા? જજમાન આવે છે કે નહી?

કુકડ—હવે તો એ વાતના ચણા લેઇ આવો. જજમાને તો ગોર બીજો કર્યો; પણ હવે સાવધ રહેજો એટલે કહ્યું છે, બાકી થોડા દહાડામાં તમારા તો લતાં લેવાશે.

ચંદ્ર—(ચમકીને) હેંહેં!! શું કાંઇ બોલ્યા કે ,શું?

કુકડ—ના બોલ્યા તો કાંઇ નથી પણ! તેમની વૃતી ઉપરથી જણાય છે કે બીએ બીએ ખબર લેશે ખરો.

ચંદ્ર—વારૂ બધી ખબર તો કહો. શી રીત થયું? ને તમ ગયા ત્યારે એ શું કરતા હતા?

કુકડ—શાની કરમની ખબર કહેવાની છે? વાતજ કોનાથી થઇ છે. જેમ કુતરૂં હાંકી કહાડે એમતો હાંકી કહાડયા. પડો તમને એ કુવામાં; ઉલટા ઝંખવાણા પડયા.

ચંદ્ર—હશે સાહેબ માફ કરજો,પણ એટલું તો કહો કે એ શી હાલતમાં છે.

કુકડ—હાલત એ કે એ ને એની ચોપડીઓ. અમે ગયા ત્યારે પોતે અમથા પથારીમાં આડા થયા હતા ને પડે પડે વાચતા હતા; પણ શું ધ્યાન લગાવ્યું છે બાઇ! અને ચોપડીઓ તે કાંઇ થોડી ઘણી! એક મોટો ઢગલો મારેલો તો. કોણ જાણે બસેંક હશે ને વળી માંહેલી ઓલીમાં કબાટ ભર્યા છે તે તો જુદા. તમારા બાગનો બધો પૈસો હવે એમાં ખરચાયછે. સમજીને અત્યારથીજ ધાશીઓ સુંડાળા તો ઠીકજ છે નહિ તો પછી જોવા જેવું થશે. બહુ દહાડા લુટી ખાધું છે.

ચંદ્ર—(ગભરાઇને) ત્યારે શું એમજ થશે? ખરેખરૂં તમ

જોઇને કહોઓ? કોઇ દિવસ પણ હવે મળનાર નથી એતો નક્કીજ કની?

ર.કકડ—અરે તમારૂં ભલું થાઅરે! હજુ એનું એજ છે કે? તમારી જાત પણ બહુ આળસુ દેખાય છે હો. બહુ દહાડા ઉઠી આવ્યું છે તે હજુ લાભ છટતો નથી. પણ અરે આવવાની વાત શું પુછો છો? જો ગોકુળમાં રહેશો તો થોડા દિવસમાં કાંઇક બગાડો નાંખશે; માટે ચેતોને પહેલેથીજ. અમે પણ હમણાં સટીએ, પરંતુ હમે તો અહિના ઘરબારી પડ્યા એટલે કયાં જઇએ? તમો વળી અમે તો એના હસ્તુ ક્યારે કશુંએ લીધું છે? જ્યારે ત્યારે તમારેજ હાથે સોગટી ભરાવી છે એટલે અમારેતો કાંઇ ઊંચો જીવ નથી. "હશે તેનું જાશે ખાવો બાટીંગ થાશે."

ચંદ્ર—વાહ સાહેબજી, સારૂ થયું જે તમે મને અગાઉથી ચેતાવી, નીકર ફજેતી થાત. હવે ત્યારે મહેરબાની રાખજો. કાલે સવારથી હું મારા ઘરવાખરા સુધાં પુને જઇશ ને ત્યાંજ રહીશ. કોઇ વખત આવો તો મહેરબાની કરી પધારજો.

ર.કકડ—ઠીક છે. હવે તો અમે પણ રજા જઇશું. બહુજ વાર થઇ ગઇ. કોણ જાણે શેઠ તો શુંએ કરશે. જઇએ છીએ હો. તે જાય છે ને બીજે (દિવસે ચંદ્રભામા પણ પુના તરફ જતી રહે છે.)

પ્રવેશ ૪ થો.

વિદૂષક—માકુભાઈ—ગુણવંતરાય તથા માકુભાઈના ઘરનો સિપાઈ.

સ્થળ—માકુભાઈની મેડી.

માકુ—(એકલો મનમાં) ઓહો હો!! કેટલા બધા દિવસ થયાં ગુણવંતરાયને જોયા નથી. વારૂ શા કારણથી નહી આવી શક્યા હોય? એમને તો આવ્યા વગર એકદિવસ પણ ચહેન પડે નહિ. એક દિવસ એમણે આગળ કહ્યું હતું ખરૂં કે. મારે સૂરત જવાનો વિચાર છે, તથી જો કદાપિ ગયા હોય તો ભાગવા જાણે; પણ મને ખબર કર્યા સિવાય જાય તો નહિ. તેમ છતાં કદાપિ ગયા હોય તોપણ પાછા આવવા જોઈએ. કારણકે એમણે તો ફક્ત બે મહીના રહેવાનો વિચાર કહ્યો હતો ને તે વાતને તો આજે આશરે બે મહીના કરતાં પણ વધારે દહાડા થયા હશે; તથી ગયા હશે તોપણ પાછા આવ્યા હશે. લાવ જોઈએ રૂકો લખી સીપાઈ સાથે મોકલું. આવ્યા હશે ને કાંઇ અડચણથી નહિ આવી શકાયું હશે તો પછી સાંજરે હું જઈશ. (રૂકો લખી સિપાઈને) સિપાઈ.

સિપાઈ—સાબ. એ આયા. (આવે છે.)

માકુ—એ ચીઠી લેકે ગુણવંતભાઈકે વાંહાં જાઓ. ઘરકુ હોવે તો ચીઠી દેકે અમારા સલામ બોલો, ઓર કાની ન મીલે તો પીછે આના.

સિપાઈ—બોત અચ્છા (રૂકો લેઈ જાય છે ને ગુણવંતરાયને આપે છે).

ગુણ—(રૂકો લેઈને) બેઠો મીયાં. બાંચકે તુમકુ જવાબ

હેતાહું.

સિપાઇ—અચ્છા સાબ. (બેસે છે ને ગુણવંતરાય રૂકો વાંચે છે.)

સદ્‌ગુણી પ્રિય મિત્ર ગુણવંતભાઇ.

"હું દિલગીરછું કે આપને આ તરફ આવ્યાને ઘણા દિવસ થઇ ગયા છતાં તે વિષેનું કોઇ કારણ પણ જણાયું નથી. જે માણસને એક દિવસ પણ મળ્યાવિના ચાલે નહિ તેને આજ બે મહીના થઇ ગયા એ ઘ—ણું આશ્ચર્ય સરખું છે. પ્રથમની મુલાકાત વખતે વાતેવાતમાં આપે સૂરત જવા વિષેની ધારણા બતાવી હતી તેથી પાછળથી જાણ્યું તો ખરૂં કે, સૂરત તરફ પધારશો હશો;પણ તે વખત એમ પણ બોલ્યા હતા કે જો જઇશ તો બે મહીના રહીને પાછો ચૈત્ર માસમાં તો જરૂર આવીશ. તેથી હવે પધાર્યા હશો એમ જાણી દર્શનની ઇચ્છાથી આ ચીઠી લખી છે. આશા છે કે આજ સાંજરે જરૂર મળશોજ. કદાપિ તેમ થવામાં કાંઈ અડચણ સરખું હશે તો તે પણ લખી જણાવશો; એટલે હું આવીશ. ઘણા દિવસ થયાથી મળવાને જીવ અધીરો થયો છે. એજ વિનતિ."

રવિવાર, મુ૦ વડોદરા.

લ૦ આપનો સ્નેહી માણેકલાલ ભુલાભાઇ.

ગુણ—(ચીઠી વાંચી મનમાં) ખરી વાત છે. આ પણ એક મોટી ભૂલ થઇ છે. સૂરત જઇને આવ્યા પણ ગયા આવ્યાની ખબર સુધાં માણેકલાલને અપાઇ નથી. આપણે તો ખરી અડચણથી ખબર આપી શક્યા નથી પણ આપવી જોઇએ ખરી. ઠીક, ચાલો જવાબ તો લખી આપું. (જવાબ લખી સિપા-

ઈને) ઉચો મીયાં એ જવાબ; માણેકલાલભાઈકું દેના ઓર સલામ કરકે હમારા સલામ બોલના. ઓર કહેના કે શામકું પાંચ બજે આએંગા.

સીપાઈ—બોત અચ્છા સાબ. (જાયછે ને માકુભાઈને ચીઠી આપીને,) સાબ, આપકું બોત કરકે ગુણવંત ભાઈને સલામ કહા હે, ઓર બોલે હે કે શામકું પાંચ બજે આએંગા.

માકુ—ઠીક. (ચીઠી વાંચે છે.)

પ્રિય મિત્ર માણેકલાલ ભાઈ.

“ હું સુરત ગયેલો તે છતાં જતાં અગાઉ આપને ખબર અપાઈ નથી તે હું આપી પોતાની મોટી ચૂક થએલી કબૂલ કરૂંછું, પણ એક રીતે તેમ થવામાં મારી કસૂર માનવા જેવું નથી. નીકળવાને દિવસે સવાર સુધી જવાની બિલકુલ ધારણા ન હતી; માત્ર જમતી વખતે ઘણા જરૂરી પ્રસંગની વાત ઉપરથી તિર્થરૂપનો એકદમ જવાનો વિચાર ઠર્યો અને તે સાથે મને પણ આવવા કહ્યાથી તત્કાળ જોડે જવું પડ્યું. તેથી આપને સુચના કરી શક્યો નથી; ને આવવાનું તો આજજ થયુંછે. સાંજરે આપની પાસે આવવાનો હતોજ તે દરમિયાન આપનો રૂક્કો આવ્યો તેથી હવે તો સાંજરે પાંચ વાગે જરૂર આવીશ. એજ વિનતિ.”

રવિવાર. મું૦ વડોદરા. } લી૦ આપનો શુભેચ્છક ગુણવંતરાય.

માકુ—(ચીઠી વાંચી રહ્યા પછી મનમાં) શું ગુણવંતરાયજી સદ્ગુણી માણસ છે. એની બોલવાની તથા લખવાની છટાજ ઓર છે. પણ અહો! ખરૂં પૂછો તો આ સર્વ પ્રતાપ એમનોજ તો. ખરેખાત કોઈ પણ રીતે એમનો ઉપકાર ભુલાય તેવું નથી. ચા-

લા આજે તો એમની મુલાકાત થશેજ; પણ એમના આવતા અવાજ બાબ પેલા મુંબઇથી આણેલા કવિતાના ગ્રંથો બહાર કહાડી મૂકું એથી એમની સાથે ઘણી ગમત થશે. એતો કાવ્યમાં પણ કુશળ છે. (કવિતાના ગ્રંથો વગેરે કબાટમાંથી કહાડી પોતાની બેઠક આગળ મુકે છે ને બેસવાની મિસલ દુરસ્ત કરેછે. એટલામાં પાંચ વાગ્યાથી ગુણવંતરાય આવે છે તેને જોઇને) આઇયે મહેરબાન સાહેબ. આજ તો ઘણે હાડે કૃપા કરીને શું? કેમ બાઇ તબિયત તો સારી છે?

ગુણુ—હા સાહેબ, આપની તબિયત કેવી છે?

મોકુ—સારી છે, તેમાં વળી આજ તો આપના દેદારનો લાભ થયો એટલે એથી બીજો આનંદ કિયો વધારે છે!

ગુણુ—હાજી. એતો અન્યો અન્યજ છે કની! કેમ સાહેબ મુંબઇ જઇ આવ્યા? પરીક્ષાની શી રીતભાત થઇ?

મોકુ—હા. આપની કૃપાથી પ્રભુએ સારાં વાનાં કર્યાં. આ વખતની પરીક્ષા ઘણી સખ્ત થઇ; મને ભરૂંસો ન હતો કે હું પાસ ઉતરૂં, પણ ઇશ્વરે ઉમેદ બર આણી.

ગુણુ—શા વાસ્તે પાસ ન ઉતરો. તમારી મહેનત તેવીજ હતી; પણ બાઇ, હવે આટલેથી છોડશો નહિ.

મોકુ—નહિ નહિ. ત્રીજે સાલ પછી બી. એ. ની પરીક્ષામાં જવાનો તો મેં આજથી નિશ્ચય કરી મુકયો છે. માટ્રિક્યુલેશનમાં પાસ થયા તેમાં શું પાર પડયા? પણ બાઇ આ વખત મુંબઇ જવાથી મને કવિતાનો શોખ બહુ પડ્યો છે. અહિંયાં પણ આળતે અભ્યાસે કરીને શીખતો હતો પણ ત્યાં એક

તમ સરખા સદ્‌ગુણી મિત્રના સહવાસે કરીને વધાર શોખ થયો. ભાઈ ખરૂં પૂછો તો કવિતામાં પણ કેવી મઝા છે તે હવેજ માલૂમ પડયું હો.

ગુણ—એતો નિયમજ છે કની, કે જેમ જેમ જેમાં ઊંડા ઊતરીએ તેમ તેમ તેની મઝા માલમ પડે; તેમાં કવિતા તો મુખ્ય મનને રંજન કરનારીજ વિદ્યા છે. કેમ કાંઈ થોડો ઘણો અભ્યાસ વધાર્યો છે કે શું?

માકુ—તમારા ગયા પછી એક બે ગ્રંથો જોયા છે ખરા, પણ હાલમાં તો રસિક પ્રિયાનો ગ્રંથ જોવા માંડયોછે; એમાં પણ ઘણી સારી મઝાછે.

ગુણ—વાહ! એમાં શું કહેવું? એનું નામજ રસિકપ્રિયા છે એટલે પછી શું કહેવું, અને એતો જૂનોજ ગ્રંથ છે કની? પણ ભાઈ સાધારણ કવિતા તો પ્રથમ તમે થોડી ઘણી બનાવી શકતા હતા પણ હવે તો એ કામમાં સારી રીતે નજર ખૂપી હશે.

માકુ—હા; યથાશક્તિ થઈ શકે ખરૂં, પણ મોટા કવેશ્વરોના આગળ આપણું શું ગજું છે? પણ ખરૂં પૂછો તો ભાઈ, એક બીજાની સોબતથી હરેક વિદ્યાભ્યાસ કરવાનું ઠીક પડે છે. કોઈની જોડે અર્થો બતાવવાનું અગર એક બીજાને પૂછી ખુલાસો કરવાનું નહિ એટલે વખત પર એકલાં કંટાળો આવી જાય છે. આ બે મહીના તમે જતાં આવ્યા તેટલામાં મને ઘણુંજ અઘરૂં લાગ્યું. કદાપિ વચમાં આટલું મુંબઈ તરફ જવું ન પડયું હોત તો હું તો ખરેખરો અકળાઈ જાત.

ગુણ—ખરી વાતછે. સોબતથી વિદ્યાવાદમાં ઘણી ગમત થાયછે ને તેમાં બે ફાયદા છે. એક તો ગમતની

ગમત ને બીજું એ કે તેથી ઉલટો વિદ્યામાં વધારો તથા સુધારો થતો જાય છે. આવા પ્રકારની ગમત કરવાનાં સોબત કરવા લાયક તમારા શહેરમાં તો ભાગ્યેજ કોઇ મળી આવે. ભાઇ સાહેબ, ખરૂં કહું છું, હું તો પહેલ વહેલો જે વખત અહિં આવ્યો તે વખત થોડા દિવસ તો ખરેખરો અકળાઈ ગયો હતો. કોઇ ઠેકાણે વાત કરવાનું પણ ગમે નાહિં; કેમ કે તે વખત હું મારા પિતાજી સાથે ફક્ત છડોજ આવેલો હતો. જ્યારે અમારે અહિં મુકરર રહેવાનું ઠર્યું ત્યારે પછી બધા કુટુંબને અહિં તેડાવ્યું, અને તમારી ભાભી વગેરે સર્વે આવ્યાં, અને ત્યારેજ મારા મનને જરા વિરામ ગળ્યો; બાકી હું તો ગભરાઇ ગયો હતો. આ પ્રસંગ ઉપર વાત નીકળી છે અને તમારી સાથે વાત કરવાને હવે કાંઈ અંતરાય જેવું નથી, ત્યારે કહુંછું કે સર્વ શક્તિમાન ઈશ્વરે અમારૂં જુગતું જોડું નહિ આપ્યું હોત તો મારી ઘણીજ માઠી અવસ્થા થાત ને બધી જીંદગાની પશુની પેઠે કેવળ વ્યર્થ છૂટી પડત. એ સ્ત્રીની વિદ્વત્તાથી અને તેથીજ ફરી તેના સહવાસથી કોઇ વખત પર કેવળ નઠારે સ્થળે રહેવાનો પ્રસંગ આવેછે તો પણ બીજાના કરતાં મને ત્યાં અણગમતું થોડું થાયછે. ખરેખરૂં કહુંછું કે મને બીજાની પેઠે વગર ઉપયોગનું બારણું રખડવું અગર કોઇ પાસે જઇને નકામાં ગપ્પાં મારવાં બિલકુલ પસંદ નથી. કૃપાળુ ઈશ્વરે થોડા દિવસથી આપ સરખા સદ્ગુણી મિત્રનો સહવાસ કરાવી વાત કરવાનું ઠેકાણું કરાવ્યું ત્યારથી આપની પાસે આવવા જવામાં તથા વિદ્યા

ચર્ચા કરવામાં દિવસ નિર્ગમન થાય છે, બાકી કાંઇ જવું કે આવવું. ઘરના કામ કાજથી પરવાર્યા પછી ફક્ત આપો બેઉ જણાજ સામા સામી વિદ્યા વિવાદથી આખો દિવસ આનંદમાં ગુજારતાં એટલે પછી કોઇની દરકાર રહેતી નહિ. મારા મનનું સમાધાન થાય એટલી તેનામાં પ્રભુએ ગુણની તથા વિદ્યાની બક્ષિસ કરેલી છે. પણ વારૂ (જરા થોભીને) ઠીક યાદ આવ્યું. ઘણા દિવસથી પૂછવાને મનમાં આવતું હતું પણ ભૂલી જતો હતો. બાઇ, આપનું લગ્ન થએલું છે કે શી રીતે? ઘણું કરીને થએલું હોય એમ લાગતું નથી, કેમકે આપની પાસે ઘણા દિવસથી મારૂં આવવું જવું થાય છે, પરંતુ ભાભી સાહેબ કોઇ વખત પર દીઠામાં આવ્યાં નથી. જો લગ્ન ન થયું હોય તો અલબત્ત એમજ જોઇએ. નાનપણમાં ઢીંગલા ઢીંગલીની માફક પરણવું તેના કરતાં પુખ્ત ઊમરે તપાસની સાથે લગ્ન કરવું એ઼ઘણી સારી વાત છે. મોટા થઇને પુખ્ત વયની ડાહી અને સ્વરૂપવાન સ્ત્રીની સાથે લગ્ન કરવું એટલેથીજ બસ નથી પણ તેની સાથે તેનામાં વિદ્યા કેટલી તથા સદ્‌ગુણો કેવા છે તે તપાસવાની મુખ્ય ફરજ છે, પણ પોતેજ વિદ્યામાં સમજતા ન હોય તો તેની પરીક્ષા શી રીતે કરે? આપે જો લગ્ન નહિ કર્યું હોય તો હું ખાત્રીથી કહું છું કે આપ હવે આપણા લોકોના ચાલુ રીવાજની આંધારી જાળમાં ફસાઇ પડવાના નથી, કેમકે વિદ્યા એ શું ચીજ છે અને તેનાથી શા ફાયદા તથા તેનો પૂરો ઉપભોગ કરવાને કેવાં સાધન જોઇએ તે સર્વનો ઘટતો વિચાર કરવા જેટલી પ્રભુએ

આપને વિદ્યારૂપી શક્તિની બક્ષિસ કરી છે. આપને શીખામણ દેવાને હવે હું આપના કરતાં વધારે વિચાર વાળો છું એમ નથી, પણ મિત્રતાના હકથી મારા મનના વિચાર આપના વિચાર સાથે સામિલ કરવામાં હું મારી એક પ્રકારની ફરજ સમજું છું, તેથી કહું છું કે ઇશ્વર કરે ને મારા સરખુંજ આપને સ્ત્રી તરફનું સુખ હોય; પણ કદાપિ કોઇ કારણને લીધે અદ્યાપિ લગ્ન થવામાં આવ્યું ન હોય તો હવે સમજીને અજ્ઞાનની આફતમાં પડવું ન જોઇએ. વિચાર કરી જોતાં ખુલ્લું સમજાય છે કે આ દુનિયામાં બીજાં ઘણાં કુટુંબીઓ આપણાં અંગભૂત કહેવાય છે ખરાં, પરંતુ આપણા પોતાનાજ અંગ સાથે જોડાઇ જનાર ફક્ત આપણી પોતાની સ્ત્રીનું અંગ છે. હવે જ્યારે તે અંગ આપણા અંગને સ્પર્શતાં સુખ થવાને બદલે પીડાકારી લાગે તો પછી આપણા શરીરને કેવું લાગવાનું! પાણી પીને તર થએલો તથા ખુશબોદાર ફૂલોથી ગરકાવ એવો એક છોડ લઇને આપણા શરીર ઉપર ફેરવીશું અથવા પાસે રાખીશું તો તેનાથી શરીરને કેવું લાગશે! પણ તેના બદલામાં કાંટા વાળું એક જાળું લઇને શરીના કોઇ પણ ભાગ ઉપર ફેરવીશું તો તેનાથી શરીરને તરતજ કેવી ઇજા થશે તેનો વિચાર તમેજ કરો. આપણા મનને કોઇ પણ વાતે ગમતી ન આવી તેવી સ્ત્રી કાંટા વાળા જાળા બરાબર છે; અને એવું જાળું હમેશાને માટે કર્મે વળગેલું રહ્યું તો પછી જીવતાં સુધી સુખ તો ક્યાંથીજ મળવાનું? સંસાર વ્યવહારમાં રહીએ ત્યાં સુધી ઉદર નિમિત્ત ઉદ્યોગ કર્યા સિવાય છૂટકો નથી,

અને ઉદ્યોગ કરીએ તેટલી વખત શરીરને વિરામ રહેતો નથી: વળી કોઈને પોતાના ઉદ્યમમાં શ્રમ કરવાનો વધારે હોય છે ને કોઈને થોડો હોય છે; પણ તેમાં સારી રીતે લક્ષ દો તો સર્વને સરખો પડે છે એટલે તે વખતમાં તો આરામ લેવાતો નથી, પરંતુ આરામનો વખત પ્રકારે મનુષ્ય મનને પોતાના આખા દિવસના ઉદ્યમથી પરવારીને પછીનો ઠરાવેલો છે. હવે એટલા વખતમાં પણ જે મનુષ્યની પાસે તેના મનને શાંતિ પમાડે એવી સમજૂ ને ભણેલી સ્ત્રીને બદલે ઉલટી કલેશ ઉપજાવે એવી સ્ત્રી હોય તો તેના મનને કેવું લાગે? ખરેખાત તે ને તો રાત દિવસનો દુઃખઆરોગ કહેવાય. આહા !! પણ ને કદાપિ સદ્ગુણી ને વિદ્વાન સ્ત્રી મળેલી હશે તો તેને એટલો વિરામ મળશે કે આખા દિવસનો પોતાનો શ્રમ ભૂલી જશે. સદ્ગુણી સ્ત્રી મળેલી હોય છે તો તેનાથી તેના પતિને ઘણી વિશ્રાંતિ મળે છે, ને તે સ્ત્રી પોતાના ધણીના દુઃખના મૂળનું ઉચ્છેદન કરનારી કહેવાય છે. આ સંસારમાં માણસનાં દુઃખ મૂળનાં ઉચ્છેદન પાંચ કહ્યાં છે; તેમાં પણ કહ્યું છે તે સાંભળો.

वश्या:सतावृत्तिकरीचविद्या, ।
निरोगता सज्जन संगतिश्च ॥
इष्टाच भार्या वश वर्त्तिनीच,
दु:खस्य मूलो द्धरणानिपंच ॥

અર્થ—પોતાના વશમાં રહે એવા છોકરા, જે વડે આજીવિકા ઉપાર્જન કરી શકાય એવી વિદ્યા, રોગ વિનાનું શરીર,

સજ્જનની સંગતિ અને ગમતી તથા વશમાં રહે એવી સ્ત્રી, એ પાંચ દુઃખ મૂળના ઉચ્છેદન છે. હવે જુઓ, વશમાં રહે એવી સ્ત્રી હોય તોજ દુઃખ મૂળનું ઉચ્છેદન કર્તા કહી છે, તો જે સ્ત્રી સદ્‌ગુણી નહિ હોય તે વશમાં ક્યાંથી વર્તશે? વિદ્યા ભણેલી નહિ હોય તો તેનામાં સદ્‌ગુણ ક્યાંથી આવશે? જોસ સદ્‌ગુણીને વિદ્વાન નહિ હોય તો તેનાં છોકરાં સારાં ક્યાંથી થશે? કદિ નિહ થાય. મુખ્ય જો સ્ત્રી વિદ્વાન હશે તોજ તેના પતિને સુખ મળશે. આવી રીત કહેવા ઉપરથી તમે કદી એમ ધારશો કે આટલી બધી અડચણો છે તો તેના કરતાં ન પરણવું એ સારૂં છે, પણ એ વિચારને હું કદી મળતો આવનાર નથી; કેમકે માણસોએ સૃષ્ટિમાં જન્મીને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થ સંપાદન કરવા જોઇએ એવો પ્રાચીનકાળના મોટા વિદ્વાનોનો પણ મત છે. હવે એ ચાર પુરૂષાર્થની ટીકા કરવાની આ ઠેકાણે મને જરૂર જણાતી નથી તેથી ફક્ત ચાલતીજ વાત ઉપર જરૂરી ભાગ કહું છું તે સાંભળો. ત્રીજો પુરૂષાર્થ કામ છે, તે પોતાની પરણેલી સ્ત્રીના વિષે કહેલો છે. સૃષ્ટી ઉત્પન્ન કરવા માટે પરમેશ્વરે સ્ત્રી પુરૂષ સૃજેલાં છે. નર નારીને વિધિ પ્રમાણે લગ્ન કરવાનું આપણા શાસ્ત્રોમાં કહેલું છે. સ્ત્રી પુરૂષે મસ્પર સ્નેહ રાખીને વ્યભિચાર ન કરવો. પરણેલાં નર નારીને દંપતિ કહે છે, તેમના બે દેહ છે પણ એક દેહ હોય એમ વર્તવું જોઇએ. પરસ્પર કદી કલહ કરવો નહિ. પોતાની સ્ત્રીથી પ્રજા ઉત્પન્ન કરવી અને તે પ્રજાનું પાલન કરી તેને ઉ-

રકને વિદ્યા ભણાવવી. મનુસ્મૃતિના ત્રીજા અધ્યાયમાં સ્ત્રીનો આદર સત્કાર કરવા વિષે લખેલું છે. જે કુળમાં પુરૂષ સ્ત્રી વડે અને સ્ત્રી પતિ વડે સંતોષ પામે છે અને બેઉ જણ અન્યની ઇચ્છા ધરતાં નથી તે કુળનું કલ્યાણ થાય છે. આ વિષે શાસ્ત્રો સુદ્ધાંના પ્રમાણ છે. તેથી એકલાં ન રહેતાં પોતાની જોડ તો જરૂર મેળવવી જોઇએ પણ તેમાં જોવાનું એટલુંજ કે તે જોડ પોતાના મનને રૂચે તેવી સંપાદન કરવી જોઇએ.

વિદૂ—(કોઇ વાત ભૂલી ગયો હોય ને તે સંભારી કહાડતો હોય એવા ડોળથી હોઠ હલાવતો આવીને) ગવંડર જેવા પંડીતો, મજ સરખા ગરીબ મહા કવિની થોડીક ટીકા સાંભળશો!

ગુણ—(તેના સામું જોઇને આશ્ચર્યથી) અલ્યાભાઇ, તારી બોલવાની ઢબ ઉપરથી મને તું કોઇ વિચિત્ર માણસ લાગેછે. તું કોણ છે?

વિદૂ—હું છું તો આ એ પેલો માણસ, પણ તમો બન્નેના વચમાં અત્યાર સુધી જે વાંકી ચૂંકી વાતોની દોડ દોડા થઇ તે સાંભળીને મારા દરિયા જેવા પેટમાંના મનરૂપી પાણીએ સવાલનું મોજું માથું તેથી એક બે સવાલ કરવા આવ્યો છું કહો તો બોલું.

માધુ—(ગુણવંતરાય બોલવા જાયછે તેને અટકાવીને) ભાઇ, તમે નકામું એની સાથે માથું ચલાવી વખત ખોશો નહિ. એતો કેવળ જડ અને મૂર્ખ માણસછે. એના સાથે ગમે તેટલાં નીતિનાં અને મધુર ભાષણો કરશો જશો તથાપિ તે વ્યર્થ જવાનાં છે, કેમકે મૂર્ખના આગળ સર્વે મિથ્યા.

સોરઠા.

જ્ઞાન ધરે નહિ કાન, મિથ્યા કેવું મુર્ખને
બધીર[1] આગળ ગાન, ભસ્મ[2] જેવી આહુતી ૧
દાદુર[3] ભોગ ન લેશ, વાસ કંજના[4] ભ્રમર[5] લે
સુખ નહિ કુરકટ[6] લેશ, ચકોર[7] સેવે ચંદ્રને ૨
બક[8] નવ જાણે સ્વાદ, મુક્તાફળ[9] હંસો ચરે
ઊલુક[10] નહિ આહલાદ[11], ઘનથી[11] જેમ કળાપિને[12] ૩
ખરને[13] તો સ્વર ગાન, ખટરસ ભોજન કાગને
મુરખને નહિ ભાન, સારા નરતા સારનું ૪

દોહા.

શત[14] બ્રહ્મા સમ ગુરૂ મળે, મુર્ખ ન સમજે એહ
વેત[15] ફળે ફૂલે નહી (જો) અમૃત વરસે મેહ[16] ૧
વક્તા[17] સુરગુરૂ[18] સમ રહે, મુરખ શ્રોતા[19] હોય
વક્તા વાણી શૂન્ય છે, શ્રવણ કરે નહિ કોય ૨
વાણી મિથ્યા જાય જયમ, ઊજડ વને રૂદન[20]
સુખ દુખકો પૂછે નહી, મૂરખ શ્રોતાજન ૩
ખટરસ ભોજન વિવિધનાં, જમનારો રોગિષ્ટ
રૂચેન[21] સ્વાદ કથા તણો, ધર્મશાસ્ત્ર પાપિષ્ટ ૪
જન્મ અંધ દરપણ[22] કશું, વાયસ[23] અમૃત હાર
રંભાનુ[24] ફળ ઊંટને, શૂકરને[25] ઘનસાર[26] ૫
દેખી શ્રોતા મુર્ખને, સરસ્વતિને સંતાપ
(જેમ) સુંદર સ્યામા[27] પદમણી, શંઢને[28] દિધી આપ ૬

---

૧ બેહેરો ૨ રાખોડી ૩ દેડકો ૪ કમળના ૫ ભમરો ૬ કુકડો ૭ એક જાતનુ જનાવર ૮ બગલો ૯ મોતી ૧૦ ઘુડ ૧૧ વરસાદથી ૧૨ મોરને ૧૩ ગધેડાને ૧૪ સો ૧૫ નેતર ૧૬ વરસાદ ૧૭ કેહેનાર ૧૮ દેવતાઓના ગુરૂ બ્રહસ્પતીજેવા ૧૯ સાંભળનાર ૨૦ રોવું ૨૧ ભાવે ૨૨ આરશું ૨૩ કાગડો ૨૪ કેળ ૨૫ ભુંડ ૨૬ વરસાદ ૨૭ સ્ત્રી ૨૮ નપુંસક.

પતિ સેવામાં જારણી[29], ભગ્ન[30] પાત્રમાં નીર
મુર્ખ રહે મન્ત્રે નહીં, જ્ઞાન વાત ગંભીર ૭

ગુણ—હા ભાઈ તમે કહો છો તે ખરૂં છે, કેમકે એવા માણસને તો જ્યાં એમના જેવાજ હોય ત્યાં ફાવે.

સોરઠો.

ભંગીનો સમુદાય[31], મદ્યપાનિને જે મળે
હરખે કાગ સંભાય, જોઈ પક્વ ફળ લીમનાં[33] ૧

પણ એના બોલવાથી જરા રમુજ પડેછે માટે એને બોલવાદો, એમાં આપણું શું જવાનું છે? એના બોલવાથી મને દુઃખ લાગવાનું નથી. (વિદૂષકને) કહે ભાઈ કહે; તારે જે કહેવાનું હોય તે સુખેથી કહે.

વિદૂ—કહેવાનું તો એ કે, તમે જે હવણાં કેટલીએક રમુજી વાતો કરી તે છે તો સત્તર આના, પણ એ પ્રમાણે સમજીને દરેક વાતમાં તેજ પ્રમાણે વર્તણુક કરે ત્યારે: બાકી પોતાને ફાવતું આવે તેમાં લાગુ કરે ને બાકીનામાં છોડીદે એ કાંઇ કામનું નહિ. નહિંતો પછી બોડી બામણી જેવું થાય. એ બનીઠો સાંભળ્યો છે? ફરમાવો તો કહું.

ગુણ—(ખૂબ હસીને) બોલ બોલ. તારા બોલવાથી મને સારૂં લાગે છે.

વિદૂ—હું પસંદ પડયો ત્યારે જુઓ હવે સાંભળો. એક મારા જેવા વિદ્વાન શાસ્ત્રી બાવા હતા: તેમને ઘેર એમના બાપનું શ્રાદ્ધ આવ્યું. શાસ્ત્રી બાવા બિચારા જાતે એકલા તેથી રસોઇ કરવાની પંચાત પડી પણ બોડ્મી એટલે ક્ષૌર વગર આવે નહિ તેથી પડોશમાં

---

૨૯ વ્યભિચારી સ્ત્રી. ૩૦ ભાંગેલા. ૩૧ જથો.
૩૨ દારૂપીનાર. ૩૩ લીમડાનાં.

એક ચોકી બામણી રહેતી હતી તેને રસોઇ કરવા બોલાવી. ચોકી તે સમજ્યા કે નહિ? (પોતાની ચોકી ઉપર હાથ મુકીને) ત્યારે તો આટલુંયે છે ને એને તો સકંસ્કાર. એ રાંડ કરકથાની કાંઇ કંઇક થા ગિતાજીનો અડધો શ્લોક શીખી આવેલી એટલે પછી શું કહેવું? રસોઇ કરતે કરતે ભડસડતાં ભજીયાં થવા માંડ્યાં એટલે તો છોકરીએ કહ્યું કરવા માંડ્યું નહિ. આવું અવળું જોઇને એક ભજીયું કમ મ્હોમાં મુકયું; બીજું મ્હોમાં મુકવા જાય છે કે ઓચિંતા ના આવ્યા શાસ્ત્રી બાવા, પણ રાંડ ગીતાનો શ્લોક ભણી તેનો અર્થ સુધાં સમજેલી એટલે શું કરવા બીહે? મહારાજના દેખતાં પણ બીજું ભજીયું સ્વાહા કર્યું. ત્રીજું ખાવા જાયછે કે શાસ્ત્રીએ હાથ પકડીને કહ્યું જે રંડા આ શું કરે છે? બ્રાહ્મણ વગેરે મંડળી જમનાર તો હજુ હવે છે; કદાપી તેતો ઠીકજ છે પણ વૈશ્વદેવ કરી અગ્નિને જમાડ્યા તેનું કેમ થશે? રસોઇ તો તેં અપવિત્ર કરી. શીરભદ્રા બોલી કે શાણે રસોઇ અપવિત્ર થઇ? જેને પ્રથમ જમાડવાનું કહોછો તેજ જમ્યો છે; મેં કાંઇ ખાધું નથી. તમે અગ્નિ દેવતા કહ્યા તે શું મારામાં નથી? આત્મા તો પ્રાણી માત્રના શરીરમાં અગ્નિ રૂપે રહેલો છે. જુઓ સાક્ષાત ગીતાજીનું વચન કહું. એથી વધારે શું પ્રમાણ જોઇએ? સાંભળો.

अहं वैश्वानरो भूत्वा, प्राणिनां देह माश्रित:

અર્થ—હું આત્મા અગ્નિ રૂપે સર્વ પ્રાણી માત્રના દેહમાં રહેલો છું. ગીતાજીનું ને વળી શ્રીકૃષ્ણ ભગવાને

કહેલું વચન સાંભળીને શાસ્ત્રી બાવા તો ચુપ થઇ ગયા ને બોલવાનો કાંઇ રસ્તો સૂઝ્યો નહિ. શાસ્ત્રીની સાથે મારે ઓળખાણ તેથી બોગના જોગે મને જમવાનું કહેલું એટલે હું ત્યાં જઇ ચડયો ત્યારે ઉપરની વાત શાસ્ત્રીએ મને કહી. હુંએ પણ સપડાયો તો ખરો. પરંતુ મનમાં વિચાર કર્યો કે ગીતા શું એની છે ને આપણી નથી? આપણને પણ એકાદ પ્રમાણ જડશે. બંદા તો ગીતાજીનો સૂટકો લેઇને બેઠા ફેંદવા. શોધતે શોધતે આપણને પણ એક શ્લોક જડયો. મહેનત કરીને તરત પાઠ કર્યો ને તેનો અર્થ પણ સમજી લીધો. ઉઠીને ગયો બાઇ પાસે, ને પૂછ્યું કે અગ્નિને નૈવેદ્ય કરાવ્યા સિવાય રસોઇ કેમ બગાડી? તેણીએ મને પણ એજ જવાબ આપ્યો. મેં કહ્યું કે એ પ્રમાણે સમજીને ખરેખરું તું તે મુજબ વર્તે છે? તોએ કહ્યું કે હા. મને જે રીસ ચઢી કની કે, ચૂલામાંથી બળતું લાકડું લઇને રાંડને ખડ લેઇને ઝાપટયું; ત્યારે તો એ મારા રોયા! બળીરે મારા બાપ! કરતી કને ઉભી થઇ. મેં કહ્યું કે ચૂપ. ગીતાજીનું વચન છે કે—

नैनं छिदंति शस्त्राणि, नैनं दहति पावकः
नचैनं क्लेदयं त्यापो, न शोषय तिमारुत:

અર્થ—હું આત્માને શસ્ત્ર છેદતું નથી, અગ્નિ બાળતો નથી, પાણી ભેવરાવતું નથી, ને વાયુ સોસતો નથી. આ સાંભળીને બોડી બાઇએ નીચું ઘાલ્યું, ને બંદાએ પછી તેને ગળચા પકડીને બાહાર કહાડી મુકી એ પ્રમાણે છે. જો સમજીને તે પ્રમાણે દરેક વાતમાં વર્તે ત્યારે તો ઠીક છે. નીકર પોતાના સ્વાર્થની વાતને લાગુને કરીને બીજી બાબતમાં છોડી દે એ કાંઇ ઠીક નહિ.

ગુણ—(ખડખડાટ હશીને) વાહભાઇ વાહ!! તેં પણ ઠીક નકલ કરી.

મોકુ—(ગુણવંતરાયને) ભાઇ હવે એને જવા દો ને. હું તો એને સારી પેઠે ઓળખું છું. એ મુર્ખ કદીએ થાકે એવો છે! એનો જાતી સ્વભાવછે તે છેજ.

દોહા.

ધોઇએ દુધે કાગને. હંસ કદી નવ થાય;
પનંગ[1] પાઇએ શર્કરા[2], મુખથી વિષ નવ જાય. ૧

(વિદુષકને)—ચલ જા અહિંથી.

વિદુ—અમે મુર્ખ ને આ આજ કાલના થએલા ડાહ્યા. પાછલું વિચારો તો બધુંએ ખબર પડે. મારા અને તમારામાં એટલો બધો કિયો ફેર છે જો? ફક્ત પૈસો એજ કે બીજું? વિદ્યા એતો પેદા કરેલો ગુણ કહેવાય. હું પણ કાલથી એક સારા મહેતાજીને અડાવી પડું તો છ મહીનામાં તૈયાર. મારૂં નામ જો મુર્ખોજ ઠરાવતા હો ત્યારે તો આપણે એકજ.

છપય છંદ (જુઠો.)

અમ તમ શાનો ભેદ, ખેદ શા માટે કરીએ,
મને અને તમને, જનમ આપ્યો શ્રી હરીએ;
તમને પૈશો મળ્યો, અમે પૈશા વિણ ભુખા,
ભાઇ ભાઇ તમને કહે, તમારી પાસે કુકા:
નામ તમારે માહરે, પ્રથમ મ મો ટેક છે,
માણકલાલને મુરખો, બેની રાશી એકછે. ૧

ગુણ—(વિદુષકના બોલવાથી જરા ખોટું લાગ્યું તથા તેને) અરે બલામણ છેક આમ હદ મુકીને બોલતાં જરા શરમાતોએ નથી? તું રાશિ સાથે મુકાબલો કરવા જાય છે પણ તેથી સમાન પણ થાય!

૧ સાપ. ૨ સાકર.

છપ્પય છંદ.

સુરાપાનને[1] સુધા[2], મેરૂ[3] મશક[4] એક સાથી,
વાયસને[5] વિનતેય[6], કર્મનાશ[7] ને કાશી,
દરિદ્રને દાતાર, વળી તરણી[8] તમ[9] જેવું,
કુરકટો[10]ને કુંજર[11], કપટિ કમળાશન[12] એવું,
સિંહ શીયાળને હર્ષે હણુ[13], કામ[14] કુબડો[15] પેખીએ,
ચતુર મૂરખ એક રૂપ પણ ગુણમાં ભેદજ દેખિએ ૧
ઉજળા[16] બક[17] મરાળ[18], રૂપમાં માટે પ્રસંશ,
ક્ષિર[19] જળ જૂદાં કરે, જણાએ ત્યારેજ હંસ,
વાયસ[20] ને કોકિલા[21], સમાને શ્યામ[22] જણાએ,
વસંત પંચમ રાગ, આલાપીને પિક[23] ગાએ,
જે સ્ફાટિક[24] મુક્તા[25] શ્વેત[26] પણ મૂલ માતિ જણાયછે,
તક્ર[27] અને પય[28] પાન કરતાં, સ્વાદથકિ ઓળખાયછે. ૨

હવે સમજ્યો ભાઇ જરા વિચારીને બોલતો જાય ત્યારે તો તારી જોડે વાત કરવી ગમે. એમની જોડે બરોબરી કરતાં લાજતો નથી? એમનામાં અને તારામાં તો ઘણો ફેરછે.

---

૧ દારૂપીવું. ૨ અમૃત. ૩ એક પર્વત. ૪ ઉંદર. ૫ કાગડો. ૬ ગરૂડ. ૭ એક નદી (જેમાં પગ મુકવાથી પાપ લાગે છે એવું કહેવાય છે). ૮ સૂર્ય. ૯ અંધારૂ. ૧૦ કુકડો. ૧૧ હાથી. ૧૨ બ્રહ્મા. ૧૩ હાંણુ. ૧૪ રૂપાળો પુરૂષ ૧૫ કદરૂપો. ૧૬ ઉજળો. ૧૭ બગલો. ૧૮ હંસ. ૧૯ દૂધ. ૨૦ કાગડો. ૨૧ કોયલ. ૨૨ કાળુ. ૨૩ કોયલ. ૨૪ એક જાતનો સફેત ચળકતો પથર. ૨૫ મોતી. ૨૬ ઉજળું. ૨૭ છાશ. ૨૮ દુધ.

ચોપાઈ.

ઐરાવત[1] બીજા માતંગ,[2] ઊચ્ચૈશ્રવા[3] ને અન્ય[4] તુરંગ[5],
જેમ આગિયો ને વળિ ભાન,[6] દાદુર[7] તે ક્યમ ગરૂડ સમાન. ૧
બાલાનંદન[8] વાનર અન્ય, પણ બીજાં શંભૂ[9] વાહન,
પારસ[10] ને બીજા પાષાણ,[11] કલ્પવૃક્ષ[12] બીજાં તરૂ[13] જાણ ૨
જુગીસર્પ વળી ફણિપાળ,[14] સમાન બકને[15] કેમ મરાળ,[16]
એજ પ્રમાણે તું ને એહ, સરખાવટ કરિયે ક્યમ તેહ ૩

વિદૂ—(મનમાં) બંધ તો સાચું જૂઠું ગમે તેમ અડાવી પાડેછે પણ આ બિચારો ખરૂં સમજીને માથું અફાળેછે. એ હજુ આપણને પૂરો ઓળખતો નથી. (મોટેથી) એમ ભાઇ એમ; તમે ભણેલા ને અમે અભણ. લ્યોને હું તો આ આલ્યો. (જતાં જતાં)

દોહા.

ભણિયા વિવિધ પ્રકારનું, ફોગટ કરી ન લેશ,
જીવ્યું એવું જાણજો (જેવા) નાળીકેરી[17] કેશ. ૧
(જતો રહેછે)

---

૧ ઇંદ્રનો હાથી—૨ હાથી—૩ સૂર્યના રથનો ઘોડો ૪ બીજાં—૫ ઘોડો—૬ સૂર્ય—૭ દેડકો—૮ હનમાનજી ૯ મહાદેવનો પોઠીઓ—૧૦ એક જાતનો પથર (જેને લોઢું અડાડતાં તે સોનું થાયછે) ૧૧ પથ્થર—૧૨ દેવનું ઝાડ—૧૩ ઝાડ—૧૪ સેષનાગ—૧૫ બગલી—૧૬ હંસ. ૧૭ ફુંટી.

ગુણ—(મોકુભાઈને) ભાઈ એ કોણ છે?

મો—જવાદોને એનું નામ. એક અનાડી મશ્કરો છે.

ગુણ—(મોકુભાઈનો ચહેરો સ્તબ્ધ બની ગએલા જેવો જોઈને) કેમ ભાઈ આમ થઈ ગયા છો? એના બોલવાથી કાંઈ મનમાં લાવવું નહિ. મુર્ખતો, ગમે તેમ બોલે પણ ડાહ્યા માણસો મનમાં લાવતા નથી.

છપય છંદ.

દુરમતિ નિંદે વેદ, તોય પંડિત નવ ત્યાગે;
રાજ હંસ નવ તજે, મુકતાફળ[1] નિંદું કાગે.
દાદુર[2] નિંદે કંજ[3], શિળી[4]મુખ તે કુપમ છાંડે;
કાયર નિંદે સૂર, સૂર સંગ્રામજ માંડે.
કુબુદ્ધિ નિંદે સંતને, જ્ઞાની પૂજે તેહને
તસ્કર[5] નિંદે ચંદ્રને પણ, પણ ચકોર[6] ન તજે સ્નેહને ૧

મોકુ—નાના, તેતો કાંઇ નથી.

ગુણ—ત્યારે? (પાછલી વાત યાદ આવ્યાથી) હાં હાં ભાઇ!! મેં પ્રથમ જે આપને કહ્યું તેનો કુપમ કાંઇ જવાબ આપ્યો નહિ? આપને શી રીત છે?

મોકુ—પોતાની સ્રીના સદ્‌ગુણસાંભરી આવ્યાથી હૈયું ભરાઇ આવે છે તથી) ભાઇ, ઇશ્વર સત્તા બળવાન છે જેમ તેમ ઠીકજ છે.એવાત જવાદો.

ગુણ—(ચમકીને) હેં હેં!! એવા કંઇ સપડાયાછો કે શું ભાઇ?

મોકુ—(જવાબ દેવાનો બીજો રસ્તો સુઝતો નથી તેથી

---

૧ મોતી—૨ દેડકો—૩ કમળ—૪ ભમરો—૫ ચોર—૬ એક જનાવર (જે ચંદ્રને જોઇને ઘણું ખુશી થઇ તેના સામું જોઇ રહેછે.)

ના ના ભાઇ, એમને તો નથી પણ એ કુથલી જરા સં- ભાળની છે, ને આ વખત મારી તબિયત સારી નથી માટે માફ માગું છું.

ગુણ—ત્યારે તો એ વાત જવાદો. હું પણ હવે રજા લઊં- છું. આઠ વાગવાનો સુમાર થવા આવ્યો છે ને આપને વાળુની વખત થઇ હશે.

મોકુ—હાજી, હવે પધારો. (ગુણવંતરાય જાયછે અને મો- કુભાઇ પણ વાળુ પાણી કરી સૂઇ જાયછે.)

પ્રવેશ ૫ મો.

મોકુભાઇ એકલો.

સ્થળ-મેડી.

મોકુ—(ગુણવંતરાયે કહેલી વાત યાદ આવેથી હીરાલક્ષ્મી સાંભરી આવેછે તેથી મનમાં) અરેરે! હર હર હર!! શું હું નિર્ભાગી જીવ છું! હાથમાં આવેલું રત્ન ખોઇ નાખ્યું. શું એ સ્ત્રીની વિદ્વત્તા અને ચા- તુરી! એના બોલવામાં તો શબ્દે શબ્દે મીઠાશજ ભરેલી. આહા હા હા!! આ વખતે એ મારી સોબ- તમાં હોતતો હું કેવો સુખી થાત? અરે પ્રભુ! દુષ્ટોની સોબતથી શી મારી ખરાબી થઇછે. મારી જીંદગાની મેં વ્યર્થ કરી નાંખી. ખેર, તેતો થયું, પણ અરે! એવી સુઘડ, શાણી અને ભણેલી ડાહી સ્ત્રી ઉપર તેના જીવ સૂખી જતાં પણ અટક્યો નહિ. હાય હાય! એવા મહા ભયંકર અને વિકટ વનમાં મારી અર્ધાંગના જે વખત જાગૃત થઇ હશે, તે વ- ખત તેની શી વલે થઇ હશે! (હૈયું ભરાઇ આવી

આંખમાં આંસુ આવે છે) શિવ! શિવ! શિવ! અરે પ્રાણ એ તો શાની બચી હશે! તરતજ માંસહારી પ્રાણીઓનો ભક્ષ થઇ પડી હશે. (કંપારો છૂટી આવે છે તથા) હાય હાય! પ્રાણ જતાં એના જીવને કેટલું થયું હશે! એનું શું ગજું કે જાગૃત થયા પછી એક ક્ષણ પણ એવો મોટો ભયંકર દેખાવ નજરે જોઇ શકે! ઓ મારી પ્રિયા! હે પ્રિયે! હે મૃદુભાષિણી! તું મને હમેશાંને માટે દુઃખિયારો કરીનેજ ગઇ? અરે પ્રિયે! એમાં તારા તરફનો કાંઇજ વાંક નથી. સર્વ ખોટાં કૃત મારે હાથેજ થએલાં છે, પણ ખચિત યાદ રાખજે કે આવાં કરેલાં કૃત્યોના બદલામાં હું મારી આખી જીંદગાની તારી યાદગીરીમાંજ તથા ગમગીનીમાંજ કહાડીશ. હું નક્કીજ કહું છું કે હવે મને તારા સરખું રત્ન મળવાનું નથીજ; અગર કદાપિ એમ કરૂં તો મળે પણ તારી યાદગીરીથી અને મારા પોતાનાજ અપરાધના પશ્ચાત્તાપને માટે હવે હું એ કામ કદી કરવાનો નથી. (વળી વિચારમાં પડી જવાથી)હે સર્વ શક્તિમાન પ્રભુ! તારી તો ગતિ અકળ છતાં તું પરમ કૃપાળુ કહેવાય છે તથા કદાપી તું તારૂં બીરદ પાળીને હું રંક ઉપર કૃપા કરે તો તે પણ તારાથી થઇ શકે તેમ છે જો એક વાર મને મારી પ્યારીની ફરી ભેટ કરાવે તો પછી હું તારા ઠરાવેલા નિયમો પ્રમાણે કેવો ચાલુંછું તે તું જોજશ. આહા હા!! આ વખતમાં ફરી મારી પ્રિયા મળે ને મારો હાલનો ચાલતો અભ્યાસ તથા ઉદ્યોગ તે જૂએ તો તેના મનને કેટલો હર્ષ થાય! અલબત એ તો આનન્દના પૂરમાં છલકાઇ જાય. ઓ મારી વહાલી! એકવાર તું

ફરી દેહ ધારણ કર ને તારો ખુશનુમાં ચહેરો મને દેખાડ એટલે મારાથી થએલા અપરાધનો બદલો વાળવાને મારા મનમાં જે જે ઉછાળા આવે છે તે પૂરા પાડું (વીચારમાં લીન થઈ જતાં હીરાલક્ષ્મીનો ખુશનુમાં ચહેરો નજર આગળ આવી રહ્યાથી છાતી ભરાઈ આવે છે પણ પૂરી સમજણ પડતી નથી તેથી) અરે! બાર તો વાગ્યા, પણ હજુ કેમ ઊંઘ આવતી નથી? તેમ કોણ જાણે શરીરમાં પણ કાંક થાય છે તેની પણ સમજણ પડતી નથી. (શરીર ઊપર હાથ ફેરવીને) ઓ હો હો હો!! શરીર કેવું તપી ગયું છે! ને પરશેવો પણ કેટલો વળ્યો છે!

રેકતો.

તન થયું છે તપી તન, વિકળતાએ કરી,
ખાળ્યું ખળે ન આજ મન, લાગી લ્હાય ખરી.
લાગી લ્હાય ખરેખરી, અંગોઅંગ જાય સરી. ત. ટેક
જીવ ઘણો ગભરાય થાય કાય માંડી કાંઈ કાંઈ;
ચટક ચટક ચટકા ભરે, ચેન તો પડે ન જરી. ત. ૧
સ્વેદ[1] ખેદ થવાથી વ્યાપ્યો, ભીંજ્યું સર્વ અંગ;
ટપક ટપક ટપક ટપકાં, પડે લલાટેથી[2] ગરી. ત. ૨
ચિત્ત ચડ્યું ચકડોળે ભમતું, રહે છે ચારે પાસ;
કારણ કાંઈ જડે નહિ, નથી રહેતું પલક એક ઠરી. ત. ૩
ધબ ધબ ધડકી કાળજ મારૂં, લાગે જેમ કપાય;
સમજ પુરી ના પડે પણ, વાગે જાણે ઘાવ છરી. ત. ૪
ગર્ક થયો હું દર્દમાં આજે, કરવો કોણ ઊપાય;
ભેદ ન પામું વેદના કરો, સ્હાય કરો ઓ શ્રીહરી. ત. ૫

(થોડીવાર સૂધી વિચાર કરીને)

સમજાયું કારણ હવે, વિરહ[3] વેદના હોય;

---

૧ પરશેવો—૨ કપાળેથી.—૩ છુટા પડવું.

ખાતું છે નહિ કેમકે, યાદ આવે મારી પરી. ન. ૬
ઘટે ન તુજને ગોરડી, વ્હાલ સાથે વેર
યમ શિક્ષા મુજને ઘણી, કરોને માફ ગનથી ડરી. ન. ૭
કામ કરી બેશીશ હું, દેખીશ દારા[1] તું
સામા સામી આંખડી મળશે, જ્યારે નેહ ભરી ન. ૯
પ્રભુએતો આપ્યું હતું, રત્ન અરૂજ અમૂલ્ય,
હાથથી છૂટી પડ્યું, રહું હું કેમ ધીર ધરી. ન. ૧૦

ચાલો હવે તો અગાશીમાં જઇને પેલો પલંગ પડ્યોછે તેના ઉપર જરા વાર સુઇએ. ચાંદની પણ ખૂબ ખીલી નીકળી છે તેથી ચંદ્રની શીતળાતાથી જરા આરામ પડશે. (અગાશીમાં પલંગ પડ્યો છે તેના ઉપર જઇને પડે છે.) અરે! અહિં પણ કાંઇ ચેન પડતું નથી. શું કરૂં? જીવ બહુજ ગભરાય છે.

દોહરો.

શશધર[2]માં ધર ઊણના, નકર નકર તન તાપ
શશિમુખિ[3] કેરા વિરહ રૂપિ, ડશિયો શ્યામજ[4]સાપ. ૪

(નીસાસો નાંખી ચારે તરફ નજર ફેરવીને) અરેરે! મારી પ્રિયા વગર આ બધો દેખાવ કેવો દુઃખદાયક લાગે છે.

અરવિંદ મુખી છંદ.

મન રંજન રેંન સુધાધિ[5] સુધાકર
સુંદર વાસ અવાસ અટારી.
સુખ દાયક સુ શીતલ વાત[6]
સુગંધિત ચંદન આનંદ કારી
મન મોદ[7] કરે તન તાપ હરે નિત

---

૧ સ્ત્રી. ૨ સસલાનો ધરનાર ચંદ્ર. ૩ ચંદ્ર જેવા મ્હોનો. ૪ કાળો. ૫ અમૃત ભરેલો ચંદ્ર. ૬ પવન. ૭ ખુશી.

આજ મને કયમ દે દુઃખ ભારી?
શું અચાનક આધિ[4] ઉપાધિ થયો ?
મનમાં તનમાં પ્રિય પ્રાણ સંભારી. ૧

સુમિલા છંદ.

અહ મંદ[5] સુગંધિત[6] વાયુ વહે,
તરૂ[7] છોડ પ્રફુલિત[8] સુંદર ભાસે;
મુજ તન વિષે પ્રગટી રહી ઝાળ,
કરાલ હુતાશની[9] એમ વિરાસે
કઇ કારણ અન્ય[10] ન આજ વશી,
મન મધ્ય પ્રિયા તન તે થકી ત્રાસે
અયિ પ્રાણ પ્રિયે વિરહાનલ[11] દગ્ધ
વપૂ[12] શિત[13] વાહથી કેમ હુલાસે? ૧

(જરા સાવધ થઇને) આતે આમને આગ કયાં સુધી રહેશે? જરા વાર પણ ઊંઘવું તો ખરૂં. લાવ જોઉં એ આજ સાંજનું પેલું ચંદન ઘુઘરી મૂકયું છે તેનો શરીરે લેપ કરીને સૂઇ રહું એટલે લગાર ઠંડક થશે ખરી. (શરીરે ચંદન ચોળેછે પણ સારૂં લાગતું નથી તેથી તેના સામું જોઇને)

ચંદન લેપ લગાડતાં, ઉઠે શીદ અંગાર
મલયજ[14] અહીશું[15] બંધુતા[16], શું ન પડી વાર
વીસાર? ૧

ચંદનથી પણ સુખ વળતું નથી. માટે હવે તો આ઼લા અંદર જઇને જરા વાર દમ મારીને સૂઇ રહું. (મેડામાં જઇ સૂઇ જાય છે ને થોડીવાર પછી ઊંઘી જાય છે.)

---

૪ રોગ—૫ ધીમો ધામો—૬ ખુશબોદાર—૭ ઝાડ—૮ ખીલેલાં—૯ હોળી (ભડકો)—૧૦ બીજું—૧૧ છૂટા પડવાથી થયેલો ખેદ રૂપી અગ્નિ—૧૨ શરીર—૧૩ ઠંડું—૧૪ સુખડ—૧૫ સાપ સાથે—૧૬ દોસ્તી.

પ્રવેશ ૬ઠ્ઠો.

મોકુભાઇ—ભૂલાભાઇ—ધૂળીવહુ—અને ગુણવંતરાય.

સ્થળ—ઘરનો વચલો માળ.

મોકુ—(પથારીમાંથી ચમકી ઊઠીને) ઓહોહો! આજતો ઘણું મોડું ઊઠાયું. અલબત્ત સાતતો વાગી ગયા હશે. ચાલો નીચે જઇ ઝટપટ પરવારી લઉં, કેમકે આજતો આઠ વાગે આવવાનો ગુણવંતભાઇએ વાયદો કર્યો છે. અરે! પણ આજ મને મારૂં શરીર કાંઇ સારૂં લાગતું નથી. રાત્રે ઊંઘ ન આવી તેથી મગજતો ભારે ભારે લાગે છે. હશે ચાલો તો ખરા. (નીચે જાય છે.)

ધૂળી—(મોકુનો ચહેરો ઊતરી ગયેલો તથા ગાભરો બની ગએલો જોઇને તેને) ભાઇ, આજ કેમ મ્હોડું લેવાઇ ગયું છે? કાંઇ શરીર સારૂં નથી કે શું?

મોકુ—ના ના એમતો કાંઇ નથી; અમથું જરા માથું ચઢયું છે.

ધૂળી—(ભૂલાભાઇને) તમે કાંઇ ગણકારતા નથી પણ આ છોકરાનું શરીર દહાડે દહાડે બગડતું જતું હોય એમ લાગે છે; મારાથી તો એના સામું પણ જોવાતું નથી. કોણ જાણે હમણાનો એના શરીરમાં કાંઇ રોગ પેઠો છે કે પછી કાંઇ ફિકરમાં પડયો છે તે કાંઇ સમજાતું નથી. હું એને પૂછું એ કેમ વખત જે? ઘડીવાર નવરો બેઠેલો દેખું ત્યારે કંઇ; તેમ હવેતો આવીને મારી પાસે પણ બેસતો નથી. જ્યારે જોઉં ત્યારે એની મેડીમાં ને મેડીમાં; ને અમે તે વખત જાણ્યો તો લીરજીસા ક-

મમાં ને કામમાં. બીજું કાંઇ કરતો હોય તો ધૂળ નાંખી પણ વાંચ વાંચ ને લખ લખ. કોણ જાણે શાં વહાણ કમાવાં છે?

ભૂલા—ગાંડો છે એટો, એને એટલું બધું કડીને શું કડવું છે! હવે વડી આમના વડચા અહે એમ, બાકી ઘડી વાડ ઘડમાંએ મોટા રહેતા. વાકુ પન પહેલી કરેવા કટડાં આ કાંઇક હાકું છે; પણ એનું સડીક શાઠી ફુબકું ઠઇ ગયું ટે કાંઇ સમજાટું નઠી. કાંઇ રોગ ઠચો હોય ટો ટો ભગવાટ જાને, બાકી એને બીજી ફકડતો શી હોય? બઠી વાટે પડમેસડની ડયા છે.

ધૂળી—શું છેજી? કેમ ફિકર ન હોય? હવે કાંઇ નાનોને અણસમજુ છે? એ કદાચને શરમથી બોલે નહિ પણ આપડે મનમાં ના સમજીએ કે શું? વહુને મરી ગએ પાંચ વરસ થવા આવ્યાં પણ ફરી તમે એને પરણાવવાની ધારણા કરી છે? કદાપિ પરણવાનો વિચાર હોય ને શરમથી કહેવાય નહિ તેથી એમ ઉદાસ રહેતો હોય.

ભૂલા—હાય! હાય! જો એમજ હોય ટો આપડી કયાં ના છે? કાંઇ કંન્યાઓના ખોટ બડી છે? પન એક વખટ એના બોલવાના ભાવાડય ઉપડથી એવું હમજાયું હટું કે એમને ટો પયનવુજ નઠી. ટાડ પછી હું ના બોલ્યો.

ધૂળી—જાઓ જાઓ, તમે તો એવાને એવાજ રહ્યા. શું એ તમને એમ કહે કે મારે પરણવું છે? એને એતો નાજ કહેતો. એમાં એને મ્હોડે હા કહેવરાવું; પછી કોઇ? (બોકુને) આવ ભાઇ હમણાંનો કેમ તું આમ કરે છે? નીચે આવીને જરા બેસતો પ-

ણ નથી; ત્યારે તે એવી શી હુંડીઓ કમાવી છે કે આખો દહાડો લખ લખ ને વાંચ વાંચ કરે છે? તું એમ નવરો ને પેલો ગુણીઓએ નવરો. મારા બાપ અતિશે ઝીણા અખ્ખર વાંચી વાંચીને આંખે આંધળો તો થઈશ; હજુ મારેતો પરણાવવો છે. કેમ શી મરજી છે? અમે તો ગોકળદાસ કુકડીને ઘેર વિવાહ પણ કરી મૂક્યો છે. એમાં તને પૂછવાની કાંઈ જરૂર નથી પણ હવે તું મોટો થયો માટે પૂછીએ છીએ. કેમ એ ઘર તને ગમ્યું કે નહિ?

માકુ—(નીચું ઘાલીને) માજી, એ સંબંધી વાત તમારે મારે કહેવી કરવી નહિ. જો તમે કાંઇ ગરબડ કરી નહિ હોય તો તો ઠીકજ છે, પણ કદાપિ એ ખટપટમાં પડયાં હશો તો પછી તમે પોતેજ હલકાં પડશો. વધારે તો હું તમને શું કહું? હમણાં મને મારે જે વાંચવા લખવાનું છે તેજ ઠીક છે. નકામા આમથી તેમ અથડાવુ ને ગપ્પાં મારવાં તેના કરતાં એ શું ખોટું છે? (ઉઠવા માંડે છે.)

મૂળી—વાહ વાહરે અભ્યા! તારૂં કામ તો પેલા છોકટાની સોબતથી હમણાં વધવા માંડયું દેખાય છે ને શું! આવવા દે મારા રડયા ગુણીઆને; આ બધાં એનાં કરમ છે. હવે જો મારા ઘરમાં આવે તો એનો ટાંટીયોજ કાપું. હું જાણતીતીજ. હશે, ભણેલો છે તો કાંઇ પણ તારામાં હારા ગુણ આવશે; પણ છેવટે આવુંજ શીખ્યો કે?

માકુ—માજી, તમે સ્વભાવ બહુજ આકળો રાખોછો ને બોલવાનો પણ કાંઇ નિયમ રાખતાં નથી. એ

બહુ ખોટું છે. મને ગમે તેમ કહેશો તેની તો કાં- ઇ ફિકર નથી પણ બીજા કોઇને રીત પ્રમાણે ન કહેવાય તો એમાં આપણી પોતાનીજ હલકાઇ જ- ણાય ને સામાને ખોટું લાગે તેતો જૂદું. આ વાતને ગુણવંતરાય સાથે શો સંબંધ છે જે તમે એના ઉપર આટલું કરોછો? હમણાં કહ્યું તેતો ઠીકજ છે પણ એને મ્હોડે અથવા એના સાંભ- ળતાં કહ્યું હોય તો એને કેવું લાગે! તમને આટલું કહેવાને હું યોગ્ય નથી પણ જ્યારે તમે પોતાનેજ હાથે મને તેમ કરવાની જરૂર પાડોછો તો પછી મારે કહ્યા વગર ચાલતું નથી. વળી હમણાં તમે જે લગન સંબંધી વાત કહી તેમાં પણ તમે જો પોતાનો આગવો મત પકડી પરભાર્યુંજ કાંઇ કરશો તો આ કરતાં પણ વધારે બોલવાની તથા તમારી મર્યાદા રાખવાનો મારો જે ધર્મ છે તેનાથી કાંઇક જૂદી રીતે ચાલવાની મને જરૂર પડશે. આપણા ચાલતા રીવાજથી શરમને લીધે હું કાંઇ હમણા તો બોલી શકતો નથી તેથી માત્ર સંક્ષેપમાંજ કહુંછું કે આપણે કદાપિ એક શાક ભાજી જેવી જૂજ ચી- જ બજારમાં લેવા જઇએ ને તે વગર જોએ કે ત- પાશે એમને એમ લાવીએ છીએ તો તે કેવી આ- વે છે? અને તેમાંથી કેટલો ભાગ નકામો નીકળે- છે! અલબત, બધો ભાગ સારો શુધ્ધ નહિજની- કળે; પણ કદાપિ તેની તેજ ચીજ પોતે જાતેજ જોઇ તપાશીને તથા વીણીને લાવીશું તો તે સારીજ નીકળશે. આતો ફક્ત શાક ભાજીનો માત્ર એક દિવસના ઉપયોગનોજ દાખલો છે પણ માણસ જેવી અમૂલ્ય વસ્તુ ઘરમાં લાવવી અને વળી તે હમેશા-

નેજ માટે, તો પછી તેના વિષે કેટલી તપાસ કરવી જોઇએ! વળી બીજું કહું છું તે સાંભળો. તમારે એક ચાકર રાખવો હશે ને તેને શાખી લાવવાને તમે તમારા કોઇ આદમીને સુપ્રત કરશો તેથી તે લાવી આપશે પણ તે ચાકર જો દુઃખ દાયક થઇ પડયો તો તેના વિષેનો સંતાપ તમારે સોસવો પડશે કે પેલા લાવી આપનારને? વારૂ એતો ઠીકજ છે કે એ ચાકર આદમી એટલે તેને બદલી તમે બીજો લાવી શકશો પણ એજ ચાકર સાથે જો તમે એને રાખતી વખતે જન્મ સૂધી રાખવાની સખત બાંહે-ધરી કરી હશે તો પછી શું કરશો? જેમ તેમ દુઃખે પાપે નભાવ કરશો કે નહિ? કરવોજ પડશે. જ્યારે પાછળથી એટલું વેઠવું પડે ત્યારે પ્રથમથીજ કેમ ત-પાસ ન કરીએ? માજી, તમને તો હું શું કહું પણ અમારે ઈંગ્રેજીમાં એક ઠેકાણે કહ્યું છે કે "Prevention is better than Cure." જુઓ એમાં શું કહ્યું કે રોગ થયા પછી તેનો ઉપાય કરીએ તેના કરતાં થતો રોગ અટકાવવાને ઉપાય કરવો એ વધારે સારૂં છે. હજુ ચાકરનો રસ્તો કાંઇક જૂદો છે, કેમકે તેનાથી તો ફક્ત પા-ળવે એટલું કામ લેઇએ પણ જેને ઘરનું માણસ કરીને સ્થાપવાનું હોય તે તેજ માણસ ખરાબ નીકળે તો પછી એથી વધારે દુઃખ શું છે? માટે માજી, કાંઇ વિચાર કરો, ને હાલ એ વાત જવાદો.

ધૂળી—(કાંઇ બોલાવવાની સૂઝ પડતી નથી તેથી) વારૂ બાઇ જા; તારે પાલવે એમ કરજે. અમે તો તારા હારા માટે કહીએ છીએ.

માકુ—ઠીક છે ઠીક. (પોતાની મેડી ઉપર જાય છે.)

બુધા—(ખૂળીવહુને) કે હાંભળ્યું? બાપુડો હું માનતી નોતીને. બેટો ન હોય અસલનો વખત. આજનાં છોકરાંઓ ટહેવાડ થઈ ગયાં છે; તેમાં વળી આ ભાઈસાહેબજી હવે અંગરેજી ભણ્યા એટલે બાકી શી રહી? ધુડ નાખી આપણે શું? એમને પાલવે તે કરે.

ખૂળી—અરે એમ શું છે? શું એનો બધો જન્મારો બગાડવો છે? નથી મારે તો બીજાં સાત પાંચ કે એ નહિ પરણે તો એ ચાલશે. એ ના પરણે તો ન-મારી આંખ મીંચાઈ એટલે થઈ રહ્યું. વારૂ ઠીક છે, આજ આવવા દો ગુણીઆને; એની પાસેજ કહેવરાવું. બાકી તે વિના એ માનનારો નથી. જુઓને ગુણીઓ જેમ કહે છે તેમ એ કરે છે. માટે હવે એમ કર્યા વગર છૂટકો નથી. (ગુણવંતરાયને આવતો દેખીને) લ્યો, એ પણ વખતે આવી પહોચ્યો, ઠીક થયું. (ગુણવંતરાયને) આવો ભાઈ બેસો.

ગુણ—કેમ બા? આજ તો કાંઈ મારા ઉપર ઘણીજ કૃપા હોય એમ જણાય છે ને શું.

ખૂળી—હા ભાઈ. આજ તો તમારોજ ખપ પડ્યો છે.

ગુણ—એવું શું છે બા? મારાથી બને તેવું હોય તો સુખેથી ફરમાવો. હું કાંઈ તમારી આજ્ઞાથી દૂર નથી. (બેસે છે).

ખૂળી—જુઓ ભાઈ, આજ તમારા દોસ્તદારને મેં સહજ પરણવાની વાત કહી તેમાં તો ભાઈ રાતા પીળા થઈ ગયા, ને મોટી મોટી ગનાનની વાતો કરવા લાગ્યા. વળી કાંક તમારી અંગરેજીમાં બોલ્યા. કહો ભાઈ આટલી બધી ઊમર થઈ તો પછી પરણ્યા વિના ચાલે? શું એજ હમજતા હશે ને બીજાં બધાં બે-

વટુક હશે કે શું! એતો બાઈઓને તે વખત હું શરમ રાખીને ન બોલી, બાકી જોવા જેવું કરત. પણ જુઓ, હવે તમે એને બે વાતો સમજાવીને કહો. એનું તો ભાન હવણાનું ફરી ગયું છે.

ગુણ—ઠીક છે બા. પણ એમના લગ્ન સંબંધી વાતથી હું બિલકુલ વાકિફ નથી એટલે કાંઇ બોલી શકતો નથી. એમનું એકે વખત લગ્ન થયું છે કે નહિ?

ધૂળી—અરે ભાઇ શી વાત કહું. બાયડી તો એવી ખાસી આવળના ફૂલ જેવી રૂપાળી અને ડાહી હતી કે કાંઇ બાકીજ નહિ, પણ અમારે કર્મે છાજી નહિ એટલે શું કહેવું! પરમેશ્વરે સારો દહાડો પણ દેખાડ્યો હતો.

ગુણ—ત્યારે એ અવસરમાંજ ગત થયાં કે શું?

ધૂળી—ના ભાઇ ના. અમારા મોટાભાઇ જાત્રા કરવા સજોડે ગયા હતા, તે કોણ જાણે કિયાએ દેવ તે અમને તો ખબર નથી પણ કહેછે કે એ જગ્યા બહુજ વિકટ છે; ત્યાં ગયો હતો ને રસ્તામાંજ વહુ પાણીમાં બૂડીને મરી ગઇ. (આંખમાં આંસુ ભરાઇ આવે છે). શું કરીએ ભાઇ, અમારા નસીબનો વાંક. કોઇને દોષ દેવાનો નથી.

ગુણ—હેં હેં હેં!! ત્યારે શું તમે એમને એકલાંજ મોકલ્યાં હતાં કે શું? બંને છોકરવાદી બાવું ને તેમાં વળી આધેનો મામલો એટલે મોકલાયજ કેમ?

ધૂળી—અરે ભાઇ, આગળની વાત શું કહું એ વખતનો એ બાપસાહેબનો છંદ ને તોર જૂદોજ હતો. કહેવત છે કની કે "સોબત તેવી અસર", તે વખતમાં સોબત બહુજ નઠારી હતી એટલે ઘણો કુછંદી હતો. આતો હવણાં તમે મળ્યા છો ત્યારથી. વળી એ

વાત હવે ફરીને શું કરવી છે? પણ હવે તો તમે એને સારી પેઠે એ વાતો સમજાવો કે આડાઈ ન કરે. જુઓ વિવાહનો જોગ તો અમે બે ત્રણ ઠેકાણે કરી મૂક્યો છે. એની હા થઈ કે જરાએ વાર નથી.

ગુણ—વારુ ઠીક છે. (મોકુભાઈની મેડી તરફ જવા માંડે છે).

બૂળી—પાછા જતી વખત મારી પાસે થઈને જજો હો.

ગુણ—વારુ વારુ. (જાય છે.)

પ્રવેશ ૭ મો.

મોકુભાઈ—ગુણવંતરાય—બૂલાભાઈ—બૂળીવહુ—

તીસમારખાં તથા ભૂખણીઓ.

સ્થળ—મોકુભાઈની મેડી ને પઈથી વચલો ભાગ.

મોકુ—(ગુણવંતરાય આવે છે તેને) આવો ભાઈ, શી ખબર છે?

ગુણ—સારી છે. (મોકુના સામું જોઈને) કેમ ભાઈ આજ ચહેરો કરમાએલો જણાય છે? તબીયત તો સારી છે કની?

મોકુ—હા, તબીયત તો ઠીક છે, પણ એ તો જરા કોઈ દહાડો સુસ્તી જેવું આવે ત્યારે એમ થાય.

ગુણ—તેની તો કાંઈ ફિકર નહિ; તબીયત સારી હોય એટલે બસ છે. પણ ભાઈ, ચહેરા ઉપરથી મને આપની તબીયત જરા નાદુરસ્ત લાગે છે.

મોકુ—હા, જરા એમ છે ખરું. કોણ જાણે આજ રાત્રે અચાનક શુંએ થઈ આવ્યું કે આખી રાતભર આ-

ઊંઘ ન મળી તેથી જરા મગજ ભારે થયુંછે; તેમાં વળી આજ માણને કાંઈ જૂની તરેહનો પવન ભરાઈ આવ્યો છે એટલે સાધારણ બે વાતો બોલવી પણ પડી.

ગુણ—હા ભાઈ, એતો મેં જાણ્યું. હમણાં આવતાં આવતાં મને પણ ઊમિયા સખી પાસે એ સંબંધી કાંઈ કહ્યું ખરૂં, પરંતુ તેમના કહેવા ઉપરથી મારા મનનું સારી રીતે સમાધાન થયું નથી, માટે આપને પૂછુંછું કે આપના લગ્ન વિષે શી રીતે થએલું છે? આપનું પ્રથમ લગ્ન થયું હતું તે વાત તો આજજ મારા જાણવામાં આવી. પણ તેના લગની બાબે ઘણી લાંબી હકીકત કહી તેમાં કાંઈ સમજણ પડી નથી માટે જો કાંઈ હરકત નહિ હોય તો કહેશો.

માધુ—(ઊતરી ગએલે મ્હોએ નીચું ઘાલેછે).

ગુણ—ભાઈ, આટલો સ્નેહ થયે મારાથી શરમાઓછો એ ઠીક નથી. ખરી મિત્રતા તો એ છે કે એક બીજાના અંતરની વાત પરસ્પર કહેવી જોઈએ. જુઓને શાસ્ત્રનું પણ વચન છે કે

ददाति प्रति गृह्णाति, गुह्यमाख्याति पृच्छति।
भुंक्तेभोजयते चैव षड्विधं प्रीति लक्षणं ॥

અર્થ—પોતાના મિત્રને કાંઈ પદાર્થ જોઈએ ને તે આપણી પાસે હોય તો આપવો તથા તેની પાસે હોય ને આપણે જોઈએ તો લેવો. છાની વાત એક બીજાને કહેવી અને સાંભળવી. તેને ઘેર જમવું ને પોતાને ઘેર જમાડવો. એ છ પ્રીતિનાં લક્ષણ છે; માટે મારાથી શરમ રાખવી ન જોઈએ. ને

એવી શું શરમ ભરેલી વાત છે કે આટલા બધા આચકા ખાઓ છો!

સાધુ—ગુણવંતભાઇ, શું કહું, વાત કરતાં મારી જીભ ઊપડતી નથી; હું કેવળ નિર્ભાગી જીવ છું. મારે હાથે ઘણાં દુષ્ટ કર્મો થએલાંછે. શિવ, શિવ, શિવ! (અંતઃકરણ ભરાઇ આવેછે તેથી આગળ બોલાતું નથી.)

ગુણ—ભાઇ હિમ્મત પકડો. એમ શું કરોછો! જો આવીજ મોટી દુઃખદાયક બિના છે તો પછી હું આપને આટલા બધા દિલગીર થએલા જોઇને પૂછતો નથી; પણ મને એમ લાગેછે કે કાંઇ વિપરીત કામ થએલુંછે.

સાધુ—(જરા સાવધ થઇને) ભાઇ વિપરીત શું, કાંઇ કહેવાનીજ વાત નથી. જે કામ એકાદ કોઇ દુષ્ટ પણ ન કરે તે મેં કર્યું છે. દુષ્ટોની સોબતથી હું બહુજ ખરાબ થયો, તે એટલે સુધી કે મારી જીંદગી બધી મેં બરબાદ કરી નાંખી છે. આપનાથી હું શું અંતરાય રાખું? તમારા સિવાય હવે મારે અંતરની વાત કરવાનું બીજું કોઇ ઠેકાણું છેજ નહિ; પણ ભાઇ, કહેતાં મને ઘણીજ શરમ આવે છે તોપણ આટલો બધો આપનો આગ્રહ છે તો કહું છું સાંભળો. તમો આ તરફ પધાર્યા ત્યાં સુધી આ શહેરમાં વિદ્યાનો ફેલાવો કેવો હતો તેતો આપના દીઠામાં આવ્યુંજ હશે, તો પછી અમારા નાનપણના વખતમાં તો વિદ્યાની કેવી હાલત હશે તે સહજ વિચારથી જાણવામાં આવશે. માત્ર ગામઠી નિશાળમાં આંક તથા થોડા ઘણા હિસાબ તથા સાધારણ રીતે નામ ઠામ લખતાં આવડ્યું એટલે પૂરો ભણ્યો કહેવાતો તે પ્રમાણે મેં નાન-

પણુમાં અભ્યાસ કર્યો; તેમાં વળી અમારા ઘરની વાત તો જુદીજ છે. બાપજીનો સ્વભાવ તરેહવાર ને તે સાથે તેમને ફરજંદમાં હું એકલોજ એટલે લાડ પાલમાં મરજી પ્રમાણે ચાલવા દેતાં કોઇ કામમાં આડો હાથ બતાવ્યો નહિ તેથી દિવસે દિવસે કુમાર્ગે ચઢતાં તેમાંથી સોબતો પણ એવી નઠારી થવા લાગી કે આ ઠેકાણે તેનું વર્ણન કરતાં મારી જીભ ઉપડતી નથી. આ વખતમાં પૈસા વાળાની દોસ્તી ઘણા લોકો ચાહીને કરેછે, પણ ફક્ત પૈસાનેજ લીધે જે લોક દોસ્તી કરવા આવેછે તે લોકો ઘણું કરીને મતલબીઆ તથા દુરાચરણી હોયછે એવો સાધારણ નિયમ છે. ભાઇ, આ વાત જો પ્રથમથી સમજવામાં આવી હોત તો આટલે દરજ્જે મારી ખરાબી થાત નહિ. પ્રથમ જે અકુકડચંદ તથા ફકુકડચંદ સાથે આપનું મારી પાસે આવવું થયું તેઓની સાથે શરૂઆતમાં દોસ્તી થઇ. ને એ લોકોની દુરાચરણી ચાલની સાથે હું એટલો બધો મળી ગયો કે પૈસો એ શું ચીજ છે ને તેને કેવી રીત વાપરવો તે કાંઇ સમજવામાંજ આવ્યું નહિ; તેથી સેલ સપાટા તથા જુગાર વગેરે કુમાર્ગમાં ઘણોજ પૈસો વાપરી નાંખી એ લોકનાં પેટ ભર્યાં. માબાપે તો બોલવાનો નિયમ લીધેલો, તેમ છતાં કદાપિ બોલે તો હું પેલા લોકોની સોબતમાં એટલે સુધી ખરાબ રસ્તે ચઢેલો કે માબાપનું બોલવું જબરાઇથી એક બાજુ ઉપર રાખી મનનું ધાર્યું કરતો. અરરરર! ભાઇ શું કહું? આટલેથી પણ બસ થયું હોત તો ઘણું હતું, પણ એટલેથી પત્યું નહિ. અને ખરૂં છે કે—

દોહા.

પથ્થર બાંધી છાતિપર, સાગર કેમ તરાય,
કરી પાન વિષનું ખરૂં, કયમ કરિ અમર થવાય? ૧
સર્પ મુખે કર ઘાલતાં, ડસે નહી કયમ હાથ,
સદ્‌ગુણ ક્યાંથી આવશે, મૂર્ખ મિત્રની સાથ? ૨

ઉમર વધતી ગઇ તે સાથે કુકર્મ પણ વધતાં ગયાં. વાત કરતાં લાજ આવેછે પણ આજ મારૂં મન ઉભરાઈ આવ્યું છે માટે કહું છું કે આખરે એ દુષ્ટોની સોબતથી એક નાટકશાળાની સાથે પ્રીતિ થતાં છંદમાં પડયો, ને તેમાં તો જે ખરાબી થઇ તે કહી શકાતીજ નથી. તેને ઘણોક પૈસો ખવરાવી દીધો અને તે એટલે સુધી કે પછી તો ઘરમાંથી દગીના વગેરેની ચોરીઓ કરતાં પણ બીહીન્યો નહિ, તેમજ ફજેતીને એક બાજુ ઉપર રાખીને નિર્લજ્જતાનો દુપટ્ટો શરીરે ઓઢી લીધો. પછી તો શું કહેવાનું છે?

ગુણ—રામ રામ રામ!! ભાઇ, આગાનું તો હું કાંઇ પણ જાણતો નહતો હો.

મોકુ—અરે ગુણવંતભાઇ શું કહું! હજુ તો મારી કમનસીબીનો અર્ધો ભાગ પણ મેં કહ્યો નથી. આટલુંજ થઇને પતી ગયું હોત તો આજે હું આટલો પસ્તાવો કરત નહિ, પરંતુ જે વાતને વાસ્તે આપ મને એક બે વખત પૂછી ચૂક્યા તેનો કમકમી ઉપજાવે એવો હેવાલ હજુ હવે આવેછે. અમદાવાદના એક કુળવાન અને સદાચરણી ગૃહસ્થને ઘેર તેની પુત્રી સાથે માજીની મરજી ઉપરાંત પિતાજીએ લગ્ન કરાવ્યું; તે વાતને આજે આઠ નવ વર્ષ થવા આવ્યાં. આહાહા!! શું એ સ્ત્રીની સુઘડતા અને ડહાપણ!

તેમ રૂપમાં કાંઇ ન્યૂનતા ન હતી. મારે મ્હોડે વખાણુ કરૂં તો ખોટું દેખાય પણ ઇશ્વર સાક્ષી છે ને ખરેખરૂં કહુંછું કે પુનરપિ આ ભવમાં મને એવું રત્ન મળનાર નથી. ફકત સ્વરૂપ તથા ચાતુરીમાં હતી એટલુંજ નહિ પણ તેની સાથે વિદ્યામાં પણ પરિપૂર્ણ હતી. વળી એનું શિયળપણું તો દૃષ્ટાંતોમાં મૂકવા લાયક હું ગણુંછું, કેમકે એ જ્યારથી મારી પાસે આવી ત્યારથી એની સાથે જે રસ્તે હું ચાલેલો છું તે રસ્તે જો કોઇ બીજી સ્ત્રી સાથે થયેલા સંબંધમાં આવ્યો હોઉં તો મુકરર તે કોઇ બીજા પ્રકારને રસ્તે ચડે એમાં કાંઇજ શક નથી. (નીસાસો મૂકીને) હર! હર! હર! આજે તે હોત તો હું કેવો સુખી થાત ને વળી તમે પણ કેવા પ્રસન્ન થાત! પણ અરે! હું રાંકને હાથે એ રત્ન છાજ્યું નહિ. (આંખમાં આંસુ ભરાઇ આવેછે.)

ગુણ—ભાઇ એમ ન કરવું. હવે તો જ્યારે કહેવા માંડયું ત્યારે સવિસ્તર હકીકત કહેવી જોઇએ. એમ કાચું દિલ કરવું નહિ. તમે કહ્યું તે ખરૂં છે. સારા કુળની સદ્ગુણી અને વિદ્વાન સ્ત્રી હોય છે તે ગમે તે થાય તોપણ પોતાનો ધર્મ છોડતી નથી.

દોહા.

ભક્ષે સર્પ સુપર્ણને[1], વિધુ[2] ઝરે અગ્નિ નૂર
મરયક[3] પાડે મેરને, પશ્ચિમ ઊગે સૂર[4]. ૧
ધન બિંદુ રજકણ તણું, કરે કદાપી માપ
પતંગ નાચે દીપમાં, ધર્મ કરેથી પાપ. ૨
દૈવ યોગ થાએ કદી, સરવે અઘટીત કર્મ
કો કાળે મૂકે નહી, શીયળ[5] વતી નિજ ધર્મ. ૩

---

૧ ગરૂડને—૨ ચંદ્ર—૩ ઊંદર—૪ સૂર્ય—૫ પોતાના પતિવ્રતપણાનો ધર્મ સાચવનાર સ્ત્રી.

એક્ક—પ્રિય ગુણવંતભાઇ, આટલે સુધી તો મેં આપને જાણીતા કર્યા, હવે આગળ પણ કહું છું તે સાંભળો. આવી અમૂલ્ય સ્ત્રી છતાં અમો બેઉ લાયક વયનાં થયાં તોપણ પેલા દુષ્ટોની સોબતથી તેને પૂછેજ કોણ? ખેર. એમ કરતાં કરતાં દુનિયાદારીના રીવાજ પ્રમાણે માતા પિતાએ તેને અહીં તેડાવી પણ એના એજ દુરાચરણીઓની શીખવણીથી તેની સાથે કોઇ દિવસ નિરાંતે બેશીને સાફ દિલથી વાત સુધાં કરી નથી. આહા! એટલું છતાં પણ તેણે મારી મરજી તૂટી નથી, તેમ આ સંબંધી વાત પોતાને મ્હોડેથી બહાર પડવા દીધી નથી. એમ કરતાં કરતાં મારી કમબખ્તિનો છેકજ આખરનો વખત આવી પહોંચ્યો ને દુર્દશાએ મને ચારે તરફથી ઘેરી લેઈ છેક આંધળો કરી નાખ્યો. જે વખતમાં એ સ્ત્રીને ગર્ભ પ્રાપ્તિનો શુભ અવસર આવ્યો તે વખત પેલી દુષ્ટ રંડાથી તે સહન થઇ શક્યું નહિ ને હવે આપણું માન ઘટશે એમ જાણી મને કેવળ ભમાવી નાંખ્યાથી સ્ત્રી સહવર્તમાન અમો સર્વે માનતા બદલ યાત્રા કરવાને મિથ્યા બહાને અહિંથી નીકળ્યા. માજીએ તથા પિતાજીએ ઘણી ના કહી પણ મેં માન્યું નહિ ને તેમની ઉપરાંત થઇને ગયો. યાત્રાનું તો માત્ર નિમિત્ત હતું તેથી એક મોટી ભયંકર અને વિકટ પહાડી જગાએ ગયા. તે જગાનું શું નામ તે તો ખબર નથી પણ હાલ અનુમાનથી કહી શકું છું કે તે અમરકંટ બાજુના પહાડને લગતી જગા હશે. આ જગાએ જઇને મેં અઘોર કૃત્ય કર્યું તે કહેતા કમકમી ઉપજે છે.

ગુણ—હેં હેં હેં !! શું એને મારી નાંખી કે શું ?

મોકુ—અરે ભાઇ હાથે તો નથી મારી પણ તે માર્યા જેવુંજ કર્યુંછે. રાત્રે એ સ્ત્રીને નિદ્રા કરાવીને બેશુદ્ધ કરી નાંખીને અડધી રાત્રના સુમારે બળદ ઉપર લાદીને જે જગોએ મુકામ કર્યો હતો ત્યાંથી આઘે એટલે જ્યાં ખરેખરી વિકટ જગ્યા હતી ત્યાં મુકી દેઇને આવતા રહ્યા. પછી તેનું શું થયું તે ખબર નથી. પણ અરેરે ! તે તો મરીજ ગઇ હશે તો (ગળગળીત થઇ જઇને) હાય હાય ! ગુણવંતભાઇ એ સકુમાર સ્ત્રીની ત્યાં શી વલે થઇ હશે? અરે ! તેનો પ્રાણ જતાં તેને કેવું થયું હશે? (છૂટે મ્હોડે હળવે હળવે રૂએછે.)

ગુણ—શિવ શિવ! શિવ ! શો અકરા કેર ! પ્રભુ ! પ્રભુ! મનુષ્ય જાત કેવાં દુષ્ટ કર્મો કરે છે! અહોહોહો !! કુસંગથી માણસો કેવાં ન કરવાનાં કામો કરે છે ને પાછળથી તેની કેવી માઠી વલે થાય છે, તેનો આ એક પ્રત્યક્ષ દાખલો છે. (મોકુભાઇને) હશે ભાઇ, જે થયું તે થયું. હવે તેનો શોક કરવો વ્યર્થ છે. પણ ભાઇ, પછી તમને ઘર આગળ પૂછયું હશે ત્યારે તમે શો જવાબ ગોઠવ્યો હતો?

મોકુ—તે પણ પેલી રાંડના કહ્યા પ્રમાણેજ ગોઠવ્યું હતું. રસ્તામાં મનોદિઆની વખતે નદીમાં નહાતાં ડૂબી ગઇ ને તે પ્રમાણે મારે સાસરે આગળ પણ લખી વાળ્યો. આ પ્રમાણે મારે માથે ગુજરેલી છે. પ્રથમ પણ આપે મને પૂછયું હતું પણ શું મ્હોં લેઇને આ હકીકત આપના આગળ કહી સંભળાવું? ભાઇ મેં તો હવે નક્કી કર્યું છે કે હવેનો બાકી રહેલો કાળ એ અઘોર પાપ કર્મના પશ્ચાત્તાપમાંજ કહાડવો.

ગુણ—(ઘણીવાર સૂધી વિચાર કરીને) ના ભાઈ, એમ છેક નાઉમેદ થઈ જવું એ તો મારી નજરમાં નથી આવતું. કોઈ વાતે પુરૂષે નાઉમેદ થઈને તથા હિમ્મત છોડીને બેશી રહેવું ન જોઈએ; એમ કરવાને મહાન પુરૂષોની પણ મના છે માટે કાંઈ પણ ઉદ્યોગ કરવો. ઈશ્વર કૃપાળુ છે અને તેની ગતિ અકળ છે તેથી કદાપિ તે તમારી અણસમજણથી થએલી કસૂર ઉપર નજર રાખીને હાલના તમારા થતા પશ્ચાત્તાપ ઉપર રહેમ કરે તો એ પણ બનવાને એને અશક્ય નથી; માટે મારી સલાહમાં એમ આવેછે કે જે જગોએ તમે એ સ્ત્રીને મૂકી હતી ત્યાં તથા એ તરફની ચારે બાજુએ ઘણે લાંબે સૂધી તેની ખોળ કરાવવી ને તેમાંથી કદાપિ ફતેહ પામીએ તો પામીએ. સર્વ શક્તિમાન ઈશ્વરે તેને બચાવવી ધારી હશે તો ગમે તેવું જંગલી જનાવરોથી ભરેલું વન હશે તોપણ તેનો વાંકો વાળ થયો નહિ હોય. માટે પ્રયત્ન તો કરવો ખરો.

બાકુ—અરે ગુણવંતભાઈ, રામરામ કરો; પ્રયત્ન કરવો વ્યર્થ છે. હવે એની આશા શાની?

ગુણ—તે ખરૂં. કામ તો એવુંજ છે; પણ એમાં તમને ઘણું મુશ્કેલ પડે તેવું શું છે? ઈશ્વર કૃપાથી પૈશાની તથા માણસની આપને અનુકૂળતા છે એટલે હરકત પડે તેવું નથી.

બાકુ—હા એ તો ખરૂં; પણ દુનિયાદારીના રીવાજ પ્રમાણે મારાથી કાંઈ આવી વાતમાં ખુલ્લું પડાય એવું છે? ને આ કામ તો માજીની તથા પિતાજીની મરજી સિવાય બનવું કઠણ છે.

ગુણ—તેની ફિકર નહિ. એ યુક્તિ હું કરૂંછું, ને આજજ

આપના પિતાજીને ગમે એ વાત ગોઠાઉંછું. પછી
કાંઈ?

મોહુ—ત્યારે તો જેમ તમારી નજરમાં આવે તેમ કરો.

ગુણ—ઠીક છે ત્યારે; હવે હું રજા લેઉંછું. વળી નીચે બા
બેઠાં હશે તો થોડીવાર તેમની પાસે બેઠી થવું પ-
ડશે?

મોહુ—હા ચાલો, હું પણ નીચે આવુંછું. (બેઉ જણા
નીચે આવેછે.)

ધૂળી—(ગુણવંતરાયને) કેમ ભાઈ આવ્યા કે શું? આવો
આવો, થોડીવાર તો બેસો. તમે પણ શું મારા
ભાઈ આ બાબત મને કાંઈ શીખામણ દેતા નથી.

ગુણ—અરે બા, હું તે ભાઈને શી શીખામણ દેઉં? એ
તો મારા કરતાં એ સમજણા છે. (બેસે છે.)

ધૂળી—કહો મેં કહ્યું તેનું શું કર્યું? ખરેખરો જવાબ
દો કે મને રસ્તો સુઝે. આતો ઘણા ઝાઝા ભણું
ભણાયા એ બાળી વાત થઈ છે. જેમ જેમ વ-
ધારે ભણ્યા તેમ તેમ પોતાના મનનું ધાર્યું કરવા
માંડયું. આ કરતાં તો મારે અગાડી હતો તે સા-
રો હતો. જુઓ ભાઈ પરણવાની કોઈ ના કહેતું
હશે?

ગુણ—ના ના બા, ના શામાટે કહે? પણ મારો વિ-
ચાર કાંઈ જૂદો છે.

ધૂળી—ત્યારે જે કહેવાનું હોય તે કહી નાખો એટલે સૂ-
ઝ તો પડે. જેમ તમે કહેશો તેમ કરીશું. અમારે
તો જ્યાં ત્યાં કામ જોડે કામ છે.

ગુણ—જુઓ બા, માણેકલાલભાઈના લગ્ન સંબંધી તમે
બધી વાત કહી તે ઉપર મેં અત્યાર સૂધી એજ
વિચાર મારા મન સાથે કર્યાં કર્યાં છે, ને તે ઉપ-

થી મારી નજરમાં એમ આવેછે કે એક વખત
સારી પેઠે ભાભીની શોધ કરાવવી; કેમકે એ તો ન-
દીમાં ન્હાતાં ન્હાતાં બૂડી ગયેલાં છે તેથી આપ-
ણે ધારીએ છીએ કે મરી ગયાં પણ પરમેશ્વરની
ગહન ગતિની કોઇને ખબર છે! ભર દરિઆમાં ડૂ-
બેલાં માણસ જીવતાં નીકળે છે અને એવી હજારો
વાતો આપણે સાંભળીએ પણ છીએ.

શૂળી—હા હા એ તો ખરૂં. હમણાંજ એક બાયડી રેવાજી
ગઇ હતી તે અનસોયા માતા આગળ નદીમાં ડૂબી
હતી, ને છેક આણંદ આગળ શિખશાઇને આરે
જીવતી નીકળી હતી; તેનું તો કાંઇ પ્રમાણ નહિ.

ગુણ—ત્યારે જુઓ બા. કદાસને પ્રભુનેજ જીવતી રાખ-
વી હશે ને તે કોઇ ઠેકાણે જઇ નીકળી હશે ત્યારે?
માટે અરછી તરેહથી ખોળ તો કરાવવી; ને એમાં
તમારૂં શું જવાનું છે? પરમેશ્વરનાં આપ્યાં માણસ
કુમાણસ તો ઘરમાં પુષ્કળ છે. પછી જ્યારે આપણું
ધાર્યું નહિ થાય ત્યારે તો તમે કહોછો એ રસ્તો
છેજ તો.

શૂળી—(તપી જઇને) વાહ વાહરે ગુણવંત! બંને જણાંએ
આત્યાર લગી બેશીને પુછ્યું તો સારો શોધી કહા-
ડયો હો. તારામાં આટલાં ચરિત્રનું જાણતી નહો-
તી, બાકી બધુંએ ઠીક કરત. મને સુધાં પણ તું
ભેળાવવા માંડી છે? પણ ન હોય એતો બીજી હો.
છોકરાને ભરાવ તો ભર્યા પણ મારા મ્હો આગળ
એ ચાલવાનું નથી. એ તો તું મને શું સમજાવે છે
કે આમ કરીએ ને એમ કરીએ? વળી મુઆં ગ-
ડદાં તે પાછાં આવતાં હશે? તેને મરી ગયે આજ
કાલ કરતાં પાંચ છ વરસ થવા આવ્યાં, ને જુ-

આ હવે શીખવાની વાત લાવ્યો છે. ત્યારે શું તે વખતમાં એનું હેયું નહોતું? કોણે ના કહીતી જે? જુઓ મોટી મોટી વાતો લાવ્યો છે જે. પેલા અકુડીઆ ફકુડીઆ ગયા ને હવે ગુણવંતબાઈ પેદા થયા તે મને સમજાવવા આવ્યા છે.

ગુણ—(હસીને) બા, તમે જ્યારે આમ આકળાં થાઓ ત્યારે તો મારે બોલવાની કાંઈ જરૂર નથી, બાકી ધીમે રહીને સાંભળો તો કહેવું ફાવે.

ધૂળી—(જરા ધીમી પડીને) ત્યારે કહેની, હજુ પણ કાંઇ ગોઠવવું હોય તો ગોઠવ; પણ હું એમાંનું કાંઇ માનનાર નથી.

ગુણ—માનવું ન માનવું એ તમારા અખ્તિઆરની વાત છે, ને હું એમ ક્યારે કહુંછું કે તમે એમજ કરો. આ તો તમારી સલાહમાં આવે તો હું તો ફકત વિચાર કરવાની વાત કહુંછું; ને તે પણ કહું નહિ. પરંતુ કાલે તમારા ઘરના એક માણસથીજ મેં વાત સાંભળી કે એ વહુ બહુ ડાહી અને રૂપાળી તમારૂં ઘર શોભે તેવી હતી.

ધૂળી—ત્યારે શું હવે તો અમે એને માટે કદરૂપી ઉભી કહાડતાં હઇશું ખરૂં કની?

ગુણ—ના બા ના. મારે કહેવાની મતલબ એવી નથી. એક વાર તમે બધું સાંભળી લ્યો ને પછી જે કહેવાનું હોય તે સુખેથી કહેજો. જુઓ એકલા રૂપ ઉપરથીજ તમારૂં ઘર શોભે એમ મારે કહેવું નથી, પણ એ વહુ જેવી રૂપાળી હતી તેવીજ તેની સાથે ચતુર તથા ભણેલી હતી એવું મારા સાંભળવામાં આવ્યું છે; ત્યારે જો એમ હોય તો જરા વિચાર કરવા જેવું છે. આટલા દિવસ તો ગમે તેમ હતું

આ હાલમાં તમે ભણવા ઉપર બાઇનો લક્ષ તો જુઓ છો અને હવે એમની વિદ્યામાં કેટલી નિપુણતાઇ છે તે પણ જાણો છો ત્યારે એવા માણસની સોબતમાં એક વગર ભણેલું ઝાંખરૂં લાવીને વળગાડશો તે એમની નજરમાં કેમ આવશે? એ તો કદાપિ તમારી શરમથી નહિ બોલે પણ એમના મનમાં એમને કેવું લાગશે વારૂ? તેનો વિચાર તમેજ કરો. આપણામાં કહેવત પણ છે કે સૂતારનું મન બાવળીએ." સૂતારનું મન રાત દિવસ લાકડાં ફાડવા ઉપરજ હોય છે માટે સારાં ખોટાં લાકડાં જોતો ફરે છે; ને મજબુતી વગેરેના કામમાં બાવળનું લાકડું સરસ ગણાય છે માટે તેને વધારે પસંદ કરે છે. ને ઉપરથી એ કહેવત થઇ છે. તો હાલમાં આપણા બાઇનું મન તથા વળણ વિદ્યા ઉપર છે તેથી કોઇ વગર ભણેલી સ્ત્રી એમને મળશે તો એમનું મન કેમ માનશે? ખચિત નહિજ માને. એક પક્ષે વિચાર કરીએ છીએ તો વાત પણ ખરી માલુમ પડે છે, જે માણસ હમેશાં પાસે ને પાસે રહેનાર છે તેની સાથે આપણા મનને ગોઠતી વાત તો થઇ શકતી નથી ત્યારે તો પછી કેવળ વેઠ પકડીને આપ્યું હોય તેવુંજ ઠર્યું કની? તમારો મુખ્ય ધર્મ એ છે કે જે વાતથી બાઇનો આત્મા પ્રસન્ન રહે તે પ્રમાણે તમારે કરી આપવું જોઇએ. હાલમાં કદી તમારા કહ્યા પ્રમાણે બાઇ કરશે અને તેમાંથી કદાપિ એ સ્ત્રી સાથે મળતી રાસ ન આવી તો પછી જન્મારા સૂધી કોને વેઠવું પડશે? તમે તો પરણાવીને વેગળા રહેશો. માટે બા, જરા વિચાર કરો. એ તે કાંઇ ખુંતર ચીજ છે કે બદલી જવાશે?

જૂઠા—હા ભાઇ હા. ટાકે એમ કડો, અમાડી કયાં ના છે.

મૂળી—(આંખો ચઢાવીને) શું હા ભાઇ હા? તમારીએ અક્કલ બક્કલ ગઇ છે કે શું? એ જેમ કહેછે તેમ તમે પણ હાએ હા કરો છો.

જૂઠા—ટાકે શું કડાએ? હવે છોકડાં મોટાં ઠયાં એટલે આપડે વચ્ચે પડવાનું કામ નહિ. કાલે દુકાનમાં એક શાસ્ટડી આવ્યો હટો ટેણે કાંઇ સહજ વાટ ઉપડ અશ્લોક કહ્યો ટેમાં પન એવું આવ્યું હટું કે છોકરો પાંચ વડસનો ઠાય ટ્યાં સૂઢી લાડ લડાવવાં ને ટે પછી ડશ વડશ સૂઢી જડા કડાશને ટપલાં માડવી હોય ટો માડવી પન સોડ વડસનો ઠવા પછી ટો ટેને ડોસકાડ પડમાને ગનવો. એવું છે ટથા આપડે ટો હવે બલારાટ ભોલે છે. એમને પાલવે ટે કડે. હવે કાંઇ નહાનો છે? ને ટે કડનાં આપડું જાય છે શું? જયોને કાલે હવાડે માનસો મોકલીએ. જઇ આવશે પછી શું કડશો?

મૂળી—ત્યારે તો તમે જાણો ને એ જાણે. ફૂટો માથું. કોઇનું માને નહિ એ તે છોકરૂં શા કામનું? (મોકુ તરફ જઇને) કેમ છે? છેલ્લી વારે આવુંજ ભણ્યા કે? વારૂ કદાસને માણસો મોકલીશું ને તેમને નહિ મળે તો પછીએ પરણવું છે કે વૈરાગી થઇ જવું છે?

સુણુ—એમાં એમને તે શું પૂછો છો? હમણાં તો મેં કહ્યું એમ કરો ને; પછીની વાત પછી છે. અને એ આડાઇ કરશે તો હું છું કની.

મૂળી—હારૂં ત્યારે. (જૂઠાભાઇને) કેમ વારૂ કોને કોને મોકલીશું? વહુને વખતેથી હેમે તોપણ ઓળખી શકે

એવાં માણસો જોઇએ.

જુલા—બીજાં તે કોણ જવાડછે? આપડો જુખનીઓ ને ટીસમાડખાં બેજણ. બડનાએ બડા ને શઠ ડાકો પાસે રહેલા એટલે ઓડખે પન બધાં. એમાં કાંઇ બહુ માનસનો ખપ નઠી.

ખૂળી—હા ત્યારે બોલાવો, ને કાલે સવારથીજ જવાનું કહો તે વહેલા ઊઠીને નીકળી પડે. એમ જ્યારે કરવું ત્યારે ધરમના કામમાં ઢીલ શી?

જુલા—હા એટા ખડું. (હાક પાડેછે.) અલ્યા જુખનીઆ, અરે ટીસમાડખાં આમ આવો.

જુખ— } (આવીને) શો હુકમ?
તીસ — }

જુલા—હુકમ એ કે કાલે હવાડરે ટમે બન્ને જણા નીકડી પડો અને ડશે ડેશ આપડા મોકુની વહુની સોઢ કરો. જો મડે ટો ટેડી લાવજો નીકર પાછા આવજો.

જુખ—અરે રૂપાબ, એટો નદીમાં હમાઇ જ્યા સે ને.

ગુણ—અરે આમ આવો. હું તમને સમજણ પાડું. તમારે બધે રખડવાનું કામ નથી. જે ઠેકાણે એ બૂડી ગયાં તે ઠેકાણું તો તમે દીઠું છે કે નહિ?

જુખ—હા. એ તો અમે દીઠું સે; પણ ત્યાં કણે રયમ જવાય જો? એ તો એવું વકટ સે કની કે ચીચાક મારીજ નાખે.

ગુણ—હા. એ તો હવે; પણ કેમ કરીએ? જરૂર પડે ત્યારે કરવુંએ પડે. કદાપિ ભાભી તણાઇ જઇને પ્રભુની કૃપાથી કોઇ ઠેકાણે જીવતાં નીકળ્યાં હોય તો કેમ?

જુખ—પરમેશ્વરને કરવું હોય તાણે તો શી વાર છે? લાવો ને ભાઇ ભાભી જીવતાં હોય ને મરે (મળે) તો

હવડાં જઇએ. ધૂળ નાંખી એમને મારી નાંખશે તો, પણ એવું બધરૂં બનારસે ભલાં ભલાં ! હીરાબાલી તે હીરોજ હતાં. મણી જેવું બેરૂં. મણી,ભાઇ મણી.

ગુણ—ત્યારે જુઓ ભાઇ એમ કરજો. તમે બંનેજણા એક ઠેકાણા સુધી જાઓ ને ત્યાંથી પછી જુદાર બાંધીને બેઉ બાજુ નીકળી પડજો ને ઘણું કરીને જંગલોમાં તથા પહાડોમાં કોઇ સાધુ સંતોનાં ટોળાં અથવા તેવી કોઇ દેવસ્થાનની જગાઓ હોય ત્યાં તપાસ વિશેષ કરજો. રસ્તામાં જે શહેરો તથા ગામડાંએ આવે ત્યાં પણ ધર્મશાળાઓમાં તથા વસ્તીમાં તપાસ કરતા જજો પણ કંટાળી જઇને તુર્ત પાછા આવતા ન રહેશો. તમારાથી જવાય ત્યાં સુધી બધે સે કોશી કરતા ચક્કર મારજો ખરા. પ્રભુ કરશે તો ત— મારી મહેનત બર આવશે.

જુગ—જો ઇંગ થાય તો તમારા મુંડામાં હાકર ભાઇ.

સુણી—(ગળ ગળી થઇ જઇને) અરેરે! એવી વહુ તે ક્યાં મળવાની છે? હે નર હરીલાલ બાપજી મારી વહુને જો તું ફરી મળવે તો હું સવા મણ ઘીનો દીવો ચડાવીશ.

ગુણ—(મનમાં) વહેમી માણસો બાધા રાખે છે તે વિષે તમને સમજણ પાડવી જોઇએ પણ આ વખત નથી જે કામ કરવું છે તે કરી લઇએ. (જુલાભાઇને) ત્યારે આ લોકોને વાટ ખરચી સારુ જે આપવાનું હોય તે આપો.

જુલા— વારું આસરે કેટલા કેટલા રૂપિઆ આપું.?

ગુણ—લંબાણનું કામ છે એટલે ઓછ.માં ઓછા પચાસ પચાસ તો આપવાજ જોઇએ તો.

જુલા—ઠીક છે લો. (રૂપિઆ સો લાવીને બંને જણ-

ને) હવે આ તમારૂં રસ્તાનાં ખડચી: પણ જો એકઘડી મહેનત કરીને વહુને શોધી લાવશો તો હું તમને રાજી કરીશ.

તીસ—અરે સાહેબ, સબકા માલિક ખુદા હૈ. અબ દેખો ક્યા હોતા હૈ? આજ એકદમ એહી મનસુખા ઊઠ આયા ઓર સબકે મુંહસેં એહી બાત નીકળતીહૈ તો મેં જાનતા હું કે સબ બાતમેં ખુદા અચ્છાઈ કરેગા. ફીરતો ઉસકી મરજી.

ભૂલા—ઠીક તમે કાલે સવારમાં ઊઠો તેવા પૂછવા વાટ ન જોતાં હીંડવા માંડજો હો.

ભૂખ }
તીસ } ઠીક, ઠીક. (બંને જણ જાયછે.)

સુખ—હું રજા લઉં છું. બપોર થવા આવ્યા તેથી ઘેર વાટ જોતાં હશે.

ભૂલા—હા ભાઈ જાઓ, આ ટમાડા કેવા પડમાને કડવું તો છે, એમાંથી કાંઈ હાય તો બદો થાભા ટમને છે.

સુખ—ઈશ્વરની ખરા અંતઃકરણથી પ્રાર્થના કરો તે સર્વનું સારૂંજ કરે છે (જાય છે).

(બીજે રોજ સવારમાં ભૂખણીઓ તથા તીસમારખાં નીકળી પડે છે ને કેટલેક દહાડે હીરાલક્ષ્મી જે ઠેકાણે ભૂલી ગયાનું ઠરાવ્યું હતું તે ઠેકાણે જઈ પહોંચે છે.)

તીસ—(ભૂખણીઆને) બોલ ભાઈ તું કીધર જાતા હૈ?

ભૂખ—આ આણી પાને ઝાડીને રસ્તે તો મીઆં તમે જાઓ. હું તો જઈશ આ રસ્તે; સીધા રસ્તાનાં શહેર ગામડાં હું જોઈશ ને ડુંગર ઝાડીમાં જ્યાં જ્યાં ગોસાઈનાં ટોળાં પડ્યાં હોય ત્યાં તમે તપાસ કરો. વકટ રસ્તે આમારૂં કામ નહિ. એ તો તમારા જેવા

નીઆભાઇનુંજ કામ.

નીમ—તું ભી ખૂબ પક્કા હૈ. ભલા ઠીક હૈ. હમતો જ-નમે લેકીન તેરકું કુછ ઇનામ મીલેગા તો ઉસમેંસે હમકુ ભાગ દેગા ?

—એ તો જેમ થવું હશે તેમજ થશે, તો જોયું જોનું કરમ.

નીરુ—અચ્છા, અચ્છા. હમ કુછ તેરે જૈસે ડરનેવાલે ન-હિ. એતો જીસકા કામ જો કરે. (બન્ને જણા બે રસ્તે જુદા પડે છે.)

પ્રવેશ ૮ મો.

હીરલક્ષ્મી—દીનોદ્ધારસ્વામી—અને વિદૂષક.

સ્થળ—આમરકંટ મહાદેવ.

હીરા—(દીનોદ્ધાર સ્વામીને) મહારાજ, હવે તો હું બહુ ગભરાઉં છું આ દુઃખ ક્યાં સુધી વેઠીશ? ભગુએમાને આજ કાલ કરતાં પાંચ વર્ષ પૂરાં થવા છઠું ચાલવા માંડ્યું પણ સ્વામી તરફનો કાંઇજ સમાચાર મ-ળ્યા નહિ. અરેરે! મારે આવું તે હજુ ક્યાં સુ-ધી રહેવું?

દીનો—બેટા, ગભરાના નહિ. પરબ્રહ્મ પરમાત્મા તેરા ભલા કરેગા.

सत्येन धार्यते पृथ्वी, सत्येन तपते रविः।
सत्येन वाति वायुश्च, सर्वं सत्यं प्रातिष्ठितं॥

સત્યસે પૃથ્વીકા ધારન હૈ જીસસે સ્થિતિ હોતી હૈ. સૂર્યકા પ્રકાશ ભી સત્યસે હૈ, પવન એભી સત્ય-

સંચલતા હૈ ઔર સબ જગત ભી સત્યસેહીચલતા હૈ વાસ્તે સબકા ધારન સત્ય હૈ. જીસ વખ્ત સત્ય જાયગા ઊસ વખ્ત પ્રલય હોયગા. વાસ્તે સત્યકું છોડના નહિ. ધર્મ હૈ ઓભી સત્યકા સાથી હૈ, સો ધર્મકું ભી છોડના નહિ. ક્યોંકે.

चला लक्ष्मी श्चला: प्राणा श्चले जीवित मंदिरे।
चला चलेच संसारे, धर्म एकोहि निश्चल:

ઈસ જન્મ મરણ રૂપ સંસારકે બીચ લક્ષ્મી, આયુષ્ય. ઘર. એ સર્વ થોડે કાલકે રહને વાલે હૈં; ફક્ત હમેશકા રહેને વાલા ધર્મ હૈ. ઊસ વાસ્તે ધર્મકા સંગ્રહ કરના.

હીરા—મહારાજ. એ તો ખરૂં પણ હું જાણુંછું કે મારા જેટલું દુઃખ કોઈને પણ નહિ હોય. હું સત્ય ધર્મથી ચાલુંછું તોપણ મને દુઃખ કેમ પડે છે? હવે હું શું કરૂં?

વિદૂ—(એચિંતા આવીને) હીરાચંદની બાપ. હું કહું તેમ કરો તો હમણાં શાંતિ વળે.

હીરા—ત્યારે કહેની બાપ.

વિદૂ—જુઓ ધોળું પહેરીને ગોપીચંદનનું ટીલુંકરો; એટલે જખ મારે છે બધું જગત.

દીનો—(જરા આંખ ફેરવીને) ભલે આદમી. એસા ક્યા બોલતા હૈ? ઈસ કામમેં તુમારે બોલનેકા કુછ જરૂર નહિ.

વિદૂ—તો ક્યા મહારાજ, મેરા તો સીર ચઢા. આપને એ કરમકૂટ કહાંસે નીકાલી હૈ? કુછ ભગવતકે નામકી બાતેં કરો. એસી બાત કરનેમેં તો બાત દોષ હૈ.

દીનો—(જરા કડક નજરથી જોઈને) ક્યા એસી બાત કરનેમેં દોષ હે? ક્યા પ્રમાનસેં તું કહેતા હે?

વિદુ—ક્યા? હમ કુછ શાસ્ત્ર નહિ પઢે કે ક્યા? દેખો એતકી શ્રુતિકા બચન સુનાતા હું.

गडगडं गोपालंच, भूपालं भूप वल्लभं

वाते वाटे नवक्तव्यं, नरकं पतंति मानवाः

દેખો મહારાજ ક્યા સપાટા બતાયા હે?

દીનો—(એકદમ હસી જઈને) વાહ ભાઈ વાહ! તુંનેતો ખૂબ એકી શ્રુતિ નીકાલી. ભલા ઈસકા અર્થ તો કર બતાવ.

વિદુ—હાજી, સુનીએ. गडगडं गोपालंच, ગોપાલ નામ જયો. શ્રીકૃષ્ણ ભગવાન, ઉસકા નામ ગડ ગડ ગડ ગડ પઢે જાવ; ઔર ગોપાલ કૈસા હે જો નામ જયો પૃથ્વી, ઉસકે પાલને વાલા ઔર બડે બડે રાજા લોકકું બી બોત પ્યારા હે. ઉસકા નામ, वाते वाटे न वक्तव्यं બાત કરતેમેં ઔર રસ્તેમેં ચાલતે ચલતે ભી કોઈ નહિ જપેગા તો नरकं पतंति मानवा ઓ આદમી નર્કમેં પડેગા.

દીનો—(ખડખડાટ હસીને) શાબાશ. ભાઈ તુંને તો ખૂબ ઝડ મીલાઈ ઔર અર્થ ભી ખૂબ બતાયા ભલા એસી બિદ્યા તું કાંહાસેં શીખ આયા?

વિદુ—મેરે ગુરૂકે પાસસેં. ઊનુંને સીખાઈ ઔર મેં સીખા.

દીનો—એ તેરે ગુરૂ કાંહાં રેહેતે હે? ઔર ઉનકા ક્યાં નાવહે?

વિદુ—નામતો નહિ બતાયા લેકિન આપકે ગુરૂ ઔર હ-

મારે ગુરૂ એકહી જગે રહેતે થે.

દીનો—હેં હે! એ કયાં હમારે ગુરૂ તો કાસીમેં રહતે થે.

વિદૂ—હા. બરોબર મીલા. આપકે ગુરૂ કાસીમેં રહતે થે ઓર હમારે ગુરૂ કાસી નાટકશાળાકે બીલી રહતે થે; દેખો મીલ ગયા ખરા? તુમારી બી કાસી ને હમારી બી કાસી; દોનું એક જગે કે નિવાસી.

દીનો—તબતો કયા કહેના? તુમતો બડે સંત હો, ભલા અબી તુમારે ગુરૂજી કાંહાં હે?

વિદૂ—જહાનમમે.

દીનો—અરે બાબા ગુરૂકું એસા કયા બોલતા હે? મેરે પૂછનેકા મતલબ એ હે કે અબી તક તુમારે ગુરૂજી સુખ રૂપ આરોગ્ય હે કે કેસા?

વિદૂ—ઉનકી ગાદીપર મેરેકું બિઠાયા તો એ આરોગ્ય કાંહાસે હોયગે?

દીનો—કયા સ્વધામ પધારે?

વિદૂ—એ તો કયા માલૂમ? લેકિન મહિનેસેં મર ગયા હે ખરા. તીન મહીનેતો મેરેકું ગાદી પર બેઠાનેકું હુવે.

દીનો—હાં? અબી ઊનકી ગાદી પર આપહો? આપકું બીને બીઠાએ?

વિદૂ—ભાઈ હમારે ગુરૂને.

દીનો—ભાઈ તેરે બોલનેકા મર્માર્થ હમારે સમજમેં નહિ આતા. છે મહીને ઉનકે મરનેકું હુવે તો તીન મહીને પર તેરેકું કીસ તરાંહસે આકે ગાદી પર બીઠાયા?

વિદૂ—અમેરી બાવા તુમ કયા સમજો?

દીનો—ના ભાઈ અમેરેકુ કુછ સમજ પડતી નહિ.

વિદૂ—એક વખ્ત મેંને હમારી ગોરાણીકું ડંડેસેં એસી તો ફટકારી કે એકકી હાથમેં ગડ ગોટીલા હો ગઇ.

દીનો—ગોરાણી કોન?

વિદૂ—આપકે ખ્યાલમેં ના આયા? ઓઇ ગોરાણી હમારે ગુરૂજીકી જોરૂ, લુગાઇ, ઓરત.

દીન—તબ બાઇ, ઓતો ગુરૂપિત્ન.

વિદૂ—ગુરૂપટણી કહો તો બી ઠીક હૈ, ક્યોં કે વો ગુરૂજીકું બાત ફુસલાતીથી. જાતકી હજામડીથી તો જપ તપકે કામમે મદતકે વાસ્તે ગુરૂજીને ઊસકે સાથ નાતરા કીયા થા.

દીનો—ભલા તુમારા ગુરૂજીકા કોઇ પંથબી ચલા હોયગા ઓર સેવકબી હોઇંગે.

વિદૂ—ઇસ્મે કયા શક? ચોરી કરનેકા પંથ હમારે ગુરૂજીનેહી નીકાલા હે. જીસકું ચોરી કરનેકા માલૂમ નહિ એસેકું તોએ શિષ્ય કરતેહી નહિથે. ઉસમેં તો દોલતકા શુમાર નહિ. ઘરમેં જાંહાં દેખો વહાં ખાએ ખાબ.

હીરા—(સ્વામીને) કૃપાનાથ, એની જોડે શીદને માથું ચડાવો છો! એ કાંઇ થાકે એવો છે? (વિદૂષકને)ભાઇ, હું તને પગે લાગીને કહું છું કે તું હવે અહિંથી જા. નાહક મને બળતીને શું કરવા બાળેછે!

વિદૂ—જા, તારી દયા આવેછે તેથી જાઉં છું; બાકી તો તારા ગુરૂના સામા એક બે શાસ્ત્રના ઝપાટા કરત. (જઇ તો રહે છે).

દીનો—(હીરાબાઇમાને) ગભરા કે કયા કરેગી? ધૈર્યસે સબ કુછ હોયગા. તું હમારે પુત્રીસમાન હે સો યાંહાં રહો ઓર ખાય પીકે આનંદ કરો. જીસ વખ્ત

ભગવત કૃપાળ હોયગા ઉસ વખ્ત કુછ બાતકી દેર નહિ લગેગી. ભગવત આહ્લો કરતા હૈ; શાસ્ત્રમે ભી કહા હૈ કે,

रंकंकरोतिराजानं राजानंरंकमेवच ।
धनिनंनिर्धनंचैव, निर्धनंधनिनंतथा ॥

કયા કહા હૈ, ઇશ્વર જો કૃપા કરેગા તો ભીખારીકું રાજ્ય દેગા, ઔર કભી કોપાયમાન હોયગા તો રાજન કુંભી ભીખારી કરડારેગા, ઔર મરજી મુજબ નિર્ધનકું ધનવાન ઔર ધનવાનકું નિર્ધન કરેગા: ઐસી ઇશ્વરકી સત્તા હૈ. સો બેટા, ઉસકા ધ્યાન રખકે અપના કાલ ક્રમણ કરે જાઓ. જીસ વખ્ત ઓ માલીકકી કૃપા હોયગી ઉસ વખ્ત કુછ દેર નહિ લગેગી.

શીલા—કૃપાનાથ, આપ કહોછો તે સર્વ સત્ય છે અને આપનાં આવાં હિતનાં વચન મારે ઘણાંજ યાદ રાખવા લાયક છે. મારાં માતા પિતાની ગરજ આ વખ્તમાં આપે સારી છે, બાકી આ જંગલમાં મા... ..ન થાત? હું આપને મારા પિતા રૂપ માનું છું અને મનને ઘણી ઘણી રીતથી કબજે રાખવા જાઉં છું પણ તે રહેતું નથી, ને હરવખ્ત એજ વિચાર આવ્યાં કરે છે કે, અરે! હું કોણ? કોની પુત્રી? કોની સ્ત્રી? કયાની રહેનારી? ને મારે તે આવામાં આવી રહેવું શું? વળી હજુ મારી એટલી બધી ઊંમર નથી કે હું નિકલંક રહું. મહારાજ, આ જંગલ તે આપનું ઘર માનીને આપને હું મારા ખરેખરા પિતાજી ગણું તોપણ ત્યાં સૂધી પારકે ઘેર રહી કહેવાઉં; અને અમો સ્ત્રી જાતિને

પારકે ઘેર રહેવું એ સમાન બીજું દુઃખ નથી. જુઓને શાસ્ત્રમાં પણ કહ્યું છે કરી કે,

कष्टंचखलुमूर्खत्वं, कष्टंचखलुयौवनं ।
कष्टात्कष्टतरंचैव, परगृह निवासनं ॥

જુઓને એમાં શું કહ્યું? મૂર્ખાઈ ઘણી દુઃખ કારક છે. તેમજ જુવાની પણ દુઃખ કારક છે, કેમકે એને સાચવવી એ ઘણું કઠણ કામ છે; પરંતુ એ બન્ને કરતાં પણ બીજાને ઘેર રહેવું એ વધારે દુઃખ દાયક છે. માટે ગુરૂજી, આવું આવું મને સાંભરી આવેછે ત્યારે મારૂં અંતઃકરણ બેહાલ થાય છે. શું કરૂં? મને કાંઇ રસ્તો સૂઝતો નથી. આપના સાથે મારે અંતરની વાત કરવાને હવે પડદો રહ્યો નથી માટે આજ મારૂં દિલ ખોલીને કહું છું. મહારાજ, હવે તો ખરેખરૂં કહું છું કે હું મારો પ્રાણ ત્યાગ કરીશ. અરેરે! મારા જેવું દુઃખિઆરૂં પ્રાણી આ જગતમાં કોણ હશે? (રોઇ જવાયછે.)

દાનો—બેટા, એસા ક્યા બોલતી હૈ? તું ચતુર, સીયાંની ઓર સાધ્વી હો કે એસી અજ્ઞાનતાકી બાતેં કરતી હૈ સો તેરે જેસી સ્ત્રીકું યથાર્થ નહિ. પ્રાન ત્યાગ કરનેકી બાત કરતી હૈ તો પ્રાન ગયે પિછે તું ક્યા દેખને વાલી હૈ? પ્રાન હૈ વહાંતક સબ કુછ મીલેગા લેકિન પ્રાન ગયા સો ફીર આતા નહિ હૈ. દેખ બાઇ શાસ્ત્રકા બચન હૈ કે,

पुनर्वित्तं पुनर्मित्रं पुनर्भार्या पुनर्मही ।
एतत्सर्वं पुनर्लभ्यं न शरीरं पुनः पुनः ॥

ઇસકા અર્થ એ હૈ કે, પેસા, મિત્ર, સ્ત્રી, ઓર મહીનામ

હે રાજ્ય, ઈતની વસ્તુકા કભી નાશ હુવા તોભી ફિર મિલ આવેગી, પરંતુ યહ શરીરકા નાશ હુવા સો ફિર મિલનેકા નહિ. ઈસ વાસ્તે શરીરકા બોત યત્નસેં સંરક્ષણ કરના. દેહપાત કરનેમેં બોત પાપ હે. ઈશ્વરને આપનકું જન્મ દીયા સો દેહકા સાર્થક કરના, ગભરાનેકા કામ નહિ, ધૈર્ય રખના ઔર અપના મહાન પિતાકી પ્રાર્થના કરના. ભલા દેખ, તું કહતી હે કે મેરે જેસા દુઃખી કોન હોયગા, લેકિન મેં તો યું કહતા હું કે સારે બિશ્વમેં સુખિયા કોઈ નહિ; સબ 'કાઈકું' કુછ કુછભી જંજાલ હોયગી. સુન ઉસપર શાસ્ત્રકા પ્રમાન કહતા હું—

कस्यदोषो कुले नास्ति, व्याधिना कोन पी-
डित:।
व्यसनं केन न प्राप्तं, कस्य सौख्यं निरंतरं॥

ઈસકા તાત્પર્ય એ હે કે યહ લોકમેં દોષરહિત કીસકા કુલ હે? જીસકું રોગ નહિ હુવા હોવે એસા કોન હે? જીસકે ઉપર કુછભી સંકટ નહિ આયા હોવે એસા કોન હે? ઔર હમેશ સુખ કિસકું હે? દોષ રોગ, સંકટ એ બીગરકા ઔર હમેશ સુખી એસા તો ફકત એક આત્મારામ હે. એસે એસે શાસ્ત્ર કે બચન હે સો કુછ જૂઠે નહિ; વાસ્તે બેટા, મનકું દૃઢ કરકે જો હાલતમેં પરમાત્માને ડાલી સોહિ હાલતમેં રહે કે અપને જીયકું સંતોષ રખે, ઔર દાના આદમીકા એહી લક્ષન કહા હે; સુનો પ્રમાન કહતા હું—

गते शोकोनकर्त्तव्यो, भविष्यं नैव चिंतयेत्।

वर्त्तमाने न कालेन, प्रवर्त्तते विचक्षणाः ॥

અર્થ—ગઇભી વસ્તુકા નાશ હુવા હોવે તથાપિ ઉસકા શોક કરના નહિ, ઇસીહી મુજબ આગે પ્રાપ્ત હોનેકી વસ્તુકાભી ચિંતવન કરના નહિ; જ્ઞાતા મનુષ્ય જીસ વખત જો કુછ પ્રાપ્ત હોતા હૈ ઉસમેંહિ સંતોષી રહતે હૈં.

હીરા—મહારાજ એ તો ખરુંએ ખરૂં પણ મારૂં મન હવે માનતું નથી, ફક્ત આટલા ઉપરજ નહિ પણ મને તો ઘણા ઘણા લાંબા વિચાર આવેછે. આપના આશિષ વચનથી કદાપિ પાછી ઘેર જઇશ ને કુટુંબ-ને મળીશ પણ મારે સુખ ભોગવવાનું નથી તે ત્યાં પણ મારે જંપીને બેસવાનું ક્યાં છે? જ્યાં જુઓ ત્યાં મારે તરફથી હાડ છેડ ને અપમાનનીજ વાત. સ્વામી, એ વાત તો કાંઇ કહેવાનીજ નથી. આ વખત હું મારા શુદ્ધ અંતઃકરણ પૂર્વક કહું છું કે હવે મને મારો દેહ વહાલો લાગતો નથી. અહિંયાં તો મને કાંઇજ દુઃખ નથી પણ ઘરની વાત યાદ કરૂં છું કે તરતજ અંદરથી જીવ ઘણો પરિતાપ પામે છે. ઘણું ભારે દુઃખ તો એ છેકે મારા ઉપર અપમાન ઘણું થાય છે. તેથી ધારૂં છું કે એ કરતાં મરવું એ સારૂં છે; જુઓને નીતિશાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

वरं प्राण परित्यागो, न मानपरिखंडनं ।
प्राणत्याग: क्षणं चैव, मानभंगो दिने दिने ॥

અર્થ—અપમાનથી જીવવું તેના કરતાં મરવું એ સારૂં છે. મરવાથી માત્ર એક ઘડી દુઃખ થાય છે પણ અપમાન તો હમેશ દુઃખ આપેછે.

ધીનો—એ સબ ઠીક હે, પરંતુ અભી તો સબુરી પ-કડના અચ્છી બાત હે. સંતોષકા ફલ પરમાત્મા અચ્છાહિ દેગા; ઉસકે પર ભરૂસા રખો. પન બે-ટા, અબ તુમ જાઓ; પરમાત્માકી પ્રાર્થના કરને-કા વખત હુવા હે. મેં ગંગા પર જાકર સ્નાન કરકે આતા હું. (બંને જણ જાય છે.)

પ્રવેશ ૯મો.

તાસમારખાં—હીરાબદેમી—મંજુલાલ તથા ધીનોદ્ધાર સ્વામી વગેરે.

સ્થળ—અમરકંટકની ઝાડી.

તીસ—(રસ્તે ચાલતાં એકલો મનમાં) યા પરવરદિ-ગાર અબ એ ઝાડીમેં કહાં તક ચલા જાઉંગા! ના તો કોઇ શહેર નજર આતા મગર ના તો કોઈ ગાંવડા નજર પડતા; પિછલા શહેર છોડેકું આ-બખતાં આજ કોઇ તીસ પેંતીસ રોજ હુવે લેકિન અબ તક કોઈ એસા મકાન નજર નહિ આયા કે જીસમેં રાહ મુસાફર પડે હે. ઝાડી ઓર ચારૂ ત-રફ પહાડોંકી કીનારોંસે એ જગે એસી તો બિકટ દિખતી હે કે મારે ડરસેં આદમીકે હોસ જાતે ર-હે. મગર ઇતના ખુદાકા શુકર હે કે દશ દસ બા-રા બારા કોસકે પલ્લે પર છોટી બડી એક એક ધરમશાળા આતી હે, ઉસમેં રાતકું મુકામ કરને-કું ઠીક પડતા હે; કભી ઇતના નહિ હોતા તો ખ-ખુબ આદમીકું રાતકે વખત માર ડાલે. આજ ઇ-તને દીનસેં મેં એહિ ધરમસાલુમેં મુકામ કરતા

ઔર બહોતસી તકલીફ ઉઠાતા હુવા ચલા આતા હું મગર દિલકી મુરાદ હાંસલ ન હુઈ. અબ કૈસા કરના? પિછે જાનેમેં ભી શરમ માલુમ દેતી હે ઔર અબ આગે જાનેમેં ભી ફાયદા ક્યા હે? પિછલે શહરકે લોકુંને કહાથા કે અમરકંડકે મુકામમેં ગુસાંઈ લોકકે ટોલે પડ રહેતે હે, ઉસલીએ દિલજમીસેં હેરાન પરેશાન હોતા યાંહ તક ચલા આયા લેકિન યાંહસેં અબ આગે જાનેકી સૂઝ નહિ પડતી. ક્યા માલૂમ અમરકંડ કહાં હોયગા? ઔર યાંહાં મેં પૂછુંભી કિસસેં? કોઈ આદમ જાતકી શિકલભી નજર નહિ આતી હે, અબતો એહિ બેહેતર હે કે પિછે પલટના; નહિતો નાહક જાનસેં જાઉંગે (દૂરથી બે ત્રણ યાત્રાળુને આવતા દેખી તેમના સામા જઈને) અરે યારો, આપ કહાંસે ચલે આતે હો?

૧ લો યાત્રાળુ—મિયાં, આણી તરફ અમારા હિંદુ લોકોની જાત્રાનું મોટું ધામ છે, જેને અમરકંડક કહેછે, ત્યાં ઘણા લોક જઈ શકતા નથી. જવલે કોઈ અતિત વૈરાગીને વેષે જાય છે. અમે પણ ત્યાંથીજ આવીએ છીએ.

તીસ—હાં એસા? તો એ મકાન યાંહાંસેં અબ કીતના દૂર હે?

૨જો મુસાફર—અહિંયાથી સો કોષજ નજીક છે, આશરે ગાઉ એક હશે પણ આ તો વચમાં ઝાડી ઘણી આવેલીછે તેથી કાંઈ દેખાય શકાતું નથી; પણ મિયાં, તમારે ત્યાં શું કરવા જવું પડ્યું છે? એ તો હિંદુઓની જાત્રા છે.

તીસ—હમારેભી મનત હે સો જાતે હે ભાઈ, વાંહાં કોઈ આદમી બૈઠે હે કે કેસા હે?

૩ જો મુસાફર—હમણાં તો ત્યાં બહાર છે ને ગમત જેવું થઇ રહ્યું છે, કેમકે એક ગોસાંઇનો મોટો મહંત પોતાના ઝંડ સુધાં આજ કોણ જાણે કેટલાંએક વરસથી આવી પડેલો છે, તેથી હાલમાં તો બહુ રળિયામણું દેખાય છે બાકી તો વસવું ખરૂં ને એકલાને રહેવું કઠણ પડે.

તાસ—હા? એસા હે? ભલા વાંહાં સબ મરદ આદમી હે કે કોઇ ઓરતભી ઊનકે સાથમેં હે?

૧ લો મુસા—(હસીને) મારા ભાઇ તમારે બાયડા બાયડીઓની પડપૂછ કરીને શું કામછે? દર્શન કરવા જવું હોય તો કરીને પાછા આવ્યા. મારા ભાઇ, ત્યાં તે કીયા ઘરબારી રહે છે કે બાયડીઓ છોકરાં હોય? બિચારા ભગવતી સાધુઓ પડ્યા છે તે તે બાયડા રાખે? મહંત બાપજી કહેતા હતા કે અમારી પાસે એક છોકરી આવી ચડી છે તેનાથી પણ અમે બહુ બીહિ છીએ.

તાસ—(આવી ચડેલી છોકરી, એવું સાંભળીને) કયા કયા? સું કહા? વાંહાં કોઇ છોકરીભી છે કે? (ગુજરાતી બોલતાં આવડતું નથી તેથી ઠેઠ ગુજરાતી થઇ જાય છે.)

૨ જો મુસા—(કંટાળીને) હા ભાઇ હા, જાઓ હવે ત્યાં જઇને એટલે બધુંએ જોશોજ કની? (મુસાફર જાય છે.)

તાસ—(ખુશી થતો થતો મનમાં) યા મેરે ખુદા, યા મેરે માલિક, શુકર હે તેરી જનાબમેં તું કભી હમારે પર રહેમ કરે ઓર દિલકી મુરાદ હાંસલ કરે તો ક્યા બાતહે! આજતો બહોત ખુશી હે. બહોત દિનસેં હેરાન પરેશાન હોતા હું, આગે તો આપને માકુ-

બાઇ સાહેબ બિલકુલ વાહીયાત જૈસેથે લેકિન અ-
બકી બાત તો કુછ ઔર હે. આહાહાહા! ખુદા કરે-
ને કભી મિલ જાવે તો ક્યા કહેના? અબ તોઓ
બક્ષીસ દેનેમેભી કસૂર કરે ઐસા નહિ હે. અલ-
બત કમતીમેં કમતી હજાર રૂપએમેં કમી દેનાર
નહિ, ઔર કભી દેવે તો અપનકુ લેવે કાયકુ ?
ક્યા કુછ મુસિબત કમ પડા હે? (દૂરથી દેવળનું
શિખર જોઇને) આહા! અબતો આયાહું, કુછ
ફિકર નહિ; દેખો દેખો. આદમિયુંકા હજબજાભી
માલૂમ હેતા હે. (જરા આગો જઇ બીજી તરફ ન-
જર કરીને) ઓહોહો!! કયા બડા કાફલા પડાહે?
ઔર કયા ધુનીબી સીલગ રહી હે? મેં જાનતાહું
કે આલબત્તાં દોઇ હજાર પાનસો ગુસાંઇ હોયગે.(આં-
ખોની ભમરો ઉપર હાથ મૂકીને જેમ ઝીણી ન-
જરે તપાસતો હોય એમ) ઓ એક ઓરતભી
નજર આતી હે સહી, દેખો, દેખો, ઓ લાલ ક-
પડા પેહેની હુઇ ઇધર ઉધર ફીરતીહે; મેં જાનતા
હું કે ઓહિ હોયગી, લેકિન યાંસે કયા માલૂમ પડે
કે આપને બાઇ સાહેબકી વોહી હે. ચલો દેખે તો
સહી. (આગળ જાયછે ને દીનોદ્ધાર સ્વામીના
મુકામથી થોડેક છેટે એક ઝાડ તળે બેશીને મનમાં)
એકદમ જાના મુનાસિબ નહિ. એક દફે ઓ ઓર-
તકું અછી તરાંહસે પિછાન લેના; કભી ઓ હોવે
તબતો કુછ હરકત નહિ અગરચે દુસરી માલૂમહુઇ
તો પીછે જાનેમેં કયા ફાયદા હે? (હીરાલક્ષ્મીને
એ તરફ આવતાં દેખીને) દેખો, દેખો, અબતો
નજીક આઇહે. (નીચો વળીને તથા ઝાડના થડથી
આગળ માથું કાહાડીને) આહાહા!! વોહી, વોહી,

વાહીદ. યા પરવર દીગાર, યા માબુદ, આજ મેરે દિલકી મુરાદ હાંસલ હુઇ. (હીરાલક્ષ્મી તરફ એક નજરે જોઇ રહીને) અરેરેરે ! ક્યા ઉસકા બદન સૂક ગયા ? તોબા, તોબા, તોબા, આગે ક્યા ઉસકા બદન થા? ઓર ચહેરાભી ક્યા અછે થા ? ઓર અબ ક્યા કરમા ગયા હૈ ? બિલકુલ સુકે લકડી બન ગઇ હૈ. (આગળ ધશીને) બાબી સાહેબકુ સલામ હૈ એ. એ. એ.

હીરા—(ચમકીને)કોણ એ? (તે તરફ જુએછે)

તીસ—(નજીક જઇ સલામ કરીને) સાહેબ એ તો મેં આપકા તાબેદાર તીસમારખાં જમાદાર.

હીરા—(સાનંદાશ્ચર્યથી) ઓહોહો જમાદાર ! તમે અહિંયાં ક્યાંથી!!

તીસ—સાહેબ, આપકી પિછાડી મેંભી આપકું ઢુંડતા હુવા ચલા આયા. ક્યોં મિજાજ તો અચ્છા હૈ?

હીરા—હા; પણ તમે ક્યાંથી આવ્યા તે તો કહો. તમારી મેળે સહજજ આવી ચડ્યા છો કે કોઇના મોકલ્યા આવ્યાછો? બચિત મને જલદીથી કહો.

તીસ—નહિ સાહેબ, આપ કે ઘરથીજ આયા હું; મોકુભાઇ સાહેબને મિલ વાસ્તે આયા હું. (ઠેઠ ગુજરાતી થઈ જાય છે.)

હીરા—શું મને મારા પ્રાણપતિ યાદ કરે છે ? તેમની તબિયત કેવી છે ? સુખમાં તો છે કની ? આહાહા! આજ હું કેવી ભાગ્યશાળી ? આવો, આવો, મારી સાથે આવો. (દીનોદ્ધારસ્વામી પાસે લેઇ જાય છે)

દીનો—(હીરાલક્ષ્મીને)ક્યોં બેટા એ આદમી કોન હૈ?

હીરા—કૃપાનાથ, એ મારે સાસરેથી આવ્યા છે અને મને શોધવા સારૂ એમને મોકલ્યા છે. બાપાજી,

એ બધી આપની કૃપાનો પ્રતાપ છે.

દીનો—અચ્છા બેટા, ભગવાનકા સુમરન કરો. અબીતો ઉનકે ખાને પીનેકી તજવીજ લગાવ. જાઓ બંડારમેં, ઓર રામઅવતારદાસકું બોલદો.

હીરા—બહુ સારૂં મહારાજ. (તીસગારખાને લેઈ ભંડારખાનામાં જાયછે)ને ત્યાં ખાવા બેસારી પોતે તેની પાસે બેસે છે.

તીસ—ભાભી સાહેબ, બહોત દુબળાં થઇ ગયાં છો હો.

હીરા—જાણોજ છો તો. એમાં મને શું પૂછો છો? વારૂ મને મારાં સાસૂ સસરા ઇત્યાદિ સંભારે છે ખરાં ?

તીસ—અરે સાહેબ ઇસમેં ક્યાં પૂછના ? ઉસરોજ આપ છૂટ ગયાં પીછેતો હમ સબને આપકે ફિર મિલનેકી ઉમેદ છોડ દીથી. પિછે ઘર જાકે આપકી ખબર કહી. સબ રોએ પીટે ઓર આપકે બાપકે વહાંભી કાગજ લીખ ભેજા, ને પછાથી તો કોઇ યાદ નહિ કરતાથાં લેકિન જબસે હમારે બાઇસાહેબને પઢના શીરૂ કીયા તબસેં કુછ આપકે તરફકા રંજ ઉનકે દિલમેં આને જેસા માલૂમ હોતા હે.

હીરા—(હર્ષથી) શું એ ભણેછે?

તીસ—અરે ક્યા કહું ભાભી સાહેબ, અબતો એ ક્યા કાબેલ હુવે હે. સબ ઇલમમેં પૂરે હે. ઇંગ્રેજી, હિંદવી, ફારસી સબ બાતમેં અચ્છી તરાંહસે હુશિયાર હુવે હે, ઓર જબીતો આપકે તરફકા સોચ કીયાં કરતે હે; ઓર મેરેકું ભેજભી ઉનનેહિ. બૂબજીએકું ભી ભેજાહે, મગર એ દુસરી તરફ ગયા હે. હમતો કોઇ છે સાત મહીનેસે નીકલે હે.

મંજુબાઇ—(હીરાલક્ષ્મી પાસે રમતો રમતો આવીને)

બા આ કોણ છે?

હીરા—બેટા, એ આપણે ઘેરથી આવ્યા છે. હવે પરમેશ્વરે તારી તથા મારી અવસ્થા ઉપર કાંઇ નજર કરી ખરી. બાપુ, હાલ સુખનો વખત નજીક આવ્યો છે; બહુ દહાડા દુઃખ વેઠ્યું છે. (ખોળામાં બેસારી માથા ઉપર હાથ ફેરવે છે).

તીસ—(છોકરા સામું જોઇ રહીને મનમાં)ભાબી સાહેબકું લડકા હુવા હોય એસા દીખતા હે,શિકલભી મિલતી જુલતી હે. યા,ખુદા, યા કરિમ, કુયા તેરી તરકીબ હેં બડી! પાનીમેં ડુબ ડુબ ઓરતકું જીતી નીકાલી ઓર ઉસકે સાથ બેટાભી દીયા. અલબત, જબ ડુબ ગઇતી તબ પેટમેં હમલ થા એ બાત સચી હે લેકિન ગનીમત તો એહિ હે કે દોનુંકે જાન બચાએ. (હીરાલક્ષ્મીને) ભાભી સાહેબ,એ શાહાજાદે આપકે હે ના?

હીરા—(જરા શરમાઇને) ખુદાનો.

તીસ—હાં એ તો સચ હે, એ સબ ઉસકી રહેમિયતસે તો હુવાહે, નહિ તો આપકા મિલના કહાં થા? (છોકરાને) કુયોં સાહેબ કેસે હો? અબ ચલો ઘરકું. (હીરાલક્ષ્મીને)ભલા ભાભી સાહેબ, ઉસ જગોપર આપ પાનીમેં ગીરકે ડુબ ગયે થે ઓર પાનીકી ખેંચના થાકે હમ લોકને બહોતસી મહેનત કરકે પાનીકે અંદર આપકી તલાસ કીયા લેકિન કુછ પતા માલુમ ન હુવા; તો ઉસ પિછે કેસા હુવા? આપ કહાં આગે કેસે નિકલ આયે?

હીરા—(મનમાં) હાં, હાં. આ તો કંઇક ભેદ રચાયો દેખાય છે. બાકી હું પાણીમાં નહાવા કયારે પેઠી છું ને ડુબી પણ ક્યારે ગઇ છું? હું તો જા-

ગી ત્યારે ઝાડી ને પહાડ પર્વત સિવાય કાંઇ પણ નહોતું, માટે નક્કી કાંઇ સબબ ગોઠવ્યો છે; પણ હવે આ ઠેકાણે તેની ચર્ચા ચલાવવાની કાંઇ જરૂર નથી. (તીસમારખાંને) પાણીમાં તણાતી એક કીનારા ઉપર નીકળી ને ત્યાંથી આ સ્વામીરાજે મને પોતાની પાસે રાખી આજ લગી બાપની પેઠે પોષણ કર્યું છે.

તીસ—વાહ વાહ! ક્યા બાતહે! મહારાજ બડે અચ્છે આદમી દીખતે હે. (બાઇ તરફ જોઇ) બાબીસાહેબ, અબ તો મેરેકું જલદીસે ફિર જાના ચૈયે, ક્યોંકે બહોત દીન હુવે, ઓર વહાં સબ આદમી રાહ દેખતે હોયંગે ઓર ક્યા જાને ક્યા કહેતે હોયંગે. (હસીને) અબતો જડે ઐસી બધાઇ પાઉં, ઓર હમારે બાઇસાહેબસે ઇનામભી ઐસા લઉં કે કુછ કહેનેકીજ બાત નહિ.

હીરા—હા ઇનામ તો લેશોજ; પણ મારે સાથે આવવું તેનું કેમ?

તીસ—નહિ સાહેબ, ઐસા તો બન સકના બહોત મુસ્કિલ હે, સબબ કે યાંહાં તક નાતો ગાડી આસકતી ઓર નાતો ઘોડા આસકતાહે. ફકત પાઉં પાદે ચલનેકા હે. સારા રસ્તાભી ઐસા બીકટ હે કે આપકું સાથ લેકે આનીમે જાના દુરસ્ત નહિ. આગે ભી આપકું અગલે શહેર તક ચલનાહી પડેગા લેકિન ઓ બાત અલગ હે; અભીતો મેં અકેલા ચલા જાઉંગા. અબતો રસ્તા સબ દેખા હુવા હે ઇસલીયે બહોત જલદી ઘરકું પહોંચ જાઉંગા. આને વખ્ત તો સબ જગો ઢુંડના હુવા ઓર આયા ઉસમે બહોત દીન હો ગયે, મગર અબતો સુદા આ-

હતા હૈ સો એક પાહેડ મહીને જા પોહોંચુંગા; ઓર વહાં જાકે આપની ગાડી ઓર અપને ઘરકે સબ સીપાઈ લોક ઓર ચાકર આદમી સાથ લેકે તુરત પિછા નીકલુંગા. ગાડી લેકે યાંહાં તકતો આયા નહિ જાવે લેકિન એ ઝાડોમેં પેઠતે અવલ એક શહેર આતાહે વાંહ ગાડીકું છોડકે હમ સબ જવાન આવેંગે ઓર આપકું સાથ લે ચલેંગે. ઉસ વખતભી ઓ શહેર તક આપકું ચલના તો પડેગા લેકિન ઓ બાત દુસરી હે. ઈતને દીન તકલીફ ઉઠાઈ તો ઓરભી થોડે દીન ગુજર કર લેના.

હીરા—ઠીક છે ત્યારે. પણ હવે મને ચેન પડવાનું નથી. માટે જેમ બને તેમ જલદી આવી પહોંચાય તેવું કરજો. પણ હવે અત્યારે તો તમે શી રીતે જશો? સાંજ પડવા આવી છે ને ઝાડીમાં થઈને જવાનું છે માટે અત્યારે અહિં રહી જાઓ ને સવારમાં વહેલા ઊઠીને નીકળજો. હું એક કાગળ પણ લખી આપું તે લેતા જાઓ. વળી અત્યારે આપણે ગુરૂ બાપજીને રસ્તા વિષે પણ પૂછીએ જોઈએ; કદાપિ એમને ખબર હોય ને કંઈ નજીકનો રસ્તો બતાવે તો. એ તો આવા પહાડ પર્વતનાજ રહેવાસી છે એટલે એમને ખબર હશે.

તીસ—અચ્છા બા, તબ એસા કરો. (બે જણ ગુરૂ પાસે જાય છે.

દીનો—(હીરાલક્ષ્મીને) બેટા, ઊનકું પ્રસાદ ખીલાયા?

હીરા—હા, પણ એ તો સવારે જવાના છે.

દીનો—આપ તબ તુમારે જાનેકા કેસા કીયા?

હીરા—એ કહે છે કે રસ્તો બહુ આપો ને વિકટ છે માટે હમણાં તો એકલાથી તેડી જવાશે નહિ, પણ પેર

જઇને ઘણું માણસો ગાડી લેઈ આવીશું ને રસ્તામાં એક શહેર આવે છે ત્યાં ગાડી મુકીને અમે બધા અહિં આવી તેડી જઇશું.

દીનો—એભી ઠીક યુક્તિ હે.

તીસ—દેખો મહારાજ, આને જાનેકા પલ્લા બોત લંબા હે, ઓર ઇસમેં બડી મુશ્કિલી તો એ હે કે યાંહાતક ગાડી નહિ આસકતી; ફકત બીસ પચીસ રોજતો એ ઝાડી કે અંદર પાઓં પ્યાદે ચલનેકા હે કીતનેહિ રોજ મેં ચલા તબ યાંહાતક આ પહોંચા હું.

દીનો—નહિ નહિ એસા તો નહિ. તુમ કોનસે રસ્તે સે આયે?

તીસ—મહારાજ હમને કુછ રસ્તા બસ્તા મુકરર નહિ કીયાથા, હમતો ઢુંઢતે ઢુંઢતે જેસા જેસા પતા મીલતા ગયા એસે ચલે આયે.

દીનો—નહિ નહિ એસા નહિ. દેખો યાંહાસે બરોબર ઉત્તર કે બાજુપર સીધે ચલે જાના. દુસરા રસ્તા પકડના નહિ; ઉસમેં ફરક પડ ગયા તો પિછે જંગલમેં ગોથે ખાયા કરોગે. સીધે રસ્તે ચલે જાઓગે તો ફકત આઠ દસ રોજ કે બાદ એ ઝાડીમેંસે નીકલ જાઓગે ઓર આગે કુછ સુગમ રસ્તા આયગા. તુમતો મેં જાનતા હું કે પશ્ચિમ તરફસેં આયે હોગે ઇસમે ઇતને દીન ઝાડીમેં ગથડના પડા. બબા બન અબ તુમ ઘર જાકે જલદી આના, કયોં કે એ હમારી પુત્રી બહોત પરિતાપ કરતી હે. એસા ઉસકા સ્વામી કેસા નિર્દય હે કે એસી પતિતા સ્ત્રીકું છોડ બેઠા? કભી બિગડ ગયે તો ખેર, લેકિન ફિર તપાસ તો કરના.

તીસ—હાં મહારાજ સચ્ચ હે. ઉનકી આગેકી બાત વેસી-હીથી, મગર અબતો ઉસમે બહોતસા ફરક પડગયાહે.

ધેનો—(હીરાલક્ષ્મીને) બેટા, અબ ઉનકું એ ઝાડકે નીચે બિસ્તરેકી સોઇ કર દો. અયોધ્યાનંદકી પાસ દો કંબલ મંગ લેના.

હીરાં—બહુ સારૂં મહારાજ. (જાય છે ને તીસમારખાંને સૂવાની મિશલ કરી આપી થોડીવારે એક કાગળ લખી લાવી તીસમારખાંને આપેછે, બાદ કેટલીક વાર સૂધી વાતચીત કર્યા પછી સર્વ સૂઇ જાયછે. બીજે દિવસ સવારમાં તીસમારખાં પણ ઘર તરફ રવાના થાય છે ને કેટલેક દહાડે વડોદરાની લગભગ આવી પહોંચે છે.)

પ્રવેશ ૧૦ મો.

ભુલાભાઇ—ધૂળીવહુ—મોકુભાઇ—ગુણવંતરાય ને
પાછળથી તીસમારખાં

સ્થળ—શેઠનું ઘર.

ધૂળી—(ભુલાભાઇને) જોયું! કોણ નાતમાં કેવો લગનગાળો ચાલી રહ્યોછે! આપણા મોકુનું પણ કર્યું હોત તો આપણે કરી નાંખત કની!

ભુલા—હજુ શું વહી ગયુંછે! લગનગાળો તો છેક જેઠ મહીના સુદ્ધી ચાલશે, ટાડહોડા તો પેલા ગયાછે તે પન આવશે ટો. જોને એમને ગયે કેટલા બધા ડાડા ઠઇ ગયા! (ગણેછે) એ હોહો! છ મહીના ઠઇ ગયા; હવે ટો ઠોડા ડામામાં નક્કી આવશે બડા. ક્યાં સૂઢી રખડયાં કડશે!

મૂળી—પાછા નહિ આવે ત્યારે શું કરશો! એ તે વળી હવે મળતી હશે! ખાલી તમે વચમાં હા કહીને બંખાણુ નાંખ્યું, બાકી મારી તો મરજી ન હતી. (ગુણવંતરાય આવેછે તેને) આ એક માન કમાઉ આવ્યા.

ગુણ—કેમ બા આજે વળી કાંઇ છેકે શું?

મૂળી—હોય શું? આ તમે કર્યું છે તેના તેજ ઝીકણા તો. જુઓને ગામમાં લગ્નગાળો કેવો ચાલી રહ્યોછે? તમે છોકરાને શીખવાડીને વચમાં આ લફરૂં ન કર્યું હોત તો આજે એને પરણાવત કની?

ગુણ—હશે બા જે થયું તે થયું, પણ હવે તો પેલાં માણસો ગયાં છે તે આવશે તો; પછી તમારે ફાવે તેમ કરજોને. અખતિઆર તમારોજ છે કની. (મોકુભાઇની મેડી ઉપર જાયછે.)

મોકુ—(ગુણવંતરાયને) આવો ભાઇ પધારો.

ગુણ—હાજી. કેમ શો વિચાર થાયછે? આજ તો કાંઇ વિચારમાં પડી ગયા હો એમ જણાયછે.

મોકુ—અરે ભાઇ બીજા શા વિચાર કરવાના છે? હાલમાં વળી માજીનું પાછું ઊપડી આવ્યુંછે. કોણ જાણે શુંએ કરશે. હજુ પેલાં માણસો પણ આવ્યાં નહિ. આવમાં હોત તો કાંઇ સૂઝ પડત.

ગુણ—હા ભાઇ એ તો ખરૂં, પણ હવે તો પેલાં માણસો આવવાં જોઇએ: બહુ દહાડા થયા. આશરે ૭ મહીના ઊપરાંત થઇ ગયા હશે.

મોકુ—હા. ગણોને આસો મહીનામાં ગયાંછે.

ગુણ—ઓહોહો! ત્યારે તો ૭ મહીના થઇ ગયા. રોજના દશ દશ ગાઉ ચાલે તોએ આઠસેં નવસેં ગાઉનું ચક્કર મારીને પાછાં આવે.

મોહુ—કોણ જાણે શું એ થયું હશે! (બારી તરફ નજર પડવાથી તીસમારખાંને આવતો જોઇને) ગુણવંતબાઇ! ગુણવંતબાઇ! જુઓને પેલો કોક આપણો તીસમારખાં જેવો આવેછે ખરો.

ગુણ—(બારીએ જોઇને) હા હા એજ, ચાલો ઠીક થયું.

મોહુ—(ઘણી અધીરાઇથી) ત્યારે ચાલોને આપણે જઇએ; વારૂ સાંભળીએ તો ખરા કે શી ખબર લાવ્યોછે. એના પગ તો જોરમાં જણાયછે ને મ્હોડું પણ ખુશીમાં હોય એમ લાગે છે.

ગુણ—હા દેખાયછે તો એવુંજ, ચાલો. (બન્ને જણ નીચે આવી બેસેછે એટલામાં તીસમારખાં આવી પહોચેછે.)

તીસ—(નીચેથી) એ બા! એ બાઇ સાહેબ! બધાઇ બધાઇહે! લાવ પહિલે કુછ ઇનામ હોના.

મૂળી—(એકદમ ચમકીને) કોણ જમાદાર કે શું! (નીચેની તરફ ડોકું કરીને) ખરે એતો આવી પહોંચ્યા ને શું. (ઉભી થઇને ખુશીથી) શું મારી વહુ મળી? એ ક્યાં છે? તીસમારખાં તમે ઉપર આવો, ઉપર આવો.

તીસ—(મેડે જઇને) બાબી સાહેબ ખુસીમેં છે, લેકિન યહાંસે તો બહોત દૂર છે માટે કાલને કાલ હમકું પાછા ફરી મોકલવાની તૈયારી કીજીએ. સબ આદમીયુંકું લે જાના પડેગા, ઔર ગાડીભી અપની લેઇ જઇશું. (ટેડ ગુજરાતી થઇ જાય છે.)

બુલા—પન ટે ક્યાં છે? વાટ ટો કરો.

તીસ—(તમામ હકીકત કહી સંભળાવે છે તે સાંભળીને)

મૂળી—(ગળગળી બની જઇને) હાયહાયરે બાપ! મારી વહુની એવી દશા થઇ છે! એનાથી કેમ રહેવાતું

હશે! હે મહાપ્રભુ! મારી વહુને સાજી-તાજી મેળવ-જે. કાલે સવારમાંજ હું તેડવા મોકલું છું. (ભૂલા-ભાઈને) હવે તમે જરા પણ વાર ન લગાડતા હો. અત્યારે તો સાંજ પડી ગઈ છે પણ કાલે વહાણું વાતાં પહેલાં તીસમારખાંને પાછા મોકલો; થાકેલા તો હશે પણ હવે તો ગાડી છે એટલે તેમાં બેઠા બેઠા જશે.

ભૂલા—હવે ટ કેમ વાર લગાડીશું, વહુ જીવતી મળી એટલે ઘનુએ ઠર્યું. (તીસમારખાંને) જાઓ ટમે ટમાકી પકડીએ, ને વાડુ પાની કડીને સૂઈ જાઓ, ને સવારમાં જલદી જજો; વડી શિપાઈઓને ટઠા ગાડીટને અટચાડુ વડટી આપીને ટૈઆર કડી મૂકો ને બીજાં આડમીનો ખપ પડે ટેવું હોય ટો પાગામાં કહાવી મોકલો.

તીસ—નહિ સાહેબ, પંધર આદમી સાત હે. ફકત ર-સોઈઆકું સાથ લેજના હુઆ કે એક બામનભી સાથ લેયેં.

ભૂલા—ઠાડુ ટને પન વડકી આપો.

તીસ—(ભૂલી ગયો હોય ને એકદમ સાંભરી આવે તે રીત) આ બા! આ બાઈસાહેબ! એક દુસરી બખાઈ. ભાભી સાહેબકુ લડકાભીહે. આપ તો ચાર પાંચ બરસકા હુવા. ક્યા ખુબ સુરત હે! આહા-હાહા ! !

ભૂળી—હેં! હે! ખરૂં કહો છો! હે ભગવાન! ઓ દીના-નાથ! તું સહાય કરજે. તીસમારખાં, જાઓ, જાઓ તમે વહેલા પથારીએ જઈને પરવારી લો; હવે મારો જીવ ધરપતો નથી.

તીસ—અચ્છા, અચ્છા. (જાય છે પણ મોકુભાઈએ પો-

તાની મેડી ઉપર જવા ઇસારો કર્યાથી મેડી ઉપર જાય છે ને પાછળથી થોડીવારે મોકુભાઇ તથા ગુણવંતરાય પણ ઉપર જાય છે.)

મોકુ—(તીસમારખાંને) કયોં જમાદાર કયા હાલતમેં હે?

તીસુ—અરે સાહેબ ઇસમે કયા પૂછના? ભાભી સાહેબ હે તો ખુશીમેં લેકિન કયા સૂરત હો ગઇ હે! હાય હાય હાય!! સૂકે લકડી બન ગઇ હે; નરદમ હડિયાં રેહ ગઇ હે ઔર ફકત દમ જાના બાકી હે, ઔર હરદમ આપકે નામકી માલા જપ રહી હે. બાકી આપકે શાહાજાદે તો અચ્છી તરાંહસેં હે. ઓ બિચારે બાલા રાજા, ઉનકું કયા?

મોકુ—શું તમે નજરો નજર જોઇ?

તીસ—હાં સાહેબ હાં. (કાગળસાંભરી આવ્યાથી) ઓહો! એતો મેં ભૂલ જાતા હું. આપકા કાગજભી હે,લીજીયે. (આપીને નીચે જાય છે.)

મોકુ—કાગળ વાંચે છે.

"શિરછત્ર પ્રાણપતિની સેવામાં વિનંતિ.

હમેશાને માટે વીસારી મૂકેલી નિરપરાધી રંક અબળાની પુનઃ કોઇ સંભાળ લેનાર નથી એવા ખચિત ધારણામાં અચાનક ફેરફાર થએલો એકદમ નજર આવ્યાથી તેના જીવને કેટલો હર્ષ થયો હશે તેનો વિચાર આપ પોતેજ કરશો. જેને દીઠા સિવાય એક ક્ષણ પણ ચેન પડે નહિ તેના આટલા લાંબા મુદતના વિયોગે કરીને તેની આજ સુધીમાં કેવી અવસ્થા થઇ હશે તેમ હાલ પણ તે કેવી સ્થિતિમાં હશે તેનો બધો હેવાલ હું મારી જાતે લખી જણાવું તેના કરતાં આવેલા માણસના કહેવાથી આપના જાણવામાં આવે એ કાંઇક ઠીક છે. પ્રિયપતિ, એટલો તો વિચાર મનમાં આવે કે હું એક દિન

અગાઉ, જોકે કોઇ દિવસ માબાપની અથવા આપની છાયા છોડી બ્હારનો તાપ તડકો દીઠો નથી તેનો વગર વાંકે એકદમ ક્રૂર દૃષ્ટિથી છેકજ ત્યાગ કરી નાંખ્યો તેથી મારા અંતઃકરણમાં કેવું લાગતું હશે! હશે, એમાં હું આપના તરફ કોઇ વાતનો દોષ ન મૂકતાં મારા પ્રોતાનોજ વાંક કહાડું છું. પણ આહાહા! આજ હું કેવી ભાગ્યશાળી કે મારા વિષે એકદમ આપના મનમાં આતુરતા જાગી છે ને શોધને અર્થે માણસો પણ દોડાવ્યા છે કે નથી. પ્રાણાધાર, હાલમાં તો મારી એટલીજ વિનતિ છે કે જેમ બને તેમ જલદીથી આપની પાસે તેડાવી લેવી જોઇએ. આટલા દિવસ તો જૂદી જૂદી રીતે મનનું સમાધાન થતું હતું, પણ હાલમાં મારા તરફ આપની પ્રીતિનું વલણ થએલું સાંભળીને જીવ છેકજ અધીરો થઇ રહ્યો છે ને એક ઘડી વર્ષ પ્રમાણે જાયછે. હવે મારાથી દુઃખ વેઠાતું નથી, ઘણીજ થાયછે.

રસીઆજી તુજ વિયોગથી, મેં વેઠયુંરે અતી

વેઠયુંરે અતી, સહેવાતુંરેનથી, રસીઆજી તુજ વિયોગથી મેં વેઠયુંરે અતી. ટેક

મનમાં રહીને દુઃખડાં સહીને, દુબળ થઇછે કાય;
આપીતો મરવું નહીં મારો પાપી પ્રાણ ન જાયરે. રસીઆજી તુજ વિયોગથી ૧

નેહ લગાડી નાથજી, પાછળથી દીધો છેહ;
ના ઘટે ગુણવંતાને, વાણુવાંકે કરવું એહરે. પ્રાણાધાર તુજ વિયોગથી ૨

હાવાંતો હદ થઇ છે વ્હાલા, વળિયો આડો આંક;
મનમાંથી વીસારો મારા, જે પડયોહોય વાંકરે. સુખાકારા તુજ વિયોગથી ૩

જેવી તેવી છું સ્વામિ પણ, હું તમારી દાસ,

હાથે ઝાલી તો નભાવો, પ્રિત સજો પાસરે. ગુણવંતા
તુજ વિયોગથી ૪

દિલમાં દયા લાવીને, અબળાની પૂરો આશ;
નહિતો મારી જાતનો, હવે નિશ્ચે થાશે નાશરે. પ્રિતમ
પ્યારા તુજ વિયોગથી ૫

રાત દિવસ તન ચીકતું રહે છે, વહે છે નયણે નીર;
ચિત્તમાં ચેતીલેજો મારી, નણદલકેરા વીરરે. મનનામા-
ન્યા તુજ વિયોગથી ૬

વીત્યા ઝાઝા દાહાડાને, એમો અબળાનો અવતાર;
કુડું કલંક માથે ચઢતાં, કાંઈ ન લાગે વારરે. દિલદારા
તુજ વિયોગથી ૭

હેઠે હવી રહી છું, નીર્ખિ જોવા મારા કંથ;
બોરજવાલી મનડું લાગ્યું, બેઠી જોઉં પંથરે. વાહાલાજી
તુજ વિયોગથી. ૮

નિરપરાધી બાળક છું જે, કોમળ એની કાય,
નાનકડામાં ટળવળ કરતાં, દુઃખે દાહાડા જાયરે. પ્રા-
ણાધારા તુજ વિયોગથી ૯

મહેર કરો મહારાજારે, પૂરો મારા મનના કોડ;
રહજો એવું કરજો એવું, રહિએ જોડા જોડરે.
મનના માન્યા તુજ વિયોગથી. ૧૦

સોરઠા છંદ.

પલકે યુગ વહિ જાય, રહેવાતું નથિ નાજવણ;
ખુલ્લું નવ કહેવાય, શાણા સમજી લીજીએ

હું નિરભાગી સાથ, બાળક દીન દયામણું
માટે મારા નાથ, તુર્ત તેડાવી લીજીએ.

પ્રાણનાથ, આ વખતમાં હું વધારે શું લખું? આપ ચતુરશિરોમણી છો માટે થોડામાં સમજી લેજો. મારે માટે તો ઠીકજ છે પણ આ કોમળ બાળની તરફ

નજર કરવી વ્યર્થ છે. એની ખરદાસ હું આ ઠેકાણે કેવી રીતે કરી શકું? વિદ્યાભ્યાસ કરવાનો પણ વખત જાય છે. એજ વિનતિ. મારા સુજ્ઞ સસરાજીને તથા સાસુજીને મારો ઘણું કરીને પ્રણામ છે.

મિતિ ચૈત્ર શુદી ૫ સંવત૧૯૩૧ લા૦ | આપના ચરણદર્શનની અપેક્ષક
મુ૦ અમરકંડ મહાદેવ. | હીરાલક્ષ્મીનો પ્રણામ".

ગુણ—(કાગળ સાંભળી રહ્યા પછી) આહાહાહા!! માકુભાઈ, ધન્ય છે આ સ્ત્રીને. શું એની લખવાની છટા છે, શબ્દે શબ્દે મધુરતાજ ભરેલી છે! આપના ઉપર શું એનો પ્રીતિભાવ જણાય છે; આ એની લખવાની ઢબ ઉપરથી હું ખચિત કહું છું કે આ વખતમાં એના સરખી થોડીજ સ્ત્રી હશે. હરેહરેહર! શું તમે તમારો સ્વાર્થ કુસંગથી બગાડ્યો છે! ભાઈ, ખરે ખરૂં જાણજો જે તમારા પૂર્ણ ભાગ્યે કરીનેજ આ સ્ત્રીનો ફરીથી મેળાપ થવાનો અવસર આવ્યો.

માકુ—ખરૂં કહો છો ભાઈ; આ બધો પ્રતાપ તમારો સમજું છું.

ગુણ—આ એમાં શું? (કાગળ ઉપર ફરી નજર પડવાથી) ભાઈ, આ કાગળ ઉપર પાણીનાં ટીપાં પડ્યાં હોય એવું શું જણાય છે? વારૂ લાવો જોઈએ. (કાગળ હાથમાં લેઈ તપાસીને) ઓહોહો! લખતાં લખતાં એની આંખમાંથી આંસુ પડેલાં હોય એમ જણાય છે. ખરે, એ વખત એનું અંતઃકરણ પૂરૂં ભરાઈ આવેલું એમાં કાંઈજ શક નથી. હવે તો કાલને કાલ માણસો પાછાં જાય તો ઠીક પડે.

માકુ—હો, હો; એમાં હવે ઢીલ શી. સવારે જરૂર જવા

ના, પણ વારૂ લાવોને હું પણ એક કાગળ લખી આપું કે એના જીવને જરા ધારણ આવે. હજુ તો એને આવતાં ઘણા દહાડા થવાના, કેમકે રસ્તો લાંબો છે.

ગુણ—હા, હા. એમાં અંદેશો શો; જરૂર પત્ર લખવો જોઇએ. તમે લખો ને હવે મને રજા આપો. આ-બ્યાને બહુ વાર થઇ મારે ઘેર સો વાટ જોતાં હશે.

મોકુ—હા જાઓ ત્યારે. હું પણ કાગળ લખીને હવે સૂઇ જઇશ. (ગુણવંતરાય જાય છે ને મોકુભાઇ કાગળ લખી તીસમારખાંને બોલાવીને આપે છે.)

તીસ—ઔર કુછ કહેના હે?

મોકુ—ના. જે કહેવાનું તે કાગળમાં લખ્યું છે, પણ કેરી સંભાળીને લાવજો જો. તમને કહેવું પડે એવું તો નથી પણ સહજ કહું છું: અને જેમ બને તેમ જલદી આવજો.

તીસ—અચ્છા, અચ્છા; કુછ ફિકર ન રખો. ઉનકું તો મેં હથેલીમેં બેલાતા હુવા લે આઉંગા.

મોકુ—બાબેનો મામલો છે ને જોડે વળી નાનું બાળક છે તેથી કાંઇ સરસામાન સાથે રાખ્યો હોત તો ઠીક.

તીસ—અરે સાહેબ એ તો મેને સબ બાતકી મિસલ લગા રખી હે; અબીતક મેં ઔર બા એહી ગડબડ કરતે થે. બાબી સાહેબકે વાસ્તે થોડે બહોત ઉનકે કપડે ઔર આપકે શહાજાદે કે બી કુછ કપડે, ઔર બિસ્તરકે વાસ્તે એક દો રજાઇ, એસા તેસા જરૂ-રી સામાન સબ લીયા હે.

મોકુ—ઠીક ત્યારે હવે જાઓ ને સઇ રહો, હું પણ સૂઇ રહું છું. (તીસમારખાં પોતાની પથારીએ જાય છે ને

આકુભાઈ સૂઈ જાય છે.)

ખુબી—(ભુલાભાઈને) વારૂ આ અવસરમાં એક કાગળ મોતીચંદને લખી મોકલ્યો હોય તો જેવું સારૂં!

(બિચારા ખુશી ખુશી થઈ.

ભુલા—હવે લખવોજ જોઈએ; ચાલને હમણાંજ લખીને અત્યારે ટપાલની પેટીમાં નંખાવું કે કાલે સવાર-નીજ ટપાલમાં ચાલ્યો જાય. (કાગળ લખી ટપાલની પેટીમાં નંખાવે છે ને પછી સર્વે સૂઈ જાય છે. બીજે રોજ સવારમાં ચીસમારમાં બીજાં માણસો વગેરે સાથે પેઈ ઠરાવ પ્રમાણે રવાના થાય છે).

પ્રવેશ ૧૧ મો.

મોતીચંદ—મણીકોર તથા ટપાલનો સિપાઈ.

સ્થળ—અમદાવાદ, મોતીચંદના ઘરનો મેડો.

મોતી—(મણીકોરને) આજ કેમ વારૂ તારૂં મ્હોડું ઊતરી ગએલું જણાય છે? શરીર તો સારૂં છે કની?

મણી—મને શું થવાનું છે! મને કાંઈ થવાનું હોય ત્યારે મારી હીરીજ જાય! હાય હાય આજનો સવારની ઓબરી આવી છે તે ઘડીએ વિસાર પડતી નથી. (રોવાઈ જવાય છે.)

મોતી—એમ એક કાસુ હિંમ કરે શું થાય! હવે તો ઈશ્વરનું સ્મરણ કરી જ્યાં ત્યાં દિવસ પૂરા કરવા; જેવી પ્રભુની મરજી તેવું થયું.

પોસ્ટનો સિપાઈ—(મોતીચંદના ઘર આગળ આવી બ્હારથી) મોતીચંદજી છે કે ઘરમાં?

ગાતી—કોણ એ? જે હોય તે ઉપર આવો ભાઈ.

ગોપા—(મેડા ઉપર જઈને) એ આંગડીઓ કાગળ છે, લો. (આપીને જાય છે).

મણી—એ વળી કોનો કાગળ આવ્યો?

મોતી—(કાગળ ઉપરનું સરનામું વાંચીને) અક્ષર તો જૂલાભાઈ શેઠના જેવા છે. વારુ ભાવો વાંચી જોઈએ શું લખ્યું છે. (વાંચે છે)

"સવનશ્રી અંડાવાડ મહાશુભસમાને પૂજાડાટે અનેક સડવે ઊપમાજોગ શા. મોટીચંડ પડભુડાસ એટાનશ્રી વડોડડેઠી લા૦ શા જૂલાભાઈ ગડગડડાસના જેગોપાડ વાંચજો, જટ અટે એમ કુસડ છે; ટમાડી એમાખુસાલીના કાગડ લખવા. બીજું લખવાકાડન એછે જે ચડનજીની આનકબાલનો એક ગુનવંટરાય કડીને ડોસડાક છે તેની સલાટી ચડનજીવી ભીડાલખમીની શોટ કડવાને માનસો મોકલટાં એ બાઈ શ્રીઅમરકંઠ માહાદેવની ભની ગોસઈ લોકના ઝંડમા હેમ એમ હોવાની ખબડ આવી સૂઝી છે ને ટેઠી ટેને ટેડવા સાડું પાછો આજને આજ ગાડી ટહા માનસો મોકલ્યા છે. રસ્ટો બહુજ લાંબો છે ટેઠી ધનુ કડીને અસાડ સુડમાં આવી પહોંચશે, પછી ટો પડમેસડની મડજી. પડમાટમાએ હાટ ઝાલીને પાછી આપી છે એ બહું ધપડાંનું પુન્ય છે. બીજું એ બાઈને ટાંહાં આગડ ડીકડો જનમ્યો છે ટે પન હેમ એમ છે. અસાડ મહીનો બેસટાં ટમો સાથ સડવેને ટેડી અહીં પઢારજો. રાલમાં ટો એજ લખવાનું. કામકાજ લખવું, જોઈટું કડટું મંગાવવું.

સંવટ ૧૯૩૧ના વઈશાખ સુદી ૬"

મણી—(કાગળ સાંભળી આનંદથી) શું શું શું. મારી હીરી જીવતીછે! શું આ કાગળ ખરેખરા છે! આહાહાહા!! હે સર્વેશ્વર! હે જગદીશ! તારી કૃતિનું શું વર્ણન કરૂં! આ મેં સાંભળ્યું તે બધું શું સાચું હશે! (હર્ષથી આંખમાં આંસુ ભરાઇ આવેછે.)

મોતી—(મણીગૌરને) સાંભળ્યું! ઇશ્વરની ગતિ કેવી ન્યારી છે! એ શું કરી નથી શકતો! આ છોકરીની આપણને જરાએ આશા હતી! જેમ ઉપરથી પડે એમ થયું કની! વળી વધારામાં ભાણાની બક્ષિસ કરી તે તો જૂદી. (ઉંચું જોઇને) હે કૃપાનિધાન દીનબંધુ તું કરે તે ખરૂં છે.

મણી—શું મારી હીરી ગોસાંઇના ઝંડમાં છે! હાય હાયરે બાપ!! એનાથી કેમ રહેવાતું હશે જે!

મોતી—એ તો ગમે તેમ હશે પણ પરમેશ્વરે પાછી મેળવી એજ ઘણું કહેની.

મણી—હા એ તો ખરૂંજ તો. (ગળગળી થઇ જઇને) હે ભકતવત્સલ કરૂણાનિધિ પ્રભુ! આજ હું રંક ઉપર તારીખરે ખરી રહેમ નજર દેખાયછે. મારૂં સર્વ ગયેલું આજ તેં પાછું આપ્યું. (બે હાથ જોડીને)

રહાય તેં કરી, ધન્ય શ્રીહરી
દીસે નજર તારી આજ નેહની ભરી. ૧
ધરિ ઉદારતા, મારૂં ભાગ્ય ભેળવ્યું
(જયમ) કૃપણે ગયેલું ધન પાછું મેળવ્યું. ૨
આહા! કૃપાનિધિ, ધન્ય આ ઘડી;
આંધળાને હાથ નાથ આપી લાકડી. ૩
બિરદ પાળીને, કષ્ટ કાપીયું;
ઊખડી ગયેલું ઘર પાછું સ્થાપિયું. ૪

સત્કાર્યનું પુણ્ય તે અર્પ્યું;
છુટેલું હતું તે વ્હાણ આવીને મળ્યું. ૫
આકળી કરી, તોડી બંધને,
લોચન ગયેલાં પાછાં આપ્યાં અંધને. ૬
હે મુરારી દુઃખ હારી, સુખકારી તું;
મુખડું બતાવ મારી પુત્રિ પ્યારીનું. ૭
થરરર થાય કાય જો, સંભારૂં વાતડી;
હશે કોણ જાણે એની કેવી જાતડી. ૮
કીધી જે દયા, તે નીભાવજે;
રાખી કુશળ ક્ષેમ, અહિં તેડી લાવજે. ૯
ગરીબ નીવાજ, લાજ રાખજે સદા;
આજ પછી બાપ, દૂર થઇશ ના કદા. ૧૦

મોતી—(મણીકોરને) આ કાગળનો જવાબ લખીશું કે?

મણી—એતો હવે બાપુએ લખાશે. આપણે અસાડ મહીનો બેસતાં તો જવુંજ છે કની. જે દહાડે જવાનું હોય તેના બે ચાર દહાડા આગમચ કાગળ લખી મોકલજો.

મોતી—ઠીક છે ત્યારે. હાલ તો કાલે એક માણસ મારી ઓળખનો વડોદરે જનાર છે તેની સાથે કાગળ પહોંચ્યાનો સંદેશો કહાવી મોકલુંછું.

મણી—ઠીકજ છે તો. ચાલો ત્યારે હું તો હવે નીચે જાઉંછું. આજ તો મને સવારનું અણગમતું થતું હતું તેથી હજુ સૂધી રસોઇનું પણ કાંઇ ઠેકાણું નથી. તમારે જરાવાર દુકાનમાં જઇ આવવું હોય તો જઇ આવો, હવે મને કાંઇ વાર લાગવાની નથી.

મોતી—હા ત્યારે એમ કરો. (મોતીચંદ દુકાને જાયછે ને મણીકોર રસોઇ વગેરેના કામમાં લાગે છે.)

પ્રવેશ ૧૨ મો.

હીરાલક્ષ્મી—મંજુલાલ તથા દીનોદ્ધાર સ્વામી.

સ્થળ—અમરકુંડ મહાદેવ.

હીરા—(એકલી મનમાં)બળયું આજ કેમ આટલું બધું અણગમતું થાયછે, જાણે કાંઇ સૂઝતુંજ નથી. જ્યારથી તીસમારખાં આવી ગયો છે ત્યારથીતો કોણ જાણે શુંએ થઇ ગયું છે. કદાસને હવે અહિંયાં ઝાઝા દહાડા રહેવું પડે તો શી વલે થાય? વારુ તીસમારખાને ગયે આજ કેટલા દહાડા થયા હશે? (ગણેછે)આજ બરોબર બે મહીના ને વીસ દહાડા થયા. એણે કહ્યું હતું એ પ્રમાણે હોય ત્યારે તો એક બે દિવસમાં અહિં પાછો આવવો જોઇએ; જુઓને એણે દોઢ મહીનાનો રસ્તો છે એવું આશરેથી કહ્યું હતું; ત્યારે જો દોઢ મહીને ઘર આગળ પહોંચ્યો હોય ને તરતજ બીજે દિવસે પાછો નીકળ્યો હોય તો તો બે ત્રણ દિવસમાં અહિં આવવો જોઇએ. પણ તરત પાછો શી રીતે આવે? એટલી કોને પડીછે કે તરતજ પાછો મોકલે. સાસૂજીના તથા સસરાજીના મનમાં મારા વિષે કેટલું છે તેતો હું જાણુંજ છું, તેથી એમના વિષેનો વિચાર મનમાં લાવવો તે તો કેવળ વ્યર્થ છે. જેને આટલે સુધી કરતાં દયા ન આવી તે હવે ફરી તપાસ શું કરવા જાય? ભલા હશે તો ફરી લગ્ન સુધાં પણ કર્યું હશે. (વળી વિચાર કરીને) અરે પણ જો એમ હોય તો શોધતો શોધતો તીસમારખાં અહિંસુધી ક્યાંથી આવી પહોંચ્યો? એના કહેવા પ્રમાણે જો કાંઇ વિવાહનો પ્રકાશ થયો હોય તો તો

આ વાત કાંઇક સંભવિત છે પણ ખરે, શું એઓ વિદ્યાભ્યાસ કરીને એટલા બધા પ્રવીણ થયા હશે ? આહાહા !! જો એમ હોય તો તો બાકી શું! કેવી ખુશીની વાત! મારી અવસ્થા કેવળ બદલાઇ જાય એમાં કાંઇ પણ શક નહિ. હે પ્રભુ, એ વખત તું ક્યારે દેખાડીશ? જે ઘડીમાં હું નિરાશ થઇ બેઠી તેજ ઘડીમાં આનંદની સાથે ફુરસદની વખતે સામા સામી બેસી મન ગમતો વાદ વિવાદ તથા હાસ્યવિનોદ કરીએ એથી બીજું શું વધારે જે ? મારૂં અંતઃકરણ અંદરથી ખુશીની નિશાની બતાવી આપે છે તેથી આશા પડે છે કે સર્વ શક્તિમાન ઇશ્વર મનની ઉમેદ બર આણી મારી સબૂરીનો બદલો વાળશેજ. લાવ આજ પેલાનું માથું ગુંથી લઉં. કદાપિ આજ કાલ પેલા લોકો આવી પહોંચશે તો રસ્તામાં પછી કાંઇ બનશે નહિ. અરરે! છોકરાંએ બિચારે શાં પાપ કર્યાં હશે કે આટલાં વર્ષ એને રણવગડામાં આકાશની છત્રી નીચે તથા પૃથ્વીની પથારી ઉપર એક તપસ્વીની માફક કહાડવાં પડ્યાં. બધી વાતે સારે સારૂં હોત ને આટલી ઉમર એની ઘર આગળ થઇ હોતતો આહાહા ! એના કેવા લાડ પાળ થાત ! પર આગળ શી વાતની ન્યૂનતા છે! હશે, જે થયું તે ખરૂં (મંજુલાબેનને વેગળે એક ઝાડ નીચે રમતો જોઇને) બહેના મંજુ, આમ આવ.

મંજુ—બા શું છે ? (આવે છે)

હીરા—આવ બા તારૂં માથું ગુંથું. (ખોળામાં બેસારી માથું ગુંથે છે)

મંજુ—બા આજ કેમ તું અહિંઆં એકલી બેઠી રહી

છું ? બાપજી પાસે લીંડને.

હીરા—તને બાપજી પાસે બહુ ગમે છે બહું ? પણ હવે બાપજી વિના શું કરશો ? આજ કાલ તારા બાપની તરફથી તેડાં આવશે ને જવું પડશે ત્યારે ?

મંજુ—બા બાપ કિયા તે ?

હીરા—(છોકરાનું આવું બોલવું સાંભળીને હૃદય ભરાઈ આવ્યાથી) ખરૂં કહે છે બાપુ, તને શાની ખબર? બાપનું કાંઈ સુખ દીઠું હોય ત્યારે ક્યાંથી !

મંજુ—હેં બા, એ કોણ છે? ક્યાં રહે છે? અને શું કામે ત્યાં જવું પડશે ? આપણી સાથે બાપજી આવશે કે નહિ ?

હીરા—ના બેટા, બાપજી તો નહિ આવે, પણ એમની કૃપાથી હવે તારે માટે સુખના દહાડા નજીક આવ્યા છે. બાપુડા, તારી નાની અવસ્થામાં પણ તેં બહુ દુઃખ વેઠ્યું છે; ઘરેણું કે સારૂં લુગડું હજુ તારે શરીરે અડક્યું પણ નથી. (વાત્સલ્ય ભાવથી) તેના માથા ઉપર હાથ ફેરવી છાતી સાથે ચાંપે છે.)

મંજુ—બા, તું કહે છે એ બાપને ઘેર મને લુગડાં ઘરેણું મળે છે ?

હીરા—હા ભાઈ, હું સાચું કહું છું એમાં પ્રભુને કર્તવ્ય હશે તો તો મળી જશે માટે જે નહિ થાય તે ઓછું છે. પણ બેટા, આજે તું બાપજી પાસે ભણવા કેમ બેઠો નથી ? ને તું આમ તેમ વગર લીધે દોડતો ફરે છે પણ ગાડ ઝાંખરામાંથી કાંઈ કરડી ખાશે ત્યારે ?

મંજુ—ના બા. રમવા તો હમણાંજ ગયો તો. સવારનો બાપજીએ એમની પાસે બેસાડી મૂક્યો હતો. આજ તો મેં પાંચ કક્કો લખ્યો હતો ને બાપજીએ કહ્યું

કે કાબથી તને બીજું કાંઇ શીખવાડાશું, એવું કહીને એ નદીએ નહાવા ગયા ત્યારે હું પને રમવા ગયો હતો.

હીરા—વારુ બેટા, પણ આજું રમીએ નહિ હો. (દીનોદ્ધારસ્વામીને આવતા દેખીને) જો પેલા બાપજી આવ્યા.

દીનો—(નજીક આવીને) કયોં બાઇ. આજ કુન મા બેઠા બાતેં કરતે હો?

હીરા—કૃપાનાથ, એ સર્વ આપની કૃપાનોજ પ્રતાપ છે કની. વાતો કરતાં હઇ શું તે પણ એજ વિષેની હશે. અહિયાં શી ઘર જંજાળ વળગી છે કે બીજી વાતો હોય?

દીનો—હાં, એોતો ઠીકહે; પરંતુ અબ ઘરજંજાળમી લગેગીસ્તો. (એકદમ ખમચાઇને) કયોં બેટા; તેરે વહાંસે એો જમાદાર આયાથા ઉસ બાતકું આજ ફીતને રોજ ભયે ભલા! મેં જનનતા હું કે એો લોક અબ થોડે દીનમેં યહાં આપહોંચેંગે, તુમ તૈયારી કર રખના.

હીરા—સ્વામીની આજ્ઞા હશે તો મારે બીજી શી તૈયારી કરવાની છે; પણ આપ કહોછો તેમ બનવાનું કયાં રસ્તામાં પડયું છે?

દીનો—નહિ, નહિ: અબતો ગુરૂકી મરજી એસીહી દીખતી હે.

હીરા—તથાસ્તુ મહારાજ બાપજી, બધું તો ઠીક છે પણ આપના સમાગમનો લાભ મને ફરી ફરીને મળવાનો નથી, આ વાત જ્યારે યાદ કરૂંછું ત્યારે એક બાજુએ જેટલો હર્ષ પામુંછું તેટલોજ બીજી બીજી બાજુએ મનમાં પરિતાપ થાય છે.

દીનો—કુછ ફિકર નહિ બેટા, સબ જગે ગુરૂકી કૃપા હે. તું આપની નીતિસેં અબકે પતિવ્રતાપનેકું અચ્છી તરાંહસે સંભાલના, એહિ તેરા સંત સમાગમ હે; તુમ ભી જાતીકું એ બાત બહોત મહત્ત્વવાન હે. સ્નાન ધ્યાન, દેવ દર્શન, સબ તુમારેકું ધરમે-હી હે.

હીરા—અરે બાપજી આવાં હિતનાં વચન ત્યાં મને કોણ કહેનાર છે. કદાપિ જવાનું ઠરશે તો ફરીથી આ-પના દર્શનાને ક્યારે પામીશ?

દીનો—ગુરૂકી મરજી હોયગી તો કોઇ દીન મીલિંગે, અબ તો મેરીભી ઇચ્છા વહાંસેં મુકામ ઉઠાનેકી હે; ક્યોં કે ઇસ જગેપર આનેકું બહોત રોજ હો ગયે અબતો બદ્રિકેદારેશ્વરકે તરફ જાનેકા ધરાદા હે ઓર થોડા મુદત વહાં રેહે કર ફીર દુસરી તરફ જાવેંગા. એક જગેપર બહોત રોજ રહેના મેરેકું દુરસ્ત નહી લગતા, ઓર હમારે માર્ગમેં ભી એસાહી કહાહે. યહાં તો ફક્ત તેરે વાસ્તે ઇતને રોજ ઠેર ગયા હમારે સંગમેં તું ભલી ભી કુસી બટકેગી. ક્યોં કે હમભી અબ તુમારે ગયે પીછે મુકામ ઉઠાઇંગે.

હીરા—ખરૂં છે બાપજી, પણ આપ હવે નિત્ય નિયમનું અટોપી લો તો ઠીક; કેમકે પ્રસાદનું તૈયાર છે ને પેલા કુંભારનો બુમા પાડે છે.

દીનો—અરે! અરે! ઉસકું ક્યોં નહિ દીયા? એસી આડ-ખીલી નહી રખના; એ તો ભીચારા બાલાસબા અખંડાનંદ હે. ઉસકી તો કુછ બાતકી ફીક-ર નહિ.

હીરા—એ તો ખરૂં પણ આજે તો આપે હજુ ઇશ્વર પ્રા-ર્થના પણ કરી નથી, એટલે શી રીત અપાય?

દાનો—નહીં નહીં એસા નહીં કરના. અબી અબી મેં જા-
કે મહિલ પ્રાર્થના કરતા હું.

હીરા—બહુ સારૂં (મહારાજને માટે થાળ મોકલી પોતે પોતાના રસોઇખાનામાં જમવા બેસેછે.)

પ્રવેશ ૧૩ મો*

તીસમારખાં—મરદાનખાં—હાથીજી—બાથીજી—વાઘભાઇ વગેરે સિપાઇઓ તથા પછીથી હીરાલક્ષ્મી—મંજુલાલ—દીનોદ્ધાર સ્વામી વગેરે ગોસાંઇઓ.

સ્થળ—અમરકુંડના સ્થળ લગતી ઝાડી.

મરદા—(જમાદારને) અજી જમાદાર સાહેબ, તુમને એ જગા કહાંસે ઢુંઢ નીકાલી હે? કુછ પીછે જાનેકી ઉમેદ હે કે યાંહિ રહેના હે? આજ કીતને રોજસેં ચલ ચલ કરતે હેં તોભી કુછ ઠીકાના તો હેં નહિ, ઉલટે દીનબદીન બિકટ જગેમેં આતે જાતે હેં; ઓર કયા માલૂમ કે આગે ઇસસેંભી કેસા હોયગા. હમતો જાઇંગે પિછે. નોકરી સાલી જહાનમમેં ગઇ, કોઇ વાઘ બાઘ માર ડાલે તો હુવા; હમતો પિછે કુમાએ.

હાથી—ખરૂં સેં. આતે રયમ હેકાય? આજ આઠ દીયા આ ઝાંખરાંમાંજ હેડ હેડ કરીએ સીએ. આતે કેવી જાયગા?

બાથી—ઓ ટ્યો—ટ્યો—ટ્યો—!! અલ્યા હાથીજી આમતો જો, વાંહજ વાંહ: ને આ મોટાં ઝુંગાતો જો. મારે ચીચોડ માંહ્યથી ભુખવાડો કરતોકને નેકળી આવશે કની તો ચોચાકને ખાયડીજ ખાશે.

માધભાઈ—અરે બાપોડ પેલી આ તો જો. આ પેલી ગેગડાની અમુઓ જોઈ? જરા આગળતો હેઠો, હવડાં સામકું સપડ સપડ બોલશે. આવું જાણત તો આપણ તો કદીએ ના આવત; નોકરી જઈ ખાડમાં.

તીસ—અરે ભાઈ કયું ગભરાતે હો, અબ બહોત દૂર નહિ જાનેકા; લગભગતો આએ હો ફીર કયું ચિલ્લાતે હો? અપની તો ઠીક હે કે સબ જને સાંથમેં હે, હમ અકિલે કીસતરેં આએ હોઈંગે? સિપાહગીરી કરનેકું આએહેં; એ કહેતા હે કે બાઘ મારેગા, ઔર એ બોલતા હે કે ચોર આયગા. જાઓ તુમારે પિછે જાના હોય તો; હમ અકિલે આઈંગે.

વાઘ—અરે મારા ભાઈ વાઘને તે કુણ પુસેસેં; બાવોને એકજ ઝટકે ટચકાવી પાડું.

બાથા—ગાગ સીઆ ચોર તે કેના દીઅગ? હોને તો એકે બાલોડે ઉભા વેંધું, પણ આતો વાત કહું શું.

તીસ—હુવા હુવા એતો; સબ માલૂમ હુવા. યસો દેખો એ સામને દેવળકી ટોચ દીખતી હે વહાં જાનેકા હે. આગતો દૂર નહિ.

હાથી—અરે એ તો લીધું લબડ ધકડે.હવે વાર શી?

(સર્વ જણા પડાવની નજીક જઇ પહોંચ્યે છે)

હાથી—(ઘણા ગોસાંઇઓ જોઇને) આગડ બેં બેં બેં બેં!! એટલા બધા નાગડા પડ્યા સે ભાઇ? અલ્યા બાપા, જો તો ખરો. બાથી (આગુ પાગુ જોઇને) ઓહોહો!! આખું ઝંડને ઝંડસેંને હું.

મરઘન—કયા ઇસમેંહિ અપને માણેકલાલભાઇકી બહુ હે?

તીસ—હા એસેમેં આપડી હે.

મર—હા અચ્છા! બિચારી કેસી રહેતી હોગી! ભલા કહાં હે વો?

તીસ—યહાંસે નહિ દીખેગી. તુમ સબ એ ઝાડકે નીચે ઠેર જાઓ, મેં આગે જાતા હું. (એકલો અગાડી જાય છે.)

૧લો ગુંસાઇ—એ મીયાં તુમ હમારે લોકકી મુની કે બીચમેં છોડકે કેસે ચલે જાતે હો?

તીસ—મહારાજ હમ કામકું આયે હે.

૨જો ગુ—ભલા તુમ હમારી હીરાબાઇકું બુલાનેકું આને વાલે થે ઉસ કામકું કે હો કે ક્યા?

તીસ—હાં મહારાજ.

૧લો ગુ—તબ તો જાઓ. ઓ બડકે નીચે હમારે સ્વામી ઓર હીરાબાઇ બેઠે હેં. (ઊભા થઇ હાથવતી બતાવે છે.)

તીસ—હાં દેખા, અબતો જાઉંગા. (વડ તરફ જતાં દૂરથી હીરાંને જોઇને) બીબી સાહેબી જનાબમેં હાજર હું.

હીરા—(પાછળ જોઇને) ઓહો તીસમારખાં તો આવી પહોંચ્યા ને શું!! (સ્વામીને) કૃપાનાથ, આપનું વચન સત્ય છે.

દીનો—સબ ગુરૂકી કૃપા હે. (તીસમારખાં નજીક આવ્યો એટલે) આવ મીયાં, આ પહોંચે? અચ્છે હો?

તીસ—(સલામ કરીને) મહારાજકા હૂકમ હુવા તો હાજર હુવા.

દીનો—અચ્છા અચ્છા. (હીરાલક્ષ્મીને) જાઓ બેટા એ લોકકું સલામ કરવાવ ઓર ખાને પીનેકા બંદોબસ્ત કરો.

હીરા—જેવી આજ્ઞા. (તીસમારખાંને એક ઝાડ બતાવી

તેની નીચે મુકામ કરવા કહ્યાથી સર્વે જણા ત્યાં પડાવ કરી રાંધી ખાવાની મિસલ કરે છે ને હીરાલક્ષ્મી તથા તીસમારખાં ખડા સ્વામી પાસે જઇને બેસે છે.)

તીસ—(સ્વામીને) મહારાજ, અબતો હમારે બાબી સાહેબકુ બિલા લીજીએ; વહાં સબ બાનીકે માફક રાહ દેખ રહેં હે. ઓર દુસરી બાત એ હે કે બારસકે દીન સીરપર આએ ઔર બનેકા માબલા બિકટ હે ઉસલીએ જલદી જો પહોંચે તો અચ્છી બાત હે. હુકુમ હોવે તો બડી ફજરમેં ચલે.

દીનો—હમારે તરફસેં કુછ બિલંબ નહિ હે.

તીસ—વાહ મહારાજ, તબ તો બહોત અચ્છી બાત હે.

દીનો—(હીરાલક્ષ્મીને) જાઓ બેટા, અબ તુમભી સો રહો. પ્રાતઃકાલમેં જલદી ઉઠના પડેગા.

હીરા—હા મહારાજ, (જાય છે ને તીસમારખાંને પોતાની પથારીથી આગળ આવવા કહે છે.)

તીસ—(હીરાલક્ષ્મી પાસે જઇને) કયોં સાહેબ કયા હુકુમ?

હીરા—કહો, ત્યાંના સમાચાર કેવી રીત છે?

તીસ—અબ તો મેં ખુદાકી કસમ ખાકે કહેતા હું કે હમારે બાઇસાહેબકું મિલનેકી એસી આપકે દિલમેં ફિતલાગી હે ઉસસેં કુછ ઉનકે મનમેં કમતી નહિ હે. અબતો જહાં ત્યાંસે જલદી પહોંચ જાના ચાહીએ. ગાડી તો આગે એક શહેર આતા હે વહાં રખી હે.

હીરા—પણ વારૂ મને ત્યાં બધાં સંભારેછે ખરાં!

તીસ—અરે કયા કહું! (કાગળ યાદ આવ્યાથી) અરે સાહેબ મેં તો ગડબડમેં ભૂલ ગયા; લીજીએ એ કાગજ હમારે બાઇસાહેબને દીયાહે સો આપ બાં-

ચીજ. મેં તો આપ જાતા હું પથારીપર; રાતની ગઇ હે ઔર આજ તો થકની બહોત લગાવે. (કાગળ આપેછે.)

હીરા—હા જાઓ. હું પણ હવે કાગળ વાંચીને સુઇ રહીશ.

(તીસમારખાં જાયછેને હીરાલક્ષ્મી કાગળ વાંચેછે).

“પ્રાણવલ્લભા.

“તારા આવેલા પત્રના જવાબમાં લખવાને મને કોઇ પણ શબ્દો જડતા નથી. મનોઅંગથી લખવાને કલમ હાથમાં ઝાલું છું પણ તુર્તજ મારી કરેલી કરણી યાદ આવી જવાથી હાથ ધ્રૂજવા લાગે છે. અરેરે! સર્વેશ્વરે મને તારા રૂપી અમૂલ્ય રત્નની વગર માગે બક્ષિસ આપેલી તેની મારાથી તે બીલકુલ જાળવી શકાયું નહિ; નહિ તો નહિ પણ તેને ફેંકી દેતાં સુધી પણ પાછો હઠયો નથી. પરંતુ આહાહા! પ્રભુ કેવો દયાળુ છે! મારા અપરાધ જરા પણ મનમાં ન લાવતાં હમેશાંને માટે ખોવાઇ ગએલી વસ્તુ પાછી આપી.

સોરઠા છંદ.

પરમ પ્રિયે મુજ પ્રાણ, દીલડાના દિલદારતું,
ઇશે કરી પ્રમાણ, ખોયું પાછું આપિયું. ૧
ધનધન ગુણિયલનાર, કુળ દીપાવ્યું તેં ખરૂં,
મારી પ્રાણાધાર, દુઃખ વેઠયું તેં દોહલું. ૨
પરમ પૂજ્ય શુભ ધામ, અમરકંઠ મહાદેવ જ્યાં,
વાસ કર્યો તે ઠામ, હારે મારી પ્યારિતેં. ૩
સબર સબર કર ત્યાંહ, થાનારૂં તે તો થયું,
રાખું નયણાં માંહ, કરી આંખની પૂતળી. ૪

હે પ્રિયે! આટલા દિવસ સુધી તેં તારા કોમળ હૃદય-

બે વર્ષ કરતાં પણ કઠિણ કરી સમૂળી પકડી તો હવે ઘણીજ ટૂંકી મુદતને માટે પણ પકડવી જોઇએ. પ્યારી! જ્યારથી તું સુખરૂપ હોવાના મને સમાચાર મળ્યા છે ત્યારથી મારૂં મન મારા સ્વાધીનમાં નથી, હું જાણું છું કે તેંજ આકર્ષણ કરીને તારા તરફ ખેંચી લીધું છે.

રાગ ગરબી.

ચતુરા તું ઘેલડાની ઝિબારેરે, લીધું છે મારૂં મનડું હરીને. ચતુરા ટેક

વાંચ્યું જે પત્રજ તારૂં, મનડું ભરાયું મારૂં;
તારની તો રહેતી નથી ધીરરે, ગુણવંતિ તારા વિયોગે કરીને. ચતુરા ૧

બાંધ્યો મને પ્રેમને પાશે,[1] કહાડું દીન આશે આશે
વીકળતા વ્યાપી અંગો અંગરે, હું ક્યારે નીરખું નયણાં ભરીને. ચતુરા ૨

જોઇ નહિં સારી નઠારી, ફીકી પણ વાંકે ભારી[2]
વીત્યું ત્યારે આવ્યું મને ભાનરે, હવે તો કેમ બેસું હું ઠરીને. ચતુરા ૩

દુષ્ટોએ તો વિયોગ પાડ્યા, દાડા ઘણા દુઃખમાં કાઢ્યા;
આજલગી જોયું નથી કાંઇ સુખરે, સગુણી તેં તો મુજને વરીને. ચતુરા ૪

જેવી ગતી ત્યાં છે તારી, તેવી અહિં જાણજે મારી
દીન થઇ માગું પ્રભુ પાસરે, દેખાડે નહિં આવું તો ફરીને. ચતુરા ૫

મોકલ્યું તેડવા માટે, આવજે સંભાળી વાટે;
લાગોને દોહજો એછે પંથરે, રહ્યો છું હું તો મનમાં ઠરીને. ચતુરા ૬

---

૧ ફાંસી—૨ ભુલી

ન્હાનું છે બાળક પાસે, તેથી આમ મનમાં ત્રાસે;
કરજે એની તો સંભાળરે, કહેલું મારૂં દીલમાં ધરીને.
ચતુરા ૭
થયું જે હતું થનારૂં, હવે તો ફુટયું ભારૂં*
ડુબેલો હું નીકળી આવ્યો બાહારરે, દુખડાનો મોટો
દરીયો તરીને. ચતુરા ૮
હવેથી તો જોડે રહીશું, સુખ દુઃખ સરખું સહીશું;
કરી છે કૃપા દીનાનાથરે, થયું છે મારૂં કારજ સરીને. ૯

છપય છંદ.

વિનતા સાચું માન, ધ્યાન લાગ્યું છે તારૂં,
કોઇ વાતમાં ચિત્ત, જરા પણ ન ઠરે મારૂં;
રાત દીવસ પરિતાપ, આપ તેનું નવ થાએ,
પલક પલક યુગ થાય, હાય કરતાં વહિ જાએ;
સઉ સાચું કહુછું સુંદરી. સાક્ષી શ્રી જુગદીશછે,
સુખ રૂપ તમોને દેખવા, અંતરની આશીશછે. ૧

હે પ્રાણ પ્યારી ! આ વખત મને જ્યાદે લખવાની કાંઇ સૂઝ પડતી નથી. હવે તો મનનો ખુલાસો રૂબરૂ મળેથી થશે. વધારામાં એટલુંજ લખુંછું કે મારી હાલની અવસ્થા વિષે તારા મનને જો કાંઇ લાગતું હોય તો એક પળનો પણ અવકાશ ન કરતાં જેમ બને તેમ જલદીથી આવી પોહોચી તારો ખુશનુમાં ચહેરો બતાવવો. લા૦

મુ૦ વડોદરા. } તને મળવાને અધીરો થઇ રહેલો
વૈશાખસુદી ૬ સ. ૧૯૩૧ } માણકલાલનો આશીર્વાદ."

હીરા—(કાગળ વાચી રહીને મનમાં) શું ખચિત આ પત્ર પ્રાણપતિના હાથનુંજ હશે! આહાહા!! શું અક્ષ-

* —રસ્તો.

રનો મરોડ! શું લખવાની ઢબ! અને વળી તે સાથે મારા ઉપર કેટલી પ્રીતિ બતાવેલી જણાય છે! એમાંનો દરેક શબ્દ મારા કાળજાની પાર પડી જાય છે. આહા! જો એમજ હશે તો હવે મને શી વાતની ન્યૂનતા રહી? મારા જેવી ભાગ્યશાળી બીજી થોડીજ હશે. હે પ્રભુ! હે દીનાનાથ! હવે તું કેમ વાર લગાડે છે! પાંખો આપ કે અત્યારે ને અત્યારે ઊડીને જાઉં. આહા! જે વખત મારી ને એમની આંખે આંખ મળશે તે વખતનો દેખાવ કેવો થઈ રહેશે! શું એ અવસરનો પ્રેમ ઊછાળો મારા હૃદયમાં સમાઈ શકશે? (અત્યાનંદમાં મગ્ન થઈ જવાથી એ ભાન સરખી બની જાય છે તથા).

સોરઠા છંદ.

સુઘડ સજ્જન દિલદાર, શા માટે બોલે નહી
કીધો અનહદ પ્યાર, તો રહો છો શું વેગળા? ૧

(એમ કહી એકદમ ભેટવા જાય છે એટલામાં ભાન આવ્યાથી)

અરે! અરે! આ મને શું થયું? મળવાની મનમાં કેટલી આતુરતાથઇછે! પણ હજુતો ક્યાં મળવાને વચમાં ઘણા દહાડા જોઇએ. ચાલ રામ હવેતો જઇને સૂઇ રહું, જરા આંખ મળે તો ઠીક થાય નીકર જાગીશ ત્યાંસૂધી તો ઊલટો જીવ વધારે ભ્રમણતામાં ચડતો જશે. (પથારી તરફ જાય છે પણ વળી પત્ર સાંભરી આવ્યાથી) લાવ એક વાર ફરીથી કાગળ વાંચી જોઉં. મને નથી સંભવતું કે આ પત્ર પોતેજ સ્વહસ્તે લખી મનના ભાવ જણાવ્યા હોય; કેમકે પ્રથમનો પત્ર હજુ પણ મને સાંભરે છે. ઓહોહો!! તેમાં ને આમાં કેટલો તફાવત! (પ્રથમના

પત્રમાંનો દોહરો મ્હોડે હોવાથી બોલી જાય છે.)

કાગળ જે તમારો, હતો બહુ મોઘો, તેનું તો ન આવડે પણ તમે બહુ વ્હાલાં છો. (મનમાં હસી જ-ઇને) પણ આહા! આ કાગળના એથા સોરઠામાં એગણે શું મારા ઉપર ભાવ જણાવ્યો છે! (મ્હોડે થઇ ગયો છે તેથી બોલી જાયછે.)

સબૂર સબર કર ત્યાંહ, થાનારૂ તેતો થયું; રાખું ન-યણાં માંહ્ય, કરી આંખની પૂતળી. ભલા ભગવાન! શી તારી ગતિ અકળ છે! તું ધારે તો જળને ઠે-કાણે સ્થળ ને સ્થળને ઠેકાણે જળ, તેમજ તર-ણાનો મેરૂ ને મેરૂનું તરણું કરી નાખે એમાં કાંઇજ શક નથી- ચાલો ઠીક છે, હવે જે હશે તે જણાશે. (સૂઇ જાય છે ને સવાર થતાં દીનોદ્ધાર સ્વામીની રજા લેઇ વિદાય થાયછે.)

પ્રવેશ ૧૪ મો.

બુલાભાઇ—ખૂળીવહુ—મોકુભાઇ—ગુણવંતરાય ને પોસ્ટનો સિપાઇ.

સ્થળ—શેઠનું ઘર.

બુલા—(ખૂળીવહુને) સાંભળ્યું? હવે પેલા લોકો પને પ-હોંચી તો ગયા હશે ખરૂં વારૂ?

ખૂળી—કોણ જાણે શી ખબર પડે. પણ હવે તો પહોં-ચ્યાજ હશે તો. દહાડા તો બહુ થયા. હું જાણું છું જે યાત્રાએ ગયા હશે; પછીતો પરમેશ્વર જાણે બળ્યું હવે તો મારો જીવ અધીરો થઇ ગયો છે તો. કોણ જાણે મારી બહુ દેવીઓ હશે. હાય!! આટલાં વરસ એણે જંગલમાં કાંમ કરીને કહા-

ડયા હશે! બાગુ તો બધુંએ ઠીક છે પણ મને છોકરો બહુ હાંભેર હાંભર થાય છે. એ બચારું ફૂલ, એનાથી કેમ રહેવાય!

જૂઠા—હા એ તો ખરું; પન એટલો પડમેસડનો પાડ માનને કે જીવતાં પાછાં મળ્યાં. બાકી આપડે તો વહુ ગયઠીજ કની?

ધૂળી—અરે પરમેશ્વરે તો હાથે ઝાલીનેજ આપ્યાં ને શું. (બહારથી અવાજ આવે છે). જૂઠાભાઈ શેઠ છે કે ઘરમે?

જૂઠા—(ધૂળીવહુને) જુઓને બાડીએ; કોન હાંક મારેછે?

ધૂળી—(બારીએ જોઈને) એતો ડાગના કાગળ વાળો શપાઈ છે. જોયામાં મોતીસાનો કાગળ આવ્યો ખરો. (સિપાઈને) ભાઈ ઉપર આવો.

સિપા—(મેડા ઉપર આવીને) શેઠજી, એ તુમારા કાગજ હે. (આપીને જાય છે.)

જૂઠા—(કાગળ ઉપરનું શિરનામું વાંચીને) હા એજ, મોટીચંડનો. અખસડ ઓડખ્યા ટો (વાંચે છે).

"સ્વસ્તિ શ્રી વડોદરા મહાશુભસ્થાને પૂજ્યારાધ્ય અનેક સરવે ઉપમા જોગ શેઠશ્રી પાંચ, શા. જૂઠાભાઈ ગગડદાસ. એતાનશ્રી અમદાવાદથી લા૰ શા. મોતીચંદ પરભુદાસના જેજેપાળ વાંચવા. જત અત્રે ક્ષેમ કુશળ છે, તમારી ખુશાલીનો ખુશી ભરેલો કાગળ આવ્યો હતો તે વાંચી સમાચાર જાણ્યા છે. અમારી હીરાલક્ષ્મીને તમારા પુન્ય પ્રતાપે કરીને પરમેશ્વરે જીવતી રાખી એ સમાચાર જાણીને અમને બહુજ આનંદ થયો છે. અમારે તો આંધળાને આંખ મળ્યા બરાબર છે. એના વિયો-

થી એની આગી કેવી અવસ્થા થઇ ગઇ હતી તે તો આપ જાણોજ છો. પરમેશ્વરે એને હાથે ઝાલી નવે અવતાર આપી છે એ સર્વે રૂડાં થાનાં થયાં છે. અમો તથા એની મા વગેરે સર્વે એની આગી પહોંચવાની સંધિમાં આવીશું તે જાણવું. શ્રી. માણેકલાલને મારો આશીર્વાદ કહેવો ને એમની સાસૂએ પણ ઘણું કરીને બોલાવ્યા છે. ઘરમાંથી હીરાલક્ષ્મીની સાસૂને જેશ્રીકૃષ્ણ કહ્યા છે. એજ વિનંતી કામકાજ લખવું, જોઇતુ કરવું મંગાવવું. સંવત ૧૯૩૧ના જેઠ વદી ૧૪ ગુરૂવાર,

બુલા—(કાગળ વાંચી રહીને) ચાલો એ પન હવે આઠ ડસ ડાહાડામાં આવશે ખડા.

ચૂળી—શા માટે ના આવે, એ બાપડાંને આંધળાની લાકડીના જેવું છે; અને ખરૂંજ છે કે પોતાનાં છોકરાં કરતાં શું વધારે છે! ખરે, હું અમદાવાદ ગઇ હતી તારે મણીકોરને દીઠી હતી; તે એવી તો હુકાઇને લાકડા જેવી થઇ ગઇ છે.

બુલા—હોયસ્ટો, કહેવામાં છોકડી પન એમને મન ટો છોકડા કડટાં પન વઢાડે હટી. (ગુણવંતરાયને આવતો દેખીને) પેલા બાઇના ભાઇબંધ આવ્યા, એ બાપરો બહુ ખુશી થાયછે હો.

ચૂળી—થાયસ્તો. ભાઇબંધ છે કની! પણ બહુ હારો આદમી હો. આપણા વાળો બધી એની કરેલો બૂઝ્યો તે એના વડે; બાકી આજ લગણમાં તો વાત હાથથી ગઇ હોત. (ગુણવંતરાય આવેછે તેને) આવો ભાઇ, આજ કેમ હવારના જણાયા નથી? આજ તો પેલા કંઇ બાહેર જવાનો હતો તે પણ તમારા વના ગયો નથી.

ગુણ—ના આજ મને જરા અડચણ હતી માટે ના આવી શકાયું. ભાઈ ઉપર છે?

ધૂળી—હા જાઓ. (ગુણવંતરાય મેડી ઉપર જાયછે.)

ગુણ—(મોહનને વિચારમાં પડેલો જોઈને) કેમભાઈ શા વિચાર થાયછે?

મોહન—(ચમકીને) આવો ભાઈ; હવે તો વિચાર તમે જાણોજ છો તો. પેલા લોકોના કાંઈ સમાચાર જણાયા નથી. વારૂ હવે તો એ પાછા વળ્યા હશે કે નહિવારૂ?

ગુણ—(દહાડા ગણીને)હા. હું તો કહુંછું પાછા તો શું પણ થોડીકજ મજલ ઉપર હશે ને પાંચ સાત રોજમાં આવશે. પણ તેમાં તમે આટલા બધા વિચારમાં કેમ પડયાછો?

મોહન—ના ભાઈ એટલા વાસ્તે તો કાંઈ નહિ. આજ જરા મારો વિચાર ગુલાબ બાગમાં હવા ખાવા જવાનો થાયછે. હમણાંનું તો ઘરમાંએ ગમતું નથી તો. કેમ આપ આવશો કે નહિ? સાંજુકો પહોર છે અને ઝરમર ઝરમર વરસાદ પણ આવી રહ્યોછે. ઘડીવાર જંગલની તથા લીલોતરીની મઝા જોતાં આવતા રહીશું. જુઓને વાદળ કેવું ઘટાટોપ થઈ રહ્યુંછે.

ગુણ—હા, મઝા તો છે પણ વધારે વરસાદ આવશે ત્યારે?

મોહન—આપણી બગી ડબાવાળી છે એટલે શી હરકત છે? ભારે મેઘ પડે તોપણ આપણને છાંટો અડનાર નથી. વારૂ જુઓ તો ખરા, આ રૂતુમાં તો જંગલમાં ફરવાની મઝા છે. ઘડીવાર બાહારના બંગલામાં બેશીશું ને મઝા જોઈ આવતા રહીશું.

ગુણ—હા ચાલો ત્યારે, અમારી કયાં ના છે. (બન્ને જાણ જાયછે.)

માકુ—(થોડી વાર બાગમાં આમ તેમ ફર્યા પછી) કેમ ગુણવંતભાઇ, કેવી મઝાછે! આપણે તે દહાડે આવ્યા હતા તેમાં ને આજમાં કાંઇ તફાવત માલુમ પડેછે કે?

ગુણ—ઓહોહોહો!! એમાં શું કહેવું! અસમાન જમીનનો ફેર. ને આ તો ચોમાસાનીજ શરૂઆત છે કની! આ દહાડા તો ઝાડ, પાન, ફળ, ફૂલને પ્રફુલ્લિત કરનારજ કહેવાયછે. જુઓને જમીનની પણ શોભા કેવી દેખાયછે! જાણે લીલા રંગનો દોશલો ઓઢી લીધો હોય એમ નાના નાના છોડવા તથા ઘાસ પાલાથી ગરકાવ થઇ રહી છે. આપણે જેમ ગમત કરવા બહાર નીકળી પડ્યા છીએ તેમ એ પણ જુઓને પેલાં પક્ષીઓ પાસે કેવી ગમત કરાવેછે! આમતો જુઓ, કેટલાં બધાં પક્ષીઓ! કેટલાંક કૂદેછે, કેટલાંક નાચેછે, કેટલાંક ગાન તાન કરી રહ્યાંછે, ને વળી કેટલાંક તો ઝાડોની ટોચ ઉપર ચઢીને આમથી તેમ ફૂદકા મારી બજાણીઆની પેઠે કેવી રમત કરી રહ્યાંછે! વળી આણી તરફ જુઓ, આ નાની તળાવડીમાં નવું પાણી આવ્યુંછે તે હમણાંથીજ કેવું રળિયામણું દેખાયછે! જ્યારે પૂરી ભરાશે ત્યારે તો એની રચના જોવા જેવી થઇ પડશે.(વાતો કરતા બંગલાગાં જઇ રસ્તા ઉપર છજામાં બેસેછે.)

માકુ—(જંગલ તરફ હાથ બતાવીને) ભાઇ, પેલા ખેડૂતો હળ હાંકીને આવેછે તેમને ખેતી કરતાં આટલો શ્રમ પડેછે તથાપિ આ દિવસોમાં કેવા આનંદી દેખાય છે! જુઓ પેલો ખેડુ કેવો મહાલતો આવેછે! અને વળી મ્હોડે દુહા ફટકારી રહ્યો છે. ભાઇ

મને તો આ દહાડામાં બહારની મઝા લેવી બહુ ગમેછે. વારૂ આવતે રવિવારે આવશો? જો મરજી હોય તો રસોઇનો મેળ પણ અહિંજ રાખીએ. સવારમાં ઘર આગળ થોડી થોડી હાજરી કરીશું ને સાંઝનું અહિંઆં થશે, ને તમારાં ભાભીસાહેબને પણ તેડતા આવજો. કેમ ઠીક કની!

ગુણ—ઘણી સારી વાત છે, પણ એમનું તો અહિંયાં શું કામ છે? આપણે એકલા આવીશું.

માકુ—નાના, એમ તે થાય? આપણા બે સિવાય અહિંયાં બીજું કોણ આવનાર છે જે હરકત પડશે? આપણે કાંઇ બીજાઓની પેઠે જયાફત મિજમાની થોડીજ કરીએ છીએ. આતો ભલા બે ઘડી ગમત છે, ને એ બહાને બહાર નીકળાશે. જુઓ શું કહુંછું? જરૂર લાવજો હો મારો તો એમને પડદો છેજ નહિ, ને બીજાં તો ચાકર માણસ હશે તે તો આપણા ઘરનાંજ છે એટલે કોઇ વાતે હરકત પડે તેવું નથી. માટે જરૂર લાવજો.

ગુણ—ઠીકછે, પણ હવે આપણે ચાલવું જોઇએ; છેક અંધારૂં થવા આવ્યુંછે ને વરસાદ પણ કડકડી રહ્યોછે.

માકુ—હા ચાલો. (બંને જણ પોત પોતાને ઘેર આવેછે.)

પ્રવેશ ૧૫મો.

મોહુભાઈ—ગુણવંતરાય—ગોકળીઓ મનસુખરામ
તથા પાછળથી હીરાલક્ષ્મી, મંજુલાલ
અને તીસમારખાં વગેરે.

સ્થળ—શેઠનું ઘર તથા પછીથી ગુલાબબાગ.

ગોકુ—(મોહુભાઈને)ભાઈ આપના કહ્યા પ્રમાણે બાગમાં તમામ સામાન પહોંચાડ્યો, અને મનસુખરામ પાસે રસોઈ પણ ચાલતી કરાવીછે. શીખંડ માટે મણ દહીં મોકલાવ્યુંછે, બસ થશે કની? હવે ફક્ત ખાંડ તથા મસાલો લેઈ જવાનો બાકી છે તે હમણાં લેઈ જાઉંછું. આપ ચારેક વાગ્યા હોરા આવશો કની?

મોહુ—હા હા. હું પણ હવે તૈયારીમાંજ છું. (ઘડીઆળમાં જોઈને) ઓહો! ત્રણ તો થઈ ગયાછે. (ગોકળીઆને) તું જતાં જતાં રસ્તામાંથી ગુણવંતરાયને મોકલતો જાજે, કહેજે કે તમારી વાટ જોઈને બેસી રહ્યાછે. ઘર તેં દીઠુંછે કે નહિ!

ગોકુ—હા, હા, શા માટે નહિ? બે ચાર વખત જઈ આવ્યો છું ને.

મોહુ—ને જો, આપણા બગીવાળાને કહી આવ કે બ-રોબર ચાર વાગે બગી જોડીને આવે.

ગોકુ—બહુ સારૂં. (જાય છે.)

મોહુ—(એકલા મનમાં) આજ તો વરસાદનું ડમરોળ વ-ધારે જણાય છે; બાગમાં જતા સોરા કડકડાવીને પડશે એમ. આવા બહારની મજા જોવાને ઠીક પ-ડશે. (હીરાલક્ષ્મી સામેથી આવ્યાથી) અરે! આ-

પણ તો સહેલ સપાટાની વાતો કરીએ છીએ પણ બધે ઠેકાણે વરસાદ થયો હશે તો રસ્તામાં પેલા બિચારાની શી વલે થશે! અરે બહુ હેરાન થશે. હમણાં તો પાંચ સાત દહાડા વરસાદ ન આવે તો સારૂં, કેમકે એટલામાં તો એ લોકો જરૂર આવી પહોંચશે. ઘણું કરીને તો આજ કાલ આવવાં જોઇએ પણ કંઇ રોકાયાં હોય તો એટલા દહાડા થાય. આજ ઘટાટોપ તો થયું છે પણ પવન ચાલ્યો છે એટલે વરસાદ આવે એમ લાગતું નથી; કદાપિ સાંજુકો આવશે તોપણ ઝરમરીઆં થઇને રહી જશે.

(ગુણવંતરાય આવેછે તેને) આવો પ્રિય મિત્ર, તમે તો ઠરાવ કરતાં બહુજ વાર લગાડી છે; જુઓને ચારની તૈયારી થઇ છે.

ગુણ—ભાઇ જરા પિતાજી તરફના કામમાં રોકાયો હતો તેથી વાર થઇ, પણ હવે ચાલો, વાર શું કરવા કરવી જોઇએ? બગી પણ નીચે તૈયાર ઊભી છે.

માકુ—હા ચાલો, પણ ભાભી સાહેબ ક્યાં છે?

ગુણ—એ તો અમારી ગાડીમાં પરભાર્યાં ત્યાંજ આવશે; અહિંયાં શું કરવા લાવીએ? આપણે ઘર જેવું છે એટલે હરકત તો નથી, પણ જરા ચર્ચા થાય. શું કરવા એટલું કરીએ?

માકુ—જાઓ સાહેબ, આપણે તે આ વાત કાંઇ છાની કરીએ છીએ? કાલ સુધી તો પિતાજીનો તથા માજી સુદ્ધાંનો આવવાનો વિચાર હતો; પણ પછી રાત્રે એંજ ભાંગી પાડયું કેમકે એ વડીલોની મર્યાદાને લીધે આપણને જરા હસવા બોલવામાં હરકત પડે. આપને તથા અમારી ભાભી સાહેબને

ત્યાં આવવાનું છે તે પણ આજીના જાણવામાં છે. અને ભલાં હશે તો હમણાં પૂછશે પણ ખરાં.

ગુણ—ત્યારે મેં ક્યાં અટકાવ કર્યો છે? આપના કહ્યા પ્રમાણેજ કર્યું છે. ચાલો હવે જઈએ વાર થઈ છે.

મોકુ—હા ચાલો. (બંને જણા જાયછે ને બાગમાં પહોંચેછે).

ગુણ—કેમ બંગલા ઉપર જઈશું કે નીચે બેશીશું?

મોકુ—ઊભા રહો હું રસોઇખાનામાં તજવીજ કરી આવું. (રસોઇ થાય છે તે ઓરડીમાં જઇને) કેમ મનસુખરામ, ક્યાં લગી આવી પહોંચ્યા છો?

મન—સાહેબ હવે કાંઇ ઝાઝી વાર નથી. પૂરીઓ તો કરી રહ્યો છું, ફકત શાક ભાજી તથા ભજીઆ વગેરે પરચુરણ સામાન કરવો બાકી છે તે તો ઝપાટામાંથયું જાણો.

મોકુ—આપણે કાંઇ ઉતાવળ નથી, ધીમે ધીમે થવા દો. હું તો સહજ પૂછું છું. (ત્યાંથી બહાર આવી ગુણવંતરાયને) ચાલો ભાઇ બંગલા ઉપર.

ગુણ—હા ચાલો. (વેગળેથી ગાડી આવતી દેખીને) લો ભાઇ અમારી ગાડી પણ આવી પહોંચી તો ખરી.

મોકુ—ઊભા રહો ત્યારે તો એમને આવવા દો, બધાંએ સાથેજ જઈએ. (ઊભા રહે છે).

સુંદર—(ગાડીમાંથી ઊતરી આવીને મોકુને) કેમ ભાઇ શી ખબર છે?

મોકુ—અરે શું ભાભી સાહેબ,આટલી બધી વાર તે કરતાં હઈશું? મારી તો નજર એણી પાને એણી પા રહી હતી, જરાક વાર લાગી હોત તો મારે તેડવા આવવું પડત.

સુંદર—મારા ઉપર આપનું ઘણું હેત છે તે હું સારી પેઠે જાણુંછું; મને ભરૂસો છે કે મારે માટે આપ જે

ના કરે તે ઓછું છે. હમણાં તો એમ છે, પછી કદાસને માટી દેશની આગ્યા પછી બદલાઈ જન- એ તો ભગવાન જાણે, પણ મારૂં હજુ એ કેમ ના આવ્યાં? બનવું જ્યારથી એમને આવવાનું સાંભળ્યું છે ત્યારથી મારો જીવ તો છેકજ અધીરો થઇ ગયો છે; હવે તો આવે તો સારૂં.

ગુણ—અધીરો જીવ થાય તેમાં શું નવાઈ જેવું છે! દોઈ જોડે વાત કરવાનું ઠેકાણું ન હતું ત્યારે મારા જીવને પણ એમજ થતું હતું. ઈશ્વરેચ્છાથી માણેકલાલભાઈનો સમાગમ થયો ત્યારથી જીવ ખુશી રહે છે, માત્ર તમારે આજ દિન સૂધી એ વાતની મોટી અડચણ છે તે હવે પ્રભુ કૃપાથી થોડા દિવસમાં દૂર થશે; પણ તમારામાં ને એમનામાં તો આસમાન જમીનનો ફેર છે હો. દીઠાં તો નથી પણ ફક્ત એમના લખવા ઉપરથી કહી શકું છું.

સુંદર—તે તો હું જાણુંજ છું હો, અને તમેજ મને તે દહાડે કહ્યું હતું તો, અને જીવ પણ એટલાજ માટે અધીરો થયો છે કે ક્યારે આવે. વારૂ એમની સોબતથી મને પણ કાંઈ સારી અસર થશે.

માકુ—તમે બંને જાણુંએ મને ઠીક બનાવવા માંડ્યો છે. પણ ભાભી સાહેબ, એ ગમે તેટલું કરે તોપણ તમારી ખૂબીને પહોંચે તેવું છે! (જરા જરા વરસાદની ફર ફર આવવા માંડે છે.)

ગુણ—ભાઇ આવો બંગલામાં, વરસાદ આવવા માંડ્યો.

માકુ—વરસાદ ક્યાં છે. એ તો અમથી ફર ફર આવે છે. એનાથી પલળી જવાય તેવું નથી, ઊલટી શરીર જરા ઠંડક થશે. જુઓને આજ કાળ ગરમી કેટલી પડે છે!

સુંદર—(માકુને) ભાઇ, મને લાગેછે કે તમારા પરિ-
તાપ જરી એટલે ઠંડક થઇ જશે ખરી, જુઓને
વરસાદ આવવાની તૈયારીમાંજ છે; સારી પેઠે પં-
ડ્યુ કે ઠંડક થઇ જાણો.

માકુ—(કાન ઊંચાડી દેઇને) ગુણવંતભાઇ, આ વખત પે-
લા સામેના મેદાનમાં ફરવાની મજા છે; આવશો?
ચાલોને જરા ફરી છૂટા થઇએ ને એ વાતો.

ગુણ—ના ભાઇ હું તો કંઇ આવતો નથી. આપને જવું
હોય તો ફરી આવો, અમે બેસીએ છીએ ને આ-
પ બે ફરશો તે અમે અહિંઆં રહે રહે જોઇશું.

માકુ—વારૂ ત્યારે એમ કરો, હું જઇ આવું છું. (જા-
ય છે.)

સુંદર—(ગુણવંતરાયને) માણેકલાલ શો આપણા ઉપર
પ્યાર રાખેછે! આદમી બહુ લાયક છે હો.

ગુણ—હા, અમારે દોસ્તી તેવીજ છે. ચાલો આપણે ઉપર
જઇ ઓરડામાં બેસીએ ને જોઇએ કે બાઇસાહેબ ગ-
યા છે તે શા સમાચાર લાવે છે.

સુંદ— હા ચલો. (બનેજણાં બંગલાના ઓરડામાં જઇ
બેસે છે.)

માકુ—(મેદાનની બાજુ ઉપરની એક તળાવડીના કીના-
રા ઉપર જઇને મનમાં) આ તળાવડી એને બાજુ
તળાવડી કહેછે તેજ હશે. વાહ! છે તો નાની
પણ એમાં માછલી રહેવાનો બંદોબસ્ત સારો ક-
રેલો દેખાય છે; જો એકવાર વરસાદથી ભરાય તો
બાર મહીના સુધી પાણી ખુટે નહિ. વારૂ એ-
નો પેસવા દરવો હશે? લાવ જોઇએ આથી જોઇએ.
(ડગલાં ભરી માપવાને ધારે ચાલવા માંડે છે
એટલામાં ઝાડીના ઝુમખા વાગતા હોય એવો અ-

વાજ કાને પડવાથી) અરે! પેલી તરફથી કોઇની ગાડી આવતી હોય એમ લાગેછે એ તે કોની ગાડી હશે! આહાહા! મારી પ્રાણ પ્રિયા આ વખતે આવી પહોંચે તો કેવી મઝા પડે! ચાલ જોઇએ પેલી અમરાઇમાં, ત્યાંથી માલુમ પડશે. (અમરાઇ તરફ જઇને) અરે, ગાડી તો આપણુ જેવીજ જણાય છે. આગળ બેઠો આદમી માલ્ચો આવે છે તે પણ આપણા તીસમારખાં જેવોજ જણાય છે. (આગળ વધીને) નક્કી એજ. તીસમારખાં તો ઓળખાયો. (નેપથ્યમાં અવાજ થાયછે.) ભાભી સાહેબ હવે આપણે ગામથી છેક નજીક છીએ હો, વરહાદથી હવે બીહીવું નહિ. (અવાજ કાને પડવાથી તે ઓળખીને માકુ મનમાં) અરે, આ તો આપણો ભાગો ચોખરી બોલતા હોય એમ જણાયછે. ચાલો પેલું ઝાડ રસ્તાના માથા ઉપર છે તેના નીચે જઇ ઊભા રહીએ. (જાય છે ને ઝાડ નીચે ઊભા રહે છે એટલામાં તીસમારખાં નજીક આવેછે.)

તીસ—(માકુને જોઇને) કોન ભાઇ સાહેબ? આપ યહાં કેસે? અચ્છી તરાહસે? તબીયત તો મઝેમેં?

માકુ—હાં, આ પહોંચે!

તીસ—હાજી. મેં તો જાતાહું, ઓર મેરે ભાભીસાહેબકુ ખબરજ કરૂં. (દોડતો દોડતો પાછો ગાડી પાસે જઇને) ભાભી સાહેબ! ભાભી સાહેબ! હમારે ભાઇ સાહેબ સામને આયેહેં.

હીરા—હેં હેં!! ક્યાં છે? શું પોતે સામા આવ્યા છે?

તીસ—હાં. હાં. દેખોને એ ખડે.

હીરા—(ગાડીમાંથી બહાર ડોકિયું કરીને) હાવસ્તો, મારી

વાત છે ને શું; આજ હુંએ ઊતરી પડું. પોતે ઉભા છે ને મારે ગાડીમા બેસી રહેવું એ ઠીકનહિ. (ગાડીમાંથી નીચે ઊતરી મંજુલાલને) આવ બેટા તારા બાપા બતાવું. જો પેલા ઊભા. (છોકરાનેલઈ ઘણા અધીરાપણાથી ઊતાવળી ઉતાવળી સામી જાય છે.)

ગરબી.

થઈછે બેસી નીરખીને ચતુર સુજાન, જોયું છે બાન ગોરડી ગુણવાન. ટેક

દેખી સ્વામિને ઉભેલા દૂર, થઈ ગજગામિની[1] ગુણવાન;
જેવું ચઢતું સરીતાનું[2] પૂર, આનંદ એમ ઉછળ્યો ગુણવાન. થઈ છે૧

પ્રિતે ચરણે નમાવીયું શીશ, નિકટ[3] જઈ નાથને ગુણવાન;
લેવા પ્રાણ પતિની આશીશ, હેડે હોંસ છે ઘણી ગુણવાન. થઇ છે. ૨

સામા જોડાને રહી છે બે પાણ[4], થઈને ઉભી પછી ગુણવાન.
બાળા બોલી પછી દીનવાણ, ભરી અશ્રુ[5] આંખમાં ગુણવાન. થઈ. ૩

પુછ્યું તમનેજી કુશળક્ષેમ, જીવન મારા જીવના ગુણવાન;
સ્વામિ છે વળી તબીયત કેમ? કે સુખમાં શરીર છે? ગુણવાન. થઈછે૦ ૪

ઝીધા આગળ પાસેના બાળ, તે વીનય વીવેકથી ગુણવાન;
જાણી પુત્ર કરોને સંભાળ, પ્રિતમજી એ આપનો ગુણવાન. થઈછે૦ ૫

જાણ્યો મુજને પોતાનીજદાસ, દયા દીલ ધારીએ ગુણવાન;

૧ હાથીના જેવી ચાલવાળી—૨ નદીનું—૩ પાસે—૪ હાથ—૫ આંસુ.

ઢાળાં હેતથી રાખ્યાને પાસ, મેં દુઃખ તો વેઠ્યું ઘણું
ગુણવાન. થઇછે૦ ૬

મારી કાયા થઇછેરે ક્ષીણ, વીયોગથી આપના ગુણવાન,
શું કહું આજું ભોળી અવિણ, રંધાણું નથી હવે ગુણવાન.
થઇછે૦ ૭

પિઉજી પડીયો હશે કાંઇ વાંક, તે હું અબળા તણો ગુણવાન;
જેથી વળીયો છે આડોરે આંક, મુને આપે પરહરી ગુ-
ણવાન. થઇછે૦ ૮

કહું છું કરગરી દીન વચન, શિક્ષા થઇછે ઘણી ગુણવાન;
હવે નવ ઘટે રાખવી મન, વીતેલી જે વાતડી ગુણવાન.
થઇછે૦ ૯

(માકુભાઇની આંખમાં આંસુ આવેલાં જોઇને)

કરમાવો છો શું પ્રફુલ્લ વદન, રસીયા મારા સાયજી ગુણવાન;
શાને તપ્ત કરો છોજી તન, થયું છે શું આવડું ગુણવાન.
થઇછે૦ ૧૦

ચાલ લાવણીની.

માકુ—હે પ્રિય કરણી ચંપકવરણી, મનોહરણી ગુણભરી
આજ મુને કૃપા કરી શ્રીહરી. ટેક.
પ્રફુલ્લ વદન કરમાયું તારૂં, દોહલાં દુઃખડાં સહી.
કોમળ કાયા છેક સુકાઇ ગઇ
રંગ ગયો બદલાઇ બદનનો, મુખ્યિ ગઇ નીકળી
તાપેથી ઘણી શામતા મુખપર ઢળી
નીર ગયું ક્યાં નેત્ર કમળથી, શુષ્ક[4] આધર[5] છે બળી
કહી[6] તો પણ અંગોથી જાય બળી બળી
ના ઘટે તુજને આમજ કરવું, તું ડાહાપણની ભરી
આજ મુને કૃપા કરી શ્રી હરી. ૧
બાગ તારાનો બુલબુલ હું તો, ફુલે ફુલે ફરૂં

---

૪ સુકા—૫ હોઠ—૬ દેહ.

૩૨ ના મન ગમતો આરો અરૂં
જોઉં ચંડપુંરું થઇને વર્ષુ, પાલ્લું આવી મળયું
જડયું જેમ સાકરમાં પય ભળયું
અંગ અપુર્ણ હતું જે મારૂં, આજ તે પૂર્ણજ થયું.
ભીતર દુખ ભારી હતું તે ગયું
આજ મુને કૃપા કરી શ્રી હરી ૨

(ગંજુલાલને તેડીને)

આરા મારા બાળ લાડકડા, તું પણ સુખિયો નહિ
વેઠયું તારી માતા સાથે રહી
યત્ન કરીને જાળવ્યા સરખું, તું છે રતનકું ખરૂં
નાજુક તન વદન કોમળતા ભર્યું
લાડ પાલ કરવાના દહાડા, ગયા વગડે વહી
દીઠું તેં નથી આજ લગણ દુધ દહીં
જોઇ તુને વૃદ્ધ માત પિતાની, આંખો રહેશે ઠરી
આજ મને કૃપાકરી શ્રી હરી ૩

(હીરાલક્ષ્મીને)દૂર કરો સહુ ચિંતા મનની,હવે એ હિમ્મતધરો
હવાં મન ગમતા વૈભવ કરો
વહાલું નથી મને વિશ્વ સકળમાં, તારાવીના તારૂણી
જીવન મારા જીવ તણી મેં ગણી
હેત ઘણેથી રાખું તુજને, કાળજ સાથે જડી
કરૂં ન દૂર નજર થકી એક ઘડી
તન મન સાથે સોંપીને રાખું, હાર હઇયાનો કરી
આજ મુને કૃપા કરી શ્રી હરી ૪

હીરા—અહો પ્રાણનાથ! શું આ સર્વે આપના ખરા અંતઃકરણના બોલ છે? જો એમજ હશે તો આટલી બધી ઉપમાને હું યોગ્ય નહિ છતાં તેટલી ઉપમા મને આપી એકદમ મારા ઉપર અનહદ

---

૧ દૂધ.

પ્યાર જણાવો છો તો એ સર્વનો સમાવેશ સાથે લાગો મારા હૃદયમાં કેવી રીતે થઇ શકશે! આહાહા!! આ વખત પ્રાણુજાણે મને શું એ થઇ જાય છે. (મોહુને)

ગરબી.

સ્વામિ મારા રશિઆ રાણા, ક્યાંથી થયા આવડા શાણા
વ્હાલા ગુણવંતા મારા, લાગો મને પ્રાણથી પ્યારા. ટેક.
આનંદ સાગરમાં ગઇ બુડી, આજ અહિં આ વાર
નવું નવું મને લાગે સઉ, જાણે ફરી લીધો અવતાર
સ્વામિ મારા રશીઆ રાણા. ૧
મોહુ—મારી સદ્દગુણી રાણી, મીઠી તારી લાગે વાણી
ડાપણ ભરેલી શાણી, પ્રથમથી મેં નવ જાણી
મારી સદ્દગુણી રાણી.
જાણી નહિ ને પ્રમાણી નહિ, તારી ચાતુરી ને ગુણ રીત
વાંક પડયા વણ પ્રાણ પ્રિયાને, દુઃખ દીધુ વીપરીત
મારી સદ્દગુણી રાણી. ૨
હીરા—દુઃખ પડયું હતુ સ્વામિ ઘણુ પણ, ભુલી ગઇ તે આજ
એ દુઃખના પરતાપે કરી વાલા, સર્વ સર્યું મારૂં કાજ
સ્વામિ મારા રશીઆ રાણા ૩
મોહુ—શાણાઇથું માટે તુ એમ કહે, બાકી કુડું કર્યું તું મેં કર્મ
ધિક પડયો અવતારજ મારો, કાંઇ ન જાણ્યો મર્મ
મારી સદ્દગુણી રાણી ૪
હીરા—ઘટે નહિ બોલ બોલવા ઓછા, તોછા તમને નાથ
વિતેલી વાત વીસારી કરી હવે, રાખજો આપની સાથ
સ્વામિ મારા રશીઆ રાણા. ૫
મોહુ—નિશ્ચે કહું પ્યારી પાસેજ રાખીને, કરીશ ચરચા જ્ઞાન
દુરગુણ સઘળા દુર કર્યા મને, લાગ્યું છે વિદ્યા તાન
મારી સદ્દગુણી રાણી. ૬

હીરા—આરે સ્વામિ કોની પાસથી શીખ્યા, વિદ્યા જ્ઞાન વિવેક?
અક્કડ ફક્કડ ચંદ્રભાગાનો, કેમજ તૂટયો ટેક?
સ્વામિ મારા રશીઆ રાણા. ૭

માકુ—અક્કડ ફક્કડ ચંદ્રભાગાનો. ત્યાગ કર્યો નીરવાણ
ગુણવંત મિત્ર કર્યા મન માન્યો, વિદ્યા તણી જે ખાણ
મારી સદ્‌ગુણી રાણી. ૮

હીરા—અહો સ્વામિ ધન્ય ધન્ય મુને, આજ પહોંચિયા મનના કોડ
દીન દયાળ કૃપાળ પ્રભુજીએ, દીધી બનાવી જોડ.
સ્વામી મારા રશીઆ રાણા. ૯

માકુ—હતું કજોડું સજોડું થયું એવી. કીધી પ્રભુએ મહેર
મન ગમતા ઉપભોગ કરો, હવે ચાલોને જઈએ ઘેર.
મારી સદ્‌ગુણી રાણી. ૧૦

(પ્રિય આજ તો આ નજીકના બાગમાંજ બપોરથી મુકામ કરેલો છે, ને અત્યારે જમવાનું પણ અહિંઆજ છે; અને ગુણવંતરાય તથા તેમની સ્ત્રી પણ આવેલાં છે. ત્યાં ચાલશો?

હીરા—જેમ સ્વામીની આજ્ઞા. હું તો આપની પાછળજ છું કની?

માકુ-(તીસમારખાંને) જમાદાર, તુમ સબ જાઓ ઘરકું. હમારે સાથ દુસરી ગાડી હે ઉસમે હમ આંઈગે, ઓર દેખો, ઘર જાકે બાકું ઓર બાપાકું કહેના કે બાગમેં ઊતર પડે હે.

તીસ—અચ્છા સાહેબ. (ગાડી તથા સાથેનાં માણસો લેઇ જાયછે.)

માકુ—(હીરાલક્ષ્મીને) આપણે ચાલો હવે; અહિંથી બિલકુલ દૂર નથી. (છોકરા તરફ આંગળી બતાવીને) કેમ આ ત્યાંસુધી ચાલશે કે નહિ?

હીરા—એ તો બે ગાઉ સુધી ચાલ્યો જાય એવો છે.

ડુંગરામાં આથડી આથડીને એના પગનાં તળિયાં તો ખૂબ સખ્ત થએલાં છે. (એ ત્રણે જણ બાગ તરફ આવેછે.)

સુંદર—(ત્રણે જણને આવતાં દેખી ગુણવંતરાયને) અરે આમતો જુઓ, આપણા માણેકલાલભાઈની સાથે પેલી સ્ત્રી કોણ આવેછે? આગળ વળી પેલું એક જગધું ચાલેછે. શું એ હીરાલક્ષ્મી તો નહિ હોય!

ગુણ—(જરા ઊંચા થઈને) હાહા! એમજ હોય એમ લાગેછે. પણ એ અચિંતાનાં ક્યાંથી આવી પહોંચે?

માકુ—(છજ્જા તરફ હાથ લાંબો કરીને હીરાલક્ષ્મીને) હું જે કહું છું તે પેલા ગુણવંતરાય; અને પેલાં એમની પાસે બેઠાંછે તે એમની સ્ત્રી છે.

હીરા—એમ કે? (બાગના ઝાંપા આગળ આવીને) કેમ, પ્રિયપતિ, અહિંયાંજ રમતા છો કે?

માકુ—હા ચાલો.

ગુણ—(પ્રિયપતિ એ શબ્દ સાંભળીને સુંદરલક્ષ્મીને) ચાલો નીચે, એતો એજ; હીરાલક્ષ્મી આવી પહોંચ્યાં.

સુંદર—શું અરે બાત? ત્યારે તો ચાલો ચાલો સામાં જઈએ. (બન્ને જણાં સામાં જઈને એકદમ) આવી પહોંચ્યાં કે? શરીરે તો સારાં છો?

હીરા—હાજી, આપની કૃપાએ કરીને.

ગુણ—(માકુને) કેમ બાઈ સામા તેડવાનેજ ગયા હતા કે શું ?

માકુ—ના સાહેબ એમ તો ન હતું, પણ ઈશ્વરેચ્છાપ્રમાણે તેવુંજ બન્યું એટલે આપ કહો તેમાં નવાઈ જેવું નથી. (બંગલામાં જઈ સર્વે બેસે છે).

મનસુખ—(નીચેથી બૂમ પાડીને)બાઈ સમય થયો છે.

માકુ—(ગુણવંતરાયને)બાઈ ચાલો જમવાની તૈયારી થઈ.

ગુણ—ચાલો આપણે કાંઈ બાર નથી.

સુંદર—(હીરાલક્ષ્મીને)કેમ આપણે પણ જઈશું કે?

હીરા—હોવે શા વાસ્તે નહિ? (સર્વે નીચે જઈ જમવા બેસે છે).

ગુણ—(જમતાં જમતાં હીરાલક્ષ્મીને)બાઈ સાહેબ, આપને બહુજ કષ્ટ વેઠવું પડયું ખરૂં! સાબાસ છે તમને જે એવા પ્રસંગમાં પણ ધૈર્યતા છોડી નથી. પણ વારૂ પ્રથમથી શી રીતે બન્યું? કહેવાને કાંઈ હરકત જેવું નહિ હશે તો થોડી ઘણી હકીકત હું જાણવા માગું છું.

હીરા—(જૂનું બોલવું પડેછે તેથી દિલગીર થઈને) નહિ નહિ સાહેબ; કહેવાને એમાં કોઈ વાતે પણ હરકત જેવું નથી. અહિંયાંથી અમે શ્રી ચંદ્રકાંતેશ્વર મહાદેવની યાત્રા કરવા સારૂ ગએલાં ત્યાં રસ્તામાંજ નર્મદા નદી આવ્યાથી હું તેમાં નહાવા ગઈ, પણ ઇશ્વરને બીજી રીતે કર્તવ્ય હશે તેથી અચાનક ગારો પગ લપસી ગયો ને હું પાણીમાં પડી ડૂબી ગઈ; ત્યાર પછી તો શું થયું હશે તેની મને ખબર નથી, પણ કેટલેક દહાડે એજ નદીના કીનારા ઉપર સાધુ લોકોના ટોળામાં હું છું એવું મને માલૂમ પડયું. જીવ તો જરા ગભરાયો પણ તેમના મહંત દયાવાન અને પૂજ્ય હતા તેથી તેમણે મારી બરદાસ્ત કરી આજ લગી પિતાની પેઠે પાલન કર્યું.(છોકરા તરફ આંગળી બતાવીને) આનો પણ જન્મ ત્યાંજ થયો. પરમ કૃપાળુ ઇશ્વરની સહાયતાથી તથા તમો સર્વે હિતેચ્છુઓની આશિષથી આજે આ દિવસ પણ પરમાત્માએ બતાવ્યો.

માકુ—(નીચું જોઇ રહે છે).

ગુણ—શાબાશ છે શાબાશ, ભાભી સાહેબ; તમારી ગંભીરતા અને ડહાપણ જોઇને મારૂં મન ઘણુંજ પ્રસન્ન થાય છે. આપે જે હકીકત કહી તે બિલકુલ ખરી નથી, પરંતુ હવે તમારે તમારાં માતાપિતા આગળ તેમજ સાસૂસસરા આગળ એજ પ્રમાણે કહેવું ઘટાર્થ છે; કેમકે સમજુ માણસો બનતા સૂધી પોતાની એબ સામા માણસના જાણવામાં આવવા દેતાં નથી. તમારા ઉપર કાંઇ થોડો જુલમ ગુજર્યો નથી. આ અમારા ભાઇસાહેબ સાંભળેછે તોપણ કહું છું કે કોઇ કેવળ અજ્ઞાન માણસ હશે તે પણ એ પ્રમાણે નહિ કરે, પરંતુ આ તો કુસંગથી જે થઇ ગયું તે થઇ ગયું. આપના ઉપર થએલા ગજબની કેફિયતથી અમો બે જણા અવલથી તે આખર સૂધી સારી રીતે માહીતગાર છીએ, કેમકે મારા પ્રિયમિત્રે મારાથી કાંઇજ છૂપાવી રાખ્યું નથી. ચાલો ઠીક છે, ઇશ્વર જે કરતો હશે તે સારાનેજ માટે. આટલી લાંબી મુદત સૂધી તમે ઇશ્વરનાજ ઉપર આધાર રાખી તમારૂં ધૈર્ય તથા સન્માર્ગ છોડયો નહિ તો તેનો બદલો તમને મળ્યોજ.

હીરા—(આંખમાં આંસુ આવેછે)હા ભાઇ ખરૂં કહોછો, કર્તા હર્તા તો પ્રભુજ છે તો. પણ બળ્યું એ વાત હવે જવા દો. ફકત સાંભરી આવ્યાથીજ મારૂં હૃદય ભરાઇ આવે છે તો પછી કહેવાને હિમ્મત કેમ ચાલે ? વળી તે સાથે ખરેખરી હકીકત સાંભળવાથી પ્રાણપતિના તથા તમો બન્નેના મનને કેવી અસર થશે તેનો વિચાર આપ પોતેજ કરો.ઇશ્વરેચ્છાથી હવેતો આપણ ભેગાજ છીએ તો પછી આ-

ગળ ઉપર સર્વ હકીકત આપને કહીશ.

ગુણ—વાત તો ખરી છે. જેટલી વાત અમને અમારા મિત્ર કહી છે તેટલીજ સાંભરી આવે તો જીવને કમકમી ઊપજે છે, તો પછી એથી પણ આગળ વીતેલી હકીકત સાંભળવાથી આ વખતના રળિઆમણા દેખાવ ઉપર તરતજ ગમગિનીનો આભાસ પડી જાય એમાં કાંઈ પણ શક નથી; માટે એ બાબત વધારે જીકર ચલાવવા મારી પણ મરજી નથી.

સુદ—એ વાત છેડયામાં કાંઇ માલ નથી; જવા દો.

માકુ—ગુણવંતભાઇ, કડવા ઝાડનાં ફળ તે કડવાંજ હશે તો એમાં વધારે શું વિચારવાનું છે? (વાતો કરતાં સર્વ જમી રહેછે.)

ગુણ—(માકુને) ભાઇ આજ તો હવે આપે જલદી ઘેર જવું જોઇએ.

માકુ—ગુણવંતભાઇ, તમારે તો જ્યારે ત્યારે મશ્કરીનીજ વાત. અહિંયાં આનંદમાં બેઠા છીએ તેના કરતાં ઘેર જઇ, શું વધારે કરવાનું છે?

ગુણ—સાહેબ, આપને મશ્કરી લાગતી હશે તો ભલે; બાકી હું મશ્કરી કરતો નથી. જુઓ, તમારે તો ઠીક છે પણ આ અમારાં ભાભી સાહેબ થાકયાં હાર્યાં આવેલાં છે તેમને હવે આરામ જોઈએ; તેમજ એમના આવ્યાની ખબર જમાદારે ઘર આગળ કહી હશે તેથી સર્વ વાટ જોઇ રહ્યાં હશે.

માકુ—હા એ તો ખરૂં. ચાલો ત્યારે આપણે બીજી વારી છે? (બગી જોડાવી મંગાવે છે.)

ગુણ—(સુંદરલક્ષ્મીને) ચાલો આપણે આપણી ગાડીમાં.

મોહ—(ગુણવંતરાયને તથા સુંદરલક્ષ્મીને) આવોને તમે પણ બગીમાંજ. એમ ઘર આગળ તો આવવુંજ છે કેની?

ગુણ—ના સાહેબ હવે તો રાત પડવા આવી માટે ઘેર જઈશું. વળી સવારે મળીશું; અત્યારે તો તમે પણ ઘર આગળ જઈને ગરબડમાં પડશો, કેમકે બધાં હશે તો તમારી સાસુ વગેરે પણ આવ્યાં હશે.

મોહ—આવ્યાં હશે તો શી ચિંતા છે. ચાલો ઘડી વાર બેશીને પછી ઊઠજો. હજુ તો સાત હમણાં વાગેછે.

ગુણ—ચાલો ત્યારે એમ કરો. (સુંદરલક્ષ્મીને) તમે પણ આવો. ઘડીવાર ત્યાં બેશીને પછી જઈશું.

સુંદ—જેમ આજ્ઞા. (ચારેજણાં મંજુલાલ સહિત બગીમાં બેશી ઘર તરફ જાયછે.)

પ્રવેશ ૧૬ મો.

ભુલાભાઇ—ધૂળીવહુ—ભૂખણીઓ—તીસમારખાં—
ગોકુળીઓ—મોતીચંદ—મણીકોર તથા
પાછળથી મોકુભાઇ—હીરાલક્ષ્મી—
મંજુલાલ—ગુણવંતરાય અને
સુંદરલક્ષ્મી.

સ્થળ—ભુલાભાઈ શેઠનું ઘર.

ભુલા—(ધૂળીવહુને) સાંભળ્યું કે? આજ તો જોયામાં બાપ બાગમાં ગયો છે ખડું વાડું? કાલે સાંજરે વાટ કડ્યો ટો ટો. જોયામાં જમવાનું પન ત્યાંજ કર્યું છે.

ધૂળી—હા. આજ તો ગુણવંતરાય પણ એની વહુ સુધાં ત્યાં ગયો છે, આપણા મોકુએ તમને તો નહિ કહ્યું હોય પણ મારે મ્હોડે એણે કહ્યું હતું. આપણી વહુ હોત તો તે પણ જાતજ તો.

ભુલા—હોવે એમાં શું ? આટે કાંઇ બાગસોઇ છે કે ના જવાય? આટા ભલા, એને હમનાનું ગમતું નહી ટાડુ ગમટને માટે કડ્યું છે; આવું કંઈ ટેની તો કકડ નહિ ટો, બાકી આગડની વાટ ટો ઊકાંટની હટી પડી. (ભૂખણીઆને આવતો દેખીને) આપડો ભૂખણીઓ પન આવ્યો ખડો.

ધૂળી—ક્યાં છે?

ભુલ—જુઓને આ આવ્યો.

ધૂળ—(બારીએ જઇ ભૂખણીઆને ઘરમાં પેસતો જોઇને) ભૂખણ, આવી પહોંચ્યો કે?

જ્ય—હા ખા આવ્યો તો ખરો, પણ મારી મહેનત તો સૂઠી પડી; ભાભીનો તો ત્યાંએ પતો લાગ્યો નહિ. ખરી હેંશ આથડ્યો. (ખડે આવી બેસે છે.)

મૂળી—તું શું કરવા દિલગીર થાય છે, વહુ તો હેમ ખેમ છે ને આજ કાલ આવશે પણ ખરી. તીસમારખાં ખબર લાવ્યો હતો ને પાછો તેડવા પણ ગયો છે.

જ્ય—હેં હેં!! ભલા ભગવાન! ધન દહાડો, ધન ઘડી. હેડો, જ્યાં ત્યાં મહેનત કરેલી મજરે પડી એટલે નેરાંત થઇ. (ગાડીના ઘુઘરાનો અવાજ આવે છે.)

જૂલા—અલ્યા જુઓને વારુ કોની ગાડી આવે છે?

મૂળી—(ઉતાવળી ઉતાવળી બારીએ જઇ જુએ છે ને પોતાનીજ ગાડી આવતી દેખીને) આપડી ગાડી આવી. આપડી ગાડી આવી. (તીસમારખાં આવે છે તેને) જમાદાર આવ્યા કે? વહુ ક્યાં છે?

તીસ—(ઘરના આંગણામાં આવીને) ભાભી સાહેબ તો બાગમેં ઊતર પડે. માણેકલાલભાઇકી વાંઇ હે.

મૂળી—(શેઠને) જુઓ આપડે વાત કરતાં હતાં તેજ થયું; આપડી વહુ પણ ત્યાંજ ઊતરી પડી છે. (તીસમારખાંને) છોકરો હારો છે? તમે ઉપર આવો, ઉપર આવો.

તીસ—(મેડા ઉપર જઇને) હાં સાહેબ સબ મઝેમેં હે. (થોડીવાર બેશી રસ્તાની સર્વે હકીકત કહી સંભળાવે છે.)

જૂલા—મીયાં, હવે ટમે જાઓ ને બદાએ આરામ કડો, થાકી ગયા હશો.

તીસ—હાજી. (જાય છે ને સર્વે માણસો પોતાની દેવડીએ મુકામ કરે છે.)

ધૂળી—અરેરે! મણીકોર તથા મોતીચંદ ના આવી પહોં-
ચ્યાં. આવ્યાં હોત તો બચારાં મળત કની?

જૂખ—ઓ બા! ઓ બા! એ પણ આવ્યાંછે. હવડાંજ મને આવતાં આવતાં રસ્તામાં એમનો ચાકર કેવળીઓ મળ્યો; તે કેહેતો હતો કે હમે હમડાંજ આવ્યા. જરા મુકામ બુકામનું ઠેકાણું કરીને શેઠને મળવા આવીએ શીએ, તથી એતો હવડાં આવશે.

ધૂળી—એમ કે? તારે તો ઠીક. રેહેતો નહિજ.

જૂખ—અરે રે કડટાં હાઉલાગી ખબડ કહાવી મોકલોને. મોકલો ગોકડીઆને. હમનાં કહીને આવટો રહેશે. મુકામ ટો એના બનેવીને ઘેડ કરેછે ટચાંજ કડ્યો હશે ટો?

ધૂળી—હાજ તો. (ગોકળીઆને) અલ્યા ગોકુળ, જાને દીપચંદશાને ત્યાં. આપડા મોકુભાઈની સાસૂ તથા સસરો ત્યાં હોય તો કહીએ કે તમારી છોકડી આવી.

ગોક—હા કહી આવુંછું. (જાયછે ને થોડીવારમાં મણીકોરને તથા મોતીચંદને સાથે તેડી આવેછે.)

જૂલા—(મોતીચંદ આવેછે તેને) આવો શેઠ; આવી પહોંચ્યા?

મોતી—હાજી. શી ખબરો છે?

જૂબા—હાડીછે. ગોકડીએ ખબડ કહી કની?

મોતી—હાજી. (બેસેછે.)

ધૂળી—(મણીકોરને) આવો વેવાણ; તમારી છોકડી આવી પહોંચી હો. એને તો વિશ્વનાથે હાથે ઝાલીનેજ આણીછે. બેસો હમણાં આવશે. આજ તો તમારા જમાઈ બાગમાં ગયાછે ને તે બાગ રસ્તા ઉપરજ છે તેથી એ પણ ત્યાંજ ઊતરી પડીછે.

મણી—એમકે! મારી છોકરી કુશળ ક્ષેમ પાછી દેખાડી એ પરમાત્માનીજ કૃપા છે.

ધૂળી—હાજ તો. આપણું ખાધું શું થાયછે! (વાતો કરવા બેસેછે.)

જૂલા—હજુ કુંદી પેલાં કેમ ન આવ્યાં વારુ! બાયને કાવાં કડવાની વખટ થઇને. (ગોકળીઆને) અલ્યા ગોકડ જાને બાગમાં, ને ભાઇને કહીએ કે હવે હીંડો; ટમાડા સસરા ઠંડા સાસૂ આવીને કમાડનાં ખોટી થાયછે. જા ઉતાવળો.

ગોક—હારે સાહેબ. (જાયછે પણ સામેથી બગી આવતી દેખીને પાછો આવીને બોલેછે) બાઇ આવ્યા.

જૂલા—ક્યાંછે?

ગોક—આ આવ્યા.

ધૂળી—ચાલોને નીચે જઇએ. (સર્વે નીચે જાયછે ને મોકુભાઇ, હીરાલક્ષ્મી, મંજુલાલ, ગુણવંતરાય તથા સુંદર લક્ષ્મી બગીમાંથી ઊતરી ઘરમાં આવેછે.)

મણી—(સામી જઈ હીરાલક્ષ્મીને) બેટા આવી પહોંચી કે! શરીર તો સારૂં છે! હાય હાય બાપ! આ શું શરીર થઇ ગયુંછે!

હીરા—હા બા એ તો જાણેજ છેતો. (પગે લાગેછે.)

મણી—(માથે હાથ મૂકીને) જીવતી રહેજો બેટા.

હીરા—(પોતાના બાપને તથા સસરાને પગે લાગીને તથા સાસૂ પાસે જઇને તેને પગે લાગીને) બા સારાંછો!

ધૂળી—હા. તું આવી બાપુ! સારીછું કની? (મંજુલાલને ઊંચકી લેઇ છાતી સરસો ચાંપીને) આ મારા બાપડાને! બહુ દુઃખ પડ્યું ખરૂં બા? (સર્વે મેડા ઉપર જઈ બેસેછે.)

મોતી—(હીરાલક્ષ્મીને) બ્હેન, આવી પહોંચી બા? સુખમાં તો છું?

હીર—હા બાપ.

મોતી—(ભૂલાભાઈના સામું જોઈને) અમારે તો હરીકશીને જ્યાં ત્યાં આના સામું જોવાનું છે. (પોતાને છોકરો નથી તે ઉપર) બીજી રીતે ઇશ્વરની જૂદી મરજી હોય તો ખેર, અમે એનેજ જોઈને સંતોષ માનીએ છીએ. એના વિના અમારે તો ચારે તરફ અંધારૂં થઈને રહ્યું હતું.

ભૂલા—એતો વડો ખડુંસ્થો. ગમે તેવું પન છોકરું તે છોકરું. વધાડે નહિ તો એક, પન તેનાથી ઘની વાટનો વિસામો છે. (ગુણવંતરાયના સામું જોઈને) કેમ ભાઇ ખરૂં કની?

ગુણ—હાજી. એમાં શું પૂછવું? નીતિ શાસ્ત્રમાં પણ એમ કેપાણે કહ્યું છે કે

संसार तापदग्धानां,त्रयोविश्रांति हेतवः ।

अपत्यंच कलत्रंच,संत संगतिरेवच ॥

એનો અર્થ એવો છે કે, સંસારના તાપથી બળી ગએલા માણસોને સુખના ત્રણ વિશ્રામ છે. એક તો સુંદર છોકરે, બીજું હાસ્ય મુખી સ્ત્રી, ત્રીજું સાધુ પુરૂષની સંગતિ; આ ત્રણેમાં સત્સંગતિ શ્રેષ્ટ છે, કેમકે તેના યોગે કરીને આ લોકમાં સુખ પ્રાપ્ત થઇને આખરે મુક્તિ પણ મળે છે. એ પ્રમાણે છોકરાં વિષે કહ્યું છે, પણ તેમાં મુખ્ય એટલું કે તે છોકરે ગુણવાન જોઇએ. વધારે સંતતિ ન હોય તો ફિકર નહિ, પણ જો એકજ પુત્ર ગુણવાન હોય તો ટ બસ છે. તે ઉપર પણ શાસ્ત્રનું પ્રમાણ છે કે,

वरमेको गुणी पुत्रो, निर्गुणैश्च शतैरपि।
एक श्चंद्रस्तमोहंति, नचतारा:सहस्त्रश:॥

ગુણવાન એકજ પુત્ર હોય તો તે ઘણા કરતાં સારો જાણવો. ગુણ વિનાના સો પુત્ર હોય તો તે વ્યર્થ છે. એ વિષે દૃષ્ટાંત એક ચંદ્ર બધા અંધકારનો નાશ કરે છે પરંતુ હજારો તારા જરા પણ અંધકાર દૂર કરતા નથી. તે પ્રમાણે તેઓ નકામા છે. વળી બીજુ પણ છે તે સાંભળો.

मूर्खाश्चिरायुर्जातोपि, तस्माज्जातोमृतो वर:।
मृत:सच्चाल्पदु:खाय, यावज्जीवंजडोदहेत्॥

મૂર્ખ પુત્ર ઘણા કાળ સુધી જીવનારો થયો હોય તેના કરતાં જન્મીને તરતજ મરણ પામ્યો હોય તે સારો, કેમકે એ થોડાજ કાળ સુધી દુઃખ આપનારો છે, પણ પેલો મૂર્ખ ઘણા કાળ સુધી જીવનારો જ્યાં સુધી જીવે છે ત્યાં સુધી જીવને બાળે છે. (મોતીચંદના સામું જોઇને) કેમ શેઠજી સાહેબ, ખરું છે કે નહિ? આ આપનાં હીરાલક્ષ્મી સર્વ ગુણે સંપન્ન હતાં માટેજ તેમના વિયોગનો બધાંના મનને ચટકો લાગી રહેલો હતો, તેથી તેમનો તપાસ કરવામાં થઇ શકે તેટલી મહેનત કરી, પણ એજ ઠેકાણે તેના બદલામાં કોઇ તેવી દુર્ગુણી ચંડાળ અથવા કંકાસણી હોત તો આટલી કોઇ મહેનત કરત? મનમાં એમજ થાત કે ધુળ નાખી મરી ગઇ તો ઉલટા રહી.

મોતી—સાહેબ, આપનું કહેવું બાધુંજ યથાસ્થિત છે. ગુણ છે એજ મોટી વાત છે. માણસ માત્રની મ-

હતા ગુણુ વડેજ છે. સારાં કપડાં પહેર્યાથી કે પૈસા મેળવ્યાથી નથી. જુઓને એ ઉપર પણ કહ્યું છે કે—

गुणैरूत्तमतांयाति, नोच्चैरासनसंस्थितः।
प्रासादशिखरस्थोऽपि, काकः किंगरूडायते ॥

અર્થ—માણસ ગુણ વડે શ્રેષ્ઠતાને પામે છે. ઊંચી જગા ઉપર બેઠો એટલે શ્રેષ્ટ થાય એમ નથી. કાગડો હવેલ ઉપર ઊંચી જગોએ એટલે શિખર ઉપર બેઠો તો શું ગરૂડ જેવો શ્રેષ્ટ થશે કે શું? વળી બીજુ પણ છે તે સાંભળો—

गुणाःसर्वत्र पूज्यंतेनमहत्योपिसंपदः ॥
पूर्णेंदुः किं तथा वंद्यो, निष्कलंको यथा कृशः ॥

અર્થ—ગુણ બધે ઠેકાણે પૂજાય છે, ને સંપત્તિ મોટી હોય તોપણ તેને કોઈ પૂછતું નથી. દ્વિતિયાનો ચંદ્ર જેમ વંદ્ય છે તેમ પૂનમનો પૂર્ણ ચંદ્ર વંદ્ય થશે કે શું? માટે ગુણ એજ શ્રેષ્ઠ છે. વાહ સાહેબ આપના સમાગમનો પણ અમને મોટો લાભ થયો. આપના સરખા સદ્‌ગુણી પુરૂષની અમારા માણેકલાલને સંગતિ છે તે જોઈ હું ઘણો સંતોષ પામું છું. ફુરસદ મળે તો કૃપા કરી અમારા મુકામે પધારજો.

ગુણ—સાહેબ હું તો હાજર છું. માણેકલાલભાઈ તો સર્વ વિદ્યામાં પરિપૂર્ણ છે. એમની ઉપમા મને ક્યાં આપો છો?

મણી—(કેટલીક વાર સૂધી મંજુલાલને રમાડીને તથા ધૂળીવહુ સાથે વાતો કરીને) હવે અમે તો જઈએ છીએ, ઘણું કરીને કાલે અમદાવાદ જઈશું; થોડા દહાડા પછી મારી હીરાલક્ષ્મીને પણ મોકલજો. બહુ દહાડા થયા તેથી અકળાઈ ગઈ હશે.

ધૂળી—ઠીક છે મહીનાક પછી મોકલી દઈશ.

મોતી—(જતાં જતાં હીરા લક્ષ્મીને) બેટા સવારે મારી પાસે આવજે હો.

હીરા—વારૂ બાપા. (મણીકોર તથા મોતીચંદ જાય છે).

ગુણ—(મોકુભાઈને)ભાઈ હવે તો અમને રજા આપો. રાત બહુ ગઈ.

મોકુ—હાજી પધારો. કાલે મળજો હો.

ગુણ—બહુ સારૂં. (ગુણવંતરાય તથા સુંદરલક્ષ્મી જાય છે.)

ધૂળી—(હીરાલક્ષ્મીને) આલી વહુ, તું પણ કુબો ગયા પછી શી રીતે થયું?

હીરા—(બાગમાં ગુણવંતરાયને કહ્યા પ્રમાણે ગોઠવી રાખેલા ઘરની હકીકત કહી સંભળાવે છે.)

ધૂળી—હાય હાયરે બાપ!!! તને બહુ દુઃખ પડયું બરૂ બાપુ? હશે જ્યાં ત્યાં પરમેશ્વરે સહાય કરી એટલે નવેનીધ થયું, બાકી તું તો ગયતીજ કની?

હીરા—હા બા, જે થયું તે તમારી આશિષે કરીને સારૂંજ થયું.

ધૂળી—બધું એ ઇશ્વરની કૃપાથી. ચાલો હવે જાઓ બાપું થાકયાં પાકયાં સૂઈ રહો. સવારની ગાડીમાં કંગળાઈ ગયાં હઈશ. હુંએ હવે સૂઈ રહુંછું.

હીરા—હા બા (પોતાની મેડી ઉપર જાયછે, ત્યાં પુસ્તકોના ઢગલો પડેલો તથા બીજી બાજુએ કબાટ ભરી મુકેલો જોઈને) ઓહોહોહો!! શું આ ફેરફાર થઈ ગયોછે! જે ઠેકાણે કાગળનો એક કુરજો

દેખાતો નહિ ત્યાં સાક્ષાત સરસ્વતીએ આવી વાસ કરેલો જણાયછે. (કેટલીક ચોપડીઓ ઉપરનાં નામ વાંચીને) વાહ વાહ!! શું ઉપયોગી પુસ્તકો છે? આવી ચોપડીઓનું અધ્યયન થયેથી ગમે તેવું માણસ સુધરીજાય તેમાં શી નવાઇ છે. (ઉંચું જોઇને) હે સર્વેશ્વર! હે જગદીશ! હાલ જેવું બતાવેછે તેવુંને તેવું નભાવજે એટલીજ મારી પ્રાર્થના છે. (મોકુભાઇ આવેછે તેને) આવો પ્રાણનાથ પધારો.

મોકુ—(હીરાલક્ષ્મીને) પ્રિયે આટલી બધી શા વિચારમાં પડી ગએલી છું?

હીરા—પ્રાણાધાર, હવે મારે વિચાર કરવા જેવું કાંઇજ બાકી રહ્યું નથી.

દોહા.

પ્યારા મારા પ્રાણ તું, થજે સદા સહાય;
પાછળ વીત્યું જેટલું, સર્વ વીસરી જાય. ૧
આજથકી તુજ અંગમાં, આ મુજ અંગ સમાય;
થાય ન જૂદું કોયથી, (જો) જળ સાથે જળ થાય. ૨
કંજ[1] સદા પ્રફુલિત રહે, દેખી દિનકર[2] ભૂપ,
કુમુદિનિ[3] વિધુ[4] નાહાળતાં, રૂપે થાય અનુપ ૩
કનક[5] કાંતિ ને દિપ શિખા,[6] રશ્મી[7] રવિની[8] સાથ
પરીમલ[9] કસ્તૂરી થકી, થાય ન જૂદી નાથ ૪
હું છાયા તમ દેહની, તે કેમ અળગી થાય
જીવે ન જળચર જળવિના, કરિએ કોટિ ઉપાય. ૫
વિહંગમ[10] કલ્પતરૂ[11] તણાં,બબુલ[12]ઊપર નવ જાય

---

૧ કમળ—૨ સૂર્ય—૩ પોયણી—૪ ચંદ્ર—૫ સોનું ૬ દીવાની જોત— ૭ કિરણ—૮ સૂર્ય— ૯ સુગંધ— ૧૦ પક્ષી—૧૧ મનની ઇચ્છા પ્રમાણે આપનારૂ દેવલોકનું ઝાડ—૧૨ બાવળનું ઝાડ—

એમજ મુજ મન આપથી, પ્રાણ ગએ ન પળાય. ૬

મોહ—પ્રાણપ્રિયે, ખાત્રી રાખજો કે હવેથી પ્રાણ ગએ પણ હું અને તું જૂદાં થવાનાં નથી. ઇશ્વર હયાતી રાખશે ત્યાં સૂધી તો ભેગાંજ છીએ. આપણે અહર્નિશ પરબ્રહ્મપરમાત્માની પ્રાર્થના કરવી, કે અવળે માર્ગ ન ચઢાવતાં સુનીતિએ ચાલીએ એવી સુમતિ આપે જેથી અંતે આપણી મોક્ષ ગતિ થાય.

(કેટલીક વાર સૂધી વાત ચીત કર્યા પછી સૂઇ જાયછે ને ત્યાર પછીના દિવસો સ્વર્ગ તુલ્ય વૈભવ સાથે આનંદમાં સદાચરણથી ગુજારેછે.)

સમાપ્ત.

શુદ્ધિ પત્રક*

આ ચોપડી છાપતાં ઘણી ભૂલો રહી ગઈ છે પરંતુ ગ્રાહકો તરફથી ઘણી ઉતાવળને લીધે માત્ર ઘણીજ અગત્યની ચૂકોનું શુદ્ધિ પત્રક આપી શકાયું છે.

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ
૮	૧૭	અજ્ઞાનતણું	અજ્ઞાન પણું
૧૦	૨૪	સર્વના (દોહરામાં)	સર્પના (દોહરામાં)
૧૯	૧૨	હીરાક્ષારીને	હીરાલક્ષ્મીને
૩૩	૨૦	ટીપ્યા (કવીતામાં)	ટીપ્યાનો
૭૦	૨૧	મેણી	મેડી
૭૧	૨૦	અભવાસ	અમ્હાસ
૭૨	૮	આહાન	આહ્વાન
૭૨	૧૮	નર	તર
૭૩	૨૨	ગેમ્લ	[illegible]
૭૪	૩	નતકે	છતકે
૭૪	૮	ગાણુવે	ગણાવે
૮૭	૧૩	ચંદ્રચોર (કવીતામાં)	ચંદ્ર ચકોર
૯૨	૨૮	દાવસમાં	દાવમાં
૯૩	૧૪	રંગવાળા છે.	નંગવાળાછે
૯૫	૧૦	ડાવ	ઉડાવ
૯૬	૧૧	પડેલ	પડલે
૯૬	૨૬	પાઠવીત નાડી	કાં પાઠવીત નાડી
૧૦૨	૮	બાળી	બાળીં
૧૦૩	૧૮	જગતકર્તા	જગત કર્તાને
૧૦૫	૧૧	તેને	તને
૧૦૮	૧૪	મીલ્ટ રાખતા	બોલવામાં મીલ્ટતા રાખતી
૧૧૦	૧૦	ચેર	ઘેર
૧૧૬	૭	છે	નથી
૧૧૮	૮	પધારેલાં	પધારલે
૧૧૮	૧૬	કર્યાની	કેળવ્યાની
૧૧૮	૨૩	વહેમ—વહેમ	વહીમ
૧૧૯	૭	મોહીલ	હોસલ
૧૧૯	૮	આપેલી	આપલી
૧૧૯	૧૪	તુમ્હલા	તુમ્હાલા
૧૨૦	૨	ગાઝા	માઝી
૧૨૨	૧	આ [illegible] (કવીતામાં)	અહી (કવીતામાં)

૧૩૧	૧૧	પંતી તાણી	પંડીતાણી
૧૩૩	૧	આતે આ ઠામનું	તે આ આઠગાનું
૧૩૬	૧૨	માળ	મજ
૧૩૬	૧૫	તાલા	ત્યાલા
૧૩૭	૩	બગકુન	પીગકુન
૧૩૭	૭	ઊનકા	એઉ નકા
૧૩૭	૨૨	પોતાના ૫ ઉપર આવેછે	પોતાના ઉપર આવેછે
૧૩૭	૨૫	માજે	માજા
૧૩૮	૧૪	મ્હણવણાર	મ્હણુ વિણાર
૧૩૮	૧૭	આપણુ	આપણપ
૧૩૯	૨૪	એહીલ	એમલ
૧૪૧	૧૩	આપો	આવો
૧૪૪	૨૧	બાતવે	બતાવે
૧૫૫	૨૬	ઓટી (પ્રબંધમાં)	ઓતી
૧૫૬	૨	લડથડતી પડતી	લડથડતી પડતી આત. આખડતી
૧૬૧	૨૩	(કવીતામાં) આણ્યું	બ્યાપ્યું
૧૬૩	૧૫	ધાઉ	ઘાઉ (કવીતામાં)
૧૬૪	૩	પાગત	પાગતાં (કવીતામાં)
૧૭૮	૭	ગુલાગંડાવળી	ગુલબંકાવળી
૧૮૯	૨૦	અડચણી	અડચણીત
૨૦૬	૨૧	(શ્લોકમાં) શાતા	(શ્લોકમાં) સુતા
૨૦૭	૮	વિહ	નહિ
૨૧૩	૨૫	ભલામણુ	ભલામાણુસ
૨૨૦	૨૪	સુખદાયક સુશીતળવાત (કવીતામાં)	સુખદાયક સેજ સુશીતળવાત
૨૪૮	૪	બેતકી	બેદકી
૨૪૯	૧૭	લકિન મહીનેસે	લેકિન છ મહીનેસે
૨૫૮	૧૯	પડારે	પડાહે
૨૬૪	૨૭	બીગડ	બીછડ
૨૬૫	૨૩	ડમામાં	ડાડામાં
૨૭૫	૨૫	શાલમાં	હાલમાં
૨૮૨	૯	દરશનાને	દરશણને
૨૮૬	૨૪	વવાં	વહી
૨૮૯	૩	(કવીતામાં) પરયું	પુરાયું (કવીતામાં)
૨૯૦	૨૮	પ્રથમાન	પ્રથમના
૩૦૪	૨૧	સુર્ખો (કવીતામાં)	સુર્ખી (કવીતામાં)
૩૨૧	૧૩	યજે (કવીતામાં)	યાજે—(કવીતામાં)